પુણ્યપાલ ચરિત

ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિજી





શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર અમદાવાદ

P.P. Ac. Gunratnasuri M... Jun Gun Aaradhak Trust

શ્રી લક્ષ્મી પુસ્તક ભંડારનાં શ્રેષ્ઠ પ્રકાશનો

જિંદગીનો આનંદ	ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિજી	૧૨–૫૦
જીવનનો ઝંકાર		૯–૦૦
સફળ જીવન		૭–૫૦
પુણ્યનો પ્રભાવ		૨૫–૦૦
બુદ્ધિનો ચમત્કાર		૨૩–૦૦
નારી–નરથી આગળ		૨૫–૦૦
મહાસતી મદનરેખા		૨૫–૦૦
રાજકુમાર મહાબલ	,,	૨૫–૦૦
સતી પદ્મિની	,,	૩૦–૦૦
વીર અંબડ	,,	૩૦–૦૦
કર્મરેખા	,,	૩૦–૦૦
માનભંગ	,,	૩૦–૦૦
વીરાંગદ-સુમિત્ર	,,	૩૦–૦૦
બોલતાં ચિત્રો	શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી	૩–૦૦
ભગવાન મહાવીર એક અનુશીલન	,,	૪૦–૦૦
ચિંતનની ચાંદની	,,	૭–૫૦
ધર્મ અને સંસ્કૃતિ	,,	૯–૦૦
અતીતનાં અજવાળાં	,,	૧૧–૫૦
શ્રી જૈનતત્વ પ્રકાશ	આચાર્ય અમોલખ ઋષિજી	૭૦–૦૦
યાત્રી	કવિરત્ન શ્રી કેવલ મુનિજી	૨૬–૨૫
સુવર્ણકંકણ	,,	૩૨–૦૦
તરંગવતી	,,	૨૩–૭૫
હાર–જીત	,,	૧૮–૦૦
યોગીનું વરદાન	,,	૧૬–૦૦
સુરસુંદરી	,,	૨૨–૦૦
મૈનાસુંદરી	,,	૨૨–૦૦
વિધાતાના લેખ	,,	૨૨–૦૦
વિચિત્ર ન્યાય	,,	૩૨–૦૦
ત્યાગવીર જમ્બૂ	રાજેન્દ્રમુનિ	૨૫–૦૦
જીવનમાં સ્વર્ગ અને નરક ૧–૨	લે. મુ. નેમિચંદ્રજી	૪૦–૦૦
લ. મહાવીરનું જીવન અને દર્શન	શ્રી રાજેન્દ્રમુનિ	૩–૦૦

Serving JinShasan
030134
gyanmandir@kobatirth.org

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલ ચરિત

લેખક
ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિજી
સંપાદક
શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી



શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ : અમદાવાદ–૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

Punya Pal Charit
by puskarmuny
Published by Laxmi Pustak Bhandar,
Gandhi Road, Ahmedabad-1
Price : Rs. 41-50

પ્રકાશક
ધનરાજભાઇ ધાસીરામ કોહારી
શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર,
ગાંધી માર્ગ, અમદાવાદ-૧

© લક્ષ્મી પુસ્તક ભંડાર

પ્રથમ આવૃત્તિ, ૧૯૮૨

કિંમત રૂા. ૪૧-૫૦

મુદ્રક
શ્રી ખડાયતા મુદ્રણ કલા મંદિર
લાઈટ હાઉસ સામે,
અમદાવાદ-૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમર્પણ

પરમ શ્રદ્ધેય રાજસ્થાનકેસરી
અધ્યાત્મયોગી ઉપાધ્યાય

શ્રી પુષ્કર મુનિજી

જેમનો ધર્મોપદેશ જીવનને
પ્રેરણા આપતો રહ્યો છે તેવા
પૂ. ગુ.શ્રીનાં ચરણકમળોમાં.

ધનરાજભાઈ કોઠારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકાશકીય

વાર્તા લોક–સાહિત્યનું હૃદય છે. સાક્ષર, નિરક્ષર, બાળક–વૃદ્ધ, ધનવાન કે ગરીબ બધાને તે સમાન રીતે ઉપયોગી છે. વાર્તા સાહિત્યની આ એક વિશેષતા છે કે, જે જેટલી સાંભળવામાં આવે છે, તે બધી જ કુદરતી રીતે યાદ રહી જાય છે. જીવનમાં સંસ્કાર રેડવા માટે વાર્તા કરતાં અન્ય કોઈ સુગમ સાધન નથી. આજ કારણને લીધે વિશ્વના દરેક ભાગમાં વાર્તા સાહિત્ય લોકપ્રિય રહ્યું છે.

જૈન વાર્તાસાહિત્ય ખૂબ વિશાળ છે, જે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને વિવિધ પ્રાન્તીય ભાષાઓમાં લખાયેલું છે. શ્રધ્ધેય સદ્‌ગુરૂવર્ય અધ્યાત્મયોગી ઉપાધ્યાય શ્રી પુષ્કર મુનિજી મહારાજે જૈન કથાઓ આધુનિક ભાવ–ભાષામાં રજુ કરીને હિન્દી સાહિત્યને એક મહાન ભેટ આપી છે. કથાની ભાષા સરળ અને રોચક છે. કથાની ઘટના અને વસ્તુ સરળ આકર્ષક છે.

આ કથાઓનું સંપાદન કરવાનું શ્રેય સમર્થ સાહિત્યકાર શ્રી દેવેન્દ્ર મુનિજી તથા કલમ–કલાધર શ્રીચન્દજી સુરાના 'સરસ'ને છે. આ સાહિત્ય ગુજરાતીમાં પ્રગટ કરવાની અનુમતિ આપવા બદલ પૂજ્ય ગુરુદેવ શ્રી પુષ્કર મુનિજી તથા શ્રી દેવેન્દ્ર મુનિજીનો અત્યંત આભાર માનું છું.

આવા સાહિત્યનું ગુજરાતીમાં ભાષાંતર થાય અને ગુજરાતની જનતા તેનો લાભ લઈ શકે તે હેતુથી ગુજરાતીમાં આ પુસ્તક રજુ કરતાં આનંદ અનુભવું છું.

મારા સ્નેહી શ્રી ચન્દ્રકાન્તભાઈ અમીનને ગુજરાતી અનુવાદનું કામ સોંપવામાં આવ્યું અને તેમણે સહર્ષ ઉમંગથી ત્વરિત અનુવાદ કરી આપ્યો તે બદલ **શ્રી ચન્દ્રકાન્તભાઈ અમીન**નો પણ આભાર માનું છું.

આ જ રીતે મુનિજીનું સાહિત્ય ગુજરાતી જનતા સમક્ષ પાંચ પુસ્તક રૂપે પ્રકાશન કરવાની યોજના હતી. પરંતુ ગુજરાતની કદરદાન જનતાના આવકારને લક્ષમાં લઈને આ સોળમું પુસ્તક પુણ્યપાલ ચરિત્ર વાચકોના કરકમળમાં મૂકતાં આનંદ અનુભવું છું. ગુજરાતની જનતા આ સાહિત્યને આવકારશે એવી અપેક્ષા સાથે.

ધનરાજભાઇ કોઠારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંપાદકીય

સાહિત્યમાં કથા સૌથી વધુ સરળ અને શીઘ્ર અસર કરનારી વિદ્યા છે. વિશ્વ-સાહિત્યમાં પણ વાર્તા-સાહિત્ય સૌથી વધુ પ્રિય રહ્યું છે. તેથી બીજા સાહિત્ય કરતાં તેનો વિસ્તાર પણ વ્યાપક ફલક પર થયો છે. ભારતીય સાહિત્યમાં પણ વાર્તાઓના રૂપમાં વિશાળ સાહિત્ય જોવા મળે છે. વાર્તાસાહિત્યનો અખૂટ ભંડાર ભારતીય સાહિત્યની વિશેષ સંપત્તિ છે.

ભારતીય સાહિત્યમાં પણ જૈન તથા બૌદ્ધ કથાસાહિત્ય પોતાનું વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. શ્રમણ પરંપરામાં જૈનો તથા બૌદ્ધોએ ભારતીય વાર્તા-સાહિત્યમાં વધારો જ નથી કર્યો, પરંતુ તેને નવી દિશા પણ આપી છે. વાર્તાનો મૂળ હેતુ મનોરંજન તથા મનોરંજનના માધ્યમ વડે બોધ આપવાનો છે, શ્રમણ પરંપરાના વાર્તા-સાહિત્યમાં વાર્તા ફક્ત મનોરંજન માટે જ નથી, પણ મનોરંજન સાથે વૈરાગ્ય આચાર, ધર્મ, દર્શન, નીતિ, પુનર્જન્મ કર્મ-ફળ વગેરે વિષયોની રજુઆત કરવાનું રહ્યું છે. બૌદ્ધોની જાતક કથાઓ પણ લગભગ આ જ શૈલીની છે. જૈન વાર્તાસાહિત્યનો તો મૂળ હેતુ જ આ પ્રમાણે રહ્યો છે—'વાર્તાના માધ્યમ દ્વારા કોઈ ને કોઈ સત્પ્રેરણા આપવી.'

આગમોથી શરૂ કરીને પુરાણ, ચરિત્ર, કાવ્ય રાસ તથા લોક-કથાના રૂપમાં જૈન ધર્મની હજારો વાર્તાઓ પ્રસિદ્ધ છે. પુરાણ, રાસ તથા આખ્યાનના રૂપમાં તે આજે પણ રસપૂર્વક વંચાય છે. મોટા ભાગનું વાર્તા-સાહિત્ય પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, ગુજરાતી અને રાજસ્થાનની ભાષામાં હોવાને કારણે અને તે પદ્ય-બદ્ધ હોવાને કારણે મોટા ભાગના વાચકો તેનો લાભ ઊઠાવી શકતા નથી, ફક્ત તેનો મહિમા અને વર્ણન સાંભળીને જ કંઈક જાણી શકે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જૈન કથા–સાહિત્યના આ અમૂલ્ય ભંડારને આજની લોકભાષા રાષ્ટ્રભાષા હિન્દીમાં રજૂ કરવાનું કાર્ય અત્યંત જરૂરી છે. એ અંગે કેટલાક સુંદર પ્રયાસો પણ શરૂ થયા છે, પણ અપાર, અથાગ વાર્તાસાહિત્યનો સંગ્રહ કરવો એ કોઈ એક વ્યક્તિનું કામ નથી. જેમ જગન્નાથાના રથને હજારો હાથ ભેગા મળીને ખેંચે છે, તેવી રીતે પ્રાચીન કથાસાહિત્યનો પુનઃઉદ્ધાર કરવા માટે અનેક મનસ્વી ચિંતકોના લાંબા ગાળાના પ્રયત્નોની જરૂર છે. આ જરૂરિયાતને પૂર્ણ કરવાના હેતુથી પૂજ્ય ગુરૂદેવ રાજસ્થાન કેસરી અધ્યાત્મયોગી ઉપાધ્યાય શ્રી પુષ્કરમુનિજી મહારાજ અનેક વર્ષોથી પ્રયત્ન કરી રહ્યા છે. પૂજ્ય ગુરૂદેવશ્રીએ પોતાના વિશાળ અધ્યયન–અનુશીલનના આધારે સેંકડો જૈન વાર્તાઓ લખી છે. તે પ્રાચીનતમ સભ્યતા, સંસ્કૃતિ, તથા માનવ સ્વભાવને પારખવામાં ઉપયોગી છે.

અમારૂં મોટું સદ્‌ભાગ્ય છે કે, પૂજ્ય ગુરૂદેવ દ્વારા લખાયેલ ગદ્ય–પદ્યાત્મક એ વિરાટ કથાસાહિત્યનું સંપાદન કરવાની જવાબદારી અમને મળી છે. એ પ્રયત્નમાં અમે કેટલા સફળ ગયા છીએ તેનો નિર્ણય તો વિજ્ઞ વાચકો જ કરશે, અમને તો એ વાતનો આનંદ થાય છે કે સાહિત્ય–સેવાનો શુભ પ્રસંગ અમને મળ્યો અને જન–સમુદાયને માટે સત્સાહિત્યના રૂપમાં એક સન્મિત્રને તમારી સમક્ષ મૂકવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

શ્રી દેવેન્દ્ર મુનિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક હાલરડું સંભળાવી ઊંઘાડતી. આ પ્રમાણે પાંચ હતી. તેમની સહાયતા માટે બીજી દાસીઓ હાજર હતી. આ બધી માતા કમલાવતીનો વિસ્તાર જ સમજી લો. પુણ્યપાલની માતા કમલાવતી પોતે પોતાના પુત્રને ઊંચકીને ફેરવતી. બધી ધાય માતાઓ તેમના વાત્સલ્યનું પ્રતિબિંબ માત્ર હતી.

પુણ્યપાલ મોટો થવા લાગ્યો. વર્ષો પસાર થયાં. તે પાંચ વર્ષનો થયો. ચન્દ્રના ટુકડામાંથી શરીર બનાવ્યું હોય તેવો તે સુંદર હતો. મંત્રી તેને લઈ રાજસભામાં જતા. રાજા જિતશત્રુ પ્રેમથી તેને પોતાના ખોળામાં બેસાડતા.

પુણ્યપાલ બધાને વહાલો હતો. મંત્રીનો પુત્ર હતો, પણ તેનું ભાગ્ય રાજકુમારો જેવું હતું. રૂપ પણ એવું જ હતું. જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે કલાચાર્ય પાસે જવા લાગ્યો. તેણે બધી કલાઓ પ્રાપ્ત કરી. બોંતેર કળાઓ શીખ્યો. ભાગ્ય અથવા દૈવે તેને બુદ્ધિ આપી હતી અને ગુરુએ વિદ્યા આપી. વિદ્યા–બુદ્ધિ મળી સોનામાં સુગંધ ભરાય તેવો સંયોગ થયો.

કોઈક કહે છે કે બુદ્ધિ ઈશ્વરદત્ત હોય છે, પરંતુ ઈશ્વર બધાને આવી બુદ્ધિ કેમ નથી આપતો ? ઈશ્વર પણ કર્મ અનુસાર બધું આપે છે. બુદ્ધિ પણ અને સુખ–સંપત્તિ પણ. પરંતુ જૈન શ્રમણો કહે છે કે જ્યારે ઈશ્વર પણ કર્મ પ્રમાણે જ બધું આપે છે, તો એ જ કર્મ આપણું બગાડે—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુધારે છે. ઈશ્વર પર વિશ્વાસ રાખવો જ શા માટે? વિશ્વાસ તો પોતાના પુરુષાર્થનો છે. ઈશ્વર તો છે જ નહીં.. જો છે તો કોઈ એકલો જ સર્વનિયન્તા પરમાત્મા કોઈ નથી. કર્મનો નાશ કરી દરેક આત્મા પરમાત્મા બની શકે છે. પુણ્યપાલે કેટલાંક એવાં પુણ્ય કર્મો કર્યાં હતાં, જેથી આ જન્મમાં બહુ જ બુદ્ધિશાળી થયો.

પુણ્યપાલ વિદ્યાનિષ્ણાત થઈ ઘરે આવ્યો. દેવકુમાર જેવો લાગતો હતો તે. કામદેવ કહીએ તો ખોટું નહીં.. કારણ કે તેને જોનાર તેના રૂપને એકીટશે જોતા હતા. કમલાવતી મંત્રીની પાછળ પડી ગઈ. એક દિવસ હઠ કરી બોલી :

'તમે પિતા બની ગયા અને હું માતા. હવે હું સાસુ પણ બનીશ. હવે પુણ્યપાલનાં લગ્ન કરો.'

મંત્રી બોલ્યા :

'બનવાની ઇચ્છા કયારેય પૂરી થતી નથી. પછી તું દાદી બનવાનું કહીશ. પૌત્ર જોવાની પણ ઇચ્છા કરીશ.'

કમલાવતી બોલી :

'ત્યારે તો હું વૃદ્ધ થઈ જઈશ. પછી દાદી તો ઇચ્છા નહીં હોય તો પણ બની જઈશ. અને વળી ઇચ્છા પ્રમાણે દાદી બનવાનું મારા–તમારા હાથમાં તો નથી. વહુની સાસુ બનવાનું તો આપણા હાથમાં છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કથાગ્રંથોની રચનામાં એક ત્રીજી શૈલીનો વિકાસ પણ થયો, જેને આપણે 'કથાકોષ' અથવા કથાસંગ્રહના રૂપમાં આજે પ્રાપ્ત કરીએ છીએ. જિનેશ્વરસૂરિનું 'કથાકોષપ્રકરણ,' આમ્રદેવસૂરિનું 'આખ્યાનક મણિકોષ,' હરિષેણનું 'બૃહત્કથાકોષ' ધર્મદાસગણિનું 'ઉપદેશમાલા' તથા શુભવર્ધમાન ગણિનું 'વર્ધમાનદેશના' વગેરે વિવિધ કથા કુસુમોને ગુલછડીના રૂપમાં આ કથાગ્રંથો નાનાં દૃષ્ટાંતો દ્વારા સત્કર્મની શુભ પ્રેરણા સુવાસ ફેલાવી રહ્યાં છે. તે ઉપરાંત વિદ્વાન આચાર્યોએ સમયે સમયે કોઈ એક પૌરાણિક ચરિત્ર લઈને, કોઈ આગમગત કથાસૂત્રને લઈને અથવા સ્વતંત્ર રૂપનાં પણ ઘણાં સર્જન કરીને સેંકડો કથાગ્રંથોની રચનાઓ કરી છે. આ કથાગ્રંથો પ્રાકૃતમાં રચવામાં આવતા હતા, પછી સંસ્કૃત શૈલી ચાલી, પછી અપભ્રંશ યુગ આવ્યો તો અપભ્રંશમાં ચણ લખાયું અને પછી તો અનેક જૈન કવિઓએ ગુજરાતી મિશ્રિત રાજસ્થાનીમાં રાસ, ચોપાઈ, લખાણના રૂપમાં સેંકડો સરસ, રોચક અને પ્રેરણાદાયક કથાકવ્યોની સૃષ્ટિથી સરસ્વતીના ભંડારને સમૃદ્ધ કર્યો. પરંપરાની ભિન્નતા અનુશ્રુતિઓનું અંતર તથા સમયના લાંબા પટને કારણે કથાસૂત્રો પરસ્પર ભિન્નતા અને પ્રસંગોના જોડ તોડમાં પણ ઠીક ફેર પડી ગયો. અનેક કથાઓ તો એવી છે, જે અત્યંત પ્રસિદ્ધ હોવા છતાં પણ કથાગ્રંથોમાં જુદી જુદી જોવા મળે છે. કેટલીક કથાઓ આગમોમાં વર્ણવાયેલી છે. તેને પછીના સાહિત્યમાં આડકથાઓ જોડીને વિસ્તૃત પણ કરવામાં આવી છે.

કથાસૂત્રોનું આ વૈવિધ્ય જોયા પછી એ પ્રયત્ન કરવો રહ્યો કે કથાનો મૂળસ્રોત કયાં છે કેવો છે અને એમાં જે મતભેદ અથવા આડકથાઓ છે, તે માન્ય છે કે નહીં આ કામ ફકત જલમંથન કરવા જેવું જ ગણાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કથાની ઐતિહાસિકતાને બદલે આપણું લક્ષ્ય તેની પ્રેરકતા તરફ રહેવું જોઈએ. હજારો લેખકોએ જુદા જુદા દેશ કાળમાં જે કથાગ્રંથો રચ્યા છે તેમનામાં મત ભિન્નતા, કથા સૂત્રમાં જૂદા જુદા પ્રકારની તોડ જોડ તથા નામ વિગેરેમાં વિવિધતા હોવી એ કુદરતી છે. અનેક કથાગ્રંથોના અભ્યાસ પછી અમારો વિશ્વાસ છે કે આપણે પ્રાચીન ગ્રંથોની 'શબ્દ પરીક્ષા' ન કરતાં, 'શિવ–પરીક્ષા' (કલ્યાણકારી તત્ત્વની પરીક્ષા)કરવાની ટેવ પાડવી જોઈએ. જે કથાગ્રંથમાં જ્યાં જે ઉચ્ચ આદર્શ, પ્રેરક તત્ત્વ, અથવા જીવન-નિર્માણ કરનારાં મૂલ્યો જોવા મળે છે, તેને કોઈ પણ પ્રકારના ભેદ ભાવ વિના સ્વીકારી લેવાં જોઈએ. અનેક ગ્રંથોમાં એવું જોવા મળે છે કે એક જ કથાનક જુદા જુદા પ્રસંગમાં જુદા જુદા રૂપમાં લખાયેલું જોવા મળે છે. કયાંક કથાનો પૂર્વાર્ધ આપીને તેને છોડી દીધો છે, કયાંક ઉત્તરાર્ધ કયાંક થોડો ભાગ જ. આવી સ્થિતિમાં કથા સૂત્રોને સંપૂર્ણ રૂપમાં લખવા અત્યંત મુશ્કેલ બની જાય છે. અને તેમાં વિવાદગ્રસ્ત પ્રશ્ન પણ ઉપસ્થિત થઈ શકે છે. અમે એવા પ્રસંગોએ એવો પ્રયત્ન કર્યો છે કે જ્યાં સુધી જે કથાસૂત્ર સંપૂર્ણ મળ્યું છે તેને બે ત્રણ કથા ગ્રંથના સંદર્ભને જોડીને પૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો છે, પણ કથાનકની પૂર્ણતા સમગ્રતા અને પ્રાચીનતાની પૂરેપૂરી ખાત્રી આપી શકાય નહીં. એ તો બહુશ્રૃત વાચકો પર જ આધાર રાખે છે કે, તેમને કયાંય કોઈ કથાસૂત્રના સંબંધમાં નવું કથાનક મળે તો તેઓ લેખકને દર્શાવે. જેથી તેમના સંશોધન પરિવર્ધનમાં પ્રગતિ થઈ શકે.

અમને વિશ્વાસ છે કે આનાથી અનેક વાચકોને અનેક પ્રકારનાં રોચક ચરિત્રોના માધ્યમથી વિવિધ પ્રકારની પ્રેરણા મળશે. આ વિવધ પ્રકારની રુચિવાળા વાચકોની વિવિધ રૂચિઓને તૃપ્ત કરવાનો એક સફળ પ્રયત્ન સિદ્ધ થઈ શકશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રસ્તુત કથામાળાનું સંપાદન દેવેન્દ્ર મુનિ તથા શ્રી શ્રીચન્દજી સુરાનાએ કર્યું છે તે માટે હું તેમને સાધુવાદ આપું છું.

શ્રી પુષ્કર મુનિ



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલ ચરિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનુક્રમણિકા

૧	પુણ્યપાલ ચરિત–૧	૧
૨	પુણ્યપાલ ચરિત–૨	૪૭
૩	પુણ્યપાલ ચરિત–૩	૯૩
૪	જીવનનો સાર	૧૨૭
૫	વસંતમાધવ–૧	૧૩૯
૬	વસંતમાધવ–૨	૧૮૫
૭	વસંતમાધવ–૩	૨૩૧
૮	કર્મ–કૌતુક–૧	૨૭૭
૯	કર્મ–કૌતુક–૨	૩૨૩
૧૦	કર્મ–કૌતુક–૩	૩૬૯
૧૧	કર્મ–કૌતુક–૪	૪૧૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલ ચરિત–૧

'આ શા માટે ?'

'અરે તો શું થશે પણ નહીં ?'

'સારું. મને કહ્યું પણ નહીં, કમલા ! વધામણી છે.'

'વધામણી આપનાર તમે કોણ ? પુત્ર તો તમારો પણ હશે.'

'એ તમે સાચું કહ્યું. મારું જ નહીં, આપણા બંનેનું હશે. વધામણી આપવા તો આખા નગરના લોકો આવશે. પરંતુ આશા વાળી કોઈક વાત કહો.'

કમલાવતી શરમાઈ ગઈ. તે પારણું સરખું કરી રહી હતી. આ જોઈને તો મહામંત્રી સુબુદ્ધિએ પૂછ્યું હતું કે આ શા માટે ? રાતની મધુર સ્મૃતિઓ તેના મનમાં હજી પણ ઊઠતી હતી. અને એ સમજી પણ ગયા હતા કે કમલાવતી આજની રાતે ગર્ભવતી થશે. પરંતુ આટલા બધા દિવસો પહેલાં પારણું સરખું કરવું, એ વાત્સલ્યનું ગાંડપણ હતું એટલે એમણે ચમકીને પૂછ્યું !

'આ શા માટે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કમલાવતીએ કહી દીધું :

'અરે, શું થશે પણ નહીં ?'

છેલ્લે જ્યારે મંત્રીએ પૂછયું કે આશાવાળી વાત તો જણાવો. ત્યારે કમલાવતી શરમાઈ ગઈ. પતિની સામે શરમાવામાં નારીને એક વિશેષ આનંદ થાય છે. નફ્ફટ નારીમાં તો કોઈ સૌંદર્ય છે ? સૌંદર્યનું આકર્ષણ તો શરમથી વધે છે. પરંતુ પતિને શરમાળ પત્નીની છેડતી કરવામાં આનંદ આવે છે. મહામાન્ય સુબુદ્ધિએ કમલાવતીનો હાથ પકડી પોતાની તરફ ખેંચી અને બોલ્યો :

'કંઈક તો કહેવું પડશે. તારી શરમ મને સારી લાગે છે. પરંતુ પતિથી ભેદ છુપાવવા એ પત્નીનો દુર્ગુણ છે.'

કમલાવતી પણ મનની વાત જણાવવા માટે ઉત્સુક હતી. પણ, પતિના આગ્રહમાં તેને એક વિશેષ સુખ મળતું હતું. મંત્રીને સોગંદ લેવડાવ્યા પછી બોલી :

'પુરુષોમાં ધીરજ હોતી નથી. બીજું કશું કહી શકીશ નહીં. બસ એટલું જણાવું છું કે તમે જ્યારે સૂઈ ગયા તો હું પણ સૂઈ ગઈ. ત્યારે મેં એક સપનું જોયું. એક સરોવર નિર્મળ પાણીથી ભરેલું છે. હજારો કમળો તેમાં ખીલ્યાં છે. સરોવરની વચ્ચે એક મોટું કમળ છે. એ કમળને તોડવા હું પાણીમાં ગઈ અને એ સહસ્ર-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દલ કમળ તોડી મારા ખોળામાં મૂકી દીધું. બસ, પછી મારી આંખ ખૂલી ગઈ. મેં જે જે સ્વપ્નશાસ્ત્ર વાંચ્યાં છે, તે પ્રમાણે વિચાર કર્યો કે હું પુણ્યાત્મા પુત્રની માતા બનીશ.'

સુબુદ્ધિ પોતાની પત્નીને છાતીએ લગાવી બોલ્યા :

'પ્રિયે! તું બહુ બુદ્ધિશાળી છે. લોકો પણ એવું કહે છે કે કમળ પુષ્પોથી ભરેલાં સરોવર, કેરીથી ભરેલો આંબાનો બગીચો, ગોરસથી ભરેલો કળશ વિગેરે સ્વપ્નમાં કોઈ સ્ત્રી જુએ તો એ સ્ત્રી ભાગ્યશાળી પુત્રની માતા બને છે.. આની સાથે એક શરત પણ છે.'

છેલ્લી વાત કહેતાં મંત્રી સુબુદ્ધિ હસ્યા. કમલાવતીને જિજ્ઞાસા થઈ કે શું નવી વાત કહેશે. તેથી પૂછયું :

'શરત કેવી?'

સ્મિત સાથે મંત્રી બોલ્યા :

'શરત એ છે કે જો પતિ પરદેશાં હોય તો સ્ત્રી ગમે તેવાં સપનાં જુએ તો પણ તેને કશું ના થાય.'

આ સાંભળી કમલાવતી એક ઝાટકા સાથે પતિથી જુદી થઈ ગઈ અને હસતી હસતી અંદર જતી રહી. મંત્રી બોલાવતા રહ્યા. પછી એ પણ રાજસભામાં જતા રહ્યા. આ વાતો રાજસભામાં જવા માટે તૈયાર થયેલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંત્રી અને તેમની પત્ની વચ્ચે થઈ હતી. રાજસભા તરફ જતાં રથમાં બેઠાં–બેઠાં મંત્રી વિચારતા હતા.

'ખરેખર જ કોઈ પુણ્યાત્મા જીવ મારા ઘરમાં જન્મ લેશે. પુણ્યાત્મા હોય તો કોઈ રાજાને ઘરે જન્મ લે. તે રાજકુમાર અને પછી રાજા બને. મારે ત્યાં તો શું થશે ? બસ, વધારેમાં વધારે મારા પછી મંત્રી બની જશે. રાજાને ઘરે જન્મ લેવાથી પણ મોટો પુણ્યાત્મા તો તે બને છે, જે પોતાના પુરુષાર્થથી રાજા બને છે. ઉત્તરાધિકારમાં રાજા થાય તો શું થયું ? છતાં પણ જે પિતાના રાજ્યનો રાજા બને અને જે પોતાની શક્તિ પરાક્રમથી રાજ્ય પ્રાપ્ત કરે તે બંને પુણ્યાત્મા તો છે જ. જો પુણ્યાત્મા ન હોત તો કોઇ મજૂરને ઘેર જન્મ લેત. તફાવત એટલો છે કે કોઈકના માથા પર પુણ્યની પોટલી વધારે મોટી હોય છે અને કોઈકના માથા પર નાની. પુણ્યાત્મા અહીં આવીને પણ ફરી પુણ્ય પ્રાપ્ત કરે છે. આ વાતની અસર નામથી પણ પડે છે. જો કોઇકનું નામ સત્યદેવ રાખીએ તો તે ખોટું બોલવામાં થોડો સંકોચ પામે છે. જે પણ હોય, હું મારા પુત્રનું નામ પુણ્યપાલ રાખીશ. વારંવાર કહેવાથી તેના મનમાં સારા સંસ્કાર આવશે.'

રથ દોડી રહ્યો હતો. મંત્રી વિચારતા હતા. આજે તેમને પણ વાત્સલ્યના ગાંડપણે ઘેરી લીધા હતા. મંત્રી-ભવનથી રાજસભા લગભગ અડધો ગાઉ દૂર તો હશે જ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

નગર બહુ મોટું હતું. કદાચ તેના લીધે જ આનું નામ વિરાટનગર પડયું હશે. રથ રાજસભાના દરવાજા પર ઊભો રહ્યો.

મહામંત્રી સુબુદ્ધિએ રાજાનું અભિવાદન કરી પોતાનું આસન લીધું. રાજા જિતશત્રુની જમણી તરફ તેમનું સ્વર્ણમંડિત આસન હતું. એ પણ રાજાનો જમણો હાથ તો છે. ઘરમાં પતિ-પત્નીની જે સ્થિતિ હોય છે, તેવી સ્થિતિ વત્સદેશના શાસનમાં રાજા જિતશત્રુ અને મહામંત્રી સુબુદ્ધિની હતી. રાજ્યને એક ગાડી માની લો. તેમાં રાજા અને મંત્રી બે પૈડાં છે. રાજા મંત્રીનો સંબંધ આવો હોવો જોઇએ. તો જ ગાડી ચાલે છે અને એટલે જ વિરાટનગરમાં સુશાસન હતું.

વિરાટનગર વત્સદેશનું રાજનગર હતું. પોતાના નામ જેવું જ નગર વિરાટ હતું. શ્રેષ્ઠિ નિવાસમાં વાણિયા-વેપારીઓનાં નવ-નવ માળનાં ભવન હતાં. ત્રણ માળથી કોઇ ઓછું ન હતું. બ્રાહ્મણવાડામાં બ્રાહ્મણોનાં ઘર હતાં. તે ભવ્ય અને ઊંચાં ન હતાં, પરંતુ સુંદર હતાં.

શેઠિયાઓ ધન અને ભવનથી ઊંચા હતા. અને બ્રાહ્મણો ચારિત્ર અને મનથી ઊંચા હતા. નગરની ચારે બાજુ લીલાંછમ ખેતરો હતાં. એ ખેતરોમાં ખેડૂતોની ઝૂંપડીઓ હતી. તેમનાં પાકાં મકાનો નગરમાં હતાં.

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બધી જાતિ અને બધા વર્ગના લોકો વિરાટનગરમાં રહેતા હતા. પુણ્યના બજારમાં બધા જ માળી હતા. તેમણે વિરાટનગરના બગીચાઓનો ઈજારો લીધો હતો. પુષ્પના બજારમાં હાર અને ગજરાની હજારો દુકાનો હતી. તાંબાના બજારમાં તાંબાનાં વાસણોની દુકાન હતી. દરેક વસ્તુ–સામગ્રીનાં જુદાં–જુદાં બજારો હતાં.

ચોકસી બજારમાં રત્નો અને આભૂષણોની ખરીદી માટે મોટા–મોટા ઘરોની સ્ત્રીઓ પાલખીઓમાં બેસી આવતી હતી. વિરાટનગરના રત્ન વેચનાર પુરુષો એટલા બધા ધનવાન હતા કે તેમની પાલખીઓ પણ સોનાથી મઢેલા હાથીદાંતની હતી. રાજમાર્ગ મોટા હતા. તેની બંને બાજુ વૃક્ષોની છાયા હતી. નિર્મળ પાણીથી ભરેલાં સરોવરો વિરાટનગરમાં હતાં. બધું મળીને કહીએ તો વિરાટનગર એટલું બધું રમ્ય અને સુંદર હતું કે જોતા જ રહી જઇએ.. આવા નગરમાં રાજા જિતશત્રુ રાજ્ય કરતા હતા.

રાજા જિતશત્રુ લગભગ ચાલીસ વર્ષના હશે. તેમની છાતી પહોળી અને હાથ લાંબા હતા. એ વીર અને પરાક્રમી હતા. અપરાધીને સજા કરવામાં કઠોર જરૂર હતા, પરંતુ પ્રજાના હિતનાં કામ જીવની જેમ કરતા. વિદ્વાનોને પ્રોત્સાહન આપતા. અપંગ–ઘરડા, જેનું કોઈ ન હોય તેવા નિરાધાર લોકો રાજકીય દાનશાળામાંથી નિયમિત ભોજન–કપડાં મેળવતા. તેથી તેમના રાજ્યમાં કોઈ બેકાર ન હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમના ગુપ્તચરો એ વાતોની ખબર રાખતા કે કોઈ ભૂખ્યું સૂઈ ન જાય.

વત્સ દેશની રાજ્ય વ્યવસ્થા સુવ્યવસ્થિત અને અનુશાસિત હતી. આ સુશાસનમાં મંત્રી સુબુદ્ધિનો હાથ હતો. આ પ્રમાણે રાજા–પ્રજાનો સમય સુખ–સંતોષથી પસાર થતો હતો. નગરમાં સાધુ–સંતો પણ આવતા. બધા ધર્મ સંપ્રદાયોના સાધુ આવતા હતા. ધૂણી ધખાવી લોકોની મનોકામનાઓ પૂરી કરનાર તપસ્વી પણ કયારેક આવતા. તેમની પાસે સ્ત્રીઓ વધારે પ્રમાણમાં જતી હતી. કોઈ કહેતી :

'મારે છોકરીઓ જ આવે છે. કોઈ એવો ઉપાય બતાવો કે પુત્ર જન્મે.'

કોઈ કહેતી :

'હું મારા પતિથી બહુ દુઃખી છું. તેથી એવો મંત્ર આપો કે મારો પતિ મારા વશમાં રહે.'

ઘણી વાર સાચા સાધુ પણ વિરાટનગરમાં આવતા. જ્યારે તેઓ આવતા ત્યારે સ્ત્રી પુરુષોની ભીડ થતી. રાજા જિતશત્રુ, રાણી પદ્માવતી, મંત્રી સુબુદ્ધિ અને મંત્રીપત્ની કમલાવતી વિગેરે વિશિષ્ટ માણસો આ સાધુઓનો ઉપદેશ સાંભળવા જતા. એ કોઈને ભૌતિક મનોકામના પૂરી થાય એવો કોઈ મંત્ર આપતા નહીં. પરંતુ કોઈ એવી જ વાત કહેતા કે શ્રોતાઓ મુગ્ધ થઈ સાંભળતા. એ કહેતા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પહેલાં એ વિચારો કે તમારે પુત્રીઓ કેમ જન્મે છે, પુત્ર કેમ નથી થતો ? એ વાત પર વિચાર કરો કે તમારો પતિ તમને કેમ હેરાન કરે છે ? આ બધું કર્મ બંધનોનું કારણ છે. સારાં કર્મો કરવાથી સુખ પામશો અને ખરાબ કર્મોથી દુઃખ પામશો. લોઢાની સાંકળમાં બાંધાઓ અથવા સોનાની સાંકળમાં, બંનેમાં બંધન તો છે જ. અખંડ આનંદ પ્રાપ્ત કરવા બંધન તોડવાં પડશે.

'કર્મોનો નાશ કરવાનો વિચાર કરો. ધર્મના શરણે આવો. લીમડાનું ઝાડ વાવી કહો કે મહાત્માજી ! આ લીંબોડી કડવી છે. એવો કોઈ ઉપાય બતાવો કે લીંબોડી મીઠી થઈ જાય. લીંબોડી કેવી રીતે મીઠી થશે ? કયારેય નહીં થાય. અસંભવ છે. મીઠું ફળ બાવું હોય તો આંબાનું ફળ વાવો. પુત્ર ન થવાનાં કર્મ કરી વાંઝણી પૂછે છે કે કોઈ ઉપાય બતાવો. જે કર્યું હોય તેનું ફળ સમભાવથી ભોગવો અને આગળના પુણ્ય માટે સંચય કરો.'

આવી વાતો કહેનાર નિર્ગ્રંથ સાધુ હતા. એ જૈન શ્રમણ પણ કહેવાતા. જેમનામાં થોડો પણ વિવેક હતો એ બધાને જૈનધર્મ પ્રિય હતો. જૈન શ્રમણ નગર–નગર, ગામ-ગામ વિહાર કરી મનુષ્યોને જ્ઞાન આપી જગાડતા. મંત્રી-પત્ની કમલાવતી પણ જૈનધર્મમાં માનતી હતી. તેણે જૈન મુનિનો ઉપદેશ સાંભળ્યો હતો. તેનું જીવન ધર્મમય હતું. તે ધર્મ ક્રિયાઓ અને દાન–પુણ્ય દ્વારા પોતાના ગર્ભસ્થ બાળકને શુભ સંસ્કાર આપતી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધીરે ધીરે સમય પસાર થયો તો નવ મહિના પૂરા થયા. દિવસ વધુ પસાર થયા તો વિદ્યા વિવેકને જન્મ આપે છે, તે પ્રમાણે કમલાવતીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. હવે આનંદની શું વાત કહેવી ? મંત્રીનો પહેલો પુત્ર હતો. અપાર આનંદ થયો. રાજા જિતશત્રુએ વધામણી મોકલી :

'તમારો પુત્ર ચિરાયુ થાય ! તમારી જેમ તે વિચક્ષણ અને ધર્મનિષ્ઠ બને. ભવિષ્યમાં યુવરાજ અરિમર્દનનો મંત્રી પણ તે બનશે.'

પછી તો વધામણીની હાર લાગી ગઈ. બધા સચિવો અને આમાત્યોએ વધામણી મોકલી. એ બધા મંત્રીભવનમાં આવ્યા. જે દિવસે નામકરણ સંસ્કાર થયા, તે દિવસે રાજા જિતશત્રુ પણ આવ્યા. મંત્રી સુબુદ્ધિએ વિરાટનગરના લોકોને ભોજન આપ્યું. બધાએ ખાધું. યાચકોને નવાં કપડાં મળ્યાં. ધામધૂમથી ઉત્સવ ઊજવવામાં આવ્યો. આખી રાત ગીત–સંગીત ચાલ્યું. પૂર્વ સંકલ્પ પ્રમાણે મંત્રીએ પોતાના પુત્રનું નામ 'પુણ્યપાલ' રાખ્યું. બધાને આ નામ ખૂબ ગમ્યું.

મોટા ઘરનાં બાળકોનું જે રીતે પાલન–પોષણ થાય છે, તે રીતે પુણ્યપાલનું પાલન–પોષણ થવા લાગ્યું. પાંચ દાસીઓ પુણ્યપાલને પાળતી. એક દૂધ પિવડાવવા માટે હતી. એક સ્નાન કરાવતી. એક તેને રમકડાંથી રમાડતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક હાલરડું સંભળાવી ઊંઘાડતી. આ પ્રમાણે પાંચ હતી. તેમની સહાયતા માટે બીજી દાસીઓ હાજર હતી. આ બધી માતા કમલાવતીનો વિસ્તાર જ સમજી લો. પુણ્યપાલની માતા કમલાવતી પોતે પોતાના પુત્રને ઊંચકીને ફેરવતી. બધી ધાય માતાઓ તેમના વાત્સલ્યનું પ્રતિબિંબ માત્ર હતી.

પુણ્યપાલ મોટો થવા લાગ્યો. વર્ષો પસાર થયાં. તે પાંચ વર્ષનો થયો. ચન્દ્રના ટુકડામાંથી શરીર બનાવ્યું હોય તેવો તે સુંદર હતો. મંત્રી તેને લઈ રાજસભામાં જતા. રાજા જિતશત્રુ પ્રેમથી તેને પોતાના ખોળામાં બેસાડતા.

પુણ્યપાલ બધાને વહાલો હતો. મંત્રીનો પુત્ર હતો, પણ તેનું ભાગ્ય રાજકુમારો જેવું હતું. રૂપ પણ એવું જ હતું. જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે કલાચાર્ય પાસે જવા લાગ્યો. તેણે બધી કલાઓ પ્રાપ્ત કરી. બોંતેર કળાઓ શીખ્યો. ભાગ્ય અથવા દૈવે તેને બુદ્ધિ આપી હતી અને ગુરુએ વિદ્યા આપી. વિદ્યા–બુદ્ધિ મળી સોનામાં સુગંધ ભરાય તેવો સંયોગ થયો.

કોઈક કહે છે કે બુદ્ધિ ઈશ્વરદત્ત હોય છે, પરંતુ ઈશ્વર બધાને આવી બુદ્ધિ કેમ નથી આપતો ? ઈશ્વર પણ કર્મ અનુસાર બધું આપે છે. બુદ્ધિ પણ અને સુખ–સંપત્તિ પણ. પરંતુ જૈન શ્રમણો કહે છે કે જ્યારે ઈશ્વર પણ કર્મ પ્રમાણે જ બધું આપે છે, તો એ જ કર્મ આપણું બગાડે—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુધારે છે. ઈશ્વર પર વિશ્વાસ રાખવો જ શા માટે? વિશ્વાસ તો પોતાના પુરુષાર્થનો છે. ઈશ્વર તો છે જ નહીં.. જો છે તો કોઈ એકલો જ સર્વનિયન્તા પરમાત્મા કોઈ નથી. કર્મનો નાશ કરી દરેક આત્મા પરમાત્મા બની શકે છે. પુણ્યપાલે કેટલાંક એવાં પુણ્ય કર્મો કર્યાં હતાં, જેથી આ જન્મમાં બહુ જ બુદ્ધિશાળી થયો.

પુણ્યપાલ વિદ્યાનિષ્ણાત થઈ ઘરે આવ્યો. દેવકુમાર જેવો લાગતો હતો તે. કામદેવ કહીએ તો ખોટું નહીં.. કારણ કે તેને જોનાર તેના રૂપને એકીટશે જોતા હતા. કમલાવતી મંત્રીની પાછળ પડી ગઈ. એક દિવસ હઠ કરી બોલી :

'તમે પિતા બની ગયા અને હું માતા. હવે હું સાસુ પણ બનીશ. હવે પુણ્યપાલનાં લગ્ન કરો.'

મંત્રી બોલ્યા :

'બનવાની ઇચ્છા કયારેય પૂરી થતી નથી. પછી તું દાદી બનવાનું કહીશ. પૌત્ર જોવાની પણ ઇચ્છા કરીશ.'

કમલાવતી બોલી :

'ત્યારે તો હું વૃદ્ધ થઈ જઈશ. પછી દાદી તો ઈચ્છા નહીં હોય તો પણ બની જઈશ. અને વળી ઈચ્છા પ્રમાણે દાદી બનવાનું મારા–તમારા હાથમાં તો નથી. વહુની સાસુ બનવાનું તો આપણા હાથમાં છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'કમલા ! અહીં જ તું ભૂલ કરે છે. આપણા હાથમાં કશું જ નથી. બધું ભાગ્યના હાથમાં છે....શું કહ્યું, પુરુષાર્થ ? પુરુષાર્થ ભાગ્ય પ્રમાણે થાય છે. પુણ્યપાલના લગ્નની વાત જ કરીએ. કાલે જ એક કન્યાના પિતા રાજ-સભામાં આવ્યા હતા અને આજે જ તેં વાત કરી. હું આજે વાત પાકી કરી લઇશ. ભાગ્ય પ્રમાણે પુરુષાર્થ થઈ ગયો. ભાગ્ય ન હોત તો કન્યાના પિતા કાલે કેમ આવત ? તું આજે જ કેમ દબાણ કરે ?'

બસ, વાત પાકી થઇ ગઈ. પુણ્યપાલનાં લગ્ન થઈ ગયાં. દેવકન્યા જેવી સુઘડ પત્ની પુણ્યપાલને મળી. તેનું નામ કનકમંજરી હતું. કમલાવતી સાસુ બની અને મંત્રી સુબુદ્ધિ સસરા બન્યા. કનકમંજરી ગુણોનો ભંડાર હતી. તેણે ચોસઠ કળાઓ પ્રાપ્ત કરી હતી. તે પતિવ્રતા હતી. પુણ્યપાલ ભાગ્યશાળી હતો તેથી તેને કનકમંજરી જેવી પત્ની મળી હતી. કનકમંજરી વિચારતી હતી કે હું કેટલી ભાગ્યશાળી છું, જે મને આવા પરમ ધર્મનિષ્ઠ સ્વામી મળ્યા.

પુણ્યપાલનું દાંપત્ય જીવન સુખેથી પસાર થતું હતું, પિતા મંત્રી હતા. તેમની પાસે સંપત્તિ હતી અને રાજાની મહેરબાની સૌથી મોટી વસ્તુ છે. તેથી પુણ્યપાલને કોઈ વાતની ચિંતા ન હતી. પણ સમય પસાર કરવા કંઈક તો જોઈએ, તેથી પિતા સાથે દરરોજ રાજસભામાં જતો. તેનું પણ સભામાં એક આસન હતું. રાજાની સમસ્યા હલ કરવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કયારેક પુણ્યપાલ પોતાની બુદ્ધિનો એવો પરિચય આપતો કે રાજા જિતશત્રુ હસીને કહેતા :

'મંત્રી ! તમારો પુત્ર તમારાથી બહુ આગળ નીકળી ગયો.'

મંત્રી પણ ચૂપ રહેતા નહીં. તે કહેતા :

'રાજન્ ! જે પુત્ર પિતાથી દસ ડગલાં આગળ ન હોય તે પુત્ર કેવો ?'

રાજા જિતશત્રુ મંત્રી પુત્ર પુણ્યપાલ ઉપર એટલો ખુશ હતા કે તેનો ઠાઠ વધારી દીધો. જ્યારે પુણ્યપાલ વનભ્રમણ કરવા જતો ત્યારે રાજ નિયુક્ત અંગરક્ષક તેની સાથે રહેતા. રાજાએ તેને સુવર્ણજડિત રથ આપ્યો હતો. પાંચ જાતનાં શસ્ત્રો, રત્ન જડેલાં આભૂષણો અને કપડાં વિગેરે તો રાજાએ જુદું આપ્યું હતું. રાજસભાના બીજા સભાસદો અને સચિવો પણ પુણ્યપાલને જીવની જેમ પ્રેમ કરતા હતા.

ગુણવાનને બધા પ્રેમ કરે છે. કોયલનો અવાજ સાંભળવા લોકો વનવનમાં ભટકે છે. અને ઘરના છાપરા ઉપર બેઠેલા કાગડાને પથ્થર મારી ઉડાડી મૂકે છે. રાજા જિતશત્રુ મંત્રી સુબુદ્ધિ અને મંત્રીપુત્ર પુણ્યપાલ એક માળામાં ગુંથાયેલાં ફૂલોની જેમ પોત પોતાના સ્થાન પર હતા. કોણ કોની ફરિયાદ કરે ! બધું બરોબર ચાલતું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતું. આગળ કાંઈ કહેવું હોય તો એ કહેવું કે વાર્તા બને. તે બધા નિયમિત ઊંઘતા-ઊઠતા, ખાતા, પીતા આ કાંઈ કહેવાની વાત છે ! આ તો બધા કરે છે. પશુ, પક્ષી જીવ-જંતુ પણ કરે છે.

મનુષ્ય જન્મ લે છે, જીવે છે, પછી મૃત્યુ પામે છે. મનુષ્યેતર પ્રાણી પણ આ ક્રમ જાળવે છે. મનુષ્યનું જીવન અનુભવો અને ઘટનાઓનો ભંડાર છે. ભાગ્યથી કહો, સંયોગ અથવા બનવાકાળને કારણે કહો, મનુષ્યના જીવનમાં ઘટનાઓ બને છે. તેનાથી તે બધું શીખે છે. અનુભવ મળે છે. એક વાર વિરાટનગરમાં એક બનાવ બન્યો.

રાજા જિતશત્રુનો દરબાર ભરાયો હતો. મહામંત્રી, નગરશેઠ, રાજપુરોહિત વગેરે જનતાના અનેક પ્રતિનિધિ સભાસદ રાજસભામાં હતા. બધા રાજા જિતશત્રુના કૃપાપાત્ર હતા. ઘણાને રાજાએ ગામ આપ્યાં. ગોભૂમિ દાન પ્રાપ્ત કરનાર બ્રાહ્મણ પણ હતા. રાજાના મનમાં અહંકાર આવ્યો. પોતે વિચારેલી વાત સભામાં કહી :

'રાજાના પુણ્યથી પ્રજાનું દુઃખ-દારિદ્રય દૂર થાય છે. રાજા પાપી હોય તો પ્રજા ભૂખે મરે છે. એક માછલી આખા સરોવરને દૂષિત કરે છે. આ કહેવત પાછળ એક સત્ય છે. પાપી રાજાના રાજ્યમાં દુકાળ પડે છે. પોતાની પ્રશંસા કરવી ન જોઇએ. પરંતુ વાત થાય છે તેથી કહું છું આજે જે સુખી-દુઃખી છે તે મારા કારણે છે. શું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમે એવો અનુભવ નથી કરતા ? શું હું જૂઠું બોલું છું ? ધનદત્ત ! તમે કહો.'

ધનદત્ત નામના એક શેઠ પોતાના આસન પરથી ઊભા થયા અને બોલ્યા :

'અન્નદાતા ! તમે સાચું કહો છો. એમાં બે મત નથી. મારી વણઝાર લૂંટાઈ જતી હતી. મેં તમને કહ્યું.

'તમે એવી વ્યવસ્થા કરી કે ડાકુઓ છુપાઈ ગયા. એક વર્ષ સુધી તમે મારી પાસે કર લીધો નહીં. આ બંને કારણે હું ખૂબ કમાયો. હું એમ કહીશ કે આજે હું જે છું તે તમારા કારણે છું.'

'સાગરદત્ત ! તમે પણ બોલો.'

રાજાના કહેવાથી શેઠ સાગરદત્તે કહ્યું :

'રાજન્ ! હું ભાઈ ધનદત્તની વાતનું સમર્થન આપતાં એટલું જ કહીશ કે વેપારીનો એ અહંકાર મિથ્યા છે કે એ પોતાના અનુભવથી કમાય છે. રાજાના ભુજ બળથી અમારા જેવા શેઠિયાઓના ખજાના ભરાય છે. જેના ઉપર તમે ગુસ્સે થાઓ છો, તેને માટીમાં રગદોળી નાખો છો. શેઠ રત્નચન્દ્રએ કરચોરી કરી તો તમે તેનું બધું ઝૂંટવી લીધું. આજે તે ફેરી કરે છે.'

બસ, બધાએ વખાણ કરવાનું શરૂ કર્યું. બધાએ રાજાના અહંકારને એવો તૃપ્ત કર્યો કે રાજા ફૂલાઈ ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહંકારી ફૂલાઈ શકે છે, ફેલાઈ શકતો નથી. મંત્રી સુબુદ્ધિએ પણ રાજાની હા માં હા ભણી. આ બધાની વચ્ચે પુણ્યપાલ પણ હતો. તે મંદ મંદ સ્મિત કરી રહ્યો હતો. રાજાએ તેની તરફ નજર નાખી તો હૃદયમાં શંકા થઈ :

'આ હતભાગી કેમ હસે છે ? તેના મનમાં શું છે ? જોઉં એ શું કહે છે ?'

રાજાએ પૂછયું :

'પુણ્યપાલ ! તું પણ કંઈક બોલ. વિરાટનગરમાં આજે તારું જે માન–સન્માન છે. એ મારા કારણે છે. તું કોઈ પણ પદ પર નથી, છતાં પૂજાય છે. મેં તારો કેવો ઠાઠ કર્યો છે. બોલ, હું જૂઠું બોલું છું ?'

પુણ્યપાલે કહ્યું :

'રાજન્ ! મારી પાસે બે પ્રકારના જવાબ છે. એક જૂઠી વાત કહેવી, બીજી સાચી વાત કહેવી. સત્ય સિવાય કશું નહીં કહેવું.'

રાજા જિતશત્રુએ કહ્યું :

'તને કોણ કહે છે કે તું જૂઠી વાત કહે. જે સાચું હોય તે બોલ. બધાએ સાચું કહ્યું છે. તું શા માટે જૂઠું બોલીશ ?'

પુણ્યપાલ બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પૃથ્વીનાથ ! આપણા વિરાટનગરમા ઘણા લોકો જન્મથી આંધળા છે, કોઈક લંગડા પણ છે. તેમાંથી તમે એક પણ આંધળાને દેખતો કેમ ન કર્યો ? કોઇ દોઢ પગવાળાને બે પગ પણ ન આપ્યા. ધન, ભૂમિ, સંપત્તિ તો તમે બહુ આપી, પણ આ લોકો ઉપર તમે કૃપા કેમ ન કરી ?'

ગુસ્સે થઈ રાજા બોલ્યા :

'આ તે કંઈ વાત છે ? આ મારા પ્રશ્નનો જવાબ છે ? પુણ્યપાલ ! તું મને પ્રશ્ન કરે છે. તારા પ્રશ્નો મૂર્ખતાભર્યા છે. આ બધું પોતપોતાના કર્મોનું ફળ છે. તું એ પણ કહીશ કે કોઈ કાળાને મેં ગોરો કેમ ન કર્યો ? કર્કશ અવાજવાળાનો મીઠો અવાજ કેમ ન કર્યો ? આ બધું કોઈ કરી શકતું નથી. આજે તું અને તારા પિતા જે કાંઇ છો તે મારા કારણે છો. તું આ સાચી વાતને નકારી શકીશ નહીં. તારા પિતા સુબુદ્ધિ પણ નકારી શકયા નથી.'

નિર્ભયતાપૂર્વક પુણ્યપાલે કહ્યું :

'રાજન્ ! સાચું કંઇક જુદું જ છે. જેવી રીતે આંધળા–બહેરા, લૂલા–લંગડા વિગેરે પોતપોતાના પૂર્વકર્મોના કારણે છે, તેવી રીતે ધનવાન–ગરીબ પણ પોતાના પાપ–પુણ્યના કારણે છે. સાચું એ છે કે આજે હું જે કાંઈ છું એ પોતાના પુણ્યના કારણે છું. તમારા કારણે હું કશું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ નથી. હું તમારા મંત્રીનો પુત્ર બન્યો છું, એ પણ મારા પૂર્વભવનાં કર્મના કારણે.'

પુણ્યપાલે બહુ મોટી વાત કહી દીધી. પગની પાનીથી માથા સુધી રાજા ધ્રુજી ઉઠ્યા. તેના રૂંવાટે–રૂંવાટામાં ગુસ્સો વ્યાપી ગયો. મંત્રી સુબુદ્ધિને રાજાએ કહ્યું :

'મંત્રી ! સાંભળો છો ? તમારો પુણ્યપાલ શું કહે છે ? તેને તમે સમજાવો. હું ધારીશ તો તેને ગધેડા ઉપર બેસાડી આખા વિરાટનગરમાં ફેરવીશ. પછી તેનાં પુણ્ય શું કરશે ? પુણ્યપાલ નામ રાખ્યું તો શું થઇ ગયું. મનમાં તો એવું થાય છે કે તેને અહંકારનો આનંદ બતાવી દઉં.'

રાજાના ગુસ્સાનો પુણ્યપાલ ઉપર કોઇ પ્રભાવ પડ્યો નહીં. તે બોલ્યો :

'તમે મને સજા કરશો કે દુઃખ આપશો તો એ પણ મારા કૃતકર્મોના કારણે થશે. તમે મને કોઈ દુઃખ કે સુખ આપી શકતા નથી. એટલું જ નહીં.....'

મંત્રી સુબુદ્ધિએ પુણ્યપાલને ધમકાવતાં કહ્યું :

'બસ–બસ, હવે કશું કહીશ નહીં. મનમાં જે આવે તે બોલી નાખે છે ? વડીલો સામે વાત કરવાની મર્યાદા પણ જાણતો નથી ? પુણ્યપાલ ! બહુ થઈ ગયું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પિતાની આજ્ઞા માની પુણ્યપાલ ચૂપ થઇ ગયેા. તે છતાં રાજાનેા ગુસ્સેા શાંત થયેા નહીં. મંત્રીએ રાજાના ક્રોધાગ્નિ પર પાણી છાંટતાં કહ્યું :

'રાજન ! પુણ્યપાલે ભલે લગ્ન કર્યું, છતાં તે બાળક છે. કાલનેા છેાકરેા તેા છે. તમારી શેાભા તેને માફ કરવામાં છે. તેની વાતનું ખેાટું ન લગાડશેા.'

હવે રાજાને શાંતિ થઈ. તેમણે મંત્રીને કહ્યું :

'મંત્રી ! તમે એને સમજાવેા. હું તેને સમય આપું છું. જે સત્ય બધાએ સ્વીકાર્યું છે, તે તેણે સ્વીકારવું પડશે.'

મંત્રીએ શાંતિનેા શ્વાસ લીધેા. એ રાજાના ગુસ્સાને જાણતા હતા. આખું વિરાટનગર જાણે છે કે જ્યારે એ ગુસ્સે થયા હતા, ત્યારે શેઠ રત્નચન્દ્રને માટી ચટાડી હતી. તે કરેાડપતિ હતેા. વિદેશથી વેપાર કરી આવ્યેા તેા રાજા પાસે ભેટ–સેાગાદ લઈને ન આવ્યેા. કહી દીધું, નુકસાન થયું છે.

નુકસાન થેાડું છુપાય છે ? નુકસાન થયું તેા કરેાડપતિ કેવી રીતે થયેા. રાજા ખિજાઈ ગયા. તેનું બધું ધન લઈ લીધું. આજે રત્નચન્દ્ર ફેરી કરે છે. દેશવટેા ન આપ્યેા તે સારું કર્યું. રાજાઓ નાની–નાની વાતેામાં દેશવટેા આપે છે. પુણ્યપાલ ગાંડેા છે. રાજાને ખાલી ગુસ્સે કરે છે. તેની માતાને કહીશ, તે આને સમજાવશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આગળ વાત વધે નહીં અને રાજા આ પ્રસંગ ભૂલી જાય તે માટે મંત્રીએ પુણ્યપાલને ઘરે મોકલી દીધો અને રાજાને બીજી વાતોમાં ચડાવી દીધા. રાજા આ વાતને ભૂલી ગયા. વાત ભૂલાઈ ગઈ. કેટલાક દિવસ સુધી પુણ્યપાલ રાજસભામાં ન આવ્યો. સભાના પ્રસંગની વાત પોતાની પત્ની કનકમંજરીને કહી તો તેણે કહ્યું :

'સ્વામી ! પેલી કહેવત તમે નથી સાંભળી કે રાજાની આગળ અને ઘોડાની પાછળ દુઃખ હોય છે. ઘોડાની પાછળ ઊભા રહો તો કયારેક એ લાત એવી મારે છે કે યાદ રહી જાય. રાજા ઊંધા હોય છે. તેની સામે ઊભા રહો તો આ પ્રમાણે થશે. તમે ખોટું કહેશો નહીં. કહેવું પણ ન જોઈએ. કહેવું તો સાચું કહેવું. હિંમત ન હોય તો ચૂપ રહેવું.'

'પરંતુ કનક ! આ તો કાયરતા ગણાય. રાજા શું વિચારશે ?'

'કાયરતા શેની ? આ પણ કોઈ વીરતા છે કે જાણવા છતાં આગમાં કૂદી પડવું. તમારી પ્રતિજ્ઞા એ છે કે ખોટું બોલવું નહીં અને કોઈની ખુશામત નહીં કરવી. પરંતુ એવી પ્રતિજ્ઞા તો નથી કે પિતાની આજ્ઞા નહીં માનવી. તમારા પિતાએ આજ્ઞા આપી છે કે રાજસભામાં ન જવું. એમાં શેની કાયરતા ? જ્યારે રાજા બોલાવે ત્યારે જરૂર જજો. અને જે પૂછે તે સાચું કહેજો. સાચું બોલનારને ત્રણ લોકમાંથી કોઈની બીક નથી હોતી.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલે કનકમંજરીને છાતીએ લગાવી મુગ્ધ થઈ કહ્યું :

'પ્રિયે ! સાચે જ તું મારી ધર્મસંગિની છે. તારા વિચારો સાંભળી હું ગદ્‌ગદિત થઈ ગયો. સાચું કહું છું. મારા જેવો મૂર્ખ પતિ તારા જેવી ચતુર પત્નીના શાસનથી ચાલે તો શું નો શું થઈ જાય ?'

છાતીથી છૂટા પડતાં કનકમંજરી બોલી :

'બસ–બસ રહેવા દો. હવે મને બનાવવા લાગ્યા. હું એવી મૂર્ખ નથી કે તમે મને બનાવી શકો. પત્નીઓને સમજાવવામાં–ફોસલાવવામાં બધા પતિઓ સરખા જ હોય છે. જેવી ખુશામત મારી કરી, એવી રાજાની કરી હોત તો તમારું શું બગડી જવાનું હતું ?'

'સારું, હવે ઊંધું ભણાવવા લાગી ? રાજા રિસાઈ જઈ મારું કશું કરી શકતા નથી. તું રિસાઈ જઇશ તો ઘણું બધું થશે.'

'હું શું કરીશ ? રાજા તો દેશવટો પણ આપશે.'

'પ્રિયે ! હું દેશવટાથી ડરતો નથી. હૃદય નિકાલથી ડરું છું. તું રિસાઈ તો હૃદયથી કાઢી નાખીશ. એ બીક છે.'

'હવે તમારી સાથે કોણ વાત કરે ? સામાયિકનો સમય થઈ ગયો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'અરે હા.' પુણ્યપાલે કહ્યું. બંને ઔષધગૃહમાં જઈ સામાયિક કરવા લાગ્યાં.

નુકસાનથી ગમે તેટલો બચવાનો પ્રયત્ન કરો પણ કોઈ બચી શકતું નથી. ભાવિ કોઈ ને કોઈ સંયોગ બનાવી લે છે. રાજા જિતશત્રુના ગુસ્સા અને પુણ્યપાલની સ્પષ્ટ વાણીથી ઉદ્ભવેલા અનર્થથી બચવા માટે મંત્રી સુબુદ્ધિએ પુણ્યપાલનું રાજસભામાં જવાનું બંધ કર્યું હતું.

એક દિવસ બંનેનો ભેટો વનમાં થઈ ગયો. ઘોડા પર બેસી પુણ્યપાલ વનભ્રમણ કરવા ગયો. તે દિવસે રાજા પણ ગયા હતા. બંને મળી ગયા. બંનેના ઘોડા સામ-સામે હતા. રાજાનો ઘોડો લાલ હતો અને પુણ્યપાલનો સફેદ હતો.

રાજાએ પૂછયું :

'પુણ્યપાલ ! હવે શું કરે છે ? હવે તો મારી વાત માનીશ ને ?'

પુણ્યપાલે કહ્યું :

'કેમ નહીં માનું ? તમે રાજા છો અને હું તમારી પ્રજા છું. તમારા હુકમનું પાલન કરવું એ મારો ધર્મ-ફરજ બંને છે. આદેશ આપો.'

'આદેશ શું આપું ? મારી વાત તારે માનવી પડશે, જે દસ દિવસ પહેલા મેં રાજસભામાં કહી હતી. હું તારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર ખુશ છું, એટલે તારો ઠાઠ છે. જો હું ગુસ્સે થઈ જઉં તો તને રખડતો કરી દઉં. બધાએ આ સાચું માન્યું. તું કેમ નહીં માને ? તારા પિતાએ તને સમજાવ્યો હશે.'

આજે પણ પુણ્યપાલ નિર્ભયતાથી બોલ્યો :

'આ તમારો આદેશ નથી. તમે મારી ઇચ્છા જાણવા માગો છો. ઇચ્છા બદલાશે ? રાજાના કહેવાથી જે દિવસને રાત કહી આકાશમાં તારા ચમકાવે છે તે મૂર્ખ છે. ખોટું કેવી રીતે કહું ? તમે રાજા છો, તમારાં કૃતપુણ્યોને કારણે. હું જે કાંઇ છું, તે મારાં કૃતપુણ્યોને કારણે છું. દરેક મનુષ્ય પાપ–પુણ્યનો ભારો લઈ જન્મે છે. અહીં આવી તેનો ભારો છૂટે છે, ત્યારે ક્રમ પ્રમાણે જેવાં પાપ–પુણ્ય ઉદય પામે તે પ્રમાણે સુખ–દુઃખ મળે છે.'

રાજા જિતશત્રુ ગુસ્સે થયા. કશું બોલી શકયા નહીં. એટલું જ બોલ્યા :

'સારું, આજે રાજસભામાં આવજે. ત્યાં બધાની સામે તારા મથ્થાવાદનો નિર્ણય થશે.'

પુણ્યપાલ રાજસભામાં ગયો. રાજાનો આદેશ હતો. તે આદેશ કેમ ન માને ? રાજકોપની વાત પહેલાં જ ફેલાઈ ગઈ હતી. સભામાં સન્નાટો હતો. મંત્રી સુબુદ્ધિ ગભરાઈ રહ્યા હતા. મંત્રીએ પોતાના પુત્રને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પુણ્યપાલ ! બે વખત રાજાએ તને માફી આપી. હવે ત્રીજી વાર નહીં આપે. આજે હું પણ કશું કહીશ નહીં. તેથી બધાએ જે કથન સ્વીકાર્યું છે, તેને પોતાના હિત ખાતર સ્વીકારી લે. મેં પણ એમ જ કર્યું છે. તું મારાથી વધી ગયો ? હું તો તારો પિતા છું.'

પુણ્યપાલ બોલ્યો :

'પિતાજી ! તમે અને મહારાજા બંને સાંભળો. પોતાના સુખ માટે મનુષ્ય જૂઠું બોલે છે. પરંતુ હવે તેમનો ભ્રમ દૂર થશે કે જૂઠું બોલવાથી કોઈ લાભ નથી થતો. માત્ર લાભનો આભાસ છે. તો પછી કોઈ જૂઠું શા માટે બોલશે ? મારી તો ધારણા છે કે સાચું બોલવામાં લાભ છે. ઈશ્વર-વાદીઓ તો એમ પણ કહે છે કે સત્યમાં ઈશ્વર રહે છે. હું જૂઠું કયારેય નહીં કહું.'

રાજાએ પૂછ્યું :

'તો પછી શું કહે છે ?'

પુણ્યપાલ બોલ્યો :

'એ જ, જે હું પહેલાં બે વાર કહી ચૂકયો છું. દરેક મનુષ્ય પોતાના કૃતકર્મો પ્રમાણે સુખ-દુઃખ ભોગવે છે.'

હવે રાજા પોતાની જાતને રોકી શકયા નહીં. તેમણે આદેશ આપ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પુણ્યપાલ ! મારા રાજ્યની સીમા છોડી જતો રહે. તારા જેવા કૃતઘ્ન લોકો મારા રાજ્યમાં રહી શકતા નથી. મારી કૃપાથી આજ સુધી સુખ ભોગવ્યાં. હવે મારા ગુસ્સાનું પરિણામ ભોગવ. હવે તું વત્સદેશમાં નહીં રહી શકે. મારી સીમાના વનમાં પણ નહીં.'

પૂર્વવત્ પ્રસન્ન મુખમાં પુણ્યપાલે રાજાની આજ્ઞાનો સ્વીકાર કરતાં કહ્યું :

'તમારો હુકમ મને માન્ય છે. તે છતાં એટલું કહીશ કે તમારા રૂપમાં મારા દેવ મારાથી રુઠ્યા છે.'

પુણ્યપાલ દરબારમાંથી જતો રહ્યો. પોતાના ભવન પર ગયો. સભામાં લોકો પોતપોતાની વાતો કરવા લાગ્યા. ઘણાએ એમ કહ્યું કે પુણ્યપાલ મૂર્ખ છે. જિદ્દી અને હઠીલો છે. કોઈકે કહ્યું—સાહસી છે. કશું કરી બતાવશે. આપણી ઉંમર તો કપાઈ ગઈ અને તેને પોતાની કાપવાની છે.

પ્રયા કનકમંજરીને પુણ્યપાલ મળ્યો અને બોલ્યો :

'પ્રિયે ! આજની રાત આપણું છેલ્લું મિલન છે. કાલે મને હસીને વિદાય આપજે.'

'હું તમને કેવી રીતે વિદાય આપું ? તમારી અર્ધાંગિની છું. અડધું શરીર અહીં રહે અને અડધું જાય એ અસંભવ વાત છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તું હવે મને બનાવવા લાગી ? હું એટલો મૂર્ખ નથી કે તારી વાતોમાં આવી જઉં ? તારે અહીં રહેવું પડશે. ગાંડી વાતો ન કરીશ. તું મારી સાથે રખડી નહીં શકે.'

કનકમંજરી બોલી :

'હું તમ રી સાથે રખડવા કયાં માગું છું. ? પરંતુ તમે તમારી વાત તો સ્વીકારશો ને ? યાદ છે, તે દિવસે શું કહ્યું હતું ?

'શું કહ્યું હતું ? મને યાદ નથી. તું કહે.'

કનકમંજરીએ પુણ્યપાલને કહ્યું :

'સાચું કહું છું, મારા જેવા મૂર્ખ પતિ ઉપર તારા જેવી ચતુર પત્નીનું શાસન ચાલે તો શું માંથી શું થઈ જાય ? તમને આ શબ્દો યાદ છે કે નહીં ?'

પુણ્યપાલ હસવા લાગ્યો. બોલ્યો :

'તું ચતુર તો છે જ. કહેવા શું માગે છે ? તારા શાસનમાં ચલાવ. હું તૈયાર છું.'

'બસ, એ માની લો કે છાયા કાયાની સાથે રહેશે. હું તમારી સાથે આવીશ. તમને મારી સેવા ગમતી નથી ? મને તરછોડશો ?'

પુણ્યપાલની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યાં. બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પ્રિયે ! મારા પ્રેમની આવી મશ્કરી ન કર. તારા વિના હું સુખી રહી શકીશ ? પરંતુ સાચું કહું છું કે વનમાં કાંટા–કાંકરા વાળા રસ્તા પર પગે ચાલવાનું છે. ઉપરથી તડકો.... તને કેટલું કષ્ટ પડશે. ? તેથી તને રોકતો હતો.'

'સ્વામી ! અનુભવીઓની કહેલી એક વાત કહું છું. જો જીવનમાંથી દુઃખ જતું રહે તો જીવનનો કોઈ આનંદ નથી. ઘણા લોકો સવારમાં ઊઠી સૌથી પહેલાં લીમડાનાં એક–બે પાન અથવા કોઈ કડવી વસ્તુ ખાય છે. પછી એ સ્વાદિષ્ટ ભોજન કરે છે. તેનો વિશેષ સ્વાદ અનુભવ કરી મેળવે છે, સુખોનો સાચો આનંદ દુઃખો પછી છે.'

પુણ્યપાલ સ્મિત કરી બોલ્યો :

'હું તને જીતી શકતો નથી. તું પણ ચાલ. એકથી બે ભલા. વળી તું તો મારી અર્ધાંગિની છે.'

કનકમંજરી હસીને કહેવા લાગી :

'પુરુષો નિશ્ચિત છે. સ્ત્રીનો મરો છે. એકની અનેક હોય છે અને અનેકનો એક જ હોય છે. એટલા માટે તો છોડીને નથી જતા કે પરદેશમાં તમે બીજી કરી લેશો ?'

પુણ્યપાલ બોલ્યો :

'તારા હોવા છતાં બીજી આવશે ? તું પણ એટલા માટે નથી આવતી ને કે કોઈ બીજી આવી ન જાય !! કક્કા! સાચું કહું છું. મારા હૃદયમાં તું જ છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કનકમંજરી બોલી :

'સ્વામી ! લોકોમાં આવું થાય છે. હું કેવી રીતે નવી ને રોકી શકું ? એ પુરુષની ઇચ્છા ઉપર છે. તે ઇચ્છે તો....'

ત્યાં જ કમલાવતી આવી. પતિ–પત્ની વચ્ચે વાત બંધ થઇ ગઇ. માતા–પિતા વચ્ચે વાતો થવા લાગી. ત્રણેએ ઘણો સમય વાતો કરી. કમલાવતીએ પુત્રનો નિશ્ચય જોઈ રડયા વિના વિદાય કર્યો. મંત્રી સુબુદ્ધ પુત્ર ઉપર ગુસ્સે હતા. એ તો એવું જ માનતા હતા કે પુણ્યપાલે જાણી જોઈ પોતાના હાથે પગ ઉપર કુહાડી મારી છે. જે પણ હોય, પુણ્યપાલે પોતાની પત્ની કનકમંજરી સાથે વિરાટનગર છોડી દીધું. નગરનાં સ્ત્રી–પુરુષો રાજા જિતશત્રુને ખરાબ માનતાં હતાં. રાજાની પીઠ પાછળ નીંદા કરતાં. મોઢા પર કોણ બોલે ? જતાં જતાં કમલાવતીએ કહ્યું :

'પુત્ર ! ધર્મ–ધૈર્ય કયારેય ન છોડીશ. તારી પત્ની પણ ધર્મનિષ્ઠ છે. ઘરની અંદર અને બહાર, વન, પર્વત સાગર બધી જગ્યાએ પુણ્ય મનુષ્યનું રક્ષણ કરે છે. તે તારી રક્ષા કરશે.'

માતા–પિતાના પગમાં પ્રણામ કરી પતિ–પત્ની આંખોથી દૂર થઈ ગયાં. રામની માતાને ધીરજ હતી કે સીતા–રામ ચૌદ વર્ષ પછી પાછાં આવશે. પરંતુ કમલાવતી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શું વિચારી ધીરજ રાખે? તેની પાસે ધર્મનું સાન્ત્વન હતું. એ બધાથી નજીકની મુદત હતી. ધર્મના શરણે જવાથી બધું બરાબર થઈ જાય છે.

'પ્રિયે! જ્યારે મનુષ્ય ચાલતાં-ચાલતાં થાકી જાય છે ત્યારે રોકાવા ઇચ્છે છે. એક જગ્યા પર રહેવાથી કંટાળી જાય છે, તો ફરી ચાલવા લાગે છે. આજે જેટલાં પણ ગામ-નગર છે, એ બધાં થાકેલા લોકોનો સમૂહ છે.'

કનકમંજરીએ પુણ્યપાલને કહ્યું :

'સ્વામી! તમે સાચું કહો છો; આપણે બંને પણ થાકી ગયાં છીએ. રાતે રોકાઇએ છીએ અને દિવસે ચાલીએ છીએ. કેટલાય દિવસો પસાર થઈ ગયા. હવે તો કોઈ નગર-ગામમાં સ્થિર રીતે રહીએ તો સારું. મારાથી ચલાતું નથી.

પુણ્યપાલ બોલ્યો :

'હું થાકી ગયો છું, તો તું કેમ નહીં થાકી હોય. આ રાત આ સરોવર પર પસાર કરીએ. ત્યાં જો દૂર દીવા ટમટમી રહ્યા છે. ત્યાં કોઈ નગર છે. હું સવારે જઈશ. રહેવાની વ્યવસ્થા કરીને આવીશ.'

પતિ-પત્ની વાતો કરતાં-કરતાં વનમાં જ સૂઈ ગયાં. ફૂલની પથારીમાં સૂઈ રહેનાર આજે ધરતી પર સૂતાં છે. વિરાટનગરથી નીકળે મહિનાઓ પસાર થઇ ગયા છે. જ્યાં રાત પડે ત્યાં ઝાડ નીચે સૂઈ જતાં. વધારે તો હવા જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચાલતાં-રોકાતાં કનકમંજરીએ દોઢ કોશ પસાર કરી નાખ્યો. તે રત્નપુરી પહોંચી ગઈ. નગર સારું હતું. ઝગમગતાં ભવન હતાં. તે રાજમાર્ગ ઉપર આમતેમ જોતી ચાલતી હતી. પુણ્યપાલને આ રીતે શોધતી હતી. એક વૃદ્ધને પૂછ્યું :

'દાદા ! આ કયું નગર છે !'

વૃદ્ધે પૂછ્યું :

'બેટી ! તું પરદેશી છે ? આ નગરનું નામ રત્નપુરી છે. શ્રીવિજય અહીંના પરોપકારી રાજા છે. તારે કોની પાસે જવું છે ?'

આંખોમાં આંસુ લાવી કનકમંજરી બોલી :

'દાદા ! હવે શું કરું ? પતિ સાથે હતી. તેનાથી વિખૂટી પડી. કાલે અહીં આવ્યા હતા. હવે તેમને ક્યાં શોધું ?'

વૃદ્ધ બોલ્યા :

'બેટી ! ગભરાઈશ નહીં અહીંના રાજા ધર્મનિષ્ઠ છે. ગરીબોના દુખિયાંના સહાયક છે. તેમની પાસે જઈ તારી વાત કહેજે. એ તને રક્ષણ આપશે. ચાલ, હું તારી સાથે આવું છું.'

કનકમંજરી રાજા શ્રીવિજય પાસે પહોંચી. પોતાની ધર્મબહેનના રૂપમાં રાજાએ તેને રક્ષણ આપ્યું અને બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'જ્યાં સુધી તારો પતિ મળે નહીં, ત્યાં સુધી અહીં રહી ધર્મધ્યાન કરજે. મને તો વિશ્વાસ છે કે એ જ્યાં પણ હશે, ત્યાંથી ધર્મદોરીના સહારે પતંગની જેમ ખેંચાઈ આવશે.'

કનકમંજરી રત્નપુરીના રાજ્યાશ્રયમાં રહેવા લાગી. લાંબા–લાંબા ઉપવાસ કરતી. અનિશ્ચિત સમય માટે તેના જીવનનો એક જ રસ્તો થઈ ગયો.

આ બાજુ કનકમંજરીથી છુટા પડયા પછી પુણ્યપાલના જીવનપથમાં વળાંક આવ્યો. પુષ્પદત્તની સાથે એ શ્રીપુર નામના નગરમાં પહોંચ્યો. ત્યાંનો રાજા શૂરસેન હતો. રાજા શૂરસેન ન્યાયપરાયણ અને શૂરવીર હતા. શ્રીપુર સાગરતટ પર વસેલું શ્રીસંપન્ન નગર હતું. અહીં કરોડપતિ વણિક–વેપારી રહેતા હતા. બીજા દેશોમાંથી આવનાર વેપારી માટે શ્રીપુર નગર એક આકર્ષણ હતું.

પુષ્પદત્તો પોતાનાં સાતે વહાણ અહીં ઊભાં રાખ્યાં. બધો માલ ઉતારી ભાડાના ગોદામમાં ભરાવી દીધો. ભાવની ચઢ ઉતર જોવા લાગ્યો. પુણ્યપાલ પણ તેની સાથે હતો. તે વેપારી ન હતો, પણ એક વણિકપુત્રનો સહાયક તો હતો જ.

પુષ્પદત્તની રજા લઈ પુણ્યપાલ નગરની શોભા જોવા નીકળી પડયો. ત્યાં પણ એક ચોરા પર ઢોલ વાગતું જોયું, તો ઢંઢેરો જાહેર કરનારને તેનું રહસ્ય પૂછયું. લોકોએ કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'સાંભળીને શું કરશો ? છતાં પણ સાંભળી–સમજી લો. મોટા મોટા પંડિતો હારી ગયા. અમારા રાજા શૂરસેને એક સરોવર બનાવવાનો નિર્ણય કર્યો. જ્યારે અડધું સરોવર ખોદાઈ ગયું, ત્યારે એક તામ્રપત્ર નીકળ્યું. એ તામ્રપત્ર વાંચવા શ્રીપુરના બધા પંડિતો ભેગા થયા. બધી લિપિઓ જાણનાર પંડિતો પણ તેને વાંચી શકયા નહીં.

એ તામ્રપત્ર બ્રાહ્મી લિપિમાં છે. કેટલાકે વાંચ્યું, પણ અર્થ જાણી શકયા નહીં. પૂર્વ, સાત દક્ષિણ, ત્રણ હાથ નીચે કોણ જાણે એ તામ્રપત્રમાં શું લખ્યું છે. રાજાએ નિશ્ચય કર્યો છે કે જ્યાં સુધી લેખનું રહસ્ય સમજીશ નહીં, ત્યાં સુધી કોઈ કામ થશે નહીં. તેના માટે રાજાએ પોતાની પુત્રી સૌભાગ્ય મંજરીને દાવમાં મૂકી છે.'

'હું તમારા ઢોલનો સ્પર્શ કરું છું.'

પુણ્યપાલે ઢોલ પર હાથ મૂકયો. રાજ સેવક તેને રથમાં બેસાડી રાજા પાસે લઈ ગયા. તામ્રપત્ર તેની સામે મૂકવામાં આવ્યું. પુણ્યપાલે તે વાંચી રાજાને કહ્યું :

'આમાં ન સમજાય તેવી કઈ વાત છે ? બધું સ્પષ્ટ છે.'

ઉત્સુક થઈ રાજાએ પૂછયું :

'તો પછી બતાવો. આ બહાને તમારે મારા જમાઈ થવાનું હતું. સૌભાગ્યમંજરીની માતા ચિંતિત હતી. જાણે શું થશે ? કોઈ વૃદ્ધ–અપંગે તામ્રપત્ર વાંચ્યું હોત તો મારી પુત્રીનું તેની સાથે લગ્ન થાત. રાજા વચન પર મરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. પણ સાચું કહું છું કે હું પ્રતિજ્ઞાબદ્ધ ન હોત તો પણ તમને મારા જમાઈ બનાવી લેત. તમે ન કહો તો પણ હું જાણું છું કે તમે કોઈ રાજપુત્ર છો.'

રાજાના કથનનો કોઈ જવાબ આપ્યા વિના પુણ્યપાલે કહ્યું :

'રાજન્! જે જગ્યાએથી આ તામ્રપત્ર નીકળ્યું હતું ત્યાં જઈએ. ત્યારે એનું રહસ્ય ખુલશે.'

વાર કયાં હતી? બધા તૈયાર થઈ ગયા. પુણ્યપાલ અને રાજા રથમાં બેસીને ગયા. હજારો સ્ત્રી-પુરુષો પણ દોડયા ગયા. સભાસદ તો સાથે જ હતા. જે જગ્યાએથી તામ્રપત્ર નીકળ્યું હતું, ત્યાં પુણ્યપાલ ઊભો રહ્યો. સાથે બે-ચાર ખોદનાર લીધા.

તામ્રપત્રમાં લખેલા સંકેતને વાંચી પુણ્યપાલે કહ્યું :

'આટલા હાથ ગણી પૂર્વમાં ખોદો. પછી અહીં, આમ કરતાં કરતાં રત્નોથી ભરેલા ચાર ચરુ નીકળ્યા. બધા આશ્ચર્ય પામ્યા. રાજાએ પુણ્યપાલને છાતીએ લગાવ્યો. બધા ધારી ધારીને તેને જોઈ રહ્યા હતા. બધા સભામાં પહોંચી ગયા, ત્યારે રાજાએ કહ્યું :

'હવે સૌભાગ્યમંજરી તમારી થઇ ગઇ.'

પુણ્યપાલ બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજન ! એમ કેવી રીતે થઈ ગઈ ? હું કોણ છું એ તો પહેલાં જાણો. હું શ્રેષ્ઠિકુમાર પુષ્પદત્તનો સેવક છું.. તેમની સાથે આવ્યો છું. રત્નપુરી નગરમાં શેઠ શ્રીદત્તનો એકનો એક પુત્ર પુષ્પદત્ત છે. એ તમારો જમાઈ બનવા યોગ્ય છે. હું તો નિર્ધન છું.'

'તમે નિર્ધન છો ? સાચું કહો છો ? જેની પાસે વિદ્યા-બુદ્ધિનું ધન હોય, એ પણ નિર્ધન હોય તો ધનવાન કોણ હશે ? તમે નિર્ધન છો, છતાં મારા જમાઈ બની ગયા. સૌભાગ્યમંજરીનાં લગ્નએ મારી પ્રતિજ્ઞાને આધિન હતું. પ્રતિજ્ઞા પૂરી થઇ એટલે લગ્ન થઇ ગયાં. હવે ધામ-ધૂમ કરવાની બાકી છે.'

પુણ્યપાલ ચૂપ થઈ ગયો. એક વાર કનકમંજરી યાદ આવી.

'તેને હું સરોવર પર મૂકીને આવ્યો છું. કયાં ગઈ હશે ? રત્નપુર ગઈ હશે. ઈચ્છા ન હોવા છતાં કનક-મંજરીની શોક સૌભાગ્યમંજરી આવી ગઈ. હવે તે મને દોષ નહીં આપી શકે.'

બસ, પછી શું હતું ? પુષ્પદત્ત પાસે વાત પહોંચી ગઈ. તેણે પુણ્યપાલને વધામણી આપી. ધામધૂમથી લગ્ન થઇ ગયાં. પુષ્પદત્ત કરમુક્ત થઈ ગયો. તેનો બધો માલ વેચાઈ ગયો. નવો માલ ખરીદી સાતે વહાણ ભરી લીધાં. અને પુણ્યપાલને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તેં મને વચમાં જ છોડી દીધો. તું રાજ જમાઈ બની ગયો. એના સેવક બધું તારી પાસે છે. વધામણી તો આપું છું, પણ હવે હું એકલો જઉં ?'

પુણ્યપાલ બોલ્યો :

'શ્રેષ્ઠિકુમાર ! મેં એમ કયારે કહ્યું કે તમે એકલા જાઓ ? જેવી રીતે રત્નપુરીથી અહીં સુધી તમારો પગારદાર સહયાત્રી બનીને આવ્યો છું, તેવી રીતે રત્નપુરી સુધી સાથે રહીશ. તમારી સાથે જ આવીશ. બોલો, કયારે જવાનું છે ?'

પુષ્પદત્ત બોલ્યો :

'હું તો તૈયાર છું. તારે ભાભીની રજા લેવાની છે.'

પુણ્યપાલે સૌભાગ્યમંજરીને સમજાવી રજા લઈ લીધી. રાજા શૂરસેને પણ રજા આપી. પુષ્પદત્ત સાથે પુણ્યપાલે પ્રયાણ કર્યું. સૌભાગ્યમંજરી પતિ સાથે પસાર કરેલી રાતોની મધુર સ્મૃતિઓ યાદ કરતી પિયરમાં રહી. સાગરના પટને ચીરતાં પુષ્પદત્તનાં સાતે વહાણ સોપારાપુર દ્વીપ પર ઊભાં રહ્યાં.

આ ઠગોનું નગર હતું. આ દ્વીપમાં ઠગ જ ઠગ હતા. જે વેપારી આ બેટના ભોગ બન્યા હતા અને જેને અહીંની ઠગાઈની ખબર હતી, એ લોકો ભૂલથી પણ અહીં આવતા નહીં. અજાણ્યા આવતા હતા. અહીંના લોકો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અજાણ્યા વેપારીને ચાલાકીથી ઠગી લેતા હતા. પુષ્પદત્ત અહીં ફસાયેા.

સાગરના તટ ઉપર તંબૂ તાણી પુષ્પદત્ત બેઠેા હતેા. નાવિક-સેવક પણ યેાગ્ય જગ્યાએ બેઠા હતા. ઠગ રાજાનેા મંત્રી આવ્યેા. પુષ્પદત્તને કહ્યું :

'તમે નવા વેપારી લાગેા છેા. અહીં તમારેા માલ વેચતા પહેલાં અહીંનેા નિયમ જાણી લેા, નહીંતર ફસાઇ જશેા. અહીંની દેવીના વચન પ્રમાણે અહીં આવેલા દરેક વેપારીને અહીંના હાથી તેાલવેા પડે છે. તેથી તમે પહેલાં અમારેા હાથી તેાલી બતાવેા કે તેનું વજન કેટલું છે. પછી આગળ વધી શકશેા. નહીં તેા દેવીના કેાપથી બચવા અહીંના રાજા તમારું બધું ધન લઈ લેશે.'

પુષ્પદત્ત વિચારમાં પડી ગયેા અને પુણ્યપાલના મેાંઢા તરફ જેવા લાગ્યેા ત્યારે કાણિયેા પુરેાહિત આવ્યેા અને પુણ્યપાલને પૂછયું :

'તમારા શેઠ કયાંથી આવ્યા છે ?'

પુણ્યપાલે બધું જણાવ્યું ત્યારે કાણિયા પુરેાહિતે પુષ્પદત્તને કહ્યું :

'તમે શ્રીદત્ત શેઠના પુત્ર છેા ? સારું થયું, તમે આવ્યા. નહીંતર મારે રત્નપુરી આવવું પડત. કેાઈનું ઋણ બાકી જીવવું એ ભારરૂપ બની જાય છે. હું તમારા પિતાનેા ઋણી છું. મેં તેમની પાસેથી દસ હજાર સેાનામહેારેા રત્ન-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુરીથી લીધી હતી. હવે કહો, તમને આપું કે તેમની પાસે રત્નપુરી જવું પડશે ?'

પુષ્પદત્ત બોલ્યો :

'એમાં શું વાત છે ? હું લઈ લઇશ અને લખી આપીશ કે મેં શ્રીદત્ત શેઠનું આપેલું ઋણ સોપારાપુરના શ્રી....પાસેથી વસૂલ કર્યું છે.'

'પરંતુ ભાઇ ! તમારે મારી થાપણ પાછી આપવી પડશે. મારી થાપણ શ્રીદત્તો તમને આપી હશે. તે તમારે આપવી પડશે.'

'જ્યારે હું તેમનું ઋણ લઉં છું, તો થાપણ પણ પાછી આપીશ. પરંતુ તમારી કોઈ વસ્તુ તેમણે મને આપી નથી.'

'શ્રીદત્ત આવા લુચ્ચા છે ? હું જ્યારે રત્નપુર ગયો હતો, ત્યારે મારી લાચારીનો લાભ ઉઠાવી મારી એક આંખ ગીરવે રાખી ઋણ આપ્યું હતું. તમારા પિતા કેવા ઘાતકી છે ! હવે હું તમારી આંખ લઇ લઇશ. હું કેમ ચૂકું ? શ્રીદત્તો મારું માન્યું નહીં, તો હું તેના પુત્રની આંખ લઇને જ છોડીશ.

'ત્યારે હું તમારા નગરમાં આવ્યો હતો. હવે તમે મારા નગરમાં આવ્યા છો. પોતાના ઘરે બિલાડી પણ વાઘ અની જાય છે. તમે તમારી આંખ મને આપો અથવા મારી આંખ પાછી આપી તમારું ઋણ લઇ લો. પણ હું નથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇચ્છતો કે હું તમારા પિતાની જેમ ઘાતકી થઉં. તેથી મારી આંખ મને પાછી આપી દો અને તમારું ઋણ લઈ લો.'

પુષ્પદત્ત માથું પકડીને બેસી ગયો. કાણિયો પુરોહિત ધમકી આપીને ગયો :

'હમણાં પાછો આવું છું. મારી આંખનો પ્રબંધ કરી લેજો.'

પુણ્યપાલે પુષ્પદત્તને સમજાવ્યો :

'શ્રેષ્ઠિપુત્ર ! ગભરાઓ નહીં. લાગે છે કે આ ધૂર્ત ઠગોનું નગર છે. રાજા-પ્રજા બધા સરખા છે. તેમના જ શસ્ત્રથી તેમને મારીશું. હજુ બીજા પણ આવશે. તમે આંખો દિવસ તેમનો તમાશો જુઓ. પછી કંઇક વિચારીશું.'

પુષ્પદત્ત બોલ્યો :

'ભાઈ પુણ્યપાલ ! હવે તો તારી બુદ્ધિ ઉપર આધાર છે. નહીં તો આપણે ફસાઇ જઇશું.'

થોડા સમય પછી બીજા ચાર ઠગ આવ્યા. તેમણે પણ પોતાની માયા ફેલાવી. પુષ્પદત્ત સાથે એવી રીતે વાતો કરે કે તેમને ભલા વેપારી સમજી તેમની સાથે પોતાનો માલ વેચવા તે તૈયાર થઇ ગયો. એ ચારે સોપારાપુરના પ્રખ્યાત ઠગ હતા. ચારે સાથે રહેતા હતા. સાગરતટ પર આવી તેમણે પુષ્પદત્ત સાથે મીઠી મીઠી વાતો કરી સગપણ સંબંધો કાઢયા. એક બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આ નગરમાં બધા જ ઠગ છે. અમે જ્યારે રત્નપુરી ગયા હતા, ત્યારે તમારા પિતાએ અમારું સ્વાગત કર્યું હતું. એટલે હવે અમારી પણ કંઈક ફરજ છે.'

બીજો બોલ્યો :

'બીજા કોઈ ચક્કરમાં પડશો નહીં. કોઇની વાતોમાં આવશો નહીં. તમારો બધો માલ અમારા ગોદામમાં ભરાવી દો. તમારે પણ આ માલ કાઢી નવો માલ લેવાનો છે. માલના બદલામાં કંઈક માલ લેજો. તમે જે ઈચ્છો તે માલથી અમે તમારાં સાતે વહાણ ભરી દઈશું.'

ત્રીજો બોલ્યો :

'હા હા સારું છે. તમારા માલના બદલામાં અમારા દેશનો માલ લેજો. કોઇ પણ પ્રકારનો તમને દગો થશે નહીં.'

ચોથાએ મતલબની છેલ્લી વાત કહી :

'તમે બધા માલ વેચવાની–લેવાની જ વાતો કરશો ? તેમના ખાવા–પીવાની વાત તો કરો. જેટલો માલ જોઈએ એટલો લો, પણ ભોજન અમારે ત્યાં કરજો. ભાઈ પુણ્યદત્ત ! તમે ઘરે ચાલો. અહીં રહેવું સારું નથી.'

બનાવટી હોય કે સાચું હોય, પોતાપણાનો ભાવ પ્રભાવિત તો કરે જ છે. તેથી કુશળ–સફળ અભિનયનું મહત્વ કશું ન હોવા છતાં બધું જ છે. પુણ્યદત્ત ચારે ઠગોની વાતમાં આવી ગયો. સાતે વહાણનો માલ ગોડાઉનમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મૂકાવી દીધો. ઠગોના સેવકો એ માલ ગોદામમાં લઈ ગયા. ઠગોએ પ્રેમથી પુષ્પદત્તનો હાથ પકડયો અને આઠે જણને પોતાના ઘરે લઈ ગયા. પુણ્યપાલ ઉપરાંત પુષ્પદત્ત સાથે બીજા છ સહયાત્રીઓ પણ હતા. એમ આઠ થયા. ચારે ઠગોએ આ આઠેનું સ્વાગત કર્યું. પ્રેમથી ષટ્રસ ભોજન કરાવ્યું. પુષ્પદત્તને લાગ્યું :

'આ ઠગોના નગરમાં ચાર ભલા માણસો મળી ગયા.'

ભોજન પછી પુષ્પદત્તે ઠગોને પૂછયું :

'અમારો માલ અમને કયારે મળશે ? તમારી પાસેથી જે બદલીને લઈશું, તેને બીજે વેચી દઈશું.'

એક ઠગે કહ્યું :

'આ સાચી વાત છે. તમને માલ તો મળશે જ. જ્યારે જોઈએ ત્યારે લઈ લેજો. પરંતુ અત્યારે કેમ જાઓ છો ? બે-ત્રણ દિવસ અમારું આતિથ્ય સ્વીકારો.'

આમ કરતાં રાત પડી ગઈ. એટલે ચારે ઠગો બોલ્યા:

'ભાઈઓ ! તમે ત્યાં જાઓ. રાતે અમે અમારે ત્યાં રાખી શકતા નથી. અમારી કુળદેવીનું વચન છે કે કોઈ પરદેશી ને ઘરમાં રાખશો તો હું ભસ્મ કરી નાખીશ.'

લાચાર થઈ પુષ્પદત્ત બહાર આવ્યો. સાગરતટ પર ખાલી વહાણોમાં રાત પસાર કરી. સવારે તેણે પુણ્યપાલને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'ભાઈ! હવે શું કરીએ? બરાબર ફસાયા. હવે આ બાલી વહાણો લઈને કયાં જઉં?'

પુણ્યપાલ કંઈ માર્ગ બતાવે, ત્યાં જ સવારમાં કાણિયો પુરોહિત અને ધૂર્ત મંત્રી ફરી અવ્યા. બંનેએ પોતપોતાની વાત કરી. મંત્રીએ કહ્યું:

'જયાં સુધી તમે અમારો હાથી નહીં તોલો, ત્યાં સુધી અહીંથી જઈ શકાશે નહીં. આ સાતે બાલી વહાણ હું લઇ લઈશ. તમે નગર-નિયમનું ઉલ્લંઘન કેવી રીતે કરશો? દેવી અમારા પર ગુસ્સે થશે.'

કાણિયો ઠગ બોલ્યો :

'હું તમારી આંખ મફત નથી માગતો. દસ હજાર સોના-મહોરો આપું છું. આંખ પાછી આપ્યા વિના તમારી સલામતી નથી.'

પુણ્યપાલે જવાબ આપ્યો :

'ચાલો, આપણે બધા રાજસભામાં જઈએ. ત્યાં ન્યાય નિર્ણય થશે.'

બંને ઠગ તૈયાર થઈ ગયા. રાજા પર તેમને ભરોસો હતો. બધા રાજસભામાં પહોંચ્યા. બંને પક્ષવાળાએ પોત-પોતાની વાત કહી. છેલ્લે પુણ્યપાલ બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હું મંત્રીના હાથી તોલીશ. તમે બધા હાથી લઈ સાગર પાસે ચાલો.'

રાજા આશ્ચર્ય પામ્યો :

'તમે હાથી તોલશો ? પર્વત જેવો હાથી કેવી રીતે તોલશો ? આજ સુધી કોઈ તોલી શક્યું નથી.'

પુણ્યપાલ બોલ્યો :

'જે કામ આજ સુધી થયું નથી, તો શું તે થશે જ નહીં ?'

[અનુસંધાન 'પુણ્યપાલ ચરિત–૨']



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલ ચરિત–૨

બધા માણસો સાગરતટ પર ગયા. એક મોટી હોડીમાં હાથી ચડાવ્યો. પુણ્યપાલે જ્યાં સુધી હોડી ડૂબી હતી ત્યાં ખડીથી નિશાન કર્યું. પછી હાથીને નીચે ઉતાર્યો. નાવમાં એટલા પત્થર ભર્યા કે નિશાન સુધી હોડી ફરી ડૂબી ગઇ. પછી બધા પત્થર તોલ્યા. મંત્રી ઝંખવાણો પડી ચૂપ થઈ ગયો. હવે કાણો પુરોહિત ઉત્તેજિત થયો.

'હવે મારી આંખ પણ પાછી આપો. હું ઘણા સમયથી દસ હજાર સોનામહોરોની પોટલી લઈને ફરું છું.'

પુણ્યપાલે કહેવાનું શરુ કર્યું :

'રાજન! પુષ્પદત્તને યાદ નથી રહેતું. હું તેના પિતાનો જૂનો નોકર છું. હું બધું જાણું છું. તેના પિતા બધું ગિરવે રાખે છે. મૂછોના વાળ હજારોના રાખ્યા છે. બધા પ્રતિષ્ઠાવાળા ઋણ આપી પોતાના વાળ લઈ જાય છે. પુરોહિતની આંખ તેમને જરૂર મળશે. માણસ વાત પર મરે છે. આ પુરોહિત કેટલા ઈમાનદાર છે કે પોતાના તરફથી ઋણ આપી રહ્યા છે.'

પુરોહિત આનંદથી ઉછળવા લાગ્યો. તેની કાણી આંખ ફરકવા લાગી. બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તમે સાચું કહો છો. હું દસ હજાર જ નહીં, વ્યાજ પણ આપીશ. વ્યાજ સાથે લો અને મારી આંખ મને આપો.'

પુણ્યપાલ ફરી બોલ્યો :

'એ તો આપું છું, આંખોની પેટી હું સાથે લાવ્યો છું. બીજા દેશોના વેપારીઓની આંખો પણ આપવાની છે. બધાની આંખો એક જગ્યાએ ભેગી થઇ ગઈ છે. હવે તમે તમારી બીજી આંખ કાઢો. તેના બરાબર શોધીને, કાંટા પર તોલીને તમારી બીજી આંખ તમને આપવામાં આવશે. કોઈ બીજાની આંખ કેવી રીતે આપું ?'

'બીજી આંખ ?' કાણો ગભરાયો.

પુણ્યપાલ બોલ્યો :

'એમાં શું વાંધો છે ? પહેલી આંખ તમે કાઢી હશે. તમને મુશ્કેલી ન પડે એટલે હું કાઢી આપીશ. મારી પાસે છરી છે.'

કહેતાં કહેતાં પુણ્યપાલે તલવાર કાઢી. કાણો ઠગ મૂઠી વાળી ભાગ્યો સભામાં સન્નાટો છવાઈ ગયો. આ બંનેથી છુટકારો મેળવ્યા પછી પુષ્પદત્તો પુણ્યપાલને કહ્યું :

'મારા પિતાના મુનિમ ! હવે એ ચારે વેપારીઓને પણ બોલાવો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલે રાજાને કહી એ ચારેને બોલાવ્યા. તેમણે આવી અકડાઈથી કહ્યું :

'અહીંથી માલ પાછો જઈ શકતો નથી. બદલામાં માલ જ માગો. એ માટે અમે કયાં ના પાડી છે?'

પુણ્યપાલ બોલ્યો :

'અમને તમારી શરત પહેલેથી મંજૂર છે. અમારાં સાતે વહાણ મચ્છરોનાં હાડકાંથી ભરી દો. બીજું અમારે કશું જોઈતું નથી.'

ચારે ઠગો મુંઝાઇ ગયા. ઠગોનો રાજા હોવા છતાં સોપારાપુરનો રાજા પુણ્યપાલની ચતુરાઈથી પ્રભાવિત થયો. તેણે તેમનાં સાતે વહાણોનો માલ ચાર ઠગો પાસેથી પાછો અપાવ્યો. પુષ્પદત્તના જીવમાં જીવ આવ્યો. હવે તેણે ઠગોના આ નગરમાંથી જવાનો નિર્ણય કર્યો. સોપારાપુરના ઠગશિરોમણિ રાજાએ પણ પુણ્યપાલનાં વખાણ કર્યાં અને શ્રેષ્ઠિકુમાર પુષ્પદત્તને કહ્યું :

'શ્રેષ્ઠિપુત્ર ! ઠગ લોકો લૂંટારા, ચોર કે ડાકુ હોતા નથી. તેઓ પોતાની બુદ્ધિનો ચમત્કાર બતાવી બીજાનો માલ પોતાનો કરી લે છે. તમારા પિતાનો મુનિમ બધાથી ચઢિયાતો નીકળ્યો. તેણે તમને બચાવ્યા. હવે તમે નિર્ભય થઈ અમારા નગરમાં રહી શકો છો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચારે તરફ સમુદ્રથી ઘેરાયેલો સિંહલદ્વીપ એક પર્વત પર વસેલો સુંદર દ્વીપ હતો. નાનાં–મોટાં કેટલાંય નગર આ દ્વીપમાં હતાં. જે મુખ્ય નગર દ્વીપની વચ્ચે હતું તે રાજધાની સિંહલપુર નામથી પ્રસિદ્ધ હતું. અહીંના રાજાનું નામ પણ સિંહલસિંહ હતું. સિંહલેશ્વર સિંહલ-સિંહ વીર અને પરાક્રમી શાસક હતા. તેમની પાસે વિશાળ રણવાહિની સેના હતી.

તેમના નગરમાં મૂલ્યવાન રત્નો હતાં. એ રત્ન ખરીદવાના શોખીન પણ બહુ હતા. દૂર–દૂરના વેપારીઓ તેમની પાસે રત્ન વેચવા આવતા હતા. તેમના સિંહલપુર નગરમાં કુશળ રત્નપારખુ હતા. અગીયાર પેઢીઓથી રત્ન પરીક્ષાનું કામ ચાલતું હતું. સિંહલસિંહ રાજાના કુટુંબમાં રાણી સિંહલા ઉપરાંત રાજાની કુંવારી બહેન તિલકમંજરી પણ હતી. તેના લગ્નનો ભાર સિંહલેશ્વર ઉપર હતો. તિલકમંજરી રૂપવતી અને બુદ્ધિશાળી રાજકન્યા હતી.

રાજા સિંહલસિંહના ખજાનામાં તેના બાપ–દાદાના વખતનાં વિશિષ્ટ આઠ રત્ન હતાં. એક દિવસ રાજાએ વિચાર કર્યો કે પૂર્વજોના આ આઠ રત્નોની પરીક્ષા કરાવું અને જાણી લઉં કે કયું રત્ન કેટલું ઉપયોગી છે. મારા પૂર્વજો આ રત્નના ગુણ વિગેરે જાણતા હતા. હું પણ જાણી લઉં કે કેવાં છે. રત્નોના ગુણ જાણ્યા વિના રત્નો રાખવાં એ સામાન્ય પત્થરો રાખવા જેવું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ બધી વાતો પર વિચાર કરી રાજા સિંહલસિંહે નગરના પ્રખ્યાત રત્નપારખુઓ બોલાવ્યા. પારખુઓએ આઠ રત્નો જોયાં અને તેમાંથી ચાર નકલી બતાવ્યાં. રાજાએ જ્યારે જ્યારે ચાર અસલીના ગુણ પૂછયા તો પારખુઓ મુંઝાયા. આ સમયે પુષ્પદત્ત અને પુણ્યપાલ પણ સભામાં આવ્યા.

પુષ્પદત્તનાં સાતે વહાણ સાગરતટ પર ઊભાં હતાં. સિંહલપુરમાં વેપાર કરવાની રજા લેવા પુષ્પદત્ત રજા માટે ભેટ લઈ આવ્યો હતો અને પુણ્યપાલને સાથે લાવ્યો હતો. રત્નપારખુઓની મુંઝવણ જોઈને પુણ્યપાલ હસ્યો. રાજાએ તેને હસતો જોઈ પૂછયું :

'યુવક ! રત્નપરીક્ષામાં તું પણ જ્ઞાન ધરાવે છે ?'

પુણ્યપાલે કહ્યું :

'રાજન્ ! વારસા પ્રમાણે હું રત્નપરીક્ષક નથી. પરંતુ રત્નપરીક્ષક શાસ્ત્ર મેં વાંચ્યું છે અને પચાવ્યું પણ છે. તેના આધારે હું અધિકાર પૂર્વક અને સપ્રમાણ રત્નપરીક્ષા કરી શકું છું.'

આશ્ચર્યથી રાજા બોલ્યા :

'એમ વાત છે ! તો મારાં રત્નની પરીક્ષા કરો, પણ એટલું યાદ રાખજો કે જો તમે નિષ્ફળ જશો તો તમારાં સાતે વહાણ હું લઈ લઈશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મને આ શરત મંજૂર છે. પણ એ કહો કે જો હું પારખવામાં સફળ થઈ ગયો તો ?'

રાજાએ કહ્યું :

'તમને પાંચસો ગામ આપીશ અને મારી બહેનના પતિ બનશો. બહેન તિલકમંજરીનાં લગ્ન તમારી સાથે કરીશ.'

પાસે બેઠેલા પુષ્પદત્તે ચૂંટણી ખણી ધીરેથી કહ્યું :

'પુણ્યપાલ ! મુશ્કેલી ઊભી કરવા માગો છો ? તમે રત્નપરીક્ષા કરી શકશો ? તમે મારાં સાતે વહાણ આપી કંગાલ કરવા માગો છો ?'

પુણ્યપાલે પુષ્પદત્તને કોઈ જવાબ આપ્યો નહીં. રાજા પાસે રત્નોની પેટી માગી. આઠ રત્ન, ચાર–ચાર અસલી નકલી જુદાં રાખ્યાં હતાં. તેને જોયા પછી તે બોલ્યો :

'રાજન ! તમારા પારખુઓએ જે ચાર રત્નો નકલી બતાવ્યાં છે એ સાચાં છે અને જે સાચાં બતાવ્યાં છે તે બોટા છે.'

રાજા ચિડાયા :

'તમે શું કહો છો ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પારખુઓ ચિડાયા :

'આ તો બુધ્ધુ છે. એણે રત્ન જોયાં જ નહીં હોય.. અમારી પારખશક્તિને આ પડકાર કરે છે?'

મંત્રીનો અવાજ સંભળાયો :

'મર્યાદા–મર્યાદા પારખુઓ! સભાની મર્યાદા રાખો.. પરદેશી યુવકને પોતાની વાત કહેવા દો. યુવક! તમે એ સિદ્ધ કરો કે આ ચાર સાચાં છે અને આ ચાર ખોટાં છે.'

પુણ્યપાલ ગંભીરતાથી બોલ્યો :

'સિંહલેશ્વર અને મહામંત્રી! બંને સાંભળો. પહેલાં હું ગુણ તફાવતના આધારે એક એક રત્નનું સાચું–ખોટું માપ બતાવું છું.'

પુણ્યપાલે બે રત્ન લીધાં. એક સાચા રત્નમાંથી અને એક ખોટા રત્નમાંથી. જોવામાં બંને એક સરખાં જ હતાં.. એક–એક રત્ન હાથમાં રાખી પુણ્યપાલ બોલ્યો :

'મારા ડાબા હાથમાં પારખુઓએ બતાવેલો સાચો હીરો છે અને જમણા હાથમાં ખોટો છે. મારી પરખ તેમનાથી જુદી છે. અર્થાત્ આ સમયે મારા જમણા હાથમાં જે રત્ન છે તે સાચું છે અને ડાબા હાથવાળું ખોટું. હવે બંને વચ્ચેનો તફાવત સાંભળો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આ સાચા રત્ન ઉપર હથોડો મારશો તો ઉછળશે, તૂટશે નહીં. ખોટાના ચૂરેચૂરા થઈ જશે.'

તરત હથોડો આવ્યો. રાજા સિંહલસિંહે પ્રયોગ કરી જોયો. પુણ્યપાલે કહ્યું હતું તે પ્રમાણે થયું. સાચો ઉછળીને દૂર જઈ પડયો. ખોટાના ચૂરેચૂરા થઈ ગયા. રાજસભામાં સન્નાટો છવાઈ ગયો. રાજા આશ્ચર્ય પામ્યા, મંત્રી આનંદ પામ્યા અને પારખુ લોકો શરમાયા.

બીજું રત્ન લઈ પુણ્યપાલ બોલ્યો :

'આમાં જે સાચો છે તે ડૂબશે નહીં અને ખોટો ડૂબી જશે.'

આ પણ સફળ થયું. હવે બાકીનાં બે રત્નો વિષે પુણ્યપાલે કહ્યું :

'આમાંથી એક વિષહરણ છે. પાણીમાં અડાડી પિવડાવી દો તો સાપ વિગેરેનું ઝેર તરત ઉતરી જશે. બીજો ધનની વૃદ્ધિ કરનાર છે. એને ખજાનામાં રાખો તો ધન કયારેય ખૂટશે નહીં. વધતું જશે.'

રાજા બોલ્યા :

'આની પરીક્ષા સમય આવશે ત્યારે થશે. પણ અમને વિશ્વાસ છે કે આ પ્રમાણે થશે. હવે મારો વારો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંત્રી ! પંડિતને બોલાવો. તે લગ્નનું મુહૂર્ત કાઢશે.'

ચાર દિવસ પછી મુહૂર્ત નીકળ્યું. પુણ્યપાલ સિંહલેશ્વરનો જમાઈ થઈ ગયો. પુણ્યપાલ અને તિલકમંજરી પતિ–પત્ની થઈ ગયાં. પુણ્યપાલ સુંદર તો હતો, છતાં રત્નજડિત કપડાં અને ઘરેણાં પહેરી એ જુદો જ લાગતો હતો.

પુણ્યપાલ પાંચસો ગામનો અધિપતિ હતો. તેની અને તિલકમંજરીની જોડી કામદેવ અને રતિ જેવી હતી. તેને રહેવા માટે પાંચ માળનું ભવ્ય મકાન હતું અને સેવા માટે હજારો દાસ–દાસીઓ હતાં.

પુષ્પદત્તને કરમાંથી છુટકારો મળ્યો હતો. તે પોતાનો માલ સિંહલપુરમાં વેચી રહ્યો હતો. એને બીજું શું જોઇએ ? છતાં તેને સંતોષ ન હતો અને આનાથી વધારે પ્રાપ્ત કરવાનો અધિકારી પણ ન હતો. પુણ્યપાલની સાહ્યબી જોઈ પુષ્પદત્ત ઈર્ષ્યાથી બળી ગયો અને વિચારવા લાગ્યો :

'પુણ્યપાલ મારો નોકર છે. છતાં તેને આવી સાહ્યબી ! સૌભાગ્યમંજરી તો તેને મળી. અહીં આવી તિલકમંજરી પણ મળી ગઈ. જ્યારે રત્નપુરી આવ્યો હતો ત્યારે કેટલાક દિવસનો ભૂખ્યો હતો. કપડાં ફાટેલાં ન હતાં, તો પણ મેલાં તો હતાં જ. ત્યારે નિરાધાર હતો. મેં સહયાત્રી સેવકના રૂપમાં સાથે લીધો. અને આજે કેટલો મોટો માણસ

P.P.Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થઈ ગયો ! હું પુષ્પદત્ત છું. તેને નીચે પાડ્યા વિના નહીં છોડું.'

ઈર્ષાળુ પોતાની બધી શક્તિ બીજાનું અહિત કરવામાં વાપરે છે. તેને પોતાની ઉન્નતિમાં એટલું સુખ મળતું નથી જેટલું બીજાનું દુઃખ જોવામાં મળે છે. પુણ્યપાલને પાડવા માટે પુષ્પદત્તો રાજા સિંહલસિંહ સાથે મુલાકાતો વધારી. એકાંતમાં એ રાજાને મળતો. એક દિવસ લાગ જોઈ વાત કાઢી :

'રાજન્ ! પુણ્યપાલ કોણ છે એ તમે જાણો છો ?'

'હવે તો મારા જમાઈ છે અને સુંદર વિદ્વાન છે.'

'પરંતુ તમે તેના કુળ વિશે કશું જાણતા નથી.'

રાજા બોલ્યા :

'કુળવાન તો છે. કુળવાન છુપો નથી રહેતો. વધારે શોધ–ખોળની મને જરૂર લાગી નહીં.'

પુષ્પદત્ત બોલ્યો :

'હું તમને કહું. જાતે હજામ છે. તેના પિતા વાળ કાપતા હતા. માતા–પિતા બંને મરી ગયાં. મારા પિતાએ અનાથ સમજી તેને રાખ્યો. ખૂબ ભણાવ્યો. બુદ્ધિશાળી નીકળ્યો. મારા પિતાનાં રત્નોની દેખભાળ કરતો હતો તેથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રત્નોની પરખ પણ જાણી ગયેા. માણસ વિશ્વાસુ છે તેથી મારા પિતાએ તેને મારી સાથે મેાકલ્યેા, પણ છે તેા હજામ જ. ગધેડાને ગમે તેટલેા શણગારેા, તેા તે ઘેાડેા બની જશે ? ગધેડેા જ રહેશે.'

'હવે તમે જાએા.' રાજાએ પુષ્પદત્તને વિદાય કર્યો. તેમનું કાળજું ધ્રૂજવા લાગ્યું. આંખેા સામે અંધારું છવાઈ ગયું. સિંહલસિંહ બહુ જ દુઃખી થયા. વિચારવા લાગ્યાઃ

'હું છેતરાઈ ગયેા. જાણ્યા વિના મેં મારી બહેન એક હજામ સાથે પરણાવી. લગ્ન તેા કરાર છે. કરાર કર્યા પહેલાં બંને સ્વતંત્ર છે. પછી તેા બંને પક્ષ લાચાર બની જાય છે.'

એ સમયે મંત્રી સુમુખ આવ્યા. રાજાએ પેાતાનું દુઃખ મંત્રીને કહ્યું. મંત્રી બેાલ્યાઃ

'રાજન્! તમે ચિંતા ન કરેા. પુષ્પદત્તે આવું કહ્યું હશે તેા ચેાક્કસ કેાઈ દુશ્મનાવટના કારણે કહ્યું હશે. નહીંતર કેાઈ પણ માણસ પેાતાના માણસને નાગેા કરે નહીં. પુષ્પદત્ત પુણ્યપાલનેા હિતેચ્છુ હેાત તેા હજામ હેાવા છતાં ન કહેત. હું વાસ્તવિકતાની તપાસ કરીશ.'

મંત્રી હવે પુણ્યપાલનું ઝીણવટ પૂર્વક નિરીક્ષણ કરતા. તેના ખાન પાન, અશ્વારેાહણ, બેઠવું-બેસવું બધામાં કુલીનતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ટપકતી હતી. તે છતાં મંત્રી સુમુખને સંતોષ થયો નહીં. એક દિવસ પુણ્યપાલને પૂછ્યું :

'જમાઈ ! તમારા પિતા શું કરતા હતા ?'

પુણ્યપાલ બોલ્યો :

'મહામંત્રી ! તમારો પ્રશ્ન સુધારી એમ પૂછો કે મારા પિતા શું કરે છે ? મારા યશસ્વી પિતાને તમે દિવંગત કેમ માની બેઠા ?'

મંત્રી શરમાઈને બોલ્યા :

'જમાઇ ! માફ કરો. હવે કહો કે એ શું કરે છે ?'

પુણ્યપાલ બોલ્યો :

'જે કામ તમે કરો છો, તે મારા પિતા કરે છે. મારા પિતા સુબુદ્ધિ વત્સ દેશના રાજા જિતશત્રુના મહામાત્ય છે.'

'બસ, હવે કશું નહીં પૂછું. એટલું કહો કે પુષ્પદત્ત અને તમારો સાથ કેવી રીતે થયો ? એ તો તમને હજામ કહે છે. પુષ્પદત્ત આવો ઈર્ષાળુ છે ?'

પુણ્યપાલ હસવા લાગ્યો અને બોલ્યો :

'એણે આવું કેમ કહ્યું તે હું જાણું છું. તેને તિલક–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંજરી મળી નહીં. મારાં લગ્ન શ્રીપુરના રાજા શૂરસેનની પુત્રી સૌભાગ્યમંજરી સાથે પણ થઈ ગયાં છે. સોપારાપુરમાં મેં એને ઠગોની જળમાંથી બચાવ્યો હતો. છતાં તેણે કૃતઘ્નતા કરી. કાંઈ વાંધો નહીં. તેનું કરેલું તેની પાસે અને મારું મારી પાસે.

'મહામંત્રી ! ભાગ્ય પરીક્ષાનો સુયોગ–સંયોગ મને મળ્યો તો હું રત્નપુરી આવ્યો. તેનાં સાત વહાણ આવતાં હતાં. હું પણ સાથે આવ્યો. આ છે અમારો પરિચય.'

પુણ્યપાલ પાસેથી વાસ્તવિકતા જાણી મંત્રી સુમુખે સિંહલેશ્વરની ચિંતા દૂર કરી. પરંતુ તેમના ગુસ્સાનો પાર ન રહ્યો. પુષ્પદત્તનું બધું ધન અને સાતે વહાણો લઈ લીધાં અને તેને કારાગૃહમાં નાખ્યો. પુણ્યપાલ અસાધારણ ઉપકારી હતો. પોતાની સાથે અપકાર કરનાર સાથે પણ જે ઉપકાર કરે છે, એ સાચા અર્થમાં ઉપકારી છે અને એ અમિત પુણ્યોનો સંચય કરે

પોતાના સસરાને કહી પુણ્યપાલે પુષ્પદત્તને છોડાવ્યો. તાં સાતે વહાણ માલ સહિત પાછાં અપાવ્યાં. પરંતુ તએ પુણ્યપાલને કહ્યું :

'જમાઇ ! તમારી વાત માની મેં કૃતઘ્ન પુષ્પદત્તને કર્યો. પણ હવે અહીંથી સંબંધ તોડી નાખો. તમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એની સાથે નહીં જવા દઉં. રસ્તામાં એ તમારું કંઈક ને કંઈક અનિષ્ટ કરશે.'

પુણ્યપાલે કહ્યું :

'પિતા ! કોઈનું કોઈ અનિષ્ટ કરી શકતું નથી. જ્યાં સુધી ભગવાન મને અનુકૂળ છે, ત્યાં સુધી પુષ્પદત્ત મારું કંઈ કરી શકશે નહીં. મારે મારું વચન પાળવાનું છે. તેને હું રત્નપુરી પહોંચાડી દઉં, પછી હું તેનાથી છૂટો છું.'

રાજાએ કહ્યું :

'જેવી તમારી ઈચ્છા. તમે સમજદાર છો. હું તમને શું સમજાવું ? તમારે એક વાત માનવી પડશે. તમે તેના વહાણથી જુદા રહેજો. તેની સાથે રત્નપુરી સુધી જરૂર જજો. પણ તમારા માટે અને તિલકમંજરી માટે હું જુદાં વહાણની વ્યવસ્થા કરું છું.'

સિંહલેશ્વરે સાત વહાણ પુણ્યપાલ માટે તૈયાર કરાવ્યાં. એક વહાણમાં સશસ્ત્ર સૈનિકો હતા. એકમાં સેવક અને રસ્તાની સામગ્રી હતી. ચારમાં દહેજનું વિપુલ ધન ભર્યું હતું. એકમાં તિલકમંજરી અને પુણ્યપાલને બેસવાની સુવ્યવસ્થા હતી.

સિંહલપુરથી ચૌદ વહાણોએ પ્રસ્થાન કર્યું. બધાં શ્રીપુર નગર તરફ આગળ વધતાં હતાં. પુષ્પદત્ત ઉપરથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શરસિંદ્રો હતો, પણ અંદરથી પુણ્યપાલ પર ચિડાઈ રહ્યો હતો. બીજા પર ચિડાનાર પોતાનું જ અનિષ્ટ કરે છે.

ચૌદ વહાણ યોગ્ય સમયે શ્રીપુર નગરના બંદર પર ઊભાં રહ્યાં. શ્રીપુર રાજા પાસે સમાચાર પહોંચ્યા. તે સ્વાગત પૂર્વક પુણ્યપાલને લઈ ગયા. સૌભાગ્યમંજરી અને તિલકમંજરી પરસ્પર એક–બીજાને મળ્યાં. સંયોગથી એ દિવસોમાં શ્રીપુરમાં શ્રમણસંઘ સાથે જૈન શ્રમણ આવ્યા. તેમનો ઉપદેશ સાંભળી રાજા શૂરસેન અણગાર થઈ ગયા. તેને કોઇ પુત્ર હતો નહીં તેથી જમાઈ પુણ્યપાલને રાજ-તિલક કરી દીક્ષાગ્રહણની રજા માગી. પુણ્યપાલે કહ્યું :

'આત્મોદ્ધારના આ શુભ કામ માટે હું કેવી રીતે રોકી શકું ? પણ મને રત્નપુરી જવાની રજા આપો. પુષ્પ-દત્તને પહોંચાડી હું પાછો આવીશ, ત્યારે શાસન ભાર સંભાળીશ.'

રાજા શૂરસેને રજા આપી. તેણે પણ દહેજમાં ધન, રત્ન, રથ વિગેરે આપ્યું. પુણ્યપાલનાં વહાણની સંખ્યા બેગણી થઈ ગઈ. બધાં વહાણો પર કુશળ નાવિક હતા. સૌભાગ્યમંજરી અને તિલકમંજરી સાથે પુણ્યપાલ એક વહાણમાં બેઠો.

પુષ્પદત્તના વહાણ સાથે પુણ્યપાલે રત્નપુરી તરફ પ્રયાણ કર્યું. એ નગરમાં રાજા શ્રીવિજયના આશ્રય–સંરક્ષણમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલની પ્રથમ પત્ની કનકમંજરી રહેતી હતી. તપ અને ધર્મારાધના કરતી તે પોતાના પતિને સકુશળ પાછા આવવાની પ્રતીક્ષા કરતી હતી.

પુણ્યપાલ પોતાની બંને પ્રિયાએ સાથે આનંદ–પ્રમોદ કરતો સમુદ્રમાં યાત્રા કરી રહ્યો હતો. તેનાં ચૌદ વહાણ સાથે પુષ્પદત્તનાં સાત વહાણ હતાં. એકત્રીસ વહાણ દૂર–દૂર સુધી સાગર પર તરી રહ્યાં હતાં. પુષ્પદત્ત એક દિવસ પોતાના વહાણમાંથી કૂદી પુણ્યપાલના વહાણમાં આવ્યો અને હાથ જોડી બોલ્યો :

'ભાઈ પુણ્યપાલ ! તું મારાથી રિસાયેલો રહીશ ? એક વાર મારાથી અજાણતાં ભૂલ થઈ ગઈ. સવારનો ભૂલેલો સાંજે પાછો નથી આવતો ? તારા આધારે તો હું રત્નપુરીથી આવ્યો હતો.'

પુષ્પદત્તની મીઠી–મીઠી વાતોથી પુણ્યપાલનું મન ભરાઇ ગયું. તેણે પુષ્પદત્તનો હાથ પોતાના હાથમાં લીધો અને બોલ્યો :

'બધાની ભૂલ તો થાય છે. મનના ભાવ કાયમ એક રહેતા નથી. ક્રોધ–લોભ વિગેરે વિકારોથી મનુષ્ય પોતાનો વિવેક ભૂલી જાય છે. ક્રોધ કયારેક તો ઉતરે છે. લોભ–મોહ પણ કાયમ રહેતા નથી. તમે અહીં આવ્યા કરો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બંને વચ્ચે પ્રેમ વધી ગયો. પુણ્યપાલ સાથે પુષ્પદત્તો ભોજન કર્યું. પછી તો એ નિયમ થઈ ગયો કે પુષ્પદત્ત સવારથી પુણ્યપાલના વહાણમાં આવી જતો અને રાતે પોતાના વહાણમાં જતો રહેતો. એક દિવસ પુષ્પદત્તો આગ્રહ કર્યો કે આદાન-પ્રદાન એ મિત્રતાનો આધાર છે. મિત્રને ત્યાં ખાઈએ તો ખવડાવીએ પણ ખરા. મારે ત્યાં આવી ભોજન કર. તું મારા વહાણમાં જેવી ભોજન નહીં કરે, તો હું પણ નહીં કરું.'

પુણ્યપાલે પુષ્પદત્તનું આગ્રહભર્યું આમંત્રણ સ્વીકારી લીધું. બંને વહાણ સાથે ચાલતાં હતાં. વહાણની દોરી પકડી પુણ્યપાલ પુષ્પદત્તના વહાણમાં જવા લાગ્યો, તો તિલકમંજરીએ તેને રોકતાં કહ્યું :

'નાથ ! આ મીઠા ઠગની વાતોમાં ન આવો. તેની દાનત સારી નથી લાગતી.'

સૌભાગ્યમંજરીએ પણ કહ્યું :

'સ્વામી ! તેની દાનતનું પ્રતિબિંબ તેની આંખોમાં છે. પરસ્ત્રી આસકતની નજર કેવી ભયાનક હોય છે ! સ્વામી ! તેના વહાણમાં ન જાઓ.'

પુણ્યપાલ ભાવિવશ થઈ ગયો. પત્નીઓની વાત માની નહીં અને બંનેને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તમે બંને મનુષ્યનાં સંચિત કર્મો પર વિશ્વ સ કરો. તમે વિચારતાં હશો કે પુષ્પદત્ત મને સાગરમાં ધક્કો મારશે, પરંતુ એ તો આપણા વહાણમાં પણ અસંભવ નથી. પાપકર્મ પ્રગટ થાય છે, તો આપણું વહાણ પણ ફાટી શકે છે,અને પુણ્ય સહાયક બને તો સાગરમાં પહાડ નીકળી આવે છે. હું પુષ્પદત્તને કેવી રીતે કહું કે હું ભોજન કરવા તારે ત્યાં નહીં આવું. જો તમારા ભાગ્યમાં સૌભાગ્યવતી રહેવાનું લખ્યું હશે તો હું મરીશ નહીં.'

પુણ્યપાલ જતો રહ્યો. પુષ્પદત્તે પ્રેમથી તેને ભોજન કરાવ્યું. એ પાપીએ ભોજનમાં નશાવાળી વસ્તુ નાખી હતી. તેનાથી પુણ્યપાલને ઊંઘ આવી ગઈ. એક બાંકડા પર સૂવાની વ્યવસ્થા હતી. પુણ્યપાલ ત્યાં સૂઈ ગયો. વધારે શું કહીએ? બનવા કાળ બની ગયું! પુષ્પદત્તે પુણ્યપાલને સાગરમાં ધક્કો માર્યો અને હાય-હાય કરી બૂમો પાડવા લાગ્યો. નાવિકોએ જાળ નાખી પણ બધું વ્યર્થ ગયું. ડૂબક-ડૂબક અવાજ સાથે પુણ્યપાલ બે-ત્રણ વખત ડૂબ્યો અને બહાર આવ્યો. પછી સાગરના ખોળે સમાઈ ગયો.

હવે કોઈ શું કરી શકે? સૌભાગ્યમંજરી અને તિલકમંજરીએ સાંભળ્યું તો બેભાન થઈ ગઈ. તે બેભાન કયાં સુધી રહે? શ્રીપુરથી સાથે આવેલી દાસીઓએ તેમની સેવા કરી. એ બંને જણ ભાનમાં આવી: પરંતુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આંખોમાંથી ગંગા જમનાનો પ્રવાહ બંધ ન થયો. પાપી પુષ્પદત્ત આશ્વાસન આપવા આવ્યો.

'કોઇ ભાગ્યને શું કરે ? તમે બચી ગઇ એ માટે હું ભગવાનને કેટલા ધન્યવાદ આપું ? મરનારની સાથે કોણ મરે છે ! તમે બંને નિશ્ચિંત રહેજો. હું કાયમ તમારો નોકર રહીશ.'

તાજા ઘાને વધારે છંછેડવાનું પુષ્પદત્તને યોગ્ય લાગ્યું નહીં. આટલું કહી એ પોતાના વહાણમાં જતો રહ્યો. સૌભાગ્યમંજરીએ તિલકમંજરીને કહ્યું :

'તમે સાંભળ્યું ! શું પાપી એમ કહેતો હતો કે હું સદાય તમારો સેવક રહીશ ? એણે જ આપણા પ્રાણાધારને ધક્કો માર્યો છે.'

તિલકમંજરી બોલી :

'એમાં કોણ શંકા કરશે ? પણ હવે આપણે આપણાં ચારિત્રની ચિંતા કરવી જોઈએ. જેમ એ અભિનય કરી રહ્યો છે, એમ આપણે પણ અભિનય કરી રત્નપુરી સુધી એની જાળમાંથી બચવાનું છે. ત્યાંના રાજાની મદદથી એનાથી છૂટકારો મેળવી લઈશું.'

એવું જ થયું. જ્યારે બીજીવાર પુષ્પદત્ત સૌભાગ્યમંજરી અને તિલકમંજરી પાસે આવ્યો, તો તિલકમંજરીએ પુષ્પદત્તને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'શ્રેષ્ઠિકુમાર ! વેલ-વનિતા ક્યારેય સહારા વિના રહી શકતી નથી. હવે તમે જ અમારા બંનેનો સહારો છો. પરંતુ છ મહિના સુધી અમે બંને પ્રતિક્રમણ કરીશું. તેથી રત્નપુરી પહોંચીએ ત્યાં સુધી અમે બંને તમારો સ્પર્શ કરી શકીશું નહીં. ત્યાં જઈ અમે તમારી જ હોઈશું.'

પુણ્યપાલની પ્રિયાઓએ પુષ્પદત્તના મનની વાત કહી દીધી. એ આશ્વસ્ત થઈ ગયો અને મનમાં ને મનમાં ખુશ થવા લાગ્યો.

'પુણ્યપાલને જળપ્રાણીઓ ખાઈ ગયાં હશે. હવે આ મારી જ થઈ ગઈ. ચૌદ વહાણ તેનાં અને સાત મારાં એકવીસ થઈ ગયાં ધન-રત્ન ઉપરાંત એમાં હાથી અને ઘોડા પણ છે. હું નાનો-મોટો રાજા થઈ ગયો. સૌભાગ્યમંજરી અને તિલકમંજરી બંને રાજકન્યાઓ છે. મારાથી વધારે ભાગ્યશાળી કોણ હશે?'

યોગ્ય સમયે એકવીસ વહાણો સાથે પુષ્પદત્ત રત્નપુરી પહોંચી ગયો. શેઠ શ્રીદત્ત પુત્રનું સ્વાગત કરવા આવ્યા. નગરના બીજા શેઠો પણ સાથે આવ્યા. બધાએ શ્રીદત્તને કહ્યું:

'હજાર નહીં, એક હોય પણ પુત્ર હોય તો પુષ્પદત્ત જેવો. શ્રેષ્ઠિન ! તમારો પુષ્પદત્ત તો અખૂટ પુણ્યોનો સાગર છે. આટલું ધન લઈ આપણા નગરમાં કોઈ પાછું આવ્યું છે?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પહેલી વાર વેપાર કરવા ગયો તો ત્રણ ગણાં વહાણ લઈ આવ્યો. બે રાજકન્યાઓ પણ સાથે છે. શ્રીદત્ત, વધાઈ છે વધાઈ.'

પોતાના પુત્રનાં ગુણગાન સાંભળી શ્રીદત્ત ફૂલાઇ ગયો. પુષ્પદત્તના પગ જમીન પર પડતા ન હતા. ઝન-ઝન કરતા બે રથ આવી ગયા. બંને રાજકન્યાઓ એમાં બેઠી. બંને પુષ્પદત્તનાં ઘરે પહોંચી ગઈ. એકવીસ વહાણોનું ધન ભંડારોમાં ભરી લેવામાં આવ્યું. હાથી-ઘોડા યોગ્ય જગ્યાએ બંધાઈ ગયાં. પુષ્પદત્તની માતા શ્રીદત્તાએ આમંત્રણ મોકલી પડોશીઓને બોલાવડાવી મંગળ ગીતો ગવડાવવા લાગી.

અહીં સૌભાગ્યમંજરી અને તિલકમંજરી રાતમાં ચૂપચાપ શ્રેષ્ઠિ આવાસમાંથી નીકળી ગઈ. બંને રાત્રે જ રાજકીય પૌષધગૃહમાં પહોંચી ગઈ. કનકમંજરી પણ અહીં રહી સાધના કરતી હતી. એ બંનેને શું અબર હતી કે એને પણ તેમની પ્રતીક્ષા છે, જેના માટે અમે આ ધર્મ-સ્થાનમાં આવી છીએ. બંનેએ નિર્ણય કર્યો કે જ્યાં સુધી અમને અમારા પ્રિયતમ નહીં મળે ત્યાં સુધી અમે નહીં બોલીએ.

સવારે રત્નપુરીમાં ધમાલ મચી ગઇ. પહેલી ધમાલ પુષ્પદત્તના ઘરે થઈ. દાસીઓને મારવામાં આવી, પણ હવે કોઈ શું કરે? પુષ્પદત્ત મન મનાવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહી ગયો. ધર્મારાધનથી ખસેડી બળપૂર્વક બંને રાજકન્યાઓને લાવવામાં એ લાચાર હતો. પુષ્પદત્તને ન્યાય-પ્રિય અને ધર્માનુરાગી રાજા શ્રીવિજયની બહુ બીક હતી. નગરના ઘણા લોકો આ બંને મૌન તપસ્વિનીઓને જોવા ગયા. રાજા પોતે પણ જોઈ આવ્યા. તેમને ચિંતા થઈ.

'આ બંને રમણીઓ મૌન–તપ કરી રહી છે, એનું શું કારણ છે? જો હું તેમનું દુઃખ દૂર નહીં કરી શકું તો મને રાજા થવાનો શો અધિકાર છે?'

પરંતુ બધાં જ કામ સમય પ્રમાણે થાય છે. સૌભાગ્ય-મંજરી અને તિલકમંજરીને બોલવાનો સમય આવ્યો ન હતો. તેથી ઇચ્છા હોવા છતાં રાજા કશું કરી શકે તેમ નથી.

[૪]

પુણ્યપાલે પાણીમાં બહુ હાથ–પગ પછાડયા, પણ સહારો મળ્યો નહીં. એ ડૂબનારને તણખલાનો સહારો પણ ના મળ્યો. શ્વાસ ફૂલવા લાગ્યો. હાથ થાકી ગયા. પુણ્યપાલ અથાગ પાણીમાં ડૂબ્યો અને ઉપર આવ્યો. પાણી ઠંડી આગ હોય છે. કયાંય કિનારો દેખાતો ન હતો. હવે આ અથાગ પાણીમાં જીવ આપવાનો છે, એમ વિચારી પુણ્યપાલે હાથ–પગ પછાડવાનું બંધ કર્યું અને બધું ભગવાન પર છોડી નવકાર મંત્ર જપવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્યારે સંસારમાં બધા સહારા બંધ થઈ જાય છે, ત્યારે હૃદયમાંથી સાચી પ્રાર્થના નીકળે છે અને સાચી પ્રાર્થના કયારેય નિષ્ફળ થતી નથી. કાળરાશિ સાગરમાં નવકારના પ્રભાવથી પુણ્યપાલનાં પુણ્ય પ્રગટ થયાં. એ એક મગરની પીઠ ઉપર ટકી ગયેા. તેને લઈ મગરે બહુ દૂર: પટકી દીધેા. કદાચ એમ પણ થયું હેાય કે પુણ્યપાલ તેની પીઠ ઉપરથી લપસી ગયેા હેાય. હવે તે પાછેા પાણીમાં હતેા. કિનારા નજીક વન દેખાતું હતું. છતાં કિનારેા એટલેા દૂર હતેા કે પુણ્યપાલ તરીને પાર કરી શકતેા ન હતેા. પરંતુ એ સાચા અર્થમાં પુણ્યપાલ હતેા.

એક લહેર એવી આવી કે તેણે પુણ્યપાલને ઉઠાવી સાગરતટ પર પટકી દીધેા. પુણ્યપાલ મડદા જેવેા થઇ ગયેા. એટલું સારું હતું કે તડકેા નીકળ્યેા હતેા. કપડાં સૂકાઈ ગયાં. તેને ભાન આવ્યું. તે ચાલવા લાગ્યેા. જંગલ જ જંગલ હતું.

બાર દિવસમાં પુણ્યપાલે વિશાળ વન પાર કરી દીધું. પછી ખેતર આવ્યાં. બાજરી કાપવાની હતી. કેટલાંક ખેતરેાના પાક કપાયેલા પડયા હતા. સેાહામણી શરદ ઋતુ હતી. ખેતરેા પસાર થયાં તેા એક નગર દેખાયું. દૂરથી ધજાએ ફરકતી નજરે પડી. જાણે એ પુણ્યપાલને બેાલાવતી હેાય. તે નગરમાં પ્રવેશ્યેા. નગરદ્વાર પાસે એક વિશાળ વડ હતેા. તેની સઘન–શીતળ છાયામાં બેસી ગયેા. પાસે બેાર હતાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેને ખાતાં–ખાતાં તે સૂઇ ગયેા.

એક પ્રહર સુધી ઊંઘ્યેા. ઊઠયેા ત્યારે થાક ઊતરી ગયેા હતેા. પછી રાજમાર્ગ પર આવી ગયેા. બંને તરફ ઘરેાની હારમાળા હતી. પછી એક ગલીમાં વળી ગયેા. ત્યાં પણ સારાં ભવન હતાં. ફરતાં–ફરતાં એ એક બજાર ગલીમાં આવી ગયેા. આશ્ચર્ય પામી એક જગ્યાએ બેસી ગયેા અને વિચારવા લાગ્યેા :

'આ કેવું વિચિત્ર નગર છે. અહીંના બધા લેાકેા શું કેાઇ મુનિનેા ઉપદેશ સાંભળવા ગયા છે ? ઉપદેશ સાંભળવા બધા જ જાય છે ? કેાઇક તેા રહે જ છે. આ તેા આખું નગર સ્મશાનની જેમ સૂનું છે. દુકાનેા ખુલ્લી પડી છે. આભૂષણેાની પેટીઓ પણ છે. દુકાનદાર કયાં જતા રહ્યા ? કેાઇ ગ્રાહક નથી અને કેાઈ દુકાનદાર પણ નથી. ઘરનાં ઘર સૂનાં છે.

'આવું સુંદર નગર જનશૂન્ય છે, આ વિચિત્ર વાત છે. એક પણ માણસ હેાત તેા પૂછત પણ ખરેા. પરંતુ હજુ આખું નગર ફર્યેા નથી. આખું નગર શેાધી વળું. કદાચ કયાંક કેાઇ મારા જેવેા ભૂલેા–ભટકયેા બીજો કેાઈ હેાય અને મારી જેમ આશ્ચર્યથી આ નગરને જેાઇ રહ્યો હેાય.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ વિચારી પુણ્યપાલ બીજા રાજમાર્ગ પર પહોંચી ગયો. થોડો આગળ ગયો તો નવ ઓરડાનું એક ભવન આવ્યું. એ રાજમહાલય હતું. પુણ્યપાલ ફટાફટ સીડીઓ ચડવા લાગ્યો. પાંચમા માળ પર ઊભો રહ્યો તો આશ્ચર્યથી જોયું. સુવર્ણમંડિત પલંગ પર એક દિવ્ય સુંદર બાળા બેઠી હતી. ચંદનનો પલંગ હતો અને સોળ વર્ષની બાળા જાણે કોણ હતી. નિર્ભય થઈ પુણ્યપાલે પૂછયું :

'આટલા મોટા નગરમાં તું એકલી રહે છે ? તારાં માતા–પિતા અહીં નથી ? તું કોણ છે ? આ દેશની રાજ-કન્યા છે ? બધા કયાં ગયા ?'

'ભાઈ ! જેમ મને જોઈ તમે ચકિત–વિસ્મિત છો, તેમ હું પણ તમને જોઈ હેરાન છું, આનંદિત પણ છું. અહીં કેમ આવ્યા ? કેવી રીતે આવ્યા ?

'રાજકન્યા ! મારા પ્રશ્નનો તમે જવાબ આપ્યો નહીં. પરંતુ હું પહેલાં તમારા પ્રશ્નોનો જવાબ આપું છું. નગ-રમાં પ્રવેશ કરવા માટે કોઈ રોક–ટોક ન હતી. મોતના મોઢામાંથી નીકળી અજાણતાં અહીં આવ્યો હતો. હવે તમે મારા પ્રશ્નોના જવાબ આપો.'

'ભાઈ ! તમારું આવવું મને સારું લાગે છે. પરંતુ જવાનું તેનાથી પણ વધારે સારું લાગે છે. તમે તરત જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જતા રહેા. સાંજ પડવામાં એક પ્રહરથી વધારે વાર નથી. અહીં પણ તમે કાળના મુખમાં છેા.'

પુણ્યપાલે કહ્યું :

'તું કેવી છે ? અતિથિને બેસવાનું પણ ન કહ્યું ? એક ઘૂંટડેા પાણી પિવડાવીને તેા વિદાય કર. મેાતના મેાઢામાં તું જીવતી છે, તેા હું પણ જીવતેા રહી શકું છું. જે દેવીએ આપણને આવી રીતે અચાનક ભેગાં કર્યાં, એ હવે બંનેનું રક્ષણ પણ કરશે. હું જતેા તેા રહીશ, પરંતુ આ નગરની જનશૂન્યતા અને તારેા અહીં રહેવાનેા ભેદ જાણ્યા વિના નહીં જઉં.'

આમ કહી પુણ્યપાલ એક બાલી બેઠક પર બેસી ગયેા. રાજકુમારી પણ પલંગ પરથી ઉતરી, બીજી બેઠક પર પુણ્યપાલ પાસે આવી બેસી ગઈ. પછી બેાલી :

'હું તમને હાથ જોડું છું. પ્રશ્નોના જવાબ સાંભળ્યા પછી તરત જતા રહેજો. સાંજ પડવામાં એક પ્રહર બાકી છે. મારી વાત હું જલ્દી પૂરી કરી દઈશ.'

'સારું કહેા.' પુણ્યપાલે કેાણીના ટેકે પેાતાનેા હાથ ઊંચેા કર્યેા અને તેના પર પેાતાની ચિબુક ટેકવીને રાજકુમારીના મુખ તરફ જોવા લાગ્યેા. રાજકુમારી તેને એક વાર્તા જેવું સંભળાવવા લાગી :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'એક નગર હતું. તેનું નામ મંગલપુર હતું. ત્યાંના રાજા શુભમતિ અને રાણી શોભના હતી. રાજા શુભમતિને એક કન્યા હતી. તેનું નામ કુસુમશ્રી હતું. હતું શું? કુસુમશ્રી આજે પણ છે. મંગલપુર નગર પણ છે, કુસમશ્રીનાં માત-પિતા નથી. હવે . . . .,

પુણ્યપાલ વચમાં બોલ્યો:

'તમારું નામ કુસુમશ્રી છે?'

'વચમાં ન બોલો. પહેલાં આખી વાત સાંભળી લો.' કુસુમશ્રીએ આગળ કહ્યું:

'મંગલપુર નામના આ નગર પાસે એક આશ્રમ છે. ત્યાં વિશ્વભૂમિ નામના એક સિદ્ધ તપસ્વી રહે છે. તેમનો એક શિષ્ય અમરભૂમિ હતો. તેણે એવી સાધના કરી કે સાધના અને તપને જ સાધ્ય માની લીધું. તે એક મહિનાના ઉપવાસ કરી એક દિવસ પારણું કરતો હતો અને પાછા એક મહિનાના ઉપવાસ. તેણે ભૂખ ઉપર વિજય મેળવી લીધો હતો.

એક વાર મારા પિતા રાજા શુભમતિએ અમરભૂતિને આમંત્રણ આપ્યું કે આ મહિનાનાં પારણાં મારે ત્યાં કરજો. તપસ્વી રાજભવન આવ્યા. રાજા ભૂલી ગયા. તેમનાથી ભૂલ થઈ ગઈ. તપસ્વી ભૂખ્યા પાછા ગયા. લગાતાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બે મહિના સુધી ઉપવાસ કરવો પડયો. ફરીવાર પણ ભૂલ થઈ ગઈ. તપસ્વી ગુસ્સે થઇ ગયા. મારા પિતાએ તેમના પગમાં પડી માફી માગી. અમરભૂમિના ગુરુ વિશ્વભૂમિએ પણ તેમને સમજાવ્યા.

'પુત્ર ! રાજા દ્વારા અજાણતાં ભૂલ થઈ ગઈ એ તમારા ક્ષમાબળની પરીક્ષા છે. તપસ્વીને ગુસ્સો ચઢે તો તપસ્યા નિષ્ફળ છે. આવા ક્રોધી સાધક પોતાના તપના બળથી વિશ્વને ભસ્મ કરી શકે છે, પણ મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી.'

'મહાભાગ ! પરંતુ બનવાકાળ પ્રબળ હોય છે. ત્રીજા મહિને પણ શુભમતિ રાજા એવા ફસાયા કે તપસ્વીના પારણાની વાત ભૂલી ગયા. એને જ તો બનવાકાળની પ્રબળતા કહે છે કે બે દિવસ પહેલાં તો રાજાને યાદ હતું કે આ વખતે ભૂલ ન થવી જોઈએ. પરંતુ આ વખતે પણ ભૂલ થઈ ગઇ.

'આ વખતે અમરભૂમિ શાંત રહી શકયા નહીં અને તેમણે એ સંકલ્પ કરી ઉપવાસ કર્યો કે જો મારી તપસ્યાનું કોઈ ફળ હોય તો હું રાજા શુભમતિ પાસે મારા અપમાનનો બદલો લઉં. પ્રાણ છોડી અમરભૂમિ બીજા ભવમાં અસુર બન્યો. પૂર્વભવના વેરને કારણે અસુર અમરભૂમિએ મારાં માતા–પિતાને મારી નાખ્યાં. હજારો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નગરવાસીઓનો ભક્ષ કરી ગયો. બચ્ચાં હતાં એ કોણ જાણે કયાં ભાગી ગયાં.

'ત્યારથી આ નગર વેરાન છે. અહીંનાં વૃક્ષો પર પક્ષીઓ પણ આશરો લેતાં નથી. મારા ઉપર એ આસક્ત છે. હું તેના બંધનમાં રહું છું. દુષ્ટે મને મારી નહીં. મને પણ મારી નાખી હોત તો કેવું સારું.'

પુણ્યપાલે એક નિશ્વાસ નાખ્યો. તે બોલ્યો :

'અત્યંત વિચિત્ર વાત છે, તમારા જીવનની. પરંતુ હવે હું જઈશ નહીં. મને કયાંક છુપાવી દો. તમે જોજો, એ આપણું કંઇ બગાડી શકશે નહીં. તેને પણ મરવાનું છે. મારે પણ મરવાનું છે. જેનું મોત જેના હાથે હશે એ મરશે.'

કુસુમશ્રી બોલી :

'નહીં-નહીં, તમે આવી જીદ ન કરો. હું તમારા પગે પડું છું.'

પુણ્યપાલ બોલ્યો :

'ક્ષત્રિય એક વખત કહેલી વાતનો વિરોધ કરતા નથી.'

વિવશ થઇ રાજકુમારી કુસુમશ્રીએ પુણ્યપાલને ગુપ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્થાન પર સંતાડી દીધો. સૂર્યાસ્ત પછી તોફાનની જેમ ધસમસતો અસુર આવ્યો. આવીને બોલ્યો :

'કુસુમશ્રી ! અહીં કોઈ માનવ છે. ગંધ આવે છે. બતાવ કયાં છે ?'

'છે માનવ ! આજે તો મને જ મારી નાખો. અને હું પણ એ જ ઇચ્છું છું.'

'પણ છે કયાં ?'

'તમારી સામે તો બેઠી છું, છતાં પૂછો છો કયાં છે ?

'તું ?'

'હા, હું ! હું શું માણસ નથી ?'

'પણ તારી ગંધ તો રોમે રોમમાં વસી છે. મને નવા માનવની ગંધ આવે છે.'

કુસુમશ્રી બોલી :

'તમે આખો દિવસ નર–ભક્ષણ કરો છો. તેથી ગંધીલા થઈ ગયા છો. અહીં તો પક્ષી પણ આવી શકતાં નથી. કોઈ માનવ શા માટે આવે ?'

વાતો કરતાં કરતાં અસુર સૂઈ ગયો. જ્યારે સવારે ઊઠયો ત્યારે પુણ્યપાલે તેની ચોટલી પકડી અને બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હવે તારા ભગવાનને યાદ કરી લે. આજ તારું મોત આવી ગયું છે.'

'તમે કોણ છો ?' અસુર બ્રજવા લાગ્યો.

પુણ્યપાલ બોલ્યો :

'હું મહાસુર છું. અસુરોને મહાસુર મારે છે.'

અસુરનું મનોબળ ડગી ગયું. ભયભીત થઈ બોલ્યો :

'મેં તમારું શું બગાડયું છે ? મને છોડી દો. હું તમારો નોકર બની રહીશ.'

અસુરને કાલાવાલા કરતો જોઈ કુસુમશ્રી પણ ચકિત હતી. આશ્ચર્ય પામવાની કોઈ વાત ન હતી. મહાબળવાન અસુરને એક માનવ મારે એ તો અસંભવ વાત છે. પરંતુ કશું આશ્ચર્ય ન હતું. રાજા વિક્રમાદિત્યના વશમાં અગ્નિ-વેતાલ અસુર થઈ ગયો હતો. સૌથી મોટું બળ પુણ્યોનું હોય છે.

પુણ્યબળથી સોળ વર્ષની વયમાં કૃષ્ણએ કંસ જેવા પરાક્રમી રાજાને મારી નાખ્યો. પુણ્યપાલનું પુણ્યબળ અસુર પર સવાર થઇ ગયું. જ્યારે તે ખૂબ કરગર્યો, ત્યારે પુણ્ય-પાલે તેની પાસેથી કેટલાંક વચન લીધાં અને વચનબદ્ધ કરી તેની ચોટલી છોડી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપેલા વચન પ્રમાણે અમરભૂમિ અસુર પુણ્યપાલ અને કુસુમશ્રીને લઈ પોતાના પૂર્વભવના ગુરુ વિશ્વભૂમિના આશ્રમમાં ગયો. તેમણે કુસુમશ્રીનું કન્યાદાન કર્યું અને પુણ્યપાલ કુસુમશ્રીનાં લગ્ન આચાર્ય વિશ્વભૂમિએ પોતાની ધર્મસુતાના રૂપમાં કરાવ્યું.

આચાર્ય વિશ્વભૂમિએ પોતાની પ્રસન્નતાથી ત્રણ દિવ્ય વસ્તુઓ આપતાં પુણ્યપાલને કહ્યું :

'પુત્ર ! આ ત્રણે વસ્તુઓ અદ્‌ભુત છે. જુઓ આ ઊડતો ખાટલો છે. જે ઇચ્છિત જગ્યાએ આકાશમાર્ગથી પહોંચાડે છે. બીજી આ ગોદડી છે. જેને દિવસમાં એક વાર ખંખેરવાથી હજારો સુવર્ણમુદ્રાઓ નીકળે છે. ત્રીજી આ માળા છે. આ માળા ધારણ કરવાથી ઇચ્છિત રૂપ-પરિવર્તન થઈ જાય છે.'

પુણ્યપાલે ત્રણે વસ્તુઓ પ્રસન્નતાથી ગ્રહણ કરી. યોગી વિશ્વભૂમિના કહેવાથી પુણ્યપાલ કુસુમશ્રીને લઈ રાજ-ભવનમાં પહોંચ્યો.

પુણ્યપાલના આદેશથી અમરભૂમિ અસુરે દરેક જગ્યાએ ફરીને લોકોને પાછા લઈ આવીને મંગલપુર ફરી વસાવી દીધું. સૂના રાજપથો પર હવે રથ વિગેરે દોડવા લાગ્યા. દુકાનો પર અપાર ભીડ થવા લાગી. ઘરમાં બંગડીઓ ખખડવા લાગી. હવે મંગલપુર પોતાના નામને સાર્થક કરવા લાગ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલ અહીંનો રાજા હતો. તેણે ચતુરંગિણી નવી સેના ઊભી કરી. સચિવ અમાત્યોને ચૂંટી કાઢયા. હવે તેની રાજસભા નિયમિત ભરાવા લાગી. આખો દિવસ રાજ–કાજ અને રાતે પ્રિયા સાથે રસરંગમાં ડૂબવું–બહાર નીકળવું આ નિત્યક્રમ બની ગયો. મંગલપુરના રાજા પુણ્યપાલના દિવસો સારી રીતે પસાર થતા હતા.

કનકમંજરીની તપશ્ચર્યા શું વ્યર્થ જાય ? સૌભાગ્ય-મંજરી અને તિલકમંજરી પણ રત્નપુરીમાં કનકમંજરી સાથે મૌન તપ કરતી હતી. પુણ્યપાલ સુખમાં બધું ભૂલી ગયો. એક દિવસ તેને પોતાની પ્રિયાઓની યાદ જોરથી સતાવવા લાગી. તે વિચારવા લાગ્યો :

'મારી કનકમંજરી ! તું તો તું જ છે. તારી ઉપમા કોની સાથે આપું ? વિરાટનગરમાં તેં મારો માર્ગ પ્રશસ્ત કર્યો. એક દિવસ મેં જ કહ્યું હતું કે મારા જેવો મૂર્ખ પતિ જો તારા જેવી ચતુર સ્ત્રીના અનુશાસનમાં ચાલે તો શું નો શું થઈ જાય. તું સાચા અર્થમાં મારી અર્ધાંગિની છે. તારા તપના કારણે હું આજે આટલો સફળ થઈ શક્યો છું. નળની જેમ હું તને દમયંતીની માફક સરોવર પાસે છોડી આવ્યો હતો. મને વિશ્વાસ છે કે મને શોધતી તું રત્નપુરી ગઈ હોઈશ. ત્યાં તારી બે બહેનો પણ હશે. સૌભાગ્ય અને તિલક પુષ્પદત્તા સાથે પહોંચી ગઇ હશે. હવે હું ઝડપથી તમારા ત્રણે પાસે આવી રહ્યો છું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલ ઊઠીને ઊભો થઈ ગયો. કુસુમશ્રીને બોલાવડાવી તેની પાસે યાત્રાની રજા માગી. તેણે એ ન કહ્યું કે ક્યાં જવાનું છે, છતાં તેણે સાથે આવવાની હઠ લીધી. પુણ્યપાલને માનવું પડ્યું. મંગલપુરની શાસન વ્યવસ્થા મંત્રીઓને સોંપી અને પુણ્યપાલ કુસુમશ્રી સાથે ઊડતા ખાટલા પર બેસી ગયો. રૂપ-પરિવર્તનની માળા અને સોનામહોરો વરસાવનાર ગોદડી પણ સાથે લઈ લીધી. ખાટલા ઉપર બેસી પુણ્યપાલે આદેશ આપ્યો :

'રત્નપુરી લઇ જાઓ.' બંનેને લઈ ઊડતો ખાટલો આકાશમાં ઊડવા લાગ્યો.

પુણ્યપાલે રત્નપુરીની નજીક વનમાં ઊડતો ખાટલો ઉભર્યો. જ્યાં કનકમંજરીને છોડી હતી તે સરોવર પાસે પહોંચ્યો. પણ હવે કનક ત્યાં ક્યાં હતી ? ઊડતા ખાટલાને એક ઝાડીમાં સંતાડી પુણ્યપાલ કુસુમશ્રી સાથે પગે ચાલી રત્નપુરી પહોંચ્યો.

નગરમાં ઘૂસ્યો તો જોયું કે ત્યાં નાસ-ભાગ થતી હતી. હો-હો, હૂ-હૂ કરી સ્ત્રી-પુરુષ એક-બીજા ઉપર પડતાં દોડી રહ્યાં હતાં. રાજા શ્રીવિજયનો પટ હાથી ઉન્મત્ત બન્યો હતો. તેનાથી બચવા માટે ચીસ-બૂમો પડતી હતી. મહાવતોએ જેમ તેમ કરી હાથીને કાબૂમાં લીધો, પગમાં સાંકળ નાખી, ઝાડ સાથે બાંધી દીધો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ ભીડમાં કુસુમશ્રી પુણ્યપાલથી છૂટી પડી ગઈ. ભાગ્યની વિચિત્રતા પણ એવી કે કનકમંજરી વિગેરેને શોધવા આવેલો પુણ્યપાલ કુસુમશ્રીને પણ ખોઈ બેઠો. આવડી મોટી નગરીમાં ક્યાં શોધે ? બહુ શોધી પણ કુસુમશ્રી મળી નહીં. એ પુણ્યપાલને શોધતી રહી અને પુણ્યપાલ તેને શોધતો રહ્યો.

પતિને શોધતી કુસુમશ્રી જે પૌષધગૃહમાં કનકમંજરી મૌન તપ કરતી હતી ત્યાં પહોંચી ગઈ. તે જગ્યાએ સૌભાગ્યમંજરી અને તિલકમંજરી પણ મૌન તપમાં બેઠી હતી. તેમને જોઈ કુસુમશ્રીના મનમાં પ્રેરણા ઊઠી. તે પણ અભિગ્રહ પૂર્વક મૌન-તપ કરવા બેસી ગઈ. હવે ચાર થઇ ગઈ. ચારે એક જ પતિની પત્નીઓ હતી, પરંતુ એકબીજાથી અજાણ અને અપરિચિત હતી.

પુણ્યપાલે પોતાની ચારે પ્રિયાઓને શોધવાનો નિર્ણય કર્યો. રૂપપરિવર્તિત માળા પહેરી એ યોગી બની ગયો. કાળા ચીકણા વાળની દાઢી ઊગી ગઈ. ગળામાં રુદ્રાક્ષની માળા. રૂપ બદલાઈ ગયું. અને તેની ઓળખાણ પણ બદલાઈ ગઈ. પિતા સુબુદ્ધિ અને જન્મ આપનાર માતા કમલાવતી જુએ તો એ બંને પણ પુણ્યપાલને ઓળખી શકે નહીં. ભગવાં કપડાંમાં યોગીના રૂપમાં પુણ્યપાલ સારો લાગતો હતો. ગલીએ ગલીએ હરિભજન ગાતો તે ફરતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્ત્રી–પુરુષોનાં ટોળાં તેને ઘેરીને ચાલતાં હતાં. એ ભીડમાં એ પોતાની પ્રિયાઓને આંખો ઊંચી કરી જોતો હતો. આઠ દિવસમાં આખું નગર શોધી વળ્યો. ચારમાંથી એક પણ ન મળી. ભાગ્ય સંયોગ હતો કે યોગી પુણ્યપાલ પૌષધગૃહ તરફ ગયો જ નહીં. જ્યારે કોઇ વસ્તુ મળતી નથી ત્યારે શોધનાર બીજી જગ્યાએ જુએ છે. જ્યાં વસ્તુ મળી શકે તેમ હોય ત્યાં તેની નજર જતી નથી. આ બધું પુણ્યપાલ સાથે થઈ રહ્યું હતું.

રાજા શ્રીવિજયે સાંભળ્યું કે પૌષધગૃહમાં ચાર બાળાઓ મૌન તપ કરી રહી છે. તે ફરી ચિંતિત થયો. પૌષધગૃહમાં જઈ તેમણે વારંવાર પૂછયું :

'દેવીઓ ! તમને શું દુઃખ છે ? કહો, હું તમારું દુઃખ જીવ આપીને પણ દૂર કરીશ.'

કોઈ કંઈ બોલી નહીં. અભિગ્રહના કારણે ભગવાન મહાવીર મહિનાઓ સુધી ભૂખ્યા રહ્યા હતા. જ્યારે એમનો અભિગ્રહ પૂરો થયો ત્યારે ચંદનબાળાના હાથે અડદની ભિક્ષા લીધી હતી.

એ ભગવાન મહાવીરની આ ચારે અનુગામિની હતી. અભિગ્રહ પૂરો થયા વિના કેવી રીતે બોલે ? પરંતુ એમનું મૌન ભંગ કરાવ્યા વિના ધર્મપરાયણ રાજા શ્રીવિજયને પણ ચેન ન હતું. તેમના નગરમાં ચાર સન્નારીઓ દુઃખ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભોગવે તો તેમના રાજ્યનું ભલું કઈ રીતે થાય ? આમ વિચારી રાજાએ ઢંઢેરો પિટાવ્યો :

'જે પણ મારા રાજ્યમાં રહી ચારે મૌન તપસ્વીનીઓનો મૌન ભંગ કરાવશે, હું તેને મારી કન્યા ગુણમાલા લગ્નમાં આપીશ.'

ચારે–ચૌટે રાજાના ઢંઢેરાનો ઢોલ વાગી રહ્યો હતો. યોગી પુણ્યપાલે ઢોલને સ્પર્શ કર્યો. રાજા પોતે યોગી પાસે આવ્યા. ટોળે–ટોળાં પૌષધગૃહમાં પહોંચી ગયાં. રાજા પણ યોગીને સાથે લઈ ગયા. ચારેને બોલાવવા માટે યોગી પુણ્યપાલે ભજન ગાયું. પણ ભજન સાંભળી એ કેવી રીતે બોલે ? કોઈ બોલી નહીં. રાજા ધૂંધવાયા :

'એમ જ ઢોલને સ્પર્શ કર્યો હતો ? તમે યોગી ન હોત તો તમારું માથું કપાવી નાખત. હવે બોલો, તમને શું સજા કરું ? તમે બોલાવી શકો તેમ નથી. તમે બોલાવી શકયા નહીં તે સારું છે. નહીંતર હું એક યોગીને મારી કન્યા કેવી રીતે આપત ?'

પુણ્યપાલ બોલ્યો :

'રાજન્ ! આ ચારે જરૂર બોલશે. તમારી કન્યા સાથે હું લગ્ન નહીં કરું. પરંતુ ભવિષ્યવાણી કરું છું કે તમારી કન્યાનાં લગ્ન કોઈ ક્ષત્રિયપુત્ર સાથે થશે. તમારો ભાવિ જમાઈ તમારા નગરમાં જ છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બધા સ્તબ્ધ બનીને યોગીના મોઢા તરફ જોવા લાગ્યા. યોગી પુણ્યપાલે પોતાની રેશમી ચાદર પાથરી અને બોલ્યો :

'મારી આ ચાદરમાં આ ચારેને બોલવાનું રહસ્ય લખ્યું છે. વાંચી શકો તો વાંચો. એ બોલશે.'

રાજા હસવા લાગ્યા. ચાદર જોઈ બોલ્યા :

'ચાદર તો ખાલી છે. આની ઉપર તો કશું લખ્યું નથી. કોઈ શું વાંચશે ?'

યોગીએ કહ્યું :

'રાજન્ ! અદૃશ્યલિપિ દરેક કેવી રીતે વાંચી શકે છે ? હું વાંચું છું. તમે સાંભળો. પહેલી હમણાં બોલશે.'

યોગી પુણ્યપાલ ચાદર પર નજર રાખી હોય તેવા ભાવથી બોલવા લાગ્યો. જાણે સાચે જ અદૃશ્ય લખાણ વાંચી રહ્યો છે. તેણે કહેવાનું શરૂ કર્યું.

'વત્સદેશની રાજધાની વિરાટનગર છે. જિતશત્રુ રાજા અને સુબુદ્ધિ મંત્રી. મંત્રી સુબુદ્ધિનો પુત્ર પુણ્યપાલ છે. મોટો થયા પછી પુણ્યપાલનું લગ્ન કનકમંજરી સાથે થઈ રાયું. રાજા જિતશત્રુ બધાના ભાગ્યવિધાતા થતા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના મિથ્યા અભિમાનનો પુણ્યપાલે સ્વીકાર કર્યો ન્હોં. તેને દેશવટો મળ્યો. જેવી રીતે દમયંતી નળ સાથે ચાલી નીકળી હતી, તેવી રીતે કનકમંજરી તેની સાથે ચાલી નીકળી. જેવી રીતે નળ દમયંતીને છોડી ગયો હતો, તેમ પુણ્યપાલ કનકમંજરીને સરોવર પાસે મૂકી જતો રહ્યો.'

કનકમંજરી બોલી ઊઠી :

'મહાત્મન્ ! હવે મારા સ્વામી કયાં છે ? તમને બધી ખબર છે. તમે તો ત્રિકાળજ્ઞાની છો. હું તમારા પગ...'

યોગી પુણ્યપાલ બોલ્યો :

'કલ્યાણી ! તમારો પતિ તમને જરૂર મળશે. આટલા દિવસ સુધી ધીરજ રાખી તો થોડા દિવસ વધુ પ્રતીક્ષા કરો.'

પછી પુણ્યપાલ યોગીએ રાજાને કહ્યું :

'રાજન્ ! પહેલી આજે બોલી. આગળની વાત હું કાલે વાંચીશ.'

ચકિત–આનંદ પામી રાજા પોતાના ભવનમાં પાછા આવ્યા. બીજા દિવસે યોગીને લઈ રાજા ફરી આવ્યા. યોગીએ ફરી ચાદર બંને હાથે પકડી પાથરી અને આગળની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાત વાંચવા લાગ્યો :

'એ નગરમાં શેઠ શ્રીદત્ત રહેતા હતા. શેઠાણી શ્રીદત્તા છે. તેમનો એકનો એક પુત્ર પુષ્પદત્ત છે. જે દિવસે પુષ્પદત્ત પોતાનાં સાત વહાણ લઈ સમુદ્ર માર્ગે વેપાર કરવા જઈ રહ્યો હતો, તે દિવસે પુણ્યપાલ પોતાની પ્રિયા કનકમંજરીને સરોવર પર છોડી એ નગરમાં આવ્યો હતો. મૂળ વાત એ છે કે તે પુષ્પદત્તનો પગારદાર સહયાત્રી બની, તેની સાથે સમુદ્ર યાત્રા પર જતો રહ્યો.

'પુણ્યપાલે શ્રીપુર નગરના રાજા શૂરસેનના સરોવરમાંથી નીકળેલા તામ્રપત્રને વાંચ્યું અને તેની કન્યા સૌભાગ્યમંજરીનો પતિ બન્યો. પછી સોપારાપુર ગયો અને પછી સિંહલદ્વીપ. સિંહલદ્વીપના રાજા સિંહલસિંહની બહેન તિલકમંજરી સાથે લગ્ન કર્યાં. શ્રીપુરના રાજાએ પુણ્યપાલને પોતાના દેશનો રાજા બનાવ્યો.

'બંને સસરાઓ પાસેથી ધન, ઘોડા, હાથીથી ભરેલાં સાત સાત વહાણ અને બંને પ્રિયાઓ સાથે પુણ્યપાલે પુષ્પદત્ત સાથે રત્નપુરી માટે પ્રસ્થાન કર્યું. માર્ગમાં પુષ્પદત્તો પુણ્યપાલને સાગરમાં ધક્કો માર્યો.'

સૌભાગ્યમંજરી અને તિલકમંજરી બોલી ઊઠી :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હવે તો કનકમંજરી અમારી મોટી બહેન છે. અમે ત્રણે એક જ વૃક્ષના સહારે રહેનાર વેલો છીએ. હવે અમારા ત્રણેના સ્વામી ક્યાં છે?'

યોગી બોલ્યો :

'જે દિવસે કનકમંજરીને પુણ્યપાલ મળશે, એ દિવસે તમને પણ મળશે. રાહ જુઓ. બાકીની વાત કાલે વાંચીશ.'

બીજો દિવસ પણ આવ્યો. યોગી પુણ્યપાલે જનશૂન્ય મંગલપુરની જે વાર્તા કુસુમશ્રીના મુખે સાંભળી હતી, તે આખી વાંચી સંભળાવી. પછી કહ્યું :

'પુણ્યપાલ રાજકન્યા કુસુમશ્રીની સાથે આ નગરમાં આવ્યો. રાજાનો હાથી બગડ્યો. હાથીની ઝપટથી બચનારની ભીડમાં કુસુમશ્રી ખોવાઈ ગઈ. પુણ્યપાલ તેને શોધતો ફરે છે.'

હવે ચોથી કુસુમશ્રી પણ બોલી :

'આ નગરમાં અમારા સ્વામી છે. પણ તે આવીને અમને મળતા કેમ નથી?'

યોગી બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'દેવીઓ ! મિલન–વિરહમાં ભગવાનનો હાથ હોય છે. ચાર દિશાઓની જેમ એક પતિની પત્ની અને ચાર એક જગ્યાએ ભેગી થઈ છતાં એક બીજાને મળી શકી નહીં. બધાં કામ સમય પ્રમાણે થાય છે. તમે ચારે એક શુભ દિવસની પ્રતીક્ષા કરો.'

આનંદિત થતાં–થતાં રાજા શ્રીવિજય ચિંતિત થઇ ગયા. યોગીને કહ્યું :

'યોગીરાજ ! મારી ગુણમાલાનું લગ્ન તો મારી પ્રતિજ્ઞાને આધીન હતું. હવે હું શું કરું ? તમારી સાથે તો લગ્ન અસંભવ છે. તો શું મારી રાજદુલારી કુંવારી રહેશે ?'

યોગી પુણ્યપાલ બોલ્યો :

'રાજન ! તમારી ગુણમાલનાં લગ્ન પુણ્યપાલ સાથે થશે. તમે પણ તેના મળવાની રાહ જુઓ. દૈવી પ્રપંચ પહેલેથી સમજમાં આવતા નથી. એ દિવસે સમજશે, જે દિવસે તમને પુણ્યપાલ મળશે. પુણ્યપાલ આ નગરમાં જ છે.'

રાજાએ ચારે સન્નારીઓને કહ્યું :

'તો તો હું તેને શોધી કાઢીશ. બેટીઓ ! મારા રાજભવન પર ચાલો. તમે ચારે મારી ગુણમાલા સમાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હવે તો કનકમંજરી અમારી મોટી બહેન છે. અમે ત્રણે એક જ વૃક્ષના સહારે રહેનાર વેલો છીએ. હવે અમારા ત્રણેના સ્વામી ક્યાં છે?'

યોગી બોલ્યો :

'જે દિવસે કનકમંજરીને પુણ્યપાલ મળશે, એ દિવસે તમને પણ મળશે. રાહ જુઓ. બાકીની વાત કાલે વાંચીશ.'

બીજે દિવસ પણ આવ્યો. યોગી પુણ્યપાલે જનશૂન્ય મંગલપુરની જે વાર્તા કુસુમશ્રીના મુખે સાંભળી હતી, તે આખી વાંચી સંભળાવી. પછી કહ્યું :

'પુણ્યપાલ રાજકન્યા કુસુમશ્રીની સાથે આ નગરમાં આવ્યો. રાજાનો હાથી બગડ્યો. હાથીની ઝપટથી બચનાર-ની ભીડમાં કુસુમશ્રી ખોવાઈ ગઈ. પુણ્યપાલ તેને શોધતો ફરે છે.'

હવે ચોથી કુસુમશ્રી પણ બોલી :

'આ નગરમાં અમારા સ્વામી છે. પણ તે આવીને અમને મળતા કેમ નથી?'

યોગી બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'દેવીઓ ! મિલન–વિરહમાં ભગવાનનો હાથ હોય છે. ચાર દિશાઓની જેમ એક પતિની પત્ની અને ચાર એક જગ્યાએ ભેગી થઈ છતાં એક બીજાને મળી શકી નહીં. બધાં કામ સમય પ્રમાણે થાય છે. તમે ચારે એક શુભ દિવસની પ્રતીક્ષા કરો.'

આનંદિત થતાં–થતાં રાજા શ્રીવિજય ચિંતિત થઇ ગયા. યોગીને કહ્યું :

'યોગીરાજ ! મારી ગુણમાલાનું લગ્ન તો મારી પ્રતિજ્ઞાને આધીન હતું. હવે હું શું કરું ? તમારી સાથે તો લગ્ન અસંભવ છે. તો શું મારી રાજદુલારી કુંવારી રહેશે ?'

યોગી પુણ્યપાલ બોલ્યો :

'રાજન ! તમારી ગુણમાલનાં લગ્ન પુણ્યપાલ સાથે થશે. તમે પણ તેના મળવાની રાહ જુઓ. દૈવી પ્રપંચ પહેલેથી સમજમાં આવતા નથી. એ દિવસે સમજશે, જે દિવસે તમને પુણ્યપાલ મળશે. પુણ્યપાલ આ નગરમાં જ છે.'

રાજાએ ચારે સન્નારીઓને કહ્યું :

'તો તો હું તેને શોધી કાઢીશ. બેટીઓ ! મારા રાજભવન પર ચાલો. તમે ચારે મારી ગુણમાલા સમાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છો. હવે તો ગુણમાલા પણ તમારા સૌભાગ્યની ભાગીદાર થઈ ગઈ છે.'

કનકમંજરી, સૌભાગ્યમંજરી, તિલકમંજરી અને કુસુમશ્રી એ ચારેને રાજા શ્રીવિજય રથમાં બેસાડી પોતાના ભવનમાં લઈ ગયા. તેમના રથે ચાર સફેદ ઘોડા જોડાયેલા હતા. પુણ્યપાલે પોતાનો યોગી વેશ ઉતાર્યો નહીં. એ પ્રમાણે જ એ ફરતો હતો.

રાજાના ગુપ્તચરોએ રત્નપુરીની ગલી ગલી શોધી કાઢી. દરેક ઘરમાં તપાસ કરી, પણ પુણ્યપાલ મળ્યો નહીં. મળે પણ કેવી રીતે? એ તો યોગી હતો. રાજાએ બધું ભગવાન પર છોડી દીધું. રાજાના આગ્રહથી યોગી-રૂપ પુણ્યપાલ રાજસભામાં દરરોજ થોડા સમય માટે આવતો હતો. ગુરુજનની હારમાળામાં તેનું ઉંચું આસન રાજ પુરોહિતના બરાબર રહેતું હતું.

આ સમય દરમ્યાન રાજાની સભામાં એક વિચિત્ર વાદ આવ્યો. રત્નપુરીમાં ધનદત્ત નામના એક ધનવાન શેઠ રહેતા હતા. તેમનો બહુ મોટો-લાંબો કારોબાર હતો. તેમને ચાર પુત્રો હતા. ચારેનાં લગ્ન થઈ ગયાં હતાં. શ્રેષ્ઠિ ધનદત્તના ચારે પુત્રો સાથે રહેતા હતા. તેમની પશુશાળામાં હજારો પશુઓ હતાં. ગાય, બળદ, વાછરડાં હતાં. ખેતીની જમીન પણ બહુ હતી. સેંકડો ખેડૂતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમની ખેતી સંભાળતા હતા. લેણ–દેણ પણ કરતા. કરોડોનું લેણ–દેણ હતું. લાખોની વાર્ષિક આવક ઋણની–વ્યાજની થતી હતી.

ધનદત્ત શેઠ માંદા પડયા. હવે તેમને પોતની બચવાની આશા ન હતી. ચારે પુત્રોને બોલાવ્યા, તેમને સમજાવવા લાગ્યા :

'હવે હું રોગની પથારીમાંથી ઊભો થઈશ નહીં. ....અરે આ શું ? તમે રડો છો ? શું કોઈનો બાપ હંમેશાં રહે છે ? ઘણા પુત્રો તો નાનપણમાં જ અનાથ થઈ જાય છે. તમારી માતા જતી રહી. હવે હું પણ જઈશ. મેં તમને જે વાત માટે બોલાવ્યા છે, તેના ઉપર ધ્યાન આપો.

'તમારા માટે ઘણું બધું મૂકીને જઉં છું. ભેગા રહેશો તો સુખી થશો. પારકી સ્ત્રીઓ ભાઇઓમાં બનવા દેતી નથી. તમારી પત્નીઓ અંદરોઅંદર ઝગડે તો તમે ચારે ભાઈઓ જુદા થઈ જજો. મેં મારું કમાયેલું બધું ધન તમને ચારેયને બરાબર વહેંચી આપ્યું છે. એક સરખાં ચાર ભવન બનાવડાવી આપ્યાં છે. એક એક લઈ લેજો. એક બીજાનો પણ ભેદભાવ નથી. મારી પાસે શું હતું ? બાપ–દાદા તરફથી મળેલી મિલકતમાં તો નાની સરખી મીઠા–મરચાની એક દુકાન હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'ભાગ્યએ સાથ આપ્યો તો આટલું કરી શકયો. તમારા ચારે માટે સરખું ધન ભરી ચાર કળશ મેં આ જગ્યાએ દાટયા છે.'

એક જગ્યા તરફ ઇશારો કર્યા પછી ધનદત્ત શેઠે આગળ કહેવાનું શરૂ કર્યું: વચમાં ઉધરસ આવી ગઈ. ઉધરસ બંધ થયા પછી બોલ્યા :

'ચારે કળશ પર જુદા જુદા દરેકનાં નામ લખ્યાં છે. જે કળશ પર જેનું નામ હોય એ કળશ લઈ લો.'

કહેતાં કહેતાં ધનદત્તને ફરી ઉધરસ આવી. ગળફામાં લોહી આવ્યું. તેમનું પ્રાણપંખેરૂં ઊડી ગયું. રોકકળ મચી ગઈ. પરંતુ રડવાનું કયાં સુધી ચાલે? દફન પછી હાસ્ય આવે જ છે. બધા દુનિયાદારીમાં લાગી ગયા.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યપાલ ચરિત–૩

'અમારા ધર્માત્મા પિતાએ આવો અન્યાય કર્યો ? નાનાને મલાઈ–માખણ અને અમને છાશ પણ નહીં ? અમને કચરો આવ્યો, પરંતુ આમાંથી અમારો ભાગ લઈશું.'

નાનો ધનચન્દ્ર હઠે ચડ્યો.

'હું શા માટે આપું ? આ મારો ભાગ છે. આ તો પોત–પોતાનું ભાગ્ય છે. તમારા કળશોમાં સોનાના ટૂકડા નીકળ્યા હોત અને મારામાં કચરો નીકળ્યો હોત તો તમે મને આપત ?'

'કેમ ના આપીએ ?' ચારેમાં ઝગડો થવા લાગ્યો.

છેવ્વટે ચારે રાજા શ્રીવિજય પાસે ન્યાય કરાવવા પહોંચ્યા. રાજાએ બધી વાત સાંભળી. મંત્રીએ પણ સાંભળી. રાજસભામાં પુણ્યપાલ પણ હાજર હતો. એ યોગીના વેશમાં ન હતો. પરંતુ એક વેપારીના રૂપમાં બેઠો હતો. રાજાએ મંત્રીને કહ્યું :

'મંત્રીવર ! કંઈક વિચારો. આ વિચિત્ર વાત છે. આવો ઉત્તમ શ્રાવક ધનદત્ત ઝગડો ઊભો કરી ગયો. તેણે કેવી વહેંચણી કરી ? ધનચન્દ્રના ધનમાંથી ચાર ભાગ કરવા એમાં ખોટું શું છે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંત્રી બોલ્યો :

'એ તો અન્યાય કહેવાય. ધનદત્ત પાસે બાપ દાદાની તો કોઈ સંપત્તિ હતી નહીં. આ બધું તેણે પોતાના પુરુષાર્થથી મેળવ્યું છે. પોતાની કમાયેલી સંપત્તિમાંથી પિતા કોઈ પુત્રને કેટલુંક આપે અને કોઈને ન પણ આપે. એક ગુણવાન પુત્રને એ બધું આપી શકે છે તેમણે પોતાની ઈચ્છાથી ધનચન્દ્રને બધું આપ્યું છે, તો રાજા શું કરી શકે ?'

'તો પછી આફત છે !' રાજાએ ચિંતા પ્રગટ કરી. ત્યારે હસતાં હસતાં વણિકવેશી પુણ્યપાલ બોલ્યો :

'રાજન્ ! ધનદત્તના ચારે પુત્રો મૂર્ખ છે. સ્વર્ગીય શેઠે બધાને સરખું આપ્યું છે. આ લોકો જ કમભાગી છે, તો તમે શું કરશો ?'

રાજા ચમક્યા. મંત્રી ઉત્સુક થયા. ચારે શ્રેષ્ઠિ પુત્ર આશાવાન થયા. રાજાએ આગ્રહ કર્યો :

'તો તમે જ આ સમસ્યાનો ઉકેલ બતાવો.'

વણિકરૂપ પુણ્યપાલે મોટા શ્રીધરને બોલાવી પૂછ્યું :

'તમારા કળશમાં ઘાસ નીકળ્યું છે ?'

'હા !'

'તમારા પિતાના જીવનકાળમાં તમે શું કામ કરતા હતા ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'શેઠ ! હું ખેતરોની રખેવાળી કરતો હતો.'

પુણ્યપાલ બોલ્યો :

'તો ભૂખ્યરાજ ! તમારા પિતા તમને ખેતરની આવક આપી ગયા છે. તમે એટલું પણ સમજ્યા નથી !'

શ્રીધર આનંદથી ઊછળી પડયો. બોલ્યો :

'ખેતરો તો કરોડોનાં છે. મારા પિતા સ્વર્ગમાં દેવ બને.'

હવે ગુણધર આવ્યો. પશુ પણ કરોડ–સવા કરોડનાં હતાં. તેના કળશમાંથી પશુઓનાં શિંગડાં નીકળ્યાં હતાં. ધનદત્ત તેને પશુધનનું સ્વામિત્વ આપી ગયા હતા. ત્રીજો પુત્ર મણિચન્દ્ર પિતા ધનદત્તનું લેણ-દેણ જોતો હતો. ભોજપત્ર અને રેશમના ટૂકડા ચોપડાના પ્રતીક હતા. કોઈ સમજે નહીં તો આવો જ ઝગડો થાય છે. ઝગડાનું મૂળ ન સમજ્યા. નાનો ધનચન્દ્ર ભણતો હતો, તેથી ધનદત્તે તેને રોકડા સોનાના ટૂકડા આપ્યા હતા. પુણ્યપાલના આ ન્યાય–નિર્ણયથી બધા આશ્ચર્ય–આનંદ પામ્યા. ચારે શ્રેષ્ઠિ-પુત્ર હાથમાં હાથ નાખી પોતાના ઘરે ગયા.

પ્રસન્ન થઈ રાજાએ વણિકવેશી પુણ્યપાલને કહ્યું :

'શ્રેષ્ઠિન્ ! આજે હું જેટલો ચકિત છું, તેટલો જ આનંદિત પણ છું. તેથી તમે આજે કંઈક માગો. તમે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારા ન્યાયાધિકરણની લાજ રાખી. આજે તમે ન હોત તો હું ન્યાય કરી શકત નહીં. તમને બધું જ આપી શકું છું. માગી જુઓ.'

વણિકવેશી પુણ્યપાલે માગ્યું :

'મને એ અધિકાર આપો કે હું મારી રીતે તમારા નગરના અને બહારથી આવેલા વેપારીઓ પાસેથી કર વસૂલ કરું.'

રાજાએ તરત જ અધિકાર આપી દીધો. પુણ્યપાલ પોતાના આ અધિકારનો પ્રયોગ કરવા લાગ્યો. વેપારીઓને તેણે અડધા કરની છૂટ આપી. બધા તેની વાહ–વાહ કરવા લાગ્યા. કેટલાકને સંપૂર્ણ કરમાંથી મુક્ત કર્યા. હવે તે શ્રીદત્ત પાસે પહોંચ્યો અને રાજ્યાધિકારીઓને કહી પોતાનાં ચૌદ વહાણ જપ્ત કરી લીધાં. પુષ્પદત્ત ગુસ્સે થઈ ગયો. પોતાને આધીન વેપારીઓને લઈ શ્રીદત્ત અને પુષ્પદત્ત રાજા શ્રીવિજય પાસે ન્યાય માગવા ગયા. પિતા–પુત્ર બોલ્યા :

'રાજન્! તમારો નવો વિદેશી કર–યોજક ધૂર્ત અને અન્યાયી છે. અમારાં ચૌદ વહાણ તેણે પડાવી લીધાં. કેટલાક પાસેથી કશું જ લેતો નથી. એ આવું કરશે તો મોટો અનર્થ થઈ જશે. અમને ન્યાય આપો.'

રાજાએ પુણ્યપાલને પૂછ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'વણિક ! મેં તમને અધિકાર આપ્યો. તો તમે તેનો આવો દુરુપયોગ કરશો ?'

પુણ્યપાલે તરત જ પોતાના ગળામાંથી રૂપપરિવર્તિની માળા કાઢી, પોતાના અસલ રૂપમાં આવી ગયો અને બોલ્યો :

'રાજન્ ! હું જ તમારો ભાવિ જમાઈ પુણ્યપાલ છું. પુષ્પદત્ત પાસે મારાં જ ચૌદ વહાણ છે. યોગી વક્તાના રૂપમાં હું બધું તમને સંભળાવી ચૂકયો છું.'

આશ્ચર્યથી રાજા બોલ્યા :

'અરે જમાઈ ! તમે આવા ખેલાડી છો ? હવે કશું ન કહો. દૈવ પ્રપંચ મને સમજાઈ ગયો. જે વ્યક્તિએ એ ચારે સન્નારીઓનું મૌન તોડયું એ જ મારા જમાઈ બન્યા. મારી પ્રતિજ્ઞા પૂરી થઈ. હવે તો આ રાજ્ય પણ તમારું છે.

'પુષ્પદત્તની આખી પાપલીલા હું સાંભળી ચૂંકયો છું. પાપી પોતાનું ફળ ભોગવ્યા વિના બચી શકતો નથી. આ લોકમાં અને પરલોકમાં પણ તે પ્રકારનું ફળ મેળવે છે. હું એ ધૂર્તોને જોઈ લઈશ.'

રાજા શ્રીવિજયે શ્રીદત્ત અને પુષ્પદત્તને પોતાના રાજ્યમાંથી કાઢી મૂકયા. તેમનું બધું ધન રાજખજાનામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જમા કરાવી દીધું. ગુણમાલા સાથે પુણ્યપાલનું લગ્ન થઈ ગયું. તેની પાંચ પ્રિયાઓ થઈ ગઈ. હવે પુણ્યપાલ રત્નપુરીનો રાજા થઈ ગયો. રાજા શ્રીવિજયે દીક્ષા લઈ લીધી. એ મુનિ થઈ ગયા.

હવે પુણ્યપાલે ઊડતા ખાટલા પર બેસી પોતાની પ્રિયાઓને ભેગી કરી. એક વાર તેની પાંચે પત્નીઓને એક હરોળમાં ઊભી રાખીને જોઈ તો આ પ્રમાણે પાંચ હતી– કનકમંજરી, સૌભાગ્યમંજરી, તિલકમંજરી, કુસુમશ્રી અને ગુણમાલા. સૌભાગ્યમંજરીને લઇ એ આકાશમાર્ગથી શ્રીપુર ગયો. ત્યાંના રાજા શૂરસેનનો દીક્ષા મહોત્સવ કરાવ્યો અને પોતે રાજસિંહાસન પર બેઠો. હવે તે ત્રણ રાજ્યોનો રાજા હતો–શ્રીપુર, મંગલપુર અને રત્નપુરી.

પાંચે પત્નીઓ તેની સાથે રહેતી હતી. વારાફરતી તે થોડા–થોડા દિવસ ત્રણે રાજ્યોમાં રહેતો હતો. ત્રણે દેશોની પ્રજા તેના શાસનથી સુખી હતી. આમ પણ તેની પાસે અપાર ધન હતું. છતાં પણ ગોદડી ઝાટકીને તે નિયમિત સહસ્ર મુદ્રાઓ પ્રાપ્ત કરતો હતો. તેથી એ છુટા હાથે ગરીબ દુઃખી લોકોને દાન આપતો હતો. તેની પત્નીઓ પણ દાન–વ્રત વિગેરે કરતી હતી.

શ્રીપુર અને મંગલપુર વચ્ચે ઘણું અંતર હતું. પરંતુ ઊડતા ખાટલાને કારણે તેણે પોતાના ત્રણે રાજ્યોનું અંતર ઓછું કરી નાખ્યું હતું. આમ હોવા છતાં પણ એ સ્થાયી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રૂપથી રત્નપુરી રહેતો હતો રત્નપુરી વિરાટનગરથી વધારે નજીક હતી. ત્રિદેશાધિપતિ પુણ્યપાલ પાસે વિશાળ લશ્કર હતું.

ક્ષત્રિય રાજા પુણ્યપાલ ભોગી હોવા છતાં ત્યાગી હતો. ત્યાગ વિના જેમ યોગ નથી થતો, તેમ ભોગ પણ નથી થતો. ત્યાગ વિનાનો ભોગ દુર્ભોગ છે, ભોગ નહીં. ત્યાગ માટે શ્રમણ–સંત બનવું જરૂરી નથી.

સંત ના થઈ શકો તો ગૃહસ્થ જીવનમાં યથાસંભવ ત્યાગ કરી જુઓ. કેટલું સુખ મળે છે ! પુણ્યપાલ આજે જે કાંઇ હતો, એ પૂર્વભવના દાનત્યાગને કારણે હતો. આમ તો હજારો મંત્રીપુત્ર હોય છે. પૂર્વસંચિત પુણ્યોને કારણે મંત્રીપુત્ર પુણ્યપાલ ત્રિદેશાધિપતિ રાજા પુણ્યપાલના રૂપમાં ઈન્દ્રના જેવા વૈભવનો ભોગ કરી રહ્યો હતો. તેનો સુખ-ભોગ દુર્ભોગ ન હતો.

આજે પણ એ પોતાની પુણ્યપૂંજી એક ચતુર વેપારી-ની જેમ વધારતો જતો હતો. તેનાથી જુદા પુણ્યદત્ત જેવા પણ હોય છે, જે પોતાની જાતે પોતાના બંને લોક બગાડે છે.

[૬]

જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન હોય છે. વિરાટનગર પુણ્યપાલની જન્મભૂમિ હતી. ત્યાં તેનાં માતા–પિતા હતાં. એક દિવસ એ માતા–પિતાને મળવા નાના બાળકની જેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તડપવા લાગ્યો. વિરાટનગર છોડે તેને વર્ષો વીતી ગયાં હતાં. પોતાની માતાનો તે એકનો એક પુત્ર હતો. રાજા જિતશત્રુએ દેશવટો આપ્યો હતો, તેથી એ પોતાની જન્મ-ભૂમિ છોડવા માટે વિવશ હતો. પરંતુ હવે તો તેની પાસે શક્તિ હતી. પોતાની બધી પત્નીઓને ભેગી કરી પુણ્યપાલ બોલ્યો :

'પ્રિયાઓ ! હવે તમારે તમારા સાસરે જવાનું છે. અત્યાર સુધી તમારા પિયરમાં રહી હતી. આ રત્નપુરી નગરી ગુણમાલાનું પિયર છે. બાકી તમે પણ તેની સપત્ની રૂપ બહેનો છો. તેથી રત્નપુરી તમારું પણ પિયર થયું. હવે વિરાટનગર જવાનું છે.'

કનકમંજરી આનંદ પામી બોલી :

'સ્વામી ! આ તો બહુ સારી વાત છે. હવે રાજા જિતશત્રુ પણ જોશે કે એ કેવા ભ્રમમાં હતો ?'

બસ, તૈયારીઓ શરૂ થઈ ગઈ. સિંહલદ્વીપની શૂરવીર ગજસેના તૈયાર થઈ. રત્નપુરીના ચતુરંગિણી સેના સાથે જ મંગલપુર તથા શ્રીપુરની સેનાઓ તૈયાર થઈ. જ્યારે ચાર દેશની સેનાઓએ રત્નપુરીથી પ્રસ્થાન કર્યું તો ધરતી ધ્રૂજવા લાગી. યોજનો સુધી સેના જ સેના દેખાતી હતી. તેની વિશાળતાનું વર્ણન શબ્દોમાં કેવી રીતે થઈ શકે ? દૂર દૂર સુધી હાથીઓનો સમૂહ જોઈ એવું લાગતું હતું કે જાણે પહાડોને પગ આવી ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમની ચીસોથી કાનના પડદા ફાટી જતા હતા. ઘોડાઓના પગથી જે ધૂળ ઊડતી હતી, તેનાથી નભમંડળ ઢંકાઈ ગયું હતું. પુણ્યપાલ હાથી પર સવાર હતો. તેની બધી પત્નીઓ રથોમાં હતી.

જે દેશની સીમા નજીક પુણ્યપાલનો પડાવ પડતો, એ દેશનો રાજા પુણ્યપાલના સૈન્યનો વિસ્તાર જોઈ ગભરાઇ જતો અને પોતાના દેશકલ્યાણ માટે પુણ્યપાલ સમક્ષ નીચું માથું કરી ભેટ વિગેરે લઈ જતો.

આ પ્રમાણે સાત દેશોના રાજા પુણ્યપાલને આધીન થઈ ગયા અને તેની પ્રસન્નતા માટે પોત–પોતાની રણ-વાહિની લઇ તેની સાથે થઈ ગયા. આ પ્રમાણે હવે અગિયાર દેશોની અતિ વિશાળ સેના લઈ પુણ્યપાલ વિરાટનગર તરફ જતો હતો.

પહેલાં તો મહામાત્ય સુબુદ્ધિ પુણ્યપાલ પર ગુસ્સે થયા અને તેમણે વિચાર્યું કે રાજાનો વિરોધ કરી તેણે ભૂલ કરી. પરંતુ જ્યારે પુણ્યપાલને દેશવટો મળ્યો ત્યારે મહામાત્ય સુબુદ્ધિને રાજા જિતશત્રુ ઉપર ગુસ્સો આવ્યો અને વિચારવા લાગ્યા :

'રાજાએ કશો વિચાર કર્યો નહીં. મારી સેવાઓનો પણ વિચાર ન કર્યો. મારા આંખના તારા પુણ્યપાલને છેવટે મારી આંખોથી દૂર કર્યો. એવો એણે કયો અપરાધ કર્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતો ? સાચી વાત તો કહી હતી. સાચું કહેવાની રાજાએ સજા આપી. આવા અભિમાની રાજાની સેવા હવે હું કરીશ નહીં.'

પુત્ર વિયોગથી દુઃખી મંત્રી સુબુદ્ધિએ રાજાએ આપેલું મંત્રી પદ છોડી દીધું. અસ્વસ્થ અને વૃદ્ધ થયાનું બહાનું બતાવી દીધું. પરંતુ જિતશત્રુ રાજા બધું સમજતા હતા. તેમણે અહંકારથી મંત્રીને કહ્યું :

'મંત્રી ! હું જાણું છું કે તમે શા માટે સેવા નિવૃત્ત થઇ રહ્યા છો. તમે છેવટે તો રાજવિરોધી પુત્રના પિતા છો. હું પણ તમને ઇચ્છતો નથી. તમે ઘરે બેસો. તમે એમ વિચારતા હશો કે મારા વિના કામ નહીં ચાલે. પણ એક વાત કહું છું તે સાંભળો.

'એક રથ નીચે કૂતરું ચાલતું હતું. એ કૂતરાએ વિચાર્યું : આ રથ મારી શક્તિથી ચાલે છે. ચાલતાં–ચાલતાં કૂતરું આગળ વધી ગયું અને ઘોડાના પગોમાં ફસાઈ ગયું. જ્યારે તેના ઉપર ઘોડાના પંજા પડયા ત્યારે કાંય–કાંય કરવા લાગ્યું. દયા ખાઈ સારથિએ રથ રોકયો અને કૂતરાને કાઢયું. રથ ફરી ચાલવા લાગ્યો. કૂતરાનો ભ્રમ દૂર થયો. તમારા વિના મારું કામ ચાલશે. હવે તમારા કામ માટે ચાર મંત્રી રાખીશ. તમે જોતા જ રહેજો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુબુદ્ધિ આટલા મોટા વિવાદનો શું જવાબ આપે ? તેમણે ચૂપ રહેવામાં લાભ માન્યો અને રાજાને મંત્રી ચિહ્ન આપી ઘરે આવ્યા. રાજાએ ચાર મંત્રીઓની નિમણૂંક કરી લીધી. ચારે નીચલા વર્ગના હતા. એક દરજી હતો. બીજો ઘાંચી અને બાકીના બે કુંભાર અને માળી હતા. તેમની નિમણૂંક કરતાં રાજાએ વિચાર્યું હતું :

'ચારે નીચી વર્ણના છે. કયારેય અક્કડ થશે નહીં. મંત્રી થવાનો તેમને અહંકાર પણ નહીં થાય. મારી ખુશામત કરશે.'

ચારે ખુશામતિયા હતા. અભણ–ગમાર અને અયોગ્ય પણ હતા. આવા મંત્રીઓથી દેશની પરિસ્થિતિ બગડવાની હતી. બગડી ગઈ. રાજા જિતશત્રુનો દેશ દુર્બળ થઈ ગયો. વર્ષો પસાર થયાં. એક દિવસ દોડતા–હાંફતા રાજસૂચકોએ રાજાને સમાચાર આપ્યા :

'રાજન્ ! અનર્થ થઈ ગયો. સાગર જેવું વિશાળ લશ્કર આપણા નગર તરફ ધસતું આવી રહ્યું છે. કોશોમાં ફેલાયેલી ચારે પ્રકારની સેના આ બાજુ આગળ આવી રહી છે.'

પહેલાં રાજાને વિશ્વાસ ન આવ્યો. પરંતુ તેમણે રાજભવનના નવમા માળથી જોયું તો દંગ થઈ ગયા. ચારે તરફ સેના જ સેના હતી. નીચે આવી ફરી સભામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી બેઠા. તો ગભરાયેલા હતા. રાજા જિતશત્રુએ સભા વિસર્જિત કરી. જેમ તેમ કરી રાત પસાર થઈ. બીજા દિવસે ફરી સભા મળી તો રાજાએ પોતાના ચારે ખુશામતિયા મંત્રીઓને કહ્યું :

'બોલો, હવે શું કરવું જોઈએ ?'

રાજાનો પ્રશ્ન પૂરો જ ન થયો ત્યાં જ સભામાં પુણ્યપાલના દૂત આવી ગયા. દૂતોએ આવીને કહ્યું :

'રાજન્ ! અમે સાત દેશોના મહારાજા અને ત્રણ દેશોના શાસક નરપાલનો સંદેશ લઈ આવ્યા છીએ. તમે તમારા મંત્રીઓ સાથે તેમને મળી તેમની આધીનતા સ્વીકારી લો. તેનાથી લોહી રેડાતું બચી જશે. અથવા પછી યુદ્ધ કરવા તૈયાર થઈ જાઓ. ક્ષત્રિય તો પડકાર આપી યુદ્ધ કરે છે.'

રાજા જિતશત્રુનો ચહેરો ભયને કારણે પીળો પડી ગયો. અટકતાં અટકતાં તે બોલ્યા :

'તમે તમારા રાજા પાસે પધારો. અમે તેમના સંદેશાનો જવાબ લઈ તેમની પાસે દૂત મોકલીએ છીએ.'

પુણ્યપાલના દૂત પાછા જતા રહ્યા. જિતશત્રુએ ફરી પોતાના મંત્રીઓ પાસેથી સલાહ લીધી :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

श्री महावीर जैन आराधना केन्द्र, कोबा.

'શું કરવું જોઈએ? આપણે આપણા સન્માનની રક્ષા કેવી રીતે કરીએ? આપણી સેના આમ તો વિશાળ અને યુદ્ધનિપુણ છે. પરંતુ આ આક્રમક રાજાની સેનાનો સાતમો ભાગ પણ નહીં હોય.'

દરજીએ ઉત્સાહથી કહ્યું :

'રાજન્! સોય કેટલી નાની હોય છે! છતાં કેટલા જાડા કપડાને વીંધી નાખે છે. તમે ચિંતા છોડી રણશિંગું વગડાવો.'

ઘાંચીએ પણ બડાઈ મારી. કુંભારે કહ્યું :

'જેમ ચાકડાને એક ડંડો ઘુમાવો છો, તેમ આપણી સેના આક્રમક સેનાને ઘુમાવી નાખશે. તમે પણ યુદ્ધ જાહેર કરો.'

માળીએ પણ પોતાનો મંત્ર આપ્યો :

'એક હાથથી હું સેંકડો સડી ગયેલાં ઝાડ ઉખાડી નાખતો હતો. તમે સેનાની વિશાળતાથી ડરો છો? યુદ્ધની તૈયારી કરો.'

રાજા જિતશત્રુએ પોતાનું કપાળ કૂટયું. અને પોતાના સેવકને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પૂર્વ મંત્રી સુબુદ્ધિ પાસે જા અને તેમને કહેજે કે દેશ તેમનો પણ છે. આપણા બધાનો દેશ એક જ છે. આજે દેશ પર મુશ્કેલી આવી છે. તરત આવી પોતાના સુબુદ્ધિ નામને સાર્થક કરે.'

મંત્રી સુબુદ્ધિ આવ્યા. બધી વાતો ઉપર વિચાર કરી તેમણે રાજા જિતશત્રુને સલાહ આપી–

'રાજન્! પોતાનાથી હજારગણી શક્તિ સાથે લડવામાં કોઈ બુદ્ધિ નથી. માથા સાથે માથું અથડાય તો કંઈ વાંધો નહીં. પણ માથા સાથે પત્થર અથડાય તો પત્થરનું શું બગડે? માથું તૂટી જશે. મારું માનો તો દ્રવ્ય વિગેરેની ભેટ આપી આક્રમક રાજાને સંતુષ્ટ કરીએ. એમાં આપણું કોઈ અપમાન નથી.'

રાજા જિતશત્રુએ આ જ કર્યું. રત્ન વિગેરેના થાળ સજાવ્યા. સુબુદ્ધિ વિગેરેને સાથે લઈ અજાણ્યા–જોયા વગરના આક્રમક રાજા પાસે ચાલ્યા. રાજા પુણ્યપાલનો દરબાર ભરાયો હતો. ધનુષાકારમાં સાત દેશોના રાજા પોત–પોતાના સિંહાસનો પર બેઠા હતા. તેમની ઉપર બધાથી ઊંચે ભૂમિ-મંચ પર પુણ્યપાલનું સિંહાસન હતું. પ્રતિહારીઓ ચમર ઢોળતી હતી. છત્ર ધરેલું હતું.

રાજા જિતશત્રુ નીચું માથું કરી બેસી ગયા. પુણ્યપાલને ઓળખી શકયા નહીં. કેવી રીતે ઓળખે? હવે તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શું નો શું થઇ ગયો હતો. બીજું એમની કલ્પનામાં પણ ન હતું કે પુણ્યપાલ રાજા થઈ શકે છે. પુણ્યપાલે જિતશત્રુને પ્રશ્ન કર્યો :

'અમારા દૂત સવારે આવ્યા હતા અને તમે હવે આવ્યા છો ? તમે આટલી વાર કેમ કરી ?'

જિતશત્રુ રાજાએ હાથ જોડીને કહ્યું :

'સ્વામી ! અપરાધ માફ કરો. જેમ દોરા વિના સોય, શાહી વિના લેખન અને ચક્ર વિના રથ વ્યર્થ હોય છે, તેમ તાર રહિત વીણાની જેમ મંત્રી વિના રાજા પણ વ્યર્થ થઈ જાય છે. હું મંત્રી વિનાનો રાજા છું. વિચારતાં વાર લાગી. કારણ કે જૂના મંત્રીને ફરી બોલાવડાવ્યા હતા.'

પુણ્યપાલે પૂછ્યું :

'તમારા મંત્રી સુબુદ્ધિ તો વિચક્ષણ છે. એ કયાં જતા રહ્યા હતા ?'

રાજાએ બધી વાત પુણ્યપાલને કહી. પુણ્યપાલ બોલ્યો :

'તમે જાઓ અને તમારા મંત્રીને અહીં મોકલો.'

મંત્રી સુબુદ્ધિ આવ્યા. એ હજુ સીધી રીતે ઊભા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ રહ્યા નહીં, ત્યાં જ પુણ્યપાલ પોતાના ઊંચા સિંહાસન પરથી નીચે ઉતરી આવ્યો અને પિતાના પગમાં દંડવત પ્રણામ કર્યાં. મંત્રી સુબુદ્ધિ બેબાકળા થઈ ગયા. હે–હે કરી પોતાનું આશ્ચર્ય પ્રગટ કર્યું ત્યારે પુણ્યપાલ ઊભો થઈ બોલ્યો :

'પિતા ! મને ઓળખો. હું તમારો પુણ્યપાલ છું.'

આશ્ચર્ય અને હર્ષથી ગાંડા થઇ મંત્રી બોલ્યા :

'પુણ્યપાલ ! અરે તું ? હા તો તું પુણ્યપાલ જ છે. અરે પુત્ર ! આ હું શું જોઈ રહ્યો છું. તું...તું.'

આનંદના અતિરેકથી મંત્રી સુબુદ્ધિ બેભાન થઈ ગયા. બેભાન પિતાને પુણ્યપાલે પોતાના સિંહાસન પર સુવાડયા. ઉપર ચામર ઢોળવા લાગ્યો. સુબુદ્ધિને ભાન આવ્યું તો પુત્રને પહોળી આંખોથી જોવા લાગ્યા. કશું બોલી શકયા નહીં. ત્યારે પુણ્યપાલ જ બોલ્યો :

'તાત! આશ્ચર્ય ન પામો. તમારા આશીર્વાદથી જ આ બધું થઈ ગયું. પહેલાં તમારી એક જ પુત્રવધૂ કનકમંજરી હતી. હવે તેની સાથે ચાર બીજી છે. તમારો પુણ્યપાલ ત્રણ દેશોનો રાજા બન્યો. આ બધું કેવી રીતે થયું એ એક વાર્તા છે. તે બેસીને સંભળાવીશ. હું શું સંભળાવીશ ? તમારી વહુઓ પણ સંભળાવશે. હવે રાજા જિતશત્રુને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બોલાવડાવો. તેમને પ્રમાણ આપી દઉં કે દરેક મનુષ્ય પોતાનાં કરેલાં કર્મોથી બને છે–બગડે છે.

રાજા જિતશત્રુ આવ્યા. તે પણ આશ્ચર્ય પામ્યા. કશું બોલી શકયા નહીં. પુણ્યપાલે પૂછયું:

'રાજન ! હું આજે પણ તમારી પ્રજા છું. તમારી રજા વિના તમારા નગરમાં કેવી રીતે પ્રવેશ કરું? તેથી તમને બોલાવ્યા. આ તકલીફ માટે માફ કરો. પરંતુ વીર પ્રભુની આ અમરવાણીને હવે તો સાચી માનો કે પોત—પોતાનાં પાપ—પુણ્યોથી જ મનુષ્ય સુખ—દુખ પ્રાપ્ત કરે છે.'

રાજા બોલ્યા:

'પોતાના નામને સમર્થ કરનાર પુણ્યપાલ ! આજે હું બહુ શરમિંદો છું. તમે મારો ભ્રમ દૂર કર્યો. મારો અહંકાર તૂટી ગયો. હું જે કંઈ છું, એ પોતાના પુણ્યથી જ છું. પોતાની પ્રજાના સુખ—દુખનો હું ઠેકેદાર બનતો હતો. એ મારો ભ્રમ જ હતો. પરંતુ જ્યાં સુધી દર્પણ સામે ન આવે ત્યાં સુધી પોતાના ચહેરાનો દોષ કયાં દેખાય છે?

'પુણ્યપાલ ! મેં તમને દેશવટો આપ્યો હતો. તમે સ્વીકારી લીધો. આજે કશુંક આપી રહ્યો છું. તેનો સ્વીકાર કરો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા જિતશત્રુએ પોતાનો રાજમુગુટ ઉતારી પુણ્યપાલને આપ્યો, આગ્રહ કરી તેના હાથમાં મૂકી દીધો અને બોલ્યા:

'વત્સ ! હવે તું આ દેશને સંભાળ. જ્યાં ત્રણ છે ત્યાં આ ચોથો પણ ખરો. પાપપુણ્ય બંને બંધન છે. બંને ફળ ભોગવવા માટે જન્મ–મૃત્યુ છે. હવે આ બંધનને તોડવાં છે. કર્મોનો નાશ કર્યા વિના મુક્તિ મળતી નથી.'

અત્યંત ધૂમધામથી પુણ્યપાલનો નગર પ્રવેશ થયો. હવે એ વિરાટનગરનો રાજા પણ થઈ ગયો. સંયોગ તો જુઓ કે તે જ વખતે વિરાટનગરમાં મુનિ આવ્યા. તેમની સાથે પાંચસો શ્રમણ હતા. રાજા જિતશત્રુ તો પહેલેથી જ નિશ્ચય કરી ચૂકયા હતા. મુનિનો બોધ સાંભળીને તો વૈરાગ્યનો રંગ વધારે પાકો થઈ ગયો.

સુબુદ્ધિ મંત્રી પણ પ્રભાવિત થઈ ગયા. પત્નીઓ કેમ રીતે પાછળ રહે ? રાણી પદ્માવતી અને મંત્રીપત્ની કમલાવતીએ પણ દીક્ષા ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો. ચારે મુમુક્ષુઓએ દીક્ષા અંગીકાર કરી લીધી. આત્મસાધના કરવા લાગ્યા. એના માટે તો નરભવ મળે છે. બીજાં બધાં કામ તો પશુ–પક્ષી પણ કરે છે.

રાજા પુણ્યપાલે વિરાટનગરને જ સ્થાયી નિવાસ બનાવ્યું. અહીંથી એ શ્રીપુર, મંગલપુર અને રત્નપુરીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાસનની દેખભાળ કરતો હતો. વિશ્વભૂતિ તાપસનો આપેલો ઊડતો ખાટલો તેની પાસે જ હતો. પુણ્યપાલ ન્યાય–નીતિથી રાજ્ય કરી રહ્યો હતો. સમય જતાં તેની બધી પત્નીઓ પુત્રવતી બની. બધા રાજકુમાર સુંદર હતા. બધા મોટા થઈ ભણવા લાગ્યા. બધાનો સમય આનંદથી પસાર થતો હતો.

એક વાર વિરાટનગરમાં આચાર્ય ધર્મઘોષ આવ્યા. સેંકડો શિષ્ય શ્રમણ તેમની સાથે હતા. નગરની બહાર ઉદ્યાનમાં બધા રહ્યા. ઉદ્યાન રક્ષક દોડતો–દોડતો રાજ-સભામાં આવ્યો. તે હાંફી રહ્યો હતો. ઝડપથી શ્વાસ પૂરો કરી બોલ્યો :

'અન્નદાતા ! વધામણી છે. આપણા નગરને પાવન કરવા આચાર્ય ધર્મઘોષ આવ્યા છે.'

'અરે બરેબર !' રાજા પુણ્યપાલ આનંદથી ઉન્મત થઈ ગયા. સિંહાસનથી નીચે ઉતર્યા. સાત ડગલાં આગળ વધીને મુનિની ભાવ વંદના કરી. માનસ વંદના સાક્ષાત્ પદવંદનથી હજારગણી મહાન હોય છે. પછી રાજાએ પોતાના ગળાનો હીરાનો હાર ઉતાર્યો અને ઉદ્યાન રક્ષકને આપતાં કહ્યું :

'જેવા શુભ અને કલ્યાણકારી સમાચાર તેં આપ્યા છે, તેની સામે આ તુચ્છ ભેટ છે. અમે હમણાં મુનિનાં દર્શન કરવા આવીશું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આખા નગરમાં સમાચાર ફેલાઇ ગયા. સ્ત્રી–પુરુષો ઉદ્યાન તરફ જવા લાગ્યાં. ઉછળતાં–કૂદતાં નાનાં બાળકો પણ જઇ રહ્યાં હતાં. મોટા–ઘરડા પણ લાકડીને ટેકે મુનિનો બોધ સાંભળવા જઈ રહ્યા હતા. રાજા પુણ્યપાલનો રથ તૈયાર થઈ ગયો. હાથી–ઘોડા પણ તૈયાર થયા. એ વાહનો પર બધું રાજકુટુંબ બેઠું. પુણ્યપાલ હાથી પર બેઠો.

પાંચે રાણીઓ પાલખીઓમાં હતી. બધા મુનિની ધર્મસભામાં પહોંચી ગયા. આમ તો દરરોજ ઉદ્યાનમાં શાંતિ રહેતી હતી, પરંતુ આજે એ શાંતિમાં આનંદરસ ઝરી રહ્યો હતો. મુનિની વાણી જાણે એ શાંતિરૂપી સોનામાં સુગંધ ભરી રહી હતી. મુનિ કહી રહ્યા હતા :

'આપણે બધા જ્ઞાનપાપી છીએ. જાણ્યા–સમજ્યા પછી પણ પાપ–કર્મ કરવાનું છોડતા નથી. પછી અજ્ઞાની બનવાનો ઢોંગ રચીએ છીએ અને રડીએ છીએ, જ્ઞાનપાપી. અર્થાત્ નાસ્તિક છીએ. જાણીએ છીએ કે મારું કોઈ નથી. આ શરીર પણ આપણું નથી.

'પરંતુ મરતી વખતે મારું–મારું કરે છે. પાપીનો તો ઉદ્ધાર થઇ જાય છે. સેંકડો હજારોનો થયો, પરંતુ જ્ઞાનપાપી માટે મુક્તિ અસંભવ છે. જે જાગવા છતાં ઊંઘે છે. તેને કોણ જગાડી શકે છે ?

'ઘણાં લોકો કહે છે, કરવાથી નથી થતું. કોઈ બીજું કરી આપે ત્યારે કામ થાય. મોંઢામાં ઘાસ નાખો તો બાઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લઈશ. આ બધી પુરુષત્વ હીન લોકોની વાતો છે. એમ વિચારો કે જો હું પોતાની જાતને બાંધી શકું છું, તો બોલી પણ શકું છું. સત્સંકલ્પ, સત્કર્મ અને ચારિત્રવૃત્તિ દ્વારા બધાં કર્મપાશનો નાશ કરી આપણે મુક્ત કેમ નથી થઈ શકતા ? જો આમ ન હોય તો ધર્મ શબ્દ જ આ ધરતી પરથી જતો રહે. પછી તો આ જગતમાં દયા, પ્રેમ, સાધુત્વનો દુકાળ પડી જાય.'

મુનિ ધર્મઘોષનો બોધ બહુ લાંબો હતો. કયાં સુધી લંબાવે ? તેમનો એક એક શબ્દ અમૃત જેવો હતો. ધર્મ-પ્રેમી શ્રોતાઓમાં રોમાંચ થઈ ગયો. જ્યારે મુનિનો બોધ પૂરો થયો તો ચારે દેશોના રાજા પુણ્યપાલ–મુનિ સામે હાથ જોડી ઊભા રહ્યા અને બોલ્યા :

'મહામુનિ ! સારાં–નરાણ બંને પ્રકારનાં કર્મબંધનોમાં બંધાઈ જન્મ લેવો પડે છે. કર્મબંધનના શુભાશુભ પ્રભાવથી આપણને સુખ–દુઃખ મળે છે. આ દૃષ્ટિથી હું મારો પૂર્વજન્મ સાંભળવા આકાંક્ષી છું. મેં પૂર્વભવમાં એવાં કયાં કર્મો કર્યાં હતાં, જેનાથી મને દેશવટો મળ્યો અને મને સમુદ્રમાં ધકેલી દેવામાં આવ્યો, છતાં પણ બચી ગયો અને ચાર દેશોનો રાજા તથા પાંચ પત્નીઓનો પતિ બન્યો ?'

મુનિ થોડીક ક્ષણો સુધી મૌન રહ્યા. પછી ધીર–ગંભીર વાણીમાં બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન્! જે જેવું કરે છે, તેવું ભોગવે છે. આ તો ચોક્કસ નિયમ છે. દૈનિક જીવનમાં પણ જુઓ. ભાંગ ખાશો તો તેના નશાથી ઝૂમી ઊઠશો. ઝેર ખાવાથી કોનું મોત નથી થતું ? તેનાથી ઊલટું ખાદ્ય-પૌષ્ટિક વસ્તુઓ ખાશો તો શરીર સ્વસ્થ-નીરોગી રહેશે.

આવો જ પ્રભાવ મનુષ્યના સૂક્ષ્માતિસૂક્ષ્મ કર્મોનો હોય છે. હવે તમે તમારો પૂર્વભવ સાંભળો. તમને સ્પષ્ટ થઈ જશે કે તમે કયા કર્મબંધનોનું ફળ અહીં ભોગવી રહ્યા છો ?

મુનિ ધર્મઘોષ પુણ્યપાલનો પૂર્વભવ તેને આ પ્રમાણે સંભળાવવા લાગ્યા કે વર્ષો પહેલાં મગધદેશના રાજગૃહ નગરમાં ધ્વજરથ નામના રાજા રાજ્ય કરતા હતા. તેમના નગરમાં મોટા-મોટા ધનવાન શેઠ રહેતા હતા. તેમાં ગંગદત્ત નામના એક શેઠ રહેતા હતા. સાગરચન્દ્ર નામના એક બીજા શેઠ પણ રહેતા હતા. બંને પડોશી હતા. બંને ધનવાન હતા. સાત-સાત માળનાં ઝગમગતાં ભવન હતાં. બંનેના ઘરમાં અપાર ધન હતું. સંયોગની વાત તો એ હતી કે બંને નિસંતાન હતા.

શેઠ ગંગદત્તની સાળી, અર્થાત્ તેમની પત્નીની સગી બહેન નિર્ધન અને વિધવા હતી. એ શેઠ સાગરચન્દ્રને ત્યાં દાસી હતી. આ બહુ વિચિત્ર સંસાર છે. સગી બહેન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોટીશ્વર શેઠની શેઠાણી હતી, છતાં પણ ગંગદત્તની સાળી બીજાની સેવા કરતી હતી. ગંગદત્તની પત્ની શેઠાણી લાછલદે-એ પોતાની બહેન મણિમાલાને કહ્યું પણ ખરું કે બહેન! તારા એક પેટ માટે મારે ત્યાં શું ખોટ છે? તું મારે ત્યાં કેમ નથી રહેતી ? મણિમાલાએ જવાબ આપ્યોઃ

'દીદી ! દાસી બનાવી તને મને રાખશો નહીં. મને પણ મારી સગી બહેનને ત્યાં દાસી કર્મ કરવાનું સારું નહીં લાગે. મફતમાં હું ખાઈ શકતી નથી. તમારા પડોશી શેઠ સાગરચન્દ્રને ત્યાં મહેનત–મજૂરી કરી પેટ ભરું છું, તેનાથી મારું સ્વમાન જળવાય છે. આત્મ–સંતોષ પણ મળે છે.'

પછી શેઠાણી લાછલદેએ પણ જીદ કરી નહીં. પોત–પોતાના સ્થાન પર બધા, અભિનેતા વિધાતાના નચાવ્યા નાચી રહ્યા હતા. સમય તો પસાર થાય જ છે. તેથી બધાનો સમય પસાર થતો હતો.

થોડા દિવસ તો શેઠ ગંગદત્ત અને શેઠાણી શ્રીતીને આશા રહી કે કયારેક ને કયારેક પુત્ર થશે જ. પરંતુ જ્યારે વર્ષો વીતી ગયાં તો તેમને નિરાશાએ ઘેરી લીધાં. શેઠ ગંગદત્ત વિચાવા લાગ્યાઃ

'શું મારો વંશ આગળ નહીં ચાલે ? આ અપાર સંપત્તિ કોણ ભોગવશે ? દાંત વિના મોંઢું જેમ વ્યર્થ છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમ પુત્ર વિના અમારું જીવન પણ વ્યર્થ છે. કોઈ ઉપાય કરું. શું ખબર ભાગ્યમાં એવું લખ્યું હોય કે ઉપાય કરવાથી સંતાન થશે.'

આમ વિચારી શેઠ–શેઠાણી બંને કુળદેવીની પૂજા કરવા બેસી ગયાં. ત્રીજા દિવસે દેવી પ્રગટ થઈ ગયાં. પોતાનો જમણો હાથ ઉઠાવી દેવીએ શેઠને પૂછયું:

'વત્સ! શું ઈચ્છો છો?'

ગંગદત્ત દેવીના પગમાં પડયા અને બોલ્યા :

'માતા ! મારા પછી તમારી પૂજા-આરાધના કોણ કરશે ? તમે તો મારી કુળદેવી છો. પછી મને પુત્ર કેમ નથી આપતાં ?'

કુળદેવી બોલ્યાં:

'શેઠ ! તમારે પુત્ર થશે. પરંતુ પુત્ર થતાં–થતાં તો તમે નિર્ધન થઈ જશો. હવે એ નિર્ણય તમે કરો કે ધન ઈચ્છો છો કે પુત્ર ? ખૂબ વિચાર કરી લો, ધન વિના આ સંસાર સૂનો છે. નિર્ધનને કોઈ પૂછતું પણ નથી.'

દૃઢ નિશ્ચય કરી શેઠ બોલ્યા:

'માતા ! નિઃસંતાન કોઈની સામે આવી જાય તો તેના શુકન બગડી જાય છે. પુત્ર હીન હોવા કરતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધનહીન હોવું સારું છે. ધનને શું કરવાનું ? પેટ ભરવા લાયક પુરુષાર્થ તો નિર્ધન પણ કરી નાખે છે. ધનવાન પણ પેટ ભરે છે. રત્ન–સુવર્ણ તો એ પણ નથી ખાતા. ધનમાં ફક્ત સામાન ખરીદવાની જ શક્તિ છે. સુખ આપવાની નહીં. તેથી મારે પુત્ર જ જોઈએ.'

'થશે જ થશે.' કહી દેવી પોતાની પ્રતિમામાં સમાઈ ગઈ. તે રાતે શેઠાણી લાછલદે ગર્ભવતી થઈ ગઈ. ભાગ્યનો ખેલ નષ્ટ થતો નથી. ભાગ્યના બનાવેલા બહાનાંથી શેઠ ગંગદત્ત નિર્ધન થઈ ગયા. નવ મહિના પછી જ્યારે તેમને પુત્રો થયો તો તેમની પાસે જન્મોત્સવ ઉજવવા માટે કૂટી કોડી પણ ન હતી નિરાશ–હતાશ શેઠ ગંગદત્ત પડોશી સાગરચન્દ્ર પાસે પહોંચ્યા. સાગરચન્દ્ર શેઠે કહ્યું :

'શેઠ ગંગદત્ત ! મૂડી તો આપું, પણ તમારે ભારે વ્યાજ આપવું પડશે તમે મૂડી તો શું, પણ વ્યાજ પણ આપી શકો તેમ નથી. તમને શી રીતે પૈસા આપું ?'

શેઠ ગંગદત્ત પોતાની વિવશતા પર રડી પડયા. હવે તો એ નામના જ શેઠ રહી ગયા હતા. તેમને ચૂપ જોઈ સાગરચન્દ્રએ કહ્યું :

'એક ઉપાય બતાવું છું. સારો લાગે તો માની લેજો. વ્યાજના બદલામાં તમારો પુત્ર મને આપી દો. પછી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમારી ઈચ્છામાં આવે ત્યારે મારી મૂડી પાછી આપજો અને તમારો પુત્ર પાછો લઈ જજો.'

'મને મંજૂર છે.' લાચાર માણસ શું નથી કરતો? શેઠ ગંગદત્તે સાગરચન્દ્રની શરત સ્વીકારી લીધી. લખાણ પાકું થઈ ગયું. નગરના પાંચ આગેવાન માણસોની સાક્ષી પણ નક્કી થઈ ગઈ. ઋણ લઈ શેઠ પોતાના ઘરે પહોંચ્યા. દસમા દિવસે પુત્રનો નામકરણ સંસ્કાર કરાવ્યો. પોતાના પુત્રનું નામ દેવદત્ત રાખ્યું. જ્યારે ગંગદત્ત દેવદત્તને લઈ સાગરચન્દ્રને ઘરે જવા લાગ્યા, તો શેઠાણી લાછલદે રડી પડી. તે માતા હતી. બાપ તો કઠોર હોય છે. કઠોર બાપે માતાને સમજાવી :

'શેઠાણી! આપણો દેવદત્ત કયાં જવાનો છે! નગરમાં તો રહેશે જ. આપણી પાસે તેના દૂધની પણ વ્યવસ્થા નથી. સાગરચન્દ્રને ત્યાં તેને પાંચ દાસીઓ પાળશે. એ પણ તો નિસ્સંતાન છે. પોતાના પુત્રની જેમ જ એને ભણાવશે. કયારેક તો આપણી પાસે ધન આવશે. પાળેલો–પોષેલો અને ભણેલો દેવદત્ત આપણને મળશે.'

શેઠાણી લાછલદેને પોતાના હૃદય પર પત્થર રાખવો પડયો. દેવદત્ત સાગરચન્દ્રના ઘરે પહોંચી ગયો. સાગરચન્દ્રએ પોતાના સ્વાર્થને જોઈ વિચાર્યું.

'આ દેવદત્ત મારો કૂળદીપક બનશે. ગંગદત્ત કયારેક પણ મારી મૂડી ચૂકવવા લાયક થઈ શકશે નહીં. મારું કામ થઇ જ ગયું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગંગદત્ત હવે એટલા ગરીબ થઈ ગયા કે તેમને નગર છોડવું પડયું. પતિ–પત્ની બંને પરદેશ ચાલ્યાં ગયાં. તેમનાથી પોતાના નગરમાં મજૂરી કેવી રીતે થાય ? અહીં દેવદત્ત મોટો થઈ ભણવા લાગ્યો. સંયોગથી સાગરચન્દ્રને પણ એક પુત્ર થયો. હવે સાગરચન્દ્રની મમતા દેવદત્ત પરથી ઊઠી ગઈ અને પોતાના પુત્ર પર વધારે પ્રેમ કરવા લાગ્યા. આ ભેદ–ભાવને જોનાર સાગરચન્દ્રની દાસી મણિમાલા હતી. એ દેવદત્તની માસી થતી હતી.

સાગરચન્દ્રને દેવદત્ત હવે એવો ખટકવા લાગ્યો કે એ તેને પોતાની આંખો સામેથી દૂર કરવા માગતા હતા. તેથી એક દિવસ બોલ્યા :

'દેવદત્ત ! હવે તું મોટો થઇ ગયો છે. ભણી પણ રહ્યો. હવે શું ઘરે બેસી રહીશ ? વિદેશ જઈ વેપાર કર. તારો નાનો ભાઈ રત્નચન્દ્ર હજુ બહુ નાનો છે, નહીં તો તમને બંનેને મોકલત.'

દેવદત્ત ઉત્સાહથી બોલ્યો :

'એમાં શું વાંધો છે ? મારી એટલી ભૂલ કે હું કહી ન શકયો. તમારે કહેવું પડયું. તમે વહાણ તૈયાર કરાવો. તમારા આશીર્વાદથી ખૂબ લાભ કમાઈ ને પાછો આવીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પાછો આવીશ' એ શબ્દ સાગરચન્દ્રને ખટકયો, પરંતુ તેમણે પોતાનું મન મનાવ્યું–

'પાછો કેવી રીતે આવશે ? નાનો તો છે. સાગરમાં ડૂબી જશે. ડગલે–પગલે તોફાન આવે છે. છતાં પાછો આવશે તો કમાઈને લાવશે. મને તો બંને તરફથી લાભ છે.'

દેવદત્તના વહાણમાં માલ ભરાઈને જતો હતો. એકાંત જોઈ મણિમાલા તેની પાસે આવી ગઈ અને દેવદત્તને તેના જન્મનું રહસ્ય સમજાવી બોલી :

'હું તારી માસી છું. તારું હિત જોઈ અત્યાર સુધી છુપાવ્યું. હવે જણાવવામાં તારું હિત જોયું તો જણાવ્યું. વહાણમાં જેટલી કિંમતનો માલ હોય તે લખાવી લેજે. કેટલો નફો પાછો આપવાનો છે, એ પણ પાકું કરી લેજે. બાકીના નફામાંથી તારા પિતાનું ઋણ ચૂકવી દેજે. પુત્ર ! સાગરચન્દ્ર પાસે પાંચ પંચની સાક્ષી વાળું પ્રતિજ્ઞાપત્ર છે. ફરી શકશે નહીં.'

દેવદત્ત માસી મણિમાલાને પગે લાગ્યો. અને બોલ્યો :

'માસી ! એ પુત્ર જ કેવો, જે સમર્થ હોવા છતાં માતા–પિતા દુઃખ સહન કરે ! કૃષ્ણએ નાની ઉંમરમાં જ કંસને મારી પોતાનાં માતા–પિતાને કેદખાનામાંથી છોડાવ્યા હતાં.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવદત્તે શેઠ સાગરચન્દ્રને કહ્યું :

'પૂજ્ય પિતા! જેટલી કિંમતનો માલ હું લઇ જઉં છું, તેનું લખાણ કરી લો અને એ પણ લખી આપો કે કિંમતની સાથે–સાથે આટલો નફો મારે ઓછામાં ઓછો પાછો આપવાનો છે. વધારાનો નફો મારો હશે. ત્યારે તો વેપારમાં મારો ઉત્સાહ વધશે.'

સાગરચન્દ્રે કહ્યું :

'તારું–મારું શું હોય છે? તું મારો પુત્ર થઇને મારું–તારું કરે છે? જેટલો નફો મેળવી શકે એ બધો મારો જ છે. મારા મૃત્યુ પછી તમારા બંને ભાઇ-ઓનું છે.'

'તો તો હું નહીં જઉં. આવી રીતે મારાથી વેપાર નહીં થાય.'

લાચાર થઈ સાગરચન્દ્રને પાકું લખાણ કરવું પડ્યું. વહાણ લઈ દેવદત્ત ચાલ્યો ગયો. ભાગ્યશાળી તો હતો જ, તેથી સકુશળ સાગર પાર કરી પાટણપુર પહોંચી ગયો. ચાર ગણા લાભ સાથે તેનો માલ વેચાયો પાટણ-પુરીના પાંચ શેઠોએ પોત–પોતાની કન્યાઓ સાથે દેવદત્ત-નાં લગ્ન કરી નાખ્યાં. આ શ્રેષ્ઠિ કન્યાઓ સખી–સહેલીઓ હતી અને તેમની પ્રતિજ્ઞા હતી કે એક જ પતિની પત્ની બનીશું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવદત્તને દહેજમાં અપાર ધન મળ્યું. પાંચે પત્નીઓને લઈ ને દેવદત્ત પોતાના નગરમાં પાછો ફર્યો. પોતાના જીવનનો બધો વૃત્તાંત તેણે પોતાની પત્નીઓને કહી દીધો. જ્યારે એ પોતાના ઘરે પહોંચ્યો, તો તેની પત્નીઓ મણિમાલાના પગમાં પડી. સાગરચન્દ્રની શેઠાણી જોતી જ રહી ગઈ. તેણે કહ્યું :

'વહુઓ ! તમે ગાંડી તો નથી ને ? પોતાની સગી સાસુ–મારી તરફ જોયું પણ નહીં અને એક દાસીના પગમાં પડવા લાગી ?'

વહુઓએ કહ્યું :

'શેઠાણી ! અમારી આ માસીસાસુ છે. તમે અમારાં કાંઈ નથી. અમારાં સગાં સાસુ–સસરા શેઠ ગંગદત્ત અને શેઠાણી લાછલદેની કોઈ ખબર નથી. હવે તેમની શોધ કરવાની છે.'

સાગરચન્દ્રની આંખો પહોળી થઈ ગઇ. તે બોલ્યા :

'દેવદત્ત ! જરૂર તને મારા કોઈ દુશ્મને બહેકાવ્યો છે. તું તો મારો જ પુત્ર છે.'

દેવદત્ત વાત બદલી બોલ્યો :

'શેઠજી ! પિતાનું ઋણ પુત્ર પણ ચૂકવી શકે છે. હું મારા પિતાનું ઋણ ચૂકવીશ. તમે ઋણપત્ર કાઢો, નહીંતર હું પાંચે પંચોને બોલાવીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાગરચન્દ્ર બહુ ગુસ્સે થયો. પણ તેનું કશું ચાલ્યું નહીં. સાક્ષી–પંચો સામે દેવદત્તે પહેલાં તો લખાયેલા કરાર પ્રમાણે સાગરચન્દ્રની રકમ વચન પ્રમાણે લાભ સહિત પાછી આપી. પછી વધારાના નફામાંથી પોતાના પિતાનું ઋણ ચૂકવી દીધું અને સાગરચન્દ્ર પાસેથી ઋણપત્ર પાછું લઇ લીધું.

પછી પોતાની માસી મણિમાલા અને પાંચે પત્નીઓ સહિત પોતાના પિતાની સૂની પડેલી હવેલીમાં પહોંચ્યો. શેઠ ગંગદત્તની હવેલીમાં ચામાચીડિયાંએ પોતાનો અડ્ડો જમાવી લીધો હતો. બધું બરાબર થઈ ગયું.

ગંગદત્તનું ભવન હવે રાજભવન જેવું લાગવા માંડ્યું. દેવદત્ત ઠાઠથી રહેવા લાગ્યો. તેની પાંચે પત્નીઓ તેની સેવામાં હાજર રહેતી. પાંચે માસી–સાસુ મણિમાલાની સેવા પણ કરતી. ઘરમાં દાસ–દાસીઓ પણ આવી ગયાં. પાંચ સસરાઓ તરફથી મળેલા અપાર ધનથી દેવદત્તે પોતાનો વેપાર વધાર્યો. માતા–પિતાની શોધ કરી. તે પણ મળી ગયાં. તેમને પણ મળવું જ હતું. સમય આવે ત્યારે વિખૂટાં પડેલાં બધાં મળે છે. દેવદત્ત જેવા પુત્ર અને સુંદર–સુશીલ પુત્રવધૂઓને પ્રાપ્ત કરી જે પ્રસન્નતા ગંગદત્ત અને લાછલદેને થઈ તેનું વર્ણન કોણ કરે? હવે તો લાછલદેની સાથે તેની સગી બહેન મણિમાલા પણ રહેતી હતી. સમય બદલાય છે તેની સાથે વિચાર પણ બદલાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે મણિમાલાએ વિચારી લીધું કે પોતાનામાં રહેવા માટે આત્મ સંતોષ કેવો ? હું દેવદત્તની માસી છું. માસી અને માતામાં વધારે તફાવત પણ નથી. જાણે દેવદત્તના જન્મનું રહસ્ય બતાવવા માટે જ મણિમાલાને વિધાતાએ સાગરચન્દ્રની દાસી બનાવી હોય.

પહેલાં જ લાછલદે સાથે રહેતી હોત તો મણિમાલાને પણ નગર છોડવું પડત. પછી દેવદત્ત આજ જેવો કેવી રીતે બની શકત ? વિધાતા પણ મોટો ખેલાડી છે. આ પ્રમાણે એ ફેરબદલી કરે છે. ફેરબદલી એ તો સંસારનું ચક્ર છે.

એક વાર રાજગૃહ નગરમાં મુનિ યશોભદ્ર આવ્યા. ભિક્ષા માટે ફરતા ફરતા એ દેવદત્તના ઘરે પહોંચ્યા. પાંચે પત્નીઓ સહિત દેવદત્તે મુનિ યશોધરની મશ્કરી કરી અને તેમને ભોજન આપ્યું નહીં. મુનિએ બીજા ઘરેથી ભોજન લાઇ પોતાનાં માસિક ઉપવાસનાં પારણાં કર્યાં.

સમય જતાં શેઠ ગંગદત્ત અને શેઠાણી લાછલદે સ્વર્ગવાસી થયાં. દેવદત્ત અને તેની પત્નીઓ પણ પરલોકવાસી થઈ. મુનિ નિંદાને કારણે એ છએ જણે એક નિર્ધન શુદ્રના ઘરે જન્મ લીધો. દેવદત્ત ભાઇ બન્યો અને તેની પત્નીઓ બહેનો બની. આ તો સંસારનું ચારિત્ર્ય છે. છતાં પણ લોકો નશ્વર સગા–સંબંધમાં પોતાપણું શોધે છે.

એ છએ શુદ્રવંશી પ્રાણી ઘોર ગરીબાઇનું દુઃખ ભોગવતાં હતાં. માગી–માગીને પેટ ભરતાં હતાં. કુરૂપ પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવાં કે કોઇ જોવા માગતું ન હતું. આ જ તો કર્મની બલિહારી છે.

થોડા સમય પછી મુનિ યશોધર ફરી રાજગૃહ નગરમાં આવ્યા. દેવદત્તના ભવન પર પહોંચ્યા તો આશ્ચર્ય પામ્યા. ભવન તો એ જ છે, પરંતુ આમાં રહેનાર કયાં જતાં રહ્યાં ? મુનિ યશોધર શુભ–શુકલ ધ્યાનમાં ડૂબી ગયા તો કેવલજ્ઞાન પ્રાપ્ત થયું.

પછી તો તેમને બધી ખબર પડી ગઇ. જ્યાં શૂદ્ર ભાઈ–બહેન ગરીબાઈ ભોગવી રહ્યાં હતાં, તે ગામમાં પહોંચ્યા. તેમને ઉપદેશ આપ્યો અને તેમની ગરીબાઈનું રહસ્ય જણાવ્યું. પછી છએ સંતસંવી થઈ ગયાં. પરંતુ મુનિદાન કરતી વખતે શૂદ્ર ભાઈ–બહેન પછીથી પસ્તાયાં. છતાં પણ પાત્રદાનનો મહિમા અપાર છે. છએ મૃત્યુ પામી સ્વર્ગમાં દેવ બન્યાં.

વિરાટનગરના ઉદ્યાનમાં બેઠેલા સંતશિરોમણી આચાર્ય ધર્મઘોષ પુણ્યપાલને તેનો પૂર્વભવ સંભળાવતા હતા. છેલ્લે એમણે પુણ્યપાલને આ પ્રમાણે કહ્યું :

'રાજન્ ! સ્વર્ગમાંથી મુક્ત થઈ તમે હવે પુણ્યપાલ બન્યા છો. પહેલાં તમે જ દેવદત્ત હતાં. પૂર્વપ્રીતિને કારણે પૂર્વભવની પાંચે પત્નીઓ તમને આ ભવમાં પણ પ્રાપ્ય થઈ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન્! મુનિનંદા તથા દાન આપી પસ્તાવાને કારણે તમને દુઃખ મળ્યું. જ્યારે વિરાટનગરથી તમને દેશવટો મળ્યો, ત્યારે તમે કેટલી તરસનું દુઃખ ભોગવ્યું હતું. તમે સમુદ્રમાં પડયા હતા. પત્નીઓથી વિખૂટા પડયા. પરંતુ પાત્રદાન કરી તમે અમાપ પુણ્યોનો સંચય પણ કર્યો હતો, તેથી આજે ચાર રાજ્યોના વૈભવશાળી રાજા છો. આ છે તમારા પૂર્વભવનું રહસ્ય.'

પુણ્યપાલ મુનિના પગમાં પડયો. તેની આંખો ઊઘડી ગઈ. હવે વાર શા માટે? મુનિ પાસે ચારિત્ર ગ્રહણ કરવાની રજા માગી. પુણ્યપાલ રાજમાં પોતાનાં બંધાયેલાં બંધનો કાપવાનો ઉત્સાહ જાગી ગયો. તેની પાંચે પત્નીઓએ પણ તેનું અનુકરણ કર્યું. તેણે પુત્રોને રાજ્ય વહેંચી આપ્યું અને હવે ધર્મના શરણે આવી ગયો.

રાજર્ષિ પુણ્યપાલ અને પાંચે સાધ્વીઓ–સાધ્વી કનકમંજરી, સૌભાગ્યમંજરી, તિલકમંજરી, કુસુમશ્રી અને ગુણમાલા છએ મુમુક્ષુઓએ ગુરુ સાથે વિરાટનગરથી બીજી જગ્યાએ વિહાર કર્યો. પુણ્યપાલે કઠોર તપ કર્યું. તેને કેવલજ્ઞાન કેવલદર્શનની પ્રાપ્તિ થઈ. આ નશ્વર શરીરને પૂરું કરી કેવલી પુણ્યપાલે જન્મ–મરણના બંધ તોડી નાખ્યા અને મોક્ષ પદ પ્રાપ્ત કર્યું. સાધ્વીઓ સ્વર્ગમાં દેવ બની. આગળના ભવમાં એ પણ શિવપુરવાસિની બનશે. મોક્ષ પ્રાપ્ત કરવા માટે તો અનેક વાર મનુષ્યદેહ ધારણ કરવા પડે છે.

*

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવનનો સાર

શેઠ જિનદત્ત વિદેશ યાત્રા માટે તૈયાર થયો. તેણે આખા નગર વાસીઓને પૂછયું કે હું વિદેશ જઈ રહ્યો છું. તમારે જે વસ્તુની જરૂર હોય તે મને કહો. જ્યારે હું પાછો આવીશ ત્યારે લેતો આવીશ.

કોઈકે હાર મંગાવ્યા, વિવિધ પ્રકારના અલંકારો મંગાવ્યા, વસ્ત્રો મંગાવ્યાં. શેઠ રાજા પાસે પહોંચ્યો. રાજાએ કહ્યું :

"શેઠ ! મારે માટે ચાર સાર લઇ આવજો."

શેઠ વિદેશ પહોંચ્યો. તેણે વ્યાપાર શરૂ કર્યો. ઘણા પૈસા કમાયો. વ્યાપાર સમેટી શેઠ બાર વર્ષ પછી પોતાના દેશમાં પાછો ફર્યો. તેણે જે લોકોએ વસ્તુ મંગાવી હતી તે વસ્તુઓ ખરીદી. પોતાની મનપસંદ વસ્તુઓ ખરીદી. પણ રાજા માટે ચાર સાર કોઈ દુકાનમાં મળ્યા નહીં. શેઠ ચિંતા કરવા લાગ્યો. ચાર સાર ક્યાંથી મળશે ? એક બુદ્ધિમાન સજ્જને શેઠને ચિંતાતુર જોઈ કહ્યું :

'શ્રેષ્ઠીવર ! તમારે કઈ વસ્તુની જરૂર છે ?'

શેઠે ચાર સારની વાત કહી. તે બુદ્ધિશાળી સજ્જને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આ ચાર સાર કોઈ દુકાને મળશે નહીં. આ નગરમાં વસંતસેના નામની વેશ્યા છે. તે બહુ જ બુદ્ધિશાળી છે. તમે એની પાસે જશો તો ચાર સાર તમને મળશે.'

શેઠ જિનદત્ત વેશ્યા વસંતસેના પાસે પહોંચ્યો. વસંતસેનાએ શેઠનું સ્વાગત કર્યું અને પૂછ્યું :

'મારે લાયક કોઈ કામ હોય તો કહો.'

શેઠ જિનદત્તે કહ્યું :

'જેવી રીતે તલનો સાર તેલ છે, દૂધનો સાર મલાઈ છે, તેમ ચાર મહત્વપૂર્ણ સાર જોઈએ છે. કેમકે અમારા રાજાએ મારી પાસે ચાર સાર મંગાવ્યા છે.'

બુદ્ધિશાળી વસંતસેનાએ કહ્યું :

'હું તમને ચાર સાર બતાવું છું, પણ તેની કિંમત બહુ જ છે. તમે એની કિંમત આપી શકશો નહીં.'

શેઠે કહ્યું :

'કિંમતની ચિંતા નથી. મારે ચાર સાર લઈ જઈ રાજાને આપવા છે. જો હું ચાર સાર નહીં લઈ જઉં તો રાજા મારા પર ગુસ્સે થશે.'

વેશ્યાએ કહ્યું :

'એક સારની કિંમત એક લાખ મુદ્રા આપવી પડશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેઠે આપવાની હા પાડી, ત્યારે વેશ્યાએ કહ્યું :

'સૌથી પહેલેા સાર એ છે કે જે સમયે ક્રોધ આવે તે સમયે તેને મારી નાખેા. ક્રોધ ઉપર સંયમ રાખેા.'

બીજો સાર છે : 'વધારે ઊંઘેા નહીં.'

ત્રીજો સાર : 'વેરીને પ્રેમથી વશ કરેા.'

ચેાથેા સાર : 'સ્ત્રીની વાત માનેા નહીં.'

આ ચાર સાર અને બીજી વસ્તુએા લઈ શેઠ પેાતાના નગરમાં આવ્યેા. જે લેાકેાએ જે–જે વસ્તુએા મંગાવી હતી તે બધાને આપી દીધી અને પેાતે જે વસ્તુ લાવ્યેા હતેા તે ઈચ્છા પ્રમાણે બધાને આપી દીધી.

ત્યાર પછી શેઠ રાજ સભામાં પહેાંચ્યેા. રાજાને પ્રણામ કરી શેઠ આસન પર બેઠેા. રાજાએ પૂછયું :

'શેઠજી ! મેં ચાર સાર મંગાવ્યા હતા, તે લાવ્યા ?'

શેઠે કહ્યું :

'રાજા ! મારે તેના માટે બહુ જ મહેનત કરવી પડી. પણ તે કયાંય મળ્યા નહીં. છેવટે એક સાર માટે એક લાખ મુદ્રા આપી, મેં તમારે માટે તેને ખરીદ્યા.'

રાજાએ ચારે સાર શેઠ પાસેથી લઈ લીધા અને ઈનામમાં પાંચ લાખ મુદ્રાએા આપી. અને બીજી કિંમતી વસ્તુએા આપી, તેમનું સન્માન કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેઠ ગયા પછી રાજાએ વિચાર્યું :

'આ ચાર સાર તો બહુ મોંઘા પડયા. આ રાજ્યનું ધન આ પ્રમાણે વેડફાવા માટે છે? મારે ચાર સારની પરીક્ષા કરવી પડશે કે આ ચાર સારમાં શું છે?'

રાજા તે દિવસે રાજ્યના કામમાંથી પરવારી સૂવા માટે પોતાના અંતઃપુરમાં પહોંચ્યો. પણ આ શું? તે દેખતો જ રહી ગયો. તેના પલંગ ઉપર મહારાણી ઊંઘતી હતી અને તેની પાસે એક પુરુષ પણ ઊંઘતો હતો પુરુષને જોઈ રાજાને ગુસ્સો ચઢયો. તેણે વિચાર્યું કે રાણી વ્યભિચારી છે. રાજાનો હાથ તલવાર પર ગયો. પરંતુ તેને યાદ આવ્યું કે આજે જ મેં શેઠ પાસેથી ચાર સાર લીધા છે. સૌથી પહેલો સાર છે :

'ક્રોધ પર સંયમ રાખો.' જોઉં તો ખરો કે આ સાર છે કે નહીં?'

રાજાએ તલવાર મ્યાનમાં મૂકી દીધી અને ધીરેથી પલંગ નીચે સંતાઈ ગયો. થોડા સમય પછી મહારાણી જાગી. તેણે પુરુષધારી પતિની બહેનને ઉઠાડતાં કહ્યું :

'જલ્દી ઊઠો. મહારાજા આવી જશે તો આવી બનશે. તેમના મનમાં શંકા ઉઠશે તો જીવનનો આનંદ પૂરો થઈ જશે. આવેશમાં આવી કદાચ તમને અને મને મારી પણ નાખે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નણંદ ઊઠી ગઇ અને બોલી :

'અરે ! હું ભાઈના વેશમાં ભાઇના જેવી જ લાગું છું. કપડાં બરાબ થઇ ન જાય. હું તો અહીં જ સૂઇ ગઇ.'

તેણે ઊઠી પુરુષનો વેશ કાઢી નારીનો વેશ પહેરી લીધો.

રાજા પલંગ નીચે બેસી જોઈ રહ્યો હતો : અરે ! આ તો મારી બહેન છે. સાત પેઢીમાં પહેલી વાર બહેન થઇ. મારી બહેન ઉપર મને ખૂબ પ્રેમ છે. જો મેં તેને મારી નાખી હોત તો જીવનભર મને બહુ જ પસ્તાવો થાત. અને મહારાણીને મારી નાખી હોત તો એ કાર્ય પણ મને ખૂંચત. જો આ સાર મેં ખરીદ્યો ન હોત તો આજે ભયંકર અનર્થ થઇ જાત. આજે મારી સવા લાખની કિંમત વસૂલ થઈ ગઈ. બીજા સાર પણ આવી રીતે જ કિંમતી હશે. મારે તેની પણ પરીક્ષા લેવી છે.

રાજા બીજા સારની પરીક્ષા કરવા ઊંઘ ઓછી કરવા લાગ્યો. એક રાતે તે પલંગ પર સૂઇ ગયો હતો. કોઈ સ્ત્રીનો રડવાનો અવાજ તેના કાને પડયો. રાજાએ વિચાર્યું કે રાત્રે કોણ દુખિયારી રડી રહી છે ? હું રાજા છું, તેથી મારું કર્તવ્ય છે કે તેનું દુઃખ મારે દૂર કરવું જોઈએ.

રાજાએ હાથમાં તલવાર લીધી અને જે દિશામાંથી રડવાનો અવાજ આવતો હતો, તે દિશામાં આગળ વધ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ જોયું કે એક સ્ત્રી રડી રહી છે. પરંતુ તે વિશિષ્ટ નારી છે. તેનાં વસ્ત્રો ઉપરથી એમ લાગે છે તે કે દેવી છે. રાજાએ પૂછયું :

'તમે કોણ છો ? અડધી રાતે કેમ રડી રહ્યાં છો ?'

તેણે કહ્યું :

'હું આ રાજ્યની કુળદેવી છું. આ રાજાના કુળની રક્ષા કરવાનું કામ મારું છે.'

રાજાએ પૂછયું :

'માતાજી ! તો પછી તમે કેમ રડી રહ્યાં છો ?'

દેવીએ કહ્યું :

'આજથી સાતમા દિવસે એક પ્રહર દિવસ ચઢયા પછી રાજાને એક નાગ કરડશે. તે નાગ બહુ જ ભયંકર છે.'

રાજાએ પૂછયું :

'તે નાગ કયાં છે ? કઈ દિશામાંથી આવશે ?'

દેવીએ કહ્યું :

'તે નાગ પૂર્વ દિશામાંથી આવશે. મહેલમાં પ્રવેશી રાજાને કરડશે. જેથી રાજા મૃત્યુ પામશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા કુળદેવીને પ્રણામ કરી મહેલમાં આવ્યો. રાજાએ અનુભવ કર્યો કે વધારે ઊંઘવાથી હું આ રહસ્ય જાણી શકત નહીં. તેથી બીજો સાર પણ બહુમૂલ્ય છે.

ત્રીજો સાર એ છે કે વેરીને પ્રેમથી વશ કરો. મને બીજા સારથી વેરી જડી ગયો છે. હવે હું પ્રેમથી વેરીને વશ કરીશ અને આ સારને પણ અજમાવીશ.

પૂર્વ દિશામાંથી સાપ આવવાનો હતો. તેથી એ રસ્તા પર ફૂલો અને ફળો પાથર્યાં. દરેક જગ્યાએ ઘીનો દીવો અને અગરબત્તી સળગાવી અને સુગંધિત દૂધ મૂકયું. જ્યાં રાજા બેઠો હતો ત્યાં ચારે બાજુ સુગંધિત વાતાવરણ હતું અને દૂધના કટોરા ભરી રાખ્યા હતા.

સાપે સુગંધિત વાતાવરણ જોયું અને તેનો ગુસ્સો શાંત પડી ગયો. તેના મનમાં એ ભાવના હતી કે એક વાર મને રાજાએ માર્યો હતો અને હું બેભાન થઈ ગયો હતો. ત્યારે મેં પ્રતિજ્ઞા કરી હતી કે હું રાજાને મારીશ. પણ રાજા આજે મારું સ્વાગત કરવા આતુર છે. તેથી નાગરાજા રાજા ઉપર પ્રસન્ન થઈ ગયો. તે સામાન્ય નાગ ન હતો, નાગદેવ હતો. તેણે રાજાને માનવ ભાષામાં કહ્યું :

'હું તમારા ઉપર પ્રસન્ન છું. તમે શું માગો છો ?'

રાજાએ કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'નાગરાજ ! તમારી કૃપા દૃષ્ટિનો હું અભિલાષી છું તમે માગવાનું કહ્યું છે તો મને એવું વરદાન આપો કે: જેથી હું પશુઓની ભાષા સમજી શકું.'

નાગરાજે તથાસ્તુ કહ્યું અને ચેતવણી આપી કે: રાજન, તમે પશુ-પક્ષીઓની ભાષા સમજી શકશો, પણ: આ વાત કોઈને કહેશો નહીં. જો કોઈને આ વાત કહેશો. તો તમારું મૃત્યુ થશે. સાથે તમને વરદાન આપું છું કે: પ્રાણીનો કઈ ગતિમાં જન્મ થયો છે તે પણ તમે જાણી. શકશો. પણ આ કોઈને કહેશો નહીં.

આટલું કહી નાગરાજ અદૃશ્ય થઈ ગયો. રાજાએ જોયું કે ત્રણ સારની પરીક્ષા કરી ચૂકયો છું. હવે ચોથા સારની પરીક્ષા કરવાની છે.

રાજા વરદાનથી કયો મનુષ્ય કયાં જન્મ્યો છે તે: જાણવા લાગ્યો. મહારાણીનો ભાઈ હતો. તે મરી ગયો. તે બહુ દંભી હતો. તેનું બહારનું જીવન ધર્મરંગી લાગતું હતું, પરંતુ એ વ્યભિચારી હતો. પરસ્ત્રીગામી હતો. રાજાએ જોયું કે મારો સાળો મરીને કયાં ગયો છે ? તે નરકમાં ગયો હતો. ત્યાં યમદૂતો તેને મારી રહ્યા હતા.

રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે પાપ છુપાવવાથી છુપતું નથી. છુપાઈ રાખેલા પાપનું ફળ ભોગવવું પડે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

રાજાના ચહેરા ઉપર હાસ્ય છવાઈ ગયું. સાળાનું શબ સામે પડેલું હતું. રાજાના ચહેરા પર હાસ્ય જોઈ મહારાણીની અંગત દાસીએ રાણીના કાનમાં કહ્યું :

'તમારો ભાઈ મૃત્યુ પામ્યો છે, છતાં મહારાજા હસી રહ્યા છે. તેમના મૃત્યુથી તે ખુશ થયા છે.'

બે ચાર દિવસ પછી રાજમહેલમાં એક હરિજન કચરો વાળી જતો હતો ત્યાં જ તેનું હૃદય બંધ પડી ગયું અને તે ત્યાં જ રાજમહેલમાં મરી ગયો. રાજાએ તેના મૃત શરીરને જોયું અને વિચાર કર્યો કે આનો જીવ કયાં ગયો છે ? તેણે જોયું કે તેનો જીવ સ્વર્ગમાં ગયો છે. ત્યાં સંગીત ચાલી રહ્યું છે. દેવાંગનાઓ નૃત્ય કરી રહી છે. અહીં જે હરિજન હતો તેને લોકો પાપી સમજતા હતા પણ તેનું આંતર જીવન શુદ્ધ હતું. તેના ફળથી તે સ્વર્ગમાં ગયો. લોકોની અજ્ઞાનતાથી રાજાની આંખમાં આંસુ આવી ગયાં.

દાસીએ રાજાનાં આંસુ જોયાં. તેણે મહારાણીને મીઠું–મરચું લગાવી કહ્યું:

'તમારા ભાઈના મૃત્યુથી રાજા હસી રહ્યા હતા અને ચંડાળના મૃત્યુથી રડી રહ્યા છે.'

મહારાણીએ રાજાને કહ્યું:

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આનું રહસ્ય બતાવો.'

રાજાએ કહ્યું:

'હું કહી શકું તેમ નથી. જો કહીશ તો હું મૃત્યુ પામીશ.' રાણીએ હઠ પકડી કહ્યું:

'તમે મરી જશો તો હું તમારી પાછળ સતી થઈશ.'

રાજા રાણીના મોહમાં અંધ થઈ ગયો અને નગરની બહાર મરવા ગયો. રાજાએ જોયું કે એક હંસણી હંસને કહી રહી હતી કે મહારાણીના અલંકારોમાં જે મોતી જડયાં છે તે મને લાવી આપો. જો નહીં લાવી આપો તો હું મારો જીવ આપી દઈશ.'

હંસે કહ્યું:

'હું રાજાની જેમ ગાંડો નથી. મહારાજા રાણીના મોહથી ગાંડા બની તેમની સાથે મરવા તૈયાર થયા છે.'

થોડા આગળ ગયા ત્યાં બકરી બકરાને કહી રહી હતી કે ગાડીમાં જે લીલું ઘાસ જઈ રહ્યું છે, તેમાંથી થોડું મને લાવી આપો. તેણે પણ કહ્યું કે હું રાજાની જેમ ગાંડો નથી.

રાજાએ જોયું કે પશુ–પક્ષી મને ગાંડો કહી રહ્યાં છે. તેણે રાણીને કહ્યું:

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હું રાજમહેલમાં પાછો જઉં છું. તું જીદ કરીશ તો હું તારી આરતી ઉતારીશ. રાજા હવે સમજ્યો કે ચોથો સાર એ છે કે સ્ત્રીની વાત માનશો નહીં. હું તેને ભૂલી સ્ત્રીની વાત માનવા લાગ્યો તે મારી મૂર્ખતા છે. આ સાર પહેલા ત્રણની જેમ જ મૂલ્યવાન છે.'

રાજાએ શેઠને બોલાવી ધન્યવાદ આપ્યા અને કહ્યું:

'તમારા ચારેય સારે મારી અને મારા કુટુંબની રક્ષા કરી. તેથી હું તમારા ઉપર ખુશ છું અને નગર શેઠની પદવી તમને આપું છું.'

રાજાએ ચાર સાર બતાવનાર વસંતસેના વેશ્યાને આમંત્રણ આપી બોલાવી અને તેનું સ્વાગત કરતાં કહ્યું:

'તમે જે સાર બતાવ્યા, તેનાથી મારુ અને મારા કુટુંબનું રક્ષણ થયું.'

વસંતસેનાએ કહ્યું:

'બુદ્ધિ પ્રાપ્ત કરવાનો સાર એ છે કે તત્ત્વના સંબંધથી વિચાર કરવો. હું જડ નથી, ચેતન સ્વરૂપ છું. દેહનો સાર એ છે. માત્ર ખાઈ–પી શરીરને સારું બનાવવું તે નથી, પણ વ્રતોનું પાલન કરવું. ધનનો સાર કેવળ ભેગું કરવાનો નથી, પરંતુ યોગ્ય વ્યક્તિને દાન આપવું તે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાણીનો સાર સારાં વચનોથી મનુષ્ય જીવનને સુખમય બનાવવું !'

'રાજાએ વસંતસેનાનું હાર્દિક સન્માન કર્યું અનેક હ્યું:

'વાસ્તવમાં તું વેશ્યા નથી સદ્‌ગુણો વાળી સન્નારી છું.'

વસંતસેના વેશ્યાવૃત્તિ છોડી ધર્મમય જીવન જીવવા લાગી. રાજા અને બીજા લોકોમાં પણ ધર્મનો દીવો પ્રગટયો.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસંતમાધવ–૧

'ગુણમંજરી જેવી પુત્રવધૂ પણ વસંતમાધવને સુધારી શકી નહીં. આટલો મોટો થયો છતાં પણ હજુ એ પોતાની જવાબદારી સમજી શક્યો નહીં. તું જ કહેતી હતી કે લગ્ન પછી સુધરી જશે.'

'સ્વામી ! માતા–પિતા સામે બધાં બાળકો આવાં જ હોય છે. શું તમે પણ કયારેક આવા નહીં હોય ? તમે પણ કમાલ કરો છો. કશું થયું નહીં, તો વહુને પિયર મોકલી દીધી ?'

'તેં જ વસંતમાધવને બગાડી નાખ્યો છે. ગુણમંજરીને પિયર ન મોકલું તો શું કરું ? જ્યારે સમજણ આવશે ત્યારે લેવા જશે અને વહુ પણ ત્યારે જ આવશે. જ્યારે તેની પાસે પ્રતિજ્ઞા લેવડાવશે.'

'કેવી પ્રતિજ્ઞા ?' રાણી પ્રીતિમતીએ પોતાના પતિ કૌશામ્બીનરેશ યશોધરને પૂછયું :

મહારાજા યશોધર બોલ્યા :

'પ્રતિજ્ઞા એ વાતની કે હવે તે પોતાના યુવરાજ–પદની જવાબદારી સમજશે. મંત્રીપુત્ર ગુણચન્દ્ર સાથે કંઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ કારણ વિના ફરવાનું તેને છોડવું પડશે, ત્યારે ગુણમંજરી તેની સાથે મળશે.'

'હવે હું કશું કહીશ, તો તમે એ જ કહેશો કે મેં તેને બગાડ્યો છે, પણ હું એ કહીશ કે વધારે નિયંત્રણ રાખવું સારું નથી.'

'રાણી ! કયાં તો તમે તેને સંભાળો અથવા મને જ સંભાળવા દો.'

'મારા પર કેમ ખિજાવ છો ? તમને જે ઠીક લાગે તેમ કરો. હું તમને કશું નહીં કહું. પણ બીક એ છે કે વધારે નિયંત્રણથી કયાંક એ ઘર છોડી જતો ના રહે.'

'જે દિવસે ઘર છોડી જશે, એ દિવસે તેની બુદ્ધિ ઠેકાણે આવશે. રાજકુમાર પોતાના જ રાજ્યમાં રાજકુમાર હોય છે. પરદેશમાં તેને કોઇ પૂછતું નથી. ત્યાં મજૂરી કરવી પડે છે અથવા લાકડાં કાપવાં પડે છે. વણિક નથી કે જ્યાં ઈચ્છે ત્યાં વેપાર કરી લેશે.'

'તમે જાણો.' કહી રાણી પ્રીતિમતી ઊભી થઈ ગઈ. યુવરાજ વસંતમાધવને કારણે આ પ્રમાણે રાજા–રાણીને નાકે દમ આવી જતો હતો. વસંતમાધવ આમ તો માતા-પિતા બંનેને ઘણો વહાલો હતો. એક જ પુત્ર હતો. કૌશામ્બીની પ્રજાનો એ ભાવિ શાસક હતો. પરંતુ ઉચ્છૃંખલ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલો હતો કે રાજા યશોધર તેને સાચા માર્ગે લાવવા બહુ ચિંતિત રહેતા હતા.

એ ઇચ્છતા હતા કે યુવરાજ વસંતમાધવ દરરોજ નિયમિત રાજસભામાં બેસે અને રાજ–કાજમાં પૂરતો રસ લે. હવે એ વિવાહિત પણ થઇ ગયો હતો. છતાં પણ એ પોતાની જવાબદારી કેમ સમજતો ન હતો. આ ચિંતા મહારાજા યશોધરને રહેતી હતી.

વસંતમાધવની મિત્રતા મંત્રી સુબુદ્ધિના પુત્ર ગુણચન્દ્ર સાથે હતી. મિત્રતા પણ એવી ગાઢ હતી કે 'ચઢે ન બીજો રંગ' બંને સાથે જ ઊઠતા–બેસતા, ખાતા–પીતા અને તોફાન–મસ્તી કરતા. સવાર–સવારમાં જ બંને મિત્રો ઘોડા પર સવાર થઈ નીકળી જતા. સાથે જરૂર જેટલો નાસ્તો અને બિસ્સા બર્ચ રહેતો. તેઓ સાંજે જ આવતા. જેટલા દુઃખી મહારાજા યશોધર વસંતમાધવની તકલીફોથી હતા, એટલા જ મંત્રી સુબુદ્ધિ અને મંત્રીપત્ની પદ્મમાવતી ગુણચન્દ્રથી દુઃખી હતાં. પરંતુ પદ્મમાવતી વિચારતી કે અંતમાં કૌશામ્બીનો રાજા તો વસંતમાધવ જ બનશે. અને તેનો પુત્ર ગુણચન્દ્ર તો વસંતમાધવનો ગાઢ મિત્ર છે, તેથી એ પોતાનો મંત્રી ગુણચન્દ્રને જ બનાવશે. પરંતુ મંત્રી દંપતી રાજા યશોધરના ભયથી ચિંતિત હતાં કારણ કે રાજા યશોધર સુબુદ્ધિને કહેતા હતા:

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મહામંત્રી ! તમે તમારા ગુણચન્દ્રને રોકો કે એ વસંતમાધવનો સાથ છોડી દે. એકલો રહેવાથી વસંતમાધવ આવારાગીરી નહીં કરી શકે.' ત્યારે એક દિવસ લાચાર થઇ મહામંત્રીએ કહ્યું :

'રાજન્ ! હું શું કરું ? ઘણો સમજાવ્યો, પણ સાંભળતો નથી. હવે તો એ ઉપાય છે કે હું તેને મારા ઘરે ન આવવા દઉં.'

'તમે સારું વિચાર્યું. હવે હું પણ વસંતમાધવને તિરસ્કારીશ, કહી દઈશ કે છોડી દે કૌશામ્બી. જ્યાં ઠીક લાગે ત્યાં જતો રહે. ત્યારે આ બંનેની બુદ્ધિ ઠેકાણે આવશે.'

થોડા દિવસો આ પ્રમાણે પસાર થઇ ગયા. એક દિવસ ઘણી રાત પસાર થઈ. વસંતમાધવ પાછો આવ્યો નહીં. રાજા યશોધર બહુ જ ગુસ્સે થયા અને તેની રાહ જોતા જોતા સૂઈ ગયા. સવારે ઊઠ્યા તો ગુસ્સાથી લાલચોળ થઈ ગયા. ગુસ્સામાં આવીને માતા-પિતા પોતાના વહાલા પુત્રને અજાણતાં કોણ જાણે કેટલીય ખરી-ખોટી વાતો કહી દે છે—

'તું મરી જા, ક્યાંક જતો રહે, મને મોઢું ન બતાવીશ' વિગેરે. આવું જ કંઈક કહેવાની દશા રાજા યશોધરની થઈ ગઈ. આજે તો એ ગુસ્સામાં બેઠા હતા. વસંતમાધવને તરત જ બોલાવડાવ્યો. તે આવ્યો. પગે લાગ્યો. પ્રણામનો કોઈ જવાબ ન આપી રાજાએ સામે પ્રશ્ન કર્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાતે ક્યારે આવ્યો હતો ?'

વસંતમાધવ ચૂપ ઊભો રહ્યો. પણ રાજા યશોધર્મ વધારે ગુસ્સે થઈ ગયા. ક્રોધ બહાર આવી ગયો અને બોલ્યા :

'હવે તું ત્યારે જ મારી આંખો સામે આવજે, જ્યારે કોઈ અભિનવ કળા શીખીને આવે. નહીં તો કયારેય કૌશામ્બીમાં પગ ન મૂકીશ. હમણાં જ અહીંથી જતો રહે. આટલા દિવસ તેં તોફાન-મસ્તીમાં ગુમાવ્યા. થોડું થોડું કરી કંઈ શીખ્યો હોત તો જાણે શું બની ગયો હોત ? તને લાખ વાર સમજાવ્યો, પણ તારી સમજમાં કશું આવ્યું નહીં. હવે સહન કરવાની હદ આવી ગઈ. જો તારી માતા તને રોકે તો તેને પણ સાથે લઈ જજે. જતો રહે. મારી આંખો આગળથી દૂર થા.'

કહેતાં-કહેતાં રાજા હાંફવા લાગ્યા. આજુબાજુ ઊભેલા નોકરો પણ તેમના ગુસ્સાથી ધ્રૂજી ગયા. વસંતમાધવ ચુપચાપ જતો રહ્યો અશ્વશાળામાંથી પોતાનો ઘોડો કાઢી ઉદ્યાનમાં પહોંચ્યો અને ત્યાં ગુણચન્દ્રની રાહ જોવા લાગ્યો. આ બંનેનું મિલન સ્થાન હતું. જે પહેલો આવે એ અહીં બેસી બીજાની પ્રતિક્ષા કરતો. પરંતુ બંને એટલા થોડા અંતરમાં આવતા કે કોઈક એકને થોડી જ ક્ષણો પ્રતિક્ષા કરવી પડતી. આજ વસંતમાધવ સમય પહેલાં આવી ગયો. તેથી થોડો વધારે સમય બેસવું પડયું. ગુણચન્દ્ર યથા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાં આવ્યો. આવતાં જ રાજકુમારે તેને પ્રશ્ન કર્યો :

'મિત્ર ! આજે તને શું થઈ ગયું ? હવે આવ્યો ? હું અહીં અડધા કલાકથી બેઠો છું.'

'રાજકુમાર ! આજે તું થોડો વહેલો આવી ગયો છે. મારા પર કેમ ખિજાય છે ? બેર છોડ. બતાવ, ક્યાં જવું છે ?'

'હવે તો ચાલ–ચાલ જ કરવાનું છે. કૌશામ્બી તો હવે પાછા ફરવાનું નથી.'

'કેમ ?' ગુણચન્દ્રએ કહ્યું :

'મિત્ર ! હવે તું અહીં રહે. તું મારી સાથે ક્યાં ભટકીશ ?'

'રાજકુમાર ! મને મિત્ર કહેતાં તને સહેજ પણ સંકોચ ન થયો ? એક તરફ મિત્ર કહે છે અને બીજી તરફ અહીં રહેવાનું કહે છે ? તારા વિના હું શું જીવતો રહી શકીશ ? જે સુખમાં સાથે રહે અને દુઃખમાં સાથ છોડી દે, તેને તું મિત્ર કહીશ ? હવે બોલ, સાથે લઈ જઈશ કે અહીં મૂકીને જઈશ ?'

વસંતમાધવ ગુણચન્દ્રને ભેટી પડયો અને બોલ્યો :

'ગુણચન્દ્ર ! જેની બુદ્ધિમાં આખી કૌશામ્બીને વિશ્વાસ છે, જે મતિધીર છે અને જે પોતાની બુદ્ધિમત્તાથી દેવગુરુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહસ્પતિની કલ્પનાને સાકાર કરે છે. તું એ યથાનામ તથા ગુણ મહામંત્રી સુબુદ્ધિનો પુત્ર છે. તારી સામે મારી ચતુરાઇ શું ચાલશે ? હવે તો બંને સાથે જઈશું, પરંતુ એક વાત તો કહે.'

'શું ?'

'આ ઘોડા લઈ જઈએ ?'

'જ્યારે ભાગ્ય પરીક્ષા કરવી છે તો પગે જ ચાલીએ. ઘોડા અહીં છોડી દઇએ. ઘોડાઓ તો ભણાવ્યા-ગણાવ્યા છે. અશ્વશાળાનો રસ્તો જાણે છે. પોતાની જાતે જતા રહેશે.'

'અને એમને જોઈ આપણી માતાઓ પણ જાણી જશે કે બંને ગયા.'

બંનેએ આ જ કર્યું. ઘોડાઓ છોડી દીધા અને વનમાર્ગે બંને આગળ વધ્યા. જવાનું સ્થાન નિશ્ચિત કર્યા વિના કયાંય પણ પહોંચીએ એમ વિચારી જ્યાં રસ્તો મળે ત્યાં ચાલવા લાગતા. જ્યારે મોટો વનમાર્ગ પસાર થયો તો વન જ વન હતું એવી કેડી પર થઈ ચાલવા લાગ્યા.

'હવે તો બહુ દૂર આવી ગયા. ગુણચન્દ્ર ! આ સામે જે નગર છે, ત્યાં આપણે રહીશું. હવે ચાલી પણ શકાતું નથી. વનોમાં ભટકતાં ભટકતાં કેટલા દિવસો પસાર થઈ ગયા ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પણ મિત્ર ! અહીં રહીને શું કરીશું ? તું ક્ષત્રિય છે, શું દાનશાળાનું ભોજન કરી લઇશ ? હું તો બ્રાહ્મણ છું. મારું કામ તો ચાલી જશે.'

'અરે ગુણચન્દ્ર ! ક્ષત્રિયોના હાથમાં રક્ષા કરવાની શક્તિ હોય છે, તો શું પેટની રક્ષા નહીં થાય ? ધનુષ્ય અને તલવાર પકડનાર હાથ હવે આ નગરમાં મજૂરી કરશે.'

'મિત્ર ! મારી એક સલાહ છે. આપણે મજૂરી કર્યા વિના સ્વતંત્ર જીવિકાનું કામ કરીએ તો સારું છે.'

'વેપાર ?'

'નહીં તો લાકડાં કાપી વેચવાં એ કોઈની મજૂરી કરવા કરતાં સારું છે. આજુબાજુ ઘણાં જંગલ છે. અહીં બીજા પણ કઠિયારાઓ હશે.'

'તો પછી આ સારું છે. રાજસુખ બહુ ભોગવ્યું. હવે પોતાના હાથથી બનાવીને ખાઈશું. રાજકુમાર થઈ રહેવાથી આજ સુધી હું જાણી ન શક્યો કે નિર્ધન મજૂર કેવી રીતે પેટ ભરે છે ? હવે કઠિયારા બનીશું, તો પરિશ્રમ અને ભૂખનો અનુભવ થશે.'

ગુણચન્દ્ર બોલ્યો :

'રાજકુમાર ! આ વાત ઉપર મને એક વાર્તા યાદ આવી ગઈ. મને મારા પિતાએ સંભળાવી હતી.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'એમ ! મહામાત્ય સુબુદ્ધિએ સંભળાવી હતી ? તો તો એમાં સાર હશે.'

'સાર એ છે મિત્ર કે રાજાને પ્રજાનાં દુઃખોનો સજીવ અનુભવ હોવો જોઈએ.'

'સારું, તો પછી સંભળાવી નાખ. તારી વાર્તા સાંભળીને આગળ વધીશું.'

મંત્રીપુત્ર ગુણચન્દ્ર સંભળાવવા લાગ્યો :

ઘણા સમય પહેલાંની વાત છે એક રાજકુમાર ગુરુને ત્યાં રાજનીતિનું શિક્ષણ લઈ રહ્યો હતો. ઘણો સમય થયો તો રાજાએ રાજકુમારના ગુરુને પૂછ્યું :

'ગુરુદેવ ! હું ઝડપથી રાજ્યભાર પુત્રને આપી સંન્યાસ લેવા ઈચ્છું છું. તેથી તમે કહો કે રાજકુમાર કયારે શિક્ષણ પૂરું કરી શકશે ?'

ત્યારે ગુરુએ કહ્યું :

'રાજન્ ! યુવરાજનું શિક્ષણ પૂરું થઈ ગયું. બસ, છેલ્લો પાઠ શિખવાડવાનો બાકી છે. એ પણ હવે જલ્દી શીખવાડી દઈશ.'

થોડા દિવસ પછી મહારાણીએ સાંભળ્યું કે ગુરુદેવે રાજકુમારને કોરડાથી માર્યો છે અને તેને ત્રણ દિવસ સુધી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભૂખ્યો રાખ્યો છે. આ સાંભળી રાણી તો ગુસ્સે થઈ ગઈ અને દુઃખ ભરેલા અવાજે રાજાને કહ્યું :

'સ્વામી ! તમે પણ સાંભળ્યું કે નહીં ? આ કેવા ગુરુ છે કે મારા સુકુમાર પુત્રને કોરડાથી મારે અને ત્રણ દિવસ સુધી ભૂખ્યો રાખે ? એ ભૂખ્યો કેવી રીતે રહ્યો હશે ? આવા ગુરુને રાજ્યમાંથી કાઢી મૂકો અને મારા પુત્રને લઈ આવો. ગુરુ જો બ્રાહ્મણ ન હોત તો પ્રાણદંડ આપવાનું કહેત.'

બધું સાંભળ્યા પછી રાજાએ રાણીને કહ્યું :

'પ્રિયે ! તું ભૂલે છે. માતા-પિતાને પોતાનાં સંતાન જેટલાં વહાલાં હોય છે, ગુરુને શિષ્ય પણ એટલા જ વહાલા હોય છે. બંને સંતાન અને શિષ્યનું ભલું ઈચ્છે છે. ગુરુ દ્વારા શિષ્યને માર અને ભૂખ્યા રહેવામાં શિષ્યનું કંઈક હિત છુપાયું હશે. ગુરુજનોનાં કુવચન પણ આશીર્વાદ હોય છે.'

રાણીને ધીરજ રહી. થોડા દિવસ ગુરુદેવ પછી રાજપુત્રને સાથે લઈ રાજા પાસે આવ્યા અને કહ્યું :

'રાજન્ ! તમારા ભાવિ શાસકને સંભાળો. મેં છેલ્લો પાઠ તેને ભણાવી દીધો છે. હવે એક સુશાસકના બધા ગુણ એમાં આવી ગયા છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી રાજાએ દબાયેલા અવાજે ગુરુદેવને પોતાના પુત્રના કોરડાના માર અને ભૂખ્યા રાખવાની વાત પૂછી તો ગુરુએ કહ્યું :

'રાજન્ ! આ જ તો છેલ્લો પાઠ હતો. કોરડા ખાવાથી એને શરીરને પીડાનો અનુભવ થઈ ગયો. તેથી હવે વિચાર્યા સમજ્યા વિના નાની વાત પર એમ નહીં કહે કે 'મારો પચાસ કોરડા.' એના દ્વારા હવે અન્યાય નહીં થાય, કારણ કે મારનું દુઃખ એ જાણી ગયો છે.

'રાજન ! આ પ્રમાણે રાજાને ભૂખનો અનુભવ પણ જરૂરી છે. ત્યારે એ પોતાની પ્રજાની ભૂખ જોઈ શકશે, કારણ કે એ જાણે છે કે ભૂખ કેવી હોય છે. આ છેલ્લા પાઠ વિના શિક્ષણ અધૂરું હતું.'

ગુણચન્દ્રએ વસંતમાધવને કહ્યું :

'મિત્ર ! ગુરુવાણી સાંભળી રાજા ગળગળા થઈ ગયા. તેં પણ આવી જ વાત કહી હતી કે રાજકુમાર જ બની રહેવાથી હું જાણી ન શકયો કે મજૂર કેવી રીતે પેટ ભરે છે. હવે કઠિયારા બની પરિશ્રમ અને ભૂખનો અનુભવ થશે. તારા આ કથન પર આધારિત મારી વાર્તા છે.'

'મિત્ર ગુણચન્દ્ર ! તારી વાર્તા સાંભળીને તો હવે કઠિયારો બનવાનો મારો ઉત્સાહ બમણો થઈ ગયો પણ એ બતાવ કે કુહાડી અને દોરી કયાંથી લાવીશું ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આંગળીમાં વીંટી તો છે. તેને વેચીને.'

'તો પછી હવે જઈએ.'

બંને સામેના નગરમાં પહોંચ્યા. એક-એક કુહાડી અને દોરડાની બંનેએ વ્યવસ્થા કરી લીધી. વધેલા પૈસામાંથી બીજી જરૂરી વસ્તુઓ ખરીદી લીધી. તેમણે કઠિયારાની વસ્તીમાં જુદી એક ઝૂંપડી બનાવવાની શરૂઆત કરી દીધી. ઝૂંપડી બનાવતી વખતે વસંતમાધવે કહ્યું :

'ગુણચંન્દ્ર ! રાજા સર્વસ્વ હોય છે. એ મજૂર પણ હોય છે અને બેડૂત પણ. કહેવાય છે કે પહેલાં જ્યારે વરસાદ પડતો નહીં, તો રાજા સોનાનાં હળ ચલાવતા હતા. ત્યારે વરસાદ પડતો હતો. જો, મેં કેવું પાંદડાંનું છત બાંધ્યું છે.

'અને મેં આ થાંભલા કેવા સીધા રોપ્યા છે. હવે નીચે ઉતર. પહેલાં કંઈક ખાઈ-પી લઈએ, પછી કામમાં લાગી જઈશું.'

'અરે ! બ્રાહ્મણ તો ખાવાની વાત કયારેય નથી ભૂલતા. આવું છું નીચે.'

'રાજપુત્ર ! ભૂખ બ્રાહ્મણ-ક્ષત્રિયમાં ભેદ નથી રાખતી. જો ક્ષત્રિયને ભૂખ સહન કરવાનો ગર્વ છે તો સાંભળ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બ્રાહ્મણે લંગોટી લગાવી શાસ્ત્રો રચ્યાં છે. બ્રાહ્મણ ભૂખ્યા રહેવામાં પણ અગ્રણી છે. કયારેક ભોજન ન મળે તો હવા ખાઈને પણ રહેવાનું જાણે છે.'

'ગુણચન્દ્ર ! બ્રાહ્મણ–ક્ષત્રિયના નામ પર આપણે શા માટે લડીએ ? હવે તું બ્રાહ્મણ નથી અને હું નથી ક્ષત્રિય. બંને કઠિયારા છીએ.'

બંને હસવા લાગ્યા. સાથે બેસીને ખાધું. થોડીવાર ઊંઘ્યા પછી ઊઠયા અને પર્ણકુટિર તૈયાર કરી લીધી. પડોસના કઠિયારા પણ એમને ઓળખી ગયા હતા. સાંજ પડી ગઈ. પછી રાત પડી અને સવાર પડયું. બીજા કઠિયારાની સાથે વસંતમાધવ અને ગુણચન્દ્ર પણ હાથમાં દોરડું અને બલા પર કુહાડી મૂકી વનમાં ગયા.

ટેવ ન હતી તેથી લાકડાં થોડાં કપાયાં. પણ એ નાપી. દાળ રોટલીનું કામ થઇ ગયું. હવે એ બંનેનો આ દર-રોજનો ક્રમ થઈ ગયો. પરિશ્રમથી ભૂખ પણ સારી લાગતી અને મીઠા–મરચાની ચટણીથી લૂખી રોટલીમાં પણ મોહનભોગનો સ્વાદ આવતો હતો.

હવે બંને મિત્ર સાથી કઠિયારાઓની પણ રાહ જોતા નહીં અને એકલા જ જતા રહેતા. એ બંનેની જ જુદી ટોળી હતી. આ ક્રમમાં એક દિવસ જ્યારે એ વહેલી સવારે જંગલમાં જતા હતા. તો નગરની બહાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉદ્યાનમાં સ્ત્રી–પુરુષોની ભીડ જોઈ. કુતૂહલવશ બંને ભીડમાં જઈ બેસી ગયા.

એક જૈન મુનિ ઉપસ્થિત જનસમૂહને ઉપદેશ આપી રહ્યા હતા. ઉપદેશક મુનિ પાસે બીજા પણ સાધુઓ બેઠા હતા. વસંતમાધવે આ બધું પહેલી વાર જ સાંભળ્યું હતું. જ્યારે ઉપદેશ પૂરો થયો અને બધા જવા લાગ્યા તો ગુણચંદ્રએ કહ્યું–ચાલ જઈએ. વસંતમાધવે ગુણચન્દ્રનો હાથ પકડી કહ્યું :

'બેસ, હમણાં બધાને જવા દે. આ મુનિ દુઃખ–હર્તા છે. મારે તેમને કંઈક પૂછવું છે.'

જ્યારે એકાંત થઈ ગયું તો વસંતમાધવે મુનિને પૂછ્યું :

'ભગવન્! સુખ અને સફળતા માટે એવો કોઈ ઉપાય બતાવો જે હું કરી શકું.'

વસંતમાધવ પાસે કુહાડી જોઈ મુનિએ કહ્યું :

'લીલા ઝાડને ન કાપવાનો નિયમ કરો. બસ કલ્યાણ જ કલ્યાણ છે અને નવપદને મોંઢે કરી લો. તેનો જાપ કરો. સુખ જ સુખ રહેશે.'

'તો પછી નિયમ અપાવો પ્રભુ! હું કયારેય લીલાં ઝાડ નહીં કાપું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિશ્વરે વસંતમાધવને નિયમ અપાવ્યો અને નવપદ પણ મોંઢે કરાવી દીધો. પછી પૂછ્યું :

વત્સ ! લીલાં ઝાડ ન કાપવાનો તેં નિયમ લીધો છે, તેનો આશય પણ સમજી ગયો ને ?'

'પ્રભુ ! મારે આશય સમજવાની શી જરૂર છે ? તમારી આજ્ઞા માની પાલન કરીશ. એટલું જાણવું જ પૂરતું છે.'

મુનિ બોલ્યા.

'વત્સ ! એટલું પૂરતું નથી. પહેલાં વિચાર, પછી ક્રિયા, ત્યારે કામ થાય છે. આંખો બંધ કરી રસ્તા પર ચાલી શકાતું નથી–ધર્મપથ પર પણ નહીં.

'વત્સ ! આપણી પંચેન્દ્રિયોની જેમ લીલી વનસ્પતિમાં પણ જીવન છે. જીવતી રહેવા માટે એ પણ આહાર કરે છે. મૃત્યુભયથી કુહાડી જોઈ એ વનસ્પતિઓ પણ ધ્રૂજી ઊઠે છે. તેથી લીલાં ઝાડ ન કાપી તમે હિંસાના પાપથી બચશો. સાથે જ તમારી અહિંસા–ભાવનાનો વિસ્તાર થશે. દયાવાન બનશો.

'આ નિયમ જે તમે લીધો છે, અહિંસા પથ પર ચાલવાનો, એ પહેલી સીડી છે. પછી વૃક્ષોની ઉપયોગિતા પણ તો અસંદિગ્ધ છે. આ ઝાડ હારેલાં–થાકેલાંને શીતળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છાયા આપે છે. ભૂખ્યાને ફળ અને પક્ષીઓને વસવાટ. તેનાથી વધારે જળપૂર્ણ વાદળાંને આકર્ષિત કરી પાણી. પણ વરસાવે છે.'

વસંતમાધવે ગળગળા થઈ કહ્યું :

'પ્રભુ ! હું ધન્ય થઈ ગયો. આજે મને તમારા જેવા કરુણાવતાર સંતનાં દર્શન થયાં.'

ત્યાર પછી જંગલમાં જવાનો સમય જ ન રહ્યો. બંને મિત્રો પોતાની ઝુંપડી પર પાછા આવ્યા અને ભવિષ્ય નીધિની દાળ-રોટીથી કામ ચલાવ્યું. બંને આ નિયમ પાળવા માટે દૃઢ પણ હતા. ઈદમેવ હિ પાણિત્યં ચાતુર્ય-મિદમેવ હિ ! ઈદમેવ સુબુદ્ધિત્વમાયદલ્પતરો વ્યય : અર્થાત આ પાંડિત્ય છે, આ ચતુરાઈ છે અને આ બુદ્ધિમત્તા છે કે મનુષ્ય પોતાની આવકમાંથી બહુ ઓછો વ્યય કરે છે. એટલા માટે બરાબર વખત માટે બંને મિત્ર કંઈક બચાવી પણ રાખતા હતા.

દૈવનું એવું ચક્ર ચાલ્યું કે ગુણચન્દ્રને રાતે તાવ આવી ગયો. સવારે પણ ન ઉતર્યો ત્યારે વસંતમાધવ એકલો જ જવા લાગ્યો. ગુણચન્દ્રએ સ્નેહવશ રોકયો, પરંતુ કર્તવ્યની જીત થઈ. વસંતમાધવ એકલો ગયો. જંગલમાં સુકાં નિર્જીવ લાકડાં શોધ્યાં પણ કયાંય મળ્યાં નહીં. એકલો વસંતમાધવ જંગલમાં વધારે દૂર નીકળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

ગયો અને છતાં પણ નિરાશ થઈને બેઠો. જ્યાં એ બેઠો હતો, ત્યાં જંગલમાં એક દેવનું જૂનું મંદિર હતું.

મંદિરમાં જ રાત પસાર થઈ ગઈ. સવારે ફરી સૂકાં લાકડાંની શોધ કરી અને નિષ્ફળ થઈ ફરી એ મંદિરમાં આવ્યો. આ પ્રમાણે ભૂખે જ ત્રણ દિવસ પસાર થઇ ગયા. ત્યારે મંદિરનાં બારણાં ઉપર ધ્યાન ગયું અને તેને કાપવા લાગ્યો 'ચાલો, આ તો સૂકી છે. એને તો કાપી લઉં.'

બારણા પર ચોટ વાગી તો દેવીની પ્રતિમા ધ્રૂજી ઊઠી. દેવી સાક્ષાત પ્રગટ થઈ બોલી :

'શું કરે છે મૂર્ખ ! આ ત્રિશૂળથી તારું માથું કાપી નાખીશ.'

કુહાડી રોકી વસંતમાધવ દેવી તરફ જોવા લાગ્યો અને થોડા ગુસ્સામાં અને થોડા વ્યંગમાં બોલ્યો :

'વાહ દેવી ! તમે જગતમાતા અને જગદંબા કહેવાઓ છો ? તમારા મંદિરમાં ત્રણ દિવસનો ભૂખ્યો પડયો છું ત્યાં મારા મિત્રને તાવમાં મૂકીને આવ્યો છું અને તમે મારું માથું કાપી નાખશો ? તો હવે મારું પણ સાંભળી લો. જો તમે મને લાકડાના શિલ્પની અદ્ભુત અભિનય કળાનું વરદાન-વચન નહીં આપો અને સૂકાં લાકડાંની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુવિધા નહીં કરી આપો તો હું તમારી મૂર્તિ કૂવામાં ફેંકી દઈશ.'

દેવી હસી અને બોલી :

'વત્સ ! પરીક્ષા વિનાના નિયમ-પાલનમાં દૃઢતા નથી આવતી. તું પરીક્ષામાં સફળ થયો. ધર્મ-નિષ્ઠ પ્રાણીઓને તો અમે દેવી-દેવીઓ સહાયક હોઈએ છીએ. હું તને વરદાન આપું છું કે તું ઈચ્છા પ્રમાણે ઊડતો ઘોડો વિગેરે તૈયાર કરી શકીશ. એવું કે જે અજોડ હશે. કાલે નદી કિનારા પર તને અલભ્ય લાકડાં પણ મળશે.'

આમ કહી દેવી પોતાની મૂર્તિમાં સમાઈ ગઈ અને વસંતમાધવ ઝાડ નીચે પડેલાં લાકડાં વીણી ઘરે આવ્યો. ઘરે આવી જોયું તો ગુણચન્દ્રનો તાવ ઉતરી ગયો હતો અને મિત્ર પાછો ન આવ્યો તેથી એ બહુ ચિંતિત પણ હતો. પછી વસંતમાધવે આખી ઘટના ગુણચન્દ્રને સંભળાવી.

બીજા દિવસે વસંતમાધવ નદી કિનારા પર જઈ બેસી ગયો. ઘણો સમય બેસી રહ્યા પછી ડાળીઓ સહિત એક મોટું થડ તણાતું આવ્યું. બંનેએ દોરડું નાખી ખેંચ્યું અને કિનારે લઈ આવ્યા. જોયું તો બાવના ચંદન હતું. સંપૂર્ણ રીતે દુર્લભ-અલભ્ય બાવના ચંદન ! ડાળીઓ તોડી વસંત-માધવે એક ધનવાન શેઠને વેચી દીધી. જરૂર પૂરતી સુવર્ણ મુદ્રાઓ મળી ગઈ. વસંતમાધવ યાન બનાવવા માટે ઓજાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને સામગ્રી ખરીદી લાવ્યો. પોતાને માટે અને ગુણચન્દ્ર માટે વસ્ત્રાભૂષણ પણ ખરીદ્યાં. પછી વિશ્વાસથી દેવીના વરદાન–વચનનું સ્મરણ કરી વાયુયાન બનાવવા બેઠો. દસ બાર દિવસમાં કલાપૂર્ણ ગગનગામી યાન તૈયાર થઈ ગયું. ઉપર ઉડાડવા, વાળવા અને નીચે ઊતારવાની કળ જુદી-જુદી હતી. હલકું એટલું કે કોઈ પણ માથાપર મૂકી લઈ જઈ શકે.

વસંતમાધવે એવું યાન બનાવ્યું હતું કે જુદા–જુદા ભાગ કરી પેટીમાં રાખી લો અને જ્યારે ઇચ્છા થાય ત્યારે ભાગ જોડી તૈયાર કરી લો. બંને મિત્રો બેઠા અને કસોટી કર્યા પછી વસંતમાધવે ગુણચન્દ્રને કહ્યું :

'મિત્ર ! હવે તો કૌશામ્બી જવું જોઈએ. કારણ કે પિતાની વાત પૂરી થઇ ગઈ. તેમણે કહ્યું હતું કે કોઈ અભિનવ કળા શીખીને જ કૌશામ્બીમાં આવજે. તો હવે તો દેખાડું એમને કે મેં શું બનાવ્યું છે અને શું જાણું છું.'

'હા, ચાલો કૌશામ્બી. આપણી માતાઓ તો બહુ યાદ કરતી હશે.'

નિશ્ચય થઈ ગયો અને એ યાનમાં બેસી બંનેએ આકાશમાર્ગથી કૌશામ્બી જવા માટે પ્રસ્થાન કર્યું.

* * *

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહારાણી પ્રીતિમતીને ખબર પડી કે તેના લાડલા વસંતમાધવને મહારાજાએ ઘરમાંથી કાઢી મૂક્યો છે તો ધ્રૂસકે ધ્રૂસકે રડી અને મહારાજા પર વરસી પડી :

'તમે કેવા પિતા છો ? સાચે જ એને ઘરમાંથી કાઢી મૂક્યો ? શું તમારે દસ-વીસ પુત્રો છે ?'

મહારાજા યશોધર પણ વસંતમાધવના જતા રહેવાથી ઓછા દુઃખી ન હતા. એમને શું ખબર કે વસંતમાધવ જતો જ રહેશે. એમણે તો એમ વિચારી તતડાવ્યો હતો કે એ માફી માગશે અને કહેશે કે હવે નિરર્થક ફરવાનું બંધ કરી દઇશ. પણ કહેલી વાત પાછી ફરે કેવી રીતે ? તેથી રોકયો પણ નહીં. સાંજ સુધી તો એમ જ વિચારતા રહ્યા કે, કયાંય નહીં જાય, પાછો આવશે. એટલે જ્યારે મહારાણી પ્રીતિમતીનો ઠપકો સાંભળ્યો તો આશાથી વિપરીત મહારાજા યશોધર ગુસ્સે ન થયા અને નરમ થઈ બોલ્યા :

'હવે બધા દોષ મને જ આપીશ ? ત્યારે તું પણ કહેતી હતી કે જેમ ઇચ્છો તેમ કરો.'

'તો તમે મારું જ માનો છો ? મેં તો એમ પણ કહ્યું હતું કે રાજકુમાર પાછળ વધારે ન પડો.'

'તો હવે શું કરું ? ગુસ્સામાં કહી દીધું. પછી બહુ પસ્તાયો. ગુસ્સામાં કોને ભાન રહે છે ? ગભરાઈશ નહીં,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મેં દૂત મોકલ્યા છે. એ શોધી લઇ આવશે. મંત્રીપુત્ર ગુણચન્દ્ર પણ સાથે ગયો છે. બંને સુખ–દુઃખમાં સહાયક રહેશે.'

'મંત્રીપત્ની પદ્માવતી પણ મારી પાસે આવી હતી કે ઘોડા પણ સાથે લઈ ગયા નથી. પગે ચાલીને કેણ જાણે કયાં ભટકશે ?'

'મંત્રીપત્ની બીજું શું કહેતી હતી ?'

'કહે શું ? એ જ કહેતી હતી કે યુદ્ધ જેવાં ક્રૂર કર્મ કરતાં-કરતાં પુરુષ કઠોર થઈ જાય છે.'

મહારાજા યશોધરને દુઃખમાં પણ હસવું આવી ગયું અને બોલ્યા :

'આ તો તું તેની તરફથી પોતાની વાત કરી રહી છે એ આવું કયારેય ના કહે.'

આ પ્રમાણે વસંતમાધવની ચર્ચા–પ્રતીક્ષામાં ત્રણ મહિના પસાર થઈ ગયા. જે સૈનિકો તેમની શોધ કરવા ગયા હતા એ પણ નિરાશ થઈ પાછા આવ્યા. મનમાં જ મહારાજ યશોધરે પ્રતિજ્ઞા કરી કે હવે વસંતમાધવ ગમે તે કરે, તેની ઉપર કયારેય ગુસ્સે નહીં થઉં. આજ–કાલનાં છોકરાં કેવાં હોય છે. અમે પણ કયારેક યુવાન બન્યા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાયમ દરબારમાં પિતાના આસન પર બેઠા હતા. કેટલાય પ્રશ્નો હું ઉકેલતો હતો.

ન્યાયાધિકરણ, રક્ષા વિભાગ, વિદેશ વિભાગ વિગેરે કેટલાય વિભાગોનાં કામ મેં મારા હાથમાં લીધાં હતાં. અને પોતાના પિતાને મદદ કરી હતી. આ વસંતમાધવ જ કંઈ સાંભળતો-સમજતો નથી. માતાનો પ્રેમ આંધળો હોય છે. મા પાછળ પડી કે પુત્રનાં લગ્ન કરી નાખો, સુધરી જશે. લગ્ન કરી નાખ્યાં તો યુવરાજની પિયર પડી છે. હવે જે પણ હોય યુગની સાથે ચાલવાનું છે.

અમારો યુગ જુદો હતો, હવે હવા જુદી છે, કંઈક કહો તો છોકરાઓ ઘર છોડી ભાગી જાય છે. કેટલીક જગ્યાએ છોકરો બાતા મજૂરી કરે છે. અને પછી ઘર-બાર યાદ કરી રડે છે.

આ બધું વિચારી રહ્યા હતા, મહારાજા યશોધર. ત્યાં એક સેવકે સમાચાર આપ્યા-

'પૃથ્વીનાથ! વધામણી છે. યુવરાજશ્રી મંત્રીપુત્ર સાથે બાગમાં છે.'

મહારાજાની વિચારધારા તૂટી ગઈ. આનંદિત થઈ બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'અરે ખરેખર ? ચાલો, હું આવું છું.'

રથ તૈયાર કરાવ્યો. થોડા સેવક લીધા અને બાગ તરફ ચાલવા લાગ્યા. બધા પર પેટી મૂકી વસંત-માધવ નગર તરફ આવતો હતો. ગગનયાનની પેટી કયા-રેક ગુણચન્દ્રના બધા પર મૂકતો અને કયારેક પોતાના બધા પર મૂકતો. આ રીતે એ આવી રહ્યો હતો. વચમાં જ મહારાજા યશોધરનો રથ મળ્યો. તેમણે રથ રોકયો. અને બોલ્યા :

'વસંત ! તને લેવા તો આવી રહ્યો હતો. આવ રથમાં બેસ. ગુણચન્દ્ર ! તું પણ આવ.

'ભાઈ ગુણચન્દ્ર ! તમારા બંનેની મૈત્રી ગજબની છે. કાયા–છાયાની જેમ સાથે રહો છો. તમે બંને કયાં જતા રહ્યા હતા ? પગે જ રખડયા હતા ? ઘોડા તો લઈ જવા હતા ?'

વસંતમાધવ બોલ્યો :

'પિતાજી ! તમારી આશિષથી એક અભિનવ કળા શીખી આવ્યો છું. સાચે જ મોટાના તિરસ્કારમાં નાનાનું સર્જન છુપાયેલું રહે છે.'

'અરે ! તું શું શીખ્યો ? ત્રણ મહિનામાં જ નિષ્ણાત થઈ ગયો ? શું વીણાવાદન શીખી ગયો ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પિતાજી ! પહેલાં રાજભવન તો પહોંચીએ. ત્યારે મારી કળા બતાવીશ. અત્યારે તો આ કળા આ પેટીમાં બંધ છે.'

રથ રાજભવનના આંગણામાં ઊભો રહ્યો. ખુશીની લહેર દોડી ગઈ. રાજકુમાર મહારાણી પ્રીતિમતીના પગમાં પડયો. ગુણચન્દ્ર પોતાના પિતાના ભવન તરફ જતો રહ્યો હતો. રાજકુમારે પોતાની કળાની વાતો સંભળાવી. સાંભળી-સાંભળી મહારાણી પ્રીતિમતી અને મહારાજા યશોધર આશ્ચર્ય પામતા હતા. જ્યારે તેમણે અવિશ્વાસ કર્યો તો ગુણચન્દ્ર બોલ્યો :

'પેટી કોઠારમાં મૂકી છે. નહીં તો હમણાં જ ગગનયાનમાં ઊડી બતાવત.'

'સારું-સારું, કાલે દરબારમાં બધા જોશે.'

વાતો કરતાં-કરતાં ઘણી રાત પસાર થઈ ગઇ. પછી બધાં સૂઈ ગયાં. બીજા દિવસે દરબાર ભરાયો. બધા પોત-પોતાના આસન પર હતા. વસંતમાધવના ગગનયાનની ચર્ચા પવનવેગે કૌશામ્બીમાં ફેલાઈ ગઇ. ઘણા લોકો આવ્યા. મંત્રી સુબુદ્ધિ પણ ગુણચન્દ્ર પાસેથી પહેલાં જ સાંભળી ચૂકયા હતા.

બધાની સામે વસંતમાધવે પેટી ખોલી. તેના ભાગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાઢયા અને વ્યવસ્થિત કર્યા. પાંચ માણસોને બેસવા લાયક હલકું–ગગનયાન તૈયાર થઈ ગયું. વસંતમાધવ તેમાં બેઠો અને ઈશારો કરીને ગુણચન્દ્રને બોલાવ્યો. તે પણ બેસી ગયો. જેમ આજકાલ હેલીકોપ્ટર ઊડે છે એમ વસંત-માધવનું ગગનયાન ઉડયું અને દસ–પંદર ક્ષણમાં કોશા-મ્બીનું ચક્કર લગાવી આવી ગયું.

મહારાજા યશોધરે યુવરાજ વસંતમાધવને છાતીએ લગાવી કહ્યું :

'સાચે જ તું અજોડ કલાધર છે. તમારા બંને મિત્રોની જોડી ચિરાયુ થાવ. હું આજે મારી પ્રશંસા જાતે કરીશ કે મારાં કુવચન તારા માટે વરદાન બની ગયાં.'

બધાએ યુવરાજની કલા વખાણી. વસંતમાધવ અને યાનની ચર્ચા ઘેર–ઘેર થઇ. રાતે જ્યારે મહારાજા શયન ખંડમાં પહોંચ્યા તો મહારાણી પ્રીતિમતીને કહ્યું :

'ત્યારે મારા ઉપર બહુ ખિજાઈ હતી કે રાજકુમારને ઘરમાંથી કાઢી મૂકયો. હવે બોલ, મેં સારું કર્યું કે બરાબ ?'

'સ્વામી ! બનવાકાળ એમ જ હતો. દોષ કોઈનો નહીં. હું તમારી ક્ષમા માગું છું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'ક્ષમા કેવી પ્રિયે ? આપણે બધાં તો અટલ અને અદૃશ્ય ભવિષ્યના હાથોની કઠપૂતળીઓ છીએ. કોણ જાણે કાલે શું થાય ?'

આ પ્રમાણે વાતોમાં અને પછી ઊંઘની ગોદમાં રાત પસાર થઈ ગઇ. પછી તો રાત અને દિવસ પસાર થવા લાગ્યા. પહેલાં પણ પસાર થતા હતા અને હવે પણ પસાર થાય છે. ત્યારે દુઃખની રાતો હતી અને હવે સુખનાં રાત–દિવસ છે. પહેલાં અને અત્યારમાં આ એક જ તફાવત હતો.

* * *

એક દિવસ વસંતમાધવે પોતાના મિત્ર ગુણચન્દ્રને કહ્યું :

'મિત્ર ! મેં તો ધરતી માપવાનો નિશ્ચય કર્યો છે. ધરતીના આ છેડાથી પેલા છેડા સુધી ફરીશ. બોલ, તું શું કહે છે ?'

'રાજકુમાર ! કહેવાનું શું છે ? હું તારી સાથે જ આવીશ. પણ તારા નિશ્ચયને સાંભળી આશ્ચર્ય થયું છે. આટલું મોટું ભૂમિમંડળ માપવું શું સંભવ છે ? આ ધડ–માથા વિનાના વિચારો છોડ.'

'છોડું શા માટે ? ક્ષત્રિયનો નિશ્ચય પ્રાણ રહે ત્યાં સુધી અટલ રહે છે અને યાદ રહે તો મૃત્યુ પછી પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્ષત્રિય પોતાની પ્રતિજ્ઞા તોડતો નથી. બીજું, ધરતીના છેડા સુધી પહોંચવું અસંભવ પણ નથી. મારી પાસે ગગનયાન છે. જળ–સ્થળ પાર કરતાં આખા ભૂમિમંડળનું ચક્કર લગાવી દઈશ.'

'તો તું માનીશ નહીં ?'

'સ્વપ્નમાં પણ નહીં.'

'મહારાજા અને મહારાણી રજા આપશે ?'

'મળી જશે. એ મારી વાત ટાળશે નહીં. એક વાર પિતાની ઇચ્છાથી ગયો, ત્યારે એ મારી ઇચ્છા કેમ નહીં માને ?'

'પણ તેમની ઇચ્છા કયાં હતી ? ગુસ્સામાં તેમણે કહી દીધું હતું.'

'હું પણ બાળહઠનો સહારો લઈશ.'

'તો પછી હું પણ તૈયાર છું.'

નિશ્ચય કરી વસંતમાધવ મહારાજા યશોધર પાસે પહોંચ્યો અને પોતાની ઇચ્છા પ્રગટ કરી. સાંભળતાં જ મહારાજા યશોધરે ના પાડી દીધી અને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હવે હું તને કયાંય નહીં જવા દઉં. એક વાર પોતાની આંખોથી દૂર કર્યો તો બહુ પસ્તાયો.'

'તાત ! પણ મારા પાછા આવવાથી નથી પસ્તાયા. કંઈક લઈને જ પાછો આવ્યો છું.'

'છતાં પણ બેટા ! હું તને કેવી રીતે જવા દઉં ? શું હું કાયમ બેસી રહીશ ? તું શાસન કાર્યમાં રસ લે. કૌશામ્બીનું સિંહાસન તારે જ સંભાળવાનું છે.'

'પિતાજી ! હું શું કાયમ માટે જઉં છું ? બસ: દેશાટન કરીને એક મહિના પછી પાછો આવીશ.'

'સારું, તો તારી માતા પાસેથી રજા લઈ લે એ ખુશ થશે તો હું રજા આપીશ.'

વસંતમાધવ મહારાણી પ્રીતિમતી પાસે ગયો. ગમે તેમ કરીને માતાને મનાવી લીધી. છેવટે માતા-પિતા બંનેની રજા મળી ગઈ. ગુણચન્દ્રને પણ એટલા માટે રજા આપી, મંત્રી સુબુદ્ધિ અને મંત્રીપત્ની પદ્માવતીએ કે જ્યારે રાજા-રાણીએ પોતાના પુત્રને રજા આપી છે, તો અમારે પણ આપવી જોઈએ. બીજું, ગુણચન્દ્ર પણ રાજકુમાર વિના રહી શકતો નથી.

યથા સમય બંને મિત્ર ગગનયાનમાં બેઠા. આખા નગરે વિદાય આપી. રાજપરિવારે વસંતમાધવને વિદાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યો અને વાદળોને ચીરતું વિમાન હવા સાથે વાતો કરવા લાગ્યું. થોડી ક્ષણોમાં જ વસંતમાધવ પોતાની સાસરીમાં પહોંચી ગયો. વિચાર્યું કે પત્ની ગુણમંજરીને પણ મળતો જઉં. સસરાએ જમાઈનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું. વસંત-માધવ અને ગુણચન્દ્ર બંને અતિથિગૃહમાં રહ્યા. રાતે વસંતમાધવ ગુણમંજરીના ઓરડામાં રહ્યો. પતિ–પત્ની વચ્ચે વાતો થઈ. યુવરાજ્ઞી ગુણમંજરીએ ઠપકો આપતાં કહ્યું :

'નાથ ! દાસીને ભૂલી ગયા ? આજે મારી યાદ કેમ આવી ગઈ ?'

'પ્રિયે ! વિશ્વભ્રમણ માટે નીકળ્યો હતો, તો તને મળ્યા વિના કેવી રીતે જઉં ? ભાગ્યએ ગગનયાન આપ્યું અને હું તેનો ઉપયોગ ન કરું ?'

'તો એકલા જ જશો ?'

'એકલો કયાં ! તારો દિયર ગુણચન્દ્ર તો સાથે છે.'

'અને હું ?'

'તું તો મારા હૃદયના વિમાનમાં કાયમ બેઠી છે.'

'હવે એ વાતો બહુ જૂની થઈ ગઈ. હું તમારી સાથે જ આવીશ. સખિઓ શું કહેશે કે તમે આવ્યા અને એક રાત મળી જતા રહ્યા.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તો હું બે-ચાર રાત રોકાઈ જઈશ.'

'બે-ચાર રાત પણ તમારા સ્વાર્થથી રહેશો. મારું થોડું પણ મહત્વ સમજતા હોત તો મને સાથે ના લઈ જાત ?'

'પ્રિય ! તને બધું જ સમજું છું, તેથી તો સાથે નથી લઈ જતો. બહાર ફરવાનાં દુઃખ મેં જોયાં છે. કઠિયારો બની દિવસો પસાર કર્યા છે. તને લાકડાં ઉપાડતી નહીં જોઈ શકું. એટલા માટે તો સમજાવી રહ્યો છું કે મારી સાથે આવવાની જીદ ન કર.'

'સ્વામી ! જીદની યાદ સારી અપાવી. રાજહઠ અને બાળહઠનો વિજય થઈ ગયો. હવે સ્ત્રી હઠને જીતવાનો વારો છે. મને છોડી તમે કયાંય નહીં જઈ શકો.'

સાથે જવા માટે જ્યારે પતિ-પત્નીમાં વિવાદ થાય તો બે પરિણામ આવે છે. કાં તો પત્ની સીતા, દમયંતી અને તારામતીની જેમ પતિ સાથે જાય છે અથવા ઉર્મિલાની જેમ લક્ષ્મણના કહેવાથી સાસુ-સસરા પાસે રહે છે. પહેલી વાત જ રહી. રામની સાથે સીતાની જેમ ગુણમંજરીએ વસંતમાધવને સાથે લઈ જવા માટે રાજી કરી દીધો. બીજા દિવસે ગગનયાનમાં ત્રણે પ્રાણી બેઠાં. તારાપથ પર થઈ ગગનયાન આગળ વધવા લાગ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રણ દિવસ સુધી યાન ઊડતું રહ્યું. વસંતમાધવને વારંવાર મન થયું કે યાન નીચે ઉતારું, પણ ઉતારે કેવી રીતે? નીચે ઉતરવાની કળા એ ભૂલી ગયો હતો. નીચે સાગર આવ્યો. તેને જોઈ ગુણમંજરી થર-થર ધ્રૂજવા લાગી હવે આ ઊડાણનો અંત હશે? અમારા ત્રણેનું મૃત્યુ? આ ત્રણ દિવસોમાં મોટાં મોટાં મનોહર નગર પસાર થઈ ગયાં, પણ યાન નીચે ઉતારી શકાતું ન હતું. ત્રણે માનવ ત્રણ દિવસથી ભૂખ્યાં હતાં. કોઈ નગરમાં યાન નીચે ઉતારે તો કંઈક ખાય-પીવે. પણ શું કરે? મોટી લાચારી હતી.

વાયુના દબાણથી જાતે જ યાન થોડું નીચે આવી ઊડવા લાગ્યું. ત્યારે વસંતમાધવ બોલ્યો :

'ગુણચન્દ્ર, ગુણમંજરી! બંને સાંભળો, હવે આ એક જ ઉપાય છે કે કોઈ વૃક્ષની શાખાઓ પકડી, લટકી જાઓ. યાન બહુ નીચે ઊડી રહ્યું છે. પેલું જુઓ, એક વિશાળ વટ વૃક્ષ આવે છે. સાવધાન! હું પણ પકડી લઈશ, અને તમે પણ વડની શાખાઓ પકડજો.'

વિમાન વડની ઉપરની શાખાઓ તથા પાંદડાંનો સ્પર્શ કરતું પસાર થયું. ગુણચન્દ્ર સફળ થયો. ગુણમંજરીના હાથમાંથી વડની શાખા છૂટી ગઈ તો બચાવ માટે તેણે યાનની ખૂંટી પકડી લીધી અને યાનને લટકી રહી. વસંત-માધવ પણ નિષ્ફળ રહ્યો. તેણે હાથ લંબાવ્યા તો તેના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હાથ પાંદડાંઓ સુધી જ પહોંચ્યા અને યાન સરસરાટ આગળ વધી ગયું.

ત્રણ દિવસથી ભૂખી ગુણમંજરી વધારે સમય લટકી રહી શકી નહીં. તેથી તેના હાથમાંથી યાનની ખૂંટી છુટી ગઈ. એ એક વૃક્ષ ઉપર પડી. એટલું સારું હતું કે હાડકાં ભાગવાથી બચી ગઈ. કયાંક ધરતી અથવા પહાડ પર પડી હોત તો ચૂરેચૂરા થઈ જાત. હવે એકલો વસંત-માધવ રહી ગયો. હવે તેને યાન ઉતારવાની કળા પણ યાદ આવી ગઈ. માની લો કે આ બંનેથી છૂટા પડવા માટે જ એ અત્યાર સુધી ભૂલી ગયો હતો. ભગવાન આ રીતે કયારેક ભૂલાવે છે, કયારેક યાદ અપાવે છે. વસંતમાધવે કળ દબાવી અને એક વનમાં યાન ઉતર્યું.

ત્રણે છૂટાં પડી ગયાં. કોણ કયાં છે તે ત્રણમાંથી કોઈને ખબર ન હતી. ગુણચન્દ્ર વૃક્ષ પરથી નીચે ઉતર્યો અને દેવને ઠપકારવા લાગ્યો કે હવે મારો મિત્ર મને કયાં મળશે? મળશે કે નહીં? કોણ જાણે એ બે કયાં છે? દેવ! તું બહુ નિર્દયી છે. ગુણમંજરી પણ ચિંતિત અને દુઃખી હતી. સ્વામી કયાં ગયા? હું પડી તો મરી કેમ ના ગઇ? હું રખડવા માટે જ જીવતી રહી? પ્રાણેશ્વર કયાં હશે?

વસંતમાધવ પણ દુઃખી હતો. બેમાંથી ત્રણ થયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને હવે હું એકલો રહી ગયો ! મારા પર પ્રાણની બાજી લગાવનાર મિત્ર ગુણચન્દ્ર હવે કયાં ગયો ? પ્રિયા ગુણમંજરી કયાં ગઈ ?

આ પ્રમાણે ત્રણે જુદાં-જુદાં હતાં અને જુદાં જુદાં રહીને જ કર્મની કસોટી થાય છે. ભવિષ્યના અદૃશ્ય વિધાનને કોણ જાણી શકે છે. હવે આગળ શું થશે ? આ ત્રણે કેવી રીતે મળશે ? મળશે કે નહીં એને પણ કોણ જાણે છે ? વસંતમાધવની જીવનયાત્રાનો આ પહેલો વિસામો હતો. હવે તેને ફરી આ રસ્તા પર ચાલવાનું છે.

[૨]

નૃપતિ વિજયસેને પોતાના નામ પરથી જ વિજયપુર નગર વસાવ્યું હતું. નગર બહુ જ સુંદર અને રમ્ય હતું. સાફ-સ્વચ્છ રાજમાર્ગ અને ધૂળ-કચરા વગરની ગલીઓ. રાજ-બગીચો તો બહુ વિશાળ અને મનોરમ હતો જ, નગરના શેઠિયાઓના પોતાના બગીચા પણ નગરમાં ચારે બાજુ ફેલાયેલા હતા. કોટીશ્વર શ્રેષ્ઠિ આ નગરમાં રહેતા હતા. શ્રેષ્ઠિ નિવાસનાં ભવન એટલાં ભવ્ય અને ઊંચાં હતાં કે અજાણ્યો માણસ એમ જ વિચારે કે આમાં રાજ-ભવન કયું હશે ? રાજભવન તો ઇન્દ્રભવન જેવું ભવ્ય હતું. ઇન્દ્રભવન કોણે જોયું છે ? પરંતુ રાજા વિજયસેનના ભવનને જોઈને લોકો એમ જ વિચારતા હશે કે ઇન્દ્ર-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભવન આવું જ હશે. તેનાથી વધારે સુંદર કેવી રીતે હોય ? ભીંતો રત્નજડિત હતી અને આંગણું, ચોક પણ મણિથી જડેલા હતા.

રાજા વિજયસેનની રાણી હતી માનવતી, જે રૂપમાં સાક્ષાત્ દેવરમણી જેવી હતી અને ગુણોમાં તો એ સન્નારી હતી જ. ઘણી માનતાઓ પછી રાણી માનવતી માતા બની અને પોતાને અનુરૂપ કાંતિમતી એક કન્યાને જન્મ આપ્યો. રાજા વિજયસેનને પણ રાજકન્યા પુત્રથી પણ વધારે પ્રિય હતી, કારણ કે તેને એ જ એક સંતાન હતું. નામ હતું. મંજુઘોષા.

સમય પસાર થતાં મંજુઘોષા મોટી થઇ. ભણી લીધું પણ ખરું. સખીઓ સાથે રમવા પણ લાગી અને દિવા-સ્વપ્ન પણ જોવા લાગી. રાજા-રાણી તેને અનુકૂળ વરની ચિંતા કરવા લાગ્યાં. પણ દૈવ કેવો ખેલાડી છે કે જુવાનીમાં જ મહારાણી માનવતી મૃત્યુ પામી. આમ તો મંજુઘોષા સમજદાર હતી, છતાં પણ માની મમતા પણ તો જુદી છે. રડતાં-રડતાં તેની આંખો સૂઝી ગઈ. પિતાને તે વધારે વહાલી થઈ ગઈ. હવે નૃપતિ વિજયસેન તેની માતા હતા. પિતા હતા જ. કાયમ બેટીને સાથે રાખતા. સભામાં પણ પોતાની સાથે લઈ જતા. સાથે જ ખાતા.

એક વાર મંત્રીઓએ આગ્રહ કર્યો—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પૃથ્વીનાથ ! જેમ પ્રજા વિના રાજા નહીં, તેમ રાણી વિના રાજા કેવી રીતે ? રાજભવન સૂનું–સૂનું છે. કોઈક દિવસ રાજદુલારી પરાયા ઘરે જતી રહેશે. અમે બધા ઈચ્છીએ છીએ. બધા નગરવાસીઓ ઇચ્છીએ છીએ કે તમે બીજાં લગ્ન કરી લો.'

રાજા વિજયસેને આશ્ચર્યથી કહ્યું :

'લગ્ન ! તો પછી એમ કેમ નથી કહેતા કે મંજુઘોષા માટે દુઃખ આપનાર લઈ આવું ? પછી મારી બેટીનું શું થશે ?'

મહામંત્રીએ કહ્યું :

'રાજન્ ! વિમાતાનું નામ જ ખરાબ છે. એ સારી પણ હોય છતાં પણ વિમાતા–ઓરમાન મા કહેવાય છે. શું ખબર કે એવી આવી જાય જે રાજદુલારીને સગી માતાનો પ્યાર પણ આપી શકે.'

'લાખોમાં એક એવી હોય છે, મહામંત્રી ! જો આવી ન નીકળે તો મારી બેટી દુઃખી થાય. હવે હું ઘરડો તો થઈ ગયો છું. બીજાં લગ્ન કરીને શું કરીશ ?'

'મહારાજા ! ઘડપણમાં જ પત્નીની વધારે જરૂર પડે છે. મને એક લોક પ્રચલિત દૃષ્ટાંત યાદ આવે છે. એક પુરુષ વિધુર થઇ ગયો. તેને ચાર પુત્રો અને ચાર પુત્ર--

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વધૂઓ હતી. આઠે એની સેવા કરતાં. વહુઓ ભોજન બનાવી બવડાવતી. એક દિવસ વિધુરે પોતાના પુત્રોને કહ્યું કે હવે હું બીજાં લગ્ન કરીશ. પુત્રોએ મોંઢું તોડી લીધું :

'હવે ઘડપણમાં લગ્ન કરશો ? લગ્નની શું જરૂર છે ?' પિતાએ કહ્યું કે ઘડપણમાં સેવા કોણ કરશે ? વહુઓએ કહ્યું કે સેવામાં શું બાકી રહી જાય છે ? જે કહો છો, અમે ચારે બનાવી બવડાવીએ છીએ. વિધુરે પછી વધારે વિવાદ ના કર્યો. વાત ભૂલાઈ ગઈ.

એક દિવસની વાત છે. રાતનો સમય હતો વરસાદ પડી ગયો હતો. પરંતુ આકાશમાં વાદળો ઘેરાયેલાં હતાં. વિધુરે પોતાના પુત્રોને કહ્યું કે વહુઓને કહો કે મારા માટે હમણાં પુડા બનાવે. પહેલાં તો છોકરાઓએ મોં બગાડ્યું. પછી પોતાની પત્નીઓને કહ્યું તો તે બિનાઈ :

'આ કોઈ પુડા બનાવવાનો સમય છે ? રાતે પણ શાંતિ નહીં ? હવે તો સવારે કંઈક બનશે. રાતે બાય પણ કોણ ? રાતે તો રાક્ષસો ભોજન કરે છે. વાત પણ એવી જ હતી. વિધુર પણ રાતે ક્યારેય બાતો ન હતો. એ તો વહુઓની પરીક્ષા લઈ રહ્યો હતો.'

'વિધુરે બીજાં લગ્ન તો કરી લીધાં અને એક દિવસ પોતાની પુત્રવધૂઓ અને પુત્રોની સામે પોતાની પત્નીને રાતે કહ્યું કે મારા માટે હમણાં જ પુડા બનાવ. પત્ની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઊઠી. સામાન ભેગો કરવા લાગી. પતિએ હાથ પકડી લીધો અને કહ્યું બસ રહેવા દે. રાતે કોણ ખાશે ? હવે પુત્ર જુએ અને વહુઓ પણ જુએ કે પત્નીનું સુખ શું છે.'

'પૃથ્વીનાથ ! આ દૃષ્ટાંત જૂઠું હોઈ શકે. પણ લોક અનુભવનો સાર એમાં છે. રાજદુલારી મંજુઘોષા શું કાયમ રહેશે ? એ જ્યારે પારકે ઘેર જતી રહેશે, ત્યારે તમે એકલા રહી જશો. પછી તમે રાજા છો. સમર્થ છો. તમે છો પછી વિમાતા બેટીનું શું બગાડી શકવાની છે ? જેને રાણી ન હોય તે રાજા કેવા ?'

રાજા વિજયસેન ખૂબ હસ્યા અને બધાને કહ્યું :

'આજે તો તમે લોકો પાકો નિશ્ચય કરીને આવ્યા છો. આજે તો લગ્ન થશે નહીં. મને પણ વિચારવા દો.'

સચિવ ખુશ થઈ ગયા, કારણકે રાજાની અડધી મંજુરીતો મળી ગઈ. પછી શું હતું ? થોડા જ દિવસોમાં રાજભક્ત મંત્રીઓએ એક રાજકન્યાની શોધ પણ કરી લીધી. રાજા વિજયસેન પણ ઈચ્છવા લાગ્યા કે લગ્ન થઈ જાય. લગ્ન વસ્તુ એવી છે. મજાક-મશ્કરીમાં લોકો એમ પણ કહે છે કે શબના કાનમાં કહો કે તારાં લગ્ન કરાવીશું તો સાચે જ ઊઠીને બેઠો થઈ જાય છે. રાજા વિજયસેનનાં બીજાં લગ્ન થઈ ગયાં. નવી રાણીનું નામ હતું મેઘાવંતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નવાં–નવાં લગ્ન થયાં હતાં એટલે થોડા દિવસ તો બધું દબાયેલું–ઢંકાયેલું રહ્યું. પછી નવી રાણીમેઘાવંતીનો–વિમાતાનો ભાવ ઉભરાઈ આવ્યો અને એ રાજદુલારી મંજુઘોષાને દુઃખ આપવા લાગી. નવાં–નવાં બહાનાંથી તેને સતાવતી. પછી તો એ મારવા પણ લાગી હતી. એક દિવસ રાજાએ સાંભળ્યું તો દુઃખી થયા. એકાંતમાં મંજુઘોષાને કહેવા લાગ્યા :

'બેટી ! તું તો મૂંગી જ થઈ ગઈ છે. મને કશું કહેતી જ નથી. મેં સાંભળ્યું છે, મેઘાવંતીએ તને મારી ?'

'તો શું થયું પિતાજી ! માતા શું બાળકને મારતી નથી ?'

'અરે, તો તું શું બાળક છે ? એ આટલી મોટીને મારે ખરી ?'

'પિતા ! માતા–પિતા માટે સંતાન કાયમ માટે દૂધ પીતાં બાળક હોય છે. હું તો બહુ ખુશ રહું છું. તમે મારા માટે ચિંતા ન કરો.'

'બેટી ! તું ગમે તે કહે, પણ હું બધું જાણું છું. દોષ મારો જ છે. મંત્રીઓનું પાછળ પડવાનું તો બહાનું છે. મારું પાપી મન જ ન માન્યું અને આ નવી રાણીને લઈ આવ્યો. જા, હવે તું રમ, હું કંઈક વિચારીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગરમ દૂધ પિવાતું નથી અને નથી બહાર કાઢી શકાતું. રાજા વિજયસેન મોટી ચિંતામાં હતા. રાણીને કંઈક કહે તો ઘર યુદ્ધક્ષેત્ર બની જાય. ન કહે તો મંજુઘોષાને દુઃખ પડે. પણ અંતમાં તેમણે એક ઉપાય વિચાર્યો.

નગરની બહાર ઉદ્યાનમાં એક ભવ્ય ભવન બનાવડાવ્યું. તેમાં મંજુઘોષાની વ્યવસ્થા કરી દીધી. મંજુઘોષા આ નવા ભવનમાં વિમાતાથી જુદી રહેવા લાગી. તેની પ્રિય સખી હતી વાસંતી. તે એની સાથે રહેતી હતી. સખીઓ સાથે રમવું, કથા–કાવ્ય વાંચવાં–સાંભળવાં અને નિયમ પ્રમાણે ધર્મક્રિયાઓ. મંજુઘોષાનું મન આ નવા ભવનમાં ખૂબ લાગી ગયું. નવી રાણીની આંખોનો કાંટો દૂર થઈ ગયો, તો એ શાંતિથી રહેવા લાગી. હવે તેની પાસે કોઈ બહાનું પણ ન હતું કે મંજુઘોષાને દુઃખ આપે.

પરંતુ રાજદુલારી દૂર રહેવા છતાં પણ વેરભાવ દૂર ન થયો. નવી રાણી પોતાના હાવ–ભાવથી રાજાને વશમાં રાખવાનો પ્રયત્ન કરવા લાગી. એની ચાલ એ હતી કે રાજાને મુઠ્ઠીમાં લઈ લઉં તો મંજુઘોષાનાં લગ્ન એવી જગ્યાએ કરાવીશ કે જીવનભર રોતી રહે.

એવું પણ થઈ ગયું. કામ તો ત્રણ લોક પર શાસન કરે છે. મહારાજા વિજયસેન કામિનીના વશમાં આવી ગયા અને હવે તેની હા માં હા ભરતા હતા. યોગ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમયે લાગ જોઈ મેઘાવંતી મંજુઘોષાની વિરુદ્ધ કાન ભંભેરતી અને ક્યારેક–ક્યારેક રાજા પર અસ્થાયી પ્રભાવ પડતો પણ હતો. આ પ્રમાણે સમય પસાર થતો હતો.

વિજયપુરની નજીક વનમાં વસંતમાધવે પોતાનું ગગનયાન ઉતાર્યું હતું અને એક ઝાડ નીચે બેઠો–બેઠો વિચારતો હતો :

'નીચે ઉતારવાની કળા હું કેમ ભૂલી ગયો ? યાદ આવી તે પણ ત્યારે, જ્યારે હું અભિન્ન મિત્ર અને પ્રિયાથી છૂટો પડી ગયો. હવે તો તેમના મળવાની કોઈ આશા નથી. ધરતીનો છેડો શોધવા નીકળ્યો હતો અને મારા જીવનનો છેડો ગુમાવી બેઠો.'

એમાં વચ્ચે ધનન–ધનન ઘુર–ઘુરના અવાજથી વસંતમાધવ ચમક્યો. સુવર્ણમંડિત એક રથ તેની સામે વનપથ પર ઊભો રહ્યો. તેમાંથી ઊતરી એક ભદ્ર પુરુષ વસંતમાધવની સામે આવ્યો અને ક્ષણભર તેના મુખને જોતાં બોલ્યો :

'તમે કોણ છો ? અહીં કેમ બેઠા છો ?'

આંખ ઊંચી કરી વસંતમાધવે જોયું અને બોલ્યો :

'મારા દુઃખની વાર્તા બહુ લાંબી છે. ઘણી પસાર થઈ ગઈ, પણ તેનો અંત દેખાતો નથી. સંભળાવવાથી અંત આવવાનો નથી. કેવી રીતે સંભળાવું ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'ન સંભળાવો. છતાં ઇચ્છા થાય તો સંભળાવજો. હવે મારા ઘરે ચાલો. મારે પણ કોઇ પુત્ર નથી. તમારાથી ઘરમાં અજવાળું થઈ જશે.'

વસંતમાધવે પ્રશ્નસૂચક નજરથી જોયું તો ભદ્ર પુરુષ બોલ્યો :

'મારા આ શરીરને શેઠ ભાગચન્દ્ર કહે છે. પાસે જ વિજયપુર નગર છે. ત્યાં મારી ઝુંપડી છે. નાનો મોટો વેપારી છું.'

વસંતમાધવ હસ્યો અને બોલ્યો :

'આજે જ હું સમજ્યો કે મોટાના કથનનો અર્થ ઊંધો હોય છે. તમે તમારી ઝુંપડી પર લઇ જશો પણ એ વિશાળ ભવન હશે. તમે પોતાની જાતને નાનો-મોટો વેપારી કહો છો, પણ હશો, કોટીશ્વર. તમે તમારા મોં-એ ન કહો પણ આ સુવર્ણમંડિત રથ તો બધું કહી રહ્યો છે. નાના-મોટા વેપારીઓનાં આભૂષણ શું રત્નોનાં હોય છે ? સાચે જ પિતા ! વિનમ્રતા પણ કોઈ વસ્તુ છે.'

ભાગચન્દ્ર બોલ્યા :

'હવે આ વાત હું પણ કહી દઉં ? તમે પણ સાધારણ નથી. જરૂર રાજપુત્ર હશો અથવા પછી કોટીશ્વર શેઠના કુમાર હશો. તમે કામદેવનું રૂપ ચોર્યું છે. કહો, મેં ખોટું કહ્યું ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પિતા ! હવે હું તમારી સાથે જ આવીશ. આખી રામ કહાણી સંભળાવીશ. હમણાં મારો પરિચય કેમ આપું? તમે ગમે તે સમજીને લઈ જાઓ. મારે પણ સહારો જોઈએ છે. લોકો કહે છે કે ધન મોટી વસ્તુ છે. પણ હું કહું છું કે માણસ મોટી વસ્તુ છે. માણસ વિના માણસનું કામ નથી થતું. તમે જ કહો, હું ખોટું કહું છું ?'

'હવે બધી વાતો અહીં કેમ કરીએ ? ચાલો ઊઠો. પણ તમારું શુભ નામ તો કહો.'

'આ તો ચણું' નામ ? સારું તો નથી પણ મને વસંતમાધવ કહે છે સારું નામ છે. પણ હું તો વસંત જ કહીશ અથવા માધવ કહીશ. ખોટું ન માનશો.'

'પિતા ! આ બેમાંથી હું તમને એક પણ નામ નહીં લેવા દઉં. તમે તો બસ, વત્સ જ કહેજો.'

'હા હા હા' કરી શેઠ ભાગચન્દ્ર હસવા લાગ્યા. સારથીને બોલાવ્યો. તે આવ્યો. વસંતમાધવે પોતાના યાનને તોડી–મરોડી સારથીની મદદથી રથના પાછળના ભાગમાં મૂકી દીધું. બંને બેસી ગયા. ઘોડાઓએ પગ ઉપાડયા અને ઘનન–ઘનનો અવાજ કરતો રથ વિજયપુર તરફ પાછો ફરવા લાગ્યો.

દરવાજા પર રથ ઊભો રહ્યો તો શેઠાણી ભાનુમતી થોડી આશ્ચર્ય પામી આજે તો વનભ્રમણ કરીને જલ્દી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાછા આવ્યા. પછી શેઠ ભાગ્યચન્દ્ર ઉતર્યા અને પાછળ–પાછળ વસંતમાધવ ઊતર્યો. શેઠાણીએ ભ્રમર ચઢાવી પૂછયું :

'આ કોણ ?'

શેઠે કહ્યું :

'શું કહું ? વનમાં મળ્યા છે, એટલે વનદેવતા કહું તો ખોટું નથી. હવે તો આપણા કુળદીપક છે.'

'સારું ! બેટા ! શું નામ છે ?'

'મા ! મને વસંતમાધવ કહે છે.'

'બસ, પુત્ર.'

પછી ત્રણેમાં વાતો થવા લાગી, ઊભા થઈ શેઠે પોતાનું ભવન દેખાડયું અને કહ્યું :

'આ આટલો ભાગ તારા ઉપયોગ માટે, આમ તો બધું તારું છે. ક્યાંય પણ રહે.'

ત્રણ દિવસના ભૂખ્યા વસંતમાધવે નાહી–ધોઈ ભોજન કર્યું. પછી સૂઈ ગયો. સાંજે શેઠ ભાગ્યચંદ્ર નગર-શોભા જોવા લઈ ગયા. રાત પસાર થઈ. દિવસ ઊગ્યો. દિવસો પસાર થવા લાગ્યા. વસંતમાધવનું વિજયપુરમાં એવું લાગી ગયું કે ગુણમંજરી અને ગુણચન્દ્રની સ્મૃતિ મનના એક ખૂણામાં ભરાઈ ગઈ. સમય તો મોટા–મોટા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘા ભરી દે છે. આ તો અનિશ્ચિત વિરહનો ઘા હતો.

સ્વજનના મૃત્યુ પછી પણ લોકો રાગ-રંગમાં ડૂબી જાય છે. વસંતમાધવને તો વિશ્વાસ હતો કે મિત્ર અને સ્વપ્રિયા બંને કયાંક હશે જ. શ્રેષ્ઠિગૃહમાં તેને બધી સગવડ હતી અને શેઠ-શેઠાણીનો ભરપૂર પ્રેમ મળતો હતો.

એક દિવસ વસંતમાધવ શેઠ ભાગચંદની સાથે ફરવા નીકળ્યો તો નગરની બહાર રાજોદ્યાન તરફ ચાલ્યો ગયો. ત્યાં એક બહુ જ ભવ્ય ભવન જોયું તો જિજ્ઞાનાવશ થઈ શેઠને પૂછયું :

'પિતા ! રાજભવન તો બીજું છે. પણ રાજભવન જેવું આ ભવ્ય ભવન નગરની બહાર કોણે બંધાવ્યું છે ?' આનો સ્વામી શું રાજા વિજયસેનની બરાબર છે ?'

શેઠે કહ્યું :

'પુત્ર ! આ ભવન રાજદુલારી મંજુઘોષાનું છે. અપરમા મેઘાવંતીના ત્રાસથી બચાવવા માટે રાજાએ પોતાની બેટી માટે જુદી વ્યવસ્થા કરી છે. રાજકન્યા બહુ સુંદર છે. સાક્ષાત્ રતિ-રંભા જેવી છે.'

'પિતા ! હવે પાછા જઈએ. બહુ દૂર આવી ગયા.'

'અરે, તો આ ભવન નજીકથી નથી જોવું ? આમ તો અહીં કડક પહેરો છે. મહારાજા વિજયસેન અને નવીં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાણીને પણ પ્રવેશ માટે રાજકુમારીની રજા લેવી પડે છે. પણ ચોકીદારો સાથે મારે પરિચય છે એટલે ભવનનો બહારનો ભાગ અને ઉદ્યાન તો હું બતાવી શકું છું.

'તો ચાલો, જોઈ લઈએ.'

વસંતમાધવ અને શેઠ ભાગચંદ ઉદ્યાનમાં પ્રવેશ્યા. ફરી-ફરી બંનેએ રાજકન્યાનું ભવન જોયું. શેઠે સંકેતથી આંગળી કરી કેટલાક ભાગોનો પરિચય આપ્યો—આ રાજકન્યાનું ક્રીડાભવન છે. અહીં ઉપર પાંચમા માળે એ પોતાની સખીતુલ્ય સેવિકા વાસંતી સાથે ઊંઘે છે વિગેરે—વિગેરે. ફરીને—જોઈને બંને પાછા આવ્યા. પરંતુ વસંતમાધવનું મન મંજુઘોષાના ભવનની આજુબાજુ ફરતું રહ્યું.

રાત પડી તો બધા સૂઈ ગયા, પણ વસંતમાધવ પોતાના ઓરડામાં હજુ જાગતો બેઠો હતો. અડધી રાત પસાર થઈ તો તેણે પેટી ખોલી પોતાનું ગગનયાન કાઢયું. તેના ભાગો જોડયા અને તેમાં બેસી ચૂપચાપ ઊડી ગયો.

ઝીણા વસ્ત્રોના પડદા હતા. મંજુઘોષા સ્વર્ણમંડિત ચંદનના પલંગ પર સૂતી હતી. પાસે જ બીજા પલંગ પર સખી વાસંતી સૂતી હતી. વસંતમાધવે બહારની છત પર પોતાનું યાન ઉતાર્યું અને દબાતા પગલે પલંગ પાસે પહોંચ્યો રાજકુમારીનું સુપ્ત સૌંદર્ય ઊભો-ઊભો જોતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહ્યો. શ્વાસોચ્છવાસની ઊંચી-નીચી થતી છાતીને તે અપલક રીતે જોઇ રહ્યો પછી વિચાર્યું.

'છી ! આ તો ખરાબ વાત છે. આમ છુપાઈ, ચૂપચાપ આવવાથી કેટલું બધું માન ઘટી જાય છે ? જો જગાડું તો રાજકુમારી શું કહેશે. જઉં, હવે તો કયારેક દિવસે આવીશ. પણ કંઇક એવું કરી જઉં કે સવારે ઊઠે તો રાજકન્યા વિચારે, રાતે કોઈ આવ્યું હતું. વિચારમાં પડી જશે. વિચારશે, આટલો કડક પહેરો. અંદરથી બધા દરવાજા બંધ, પછી કોણ આવી ગયું ?'

આમ વિચારી રાજકુમાર વસંતમાધવે અદલા-બદલી કરી નાખી. રાજકુમારીની પાદુકાઓ ઊઠાવી પાણીની માટલી વાળી જગ્યા પર મૂકી દીધી અને પાણીની માટલી આગળ ચોકડીમાં મૂકી દીધી. આમ બધો સામાન ઉલટ-સુલટ કરી નાખ્યો અને ચૂપચાપ પોતાના ઓરડામાં આવી સૂઈ ગયો.

(અનુસંધાન વસંતમાધવ-૨)



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસંતમાધવ–૨

રાજકન્યા સવારે ઊઠી. ધૂમ પાડી–'વાસંતી ! મારી પાદુકાઓ ?' વાસંતી આવી. પાદુકાઓ શોધી તો કયાં મળી, જ્યાં માટલી મૂકી હતી અને માટલી બીજે કયાંક. બંને વિચારમાં પડી. અહીં કોણ આવ્યું હતું ? વાસંતી બોલી :

'રાજકુમારી ! તમારું ભાગ્ય જાગી ગયું. જરૂર કોઈ વિદ્યાધર આવ્યો હશે.'

'વિદ્યાધર ?'

'હા તો બીજું કોણ આવે ? આશ્ચર્યની વાત નથી શું ? બધું આડું–અવળું થઈ ગયું.'

'વાસંતી ! તો પછી એ આજે પણ આવશે. આજે હું સાવધાન રહીશ. તું પણ ઊંઘીશ નહીં. જોઈએ કોણ આવે છે.'

દિવસ વાતોમાં પસાર થયો. મોટી–મોટી ધારણાઓ કરી. કયારેક વિચાર્યું–કોઈ ભૂત–પ્રેત તો નહીં આવ્યું હોય ? કયારેક વિચાર્યું–આ રીતે તો કોઇ દેવ–અસુર આવી શકે છે. માનવને શું પાંખ હોય છે કે આવી રીતે ચાલ્યો આવે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ જ વિચારતાં દિવસ પસાર થઈ ગયો. રાત પડી તો બંને સાવધાન થઈ ગઈ. પછી રાજકન્યા બોલી :

'વાસંતી ! હું અહીં સૂઈ જઉં છું તું પણ સૂઈ જા. સૂતાં–સૂતાં વાતો કરીશું. ઊંઘ હમણાં આવશે નહીં. આવશે તો ઊઠીને બેસીશું.'

બંને સૂઈ ગઈ. પણ જ્યારે ઊંઘ આવે છે ત્યારે બેઠાં બેઠાં પણ ઝોકાં લે છે. કહેવાય છે. લોકો ચાલતાં–ચાલતાં ઊંઘે છે અને ઊંઘતાં–ઊંઘતાં ચાલે છે. મંજુઘોષા અને વાસંતી બંને ગાઢ નિદ્રામાં સૂઈ ગઈ.

અહીં વસંતમાધવે વિચાર્યું :

'આજે પણ જઉ. કાલના સમયે જ જઈશ. અડધી રાત કયારે થશે ? આજે રાજકુમારીને જોઈશ. ડરની શું વાત છે ? એ રાજકુમારી છે, તો હું રાજકુમાર નથી ? જોઉં આજે શું કરે છે.'

અડધી રાત થઈ તો વસંતમાધવ પહોંચ્યો. મંજુઘોષાના ભવનમાં છત પર યાન ઉતાર્યું અને બારીના રસ્તાથી અંદર ઘૂસ્યો. દરવાજાનો અવાજ થયો તો ચમકીને મંજુઘોષાએ ધૂમ પાડી. વાસંતી ચોર ! વસંતમાધવ પાછા પગે ભાગ્યો અને યાનમાં બેસી ઊડી ગયો. બંને જાગી ગઈ. રાજકુમારી બોલી :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તું પણ સૂઈ ગઈ, હું પણ સૂઈ ગઈ. કાલે વાત. ચોર જ આવ્યો હતો. ભાગી ગયો. ચોર તો હતો જ. ચોરના પગ જ કેટલા હોય છે. ખાંસીનો અવાજ સાંભળીને ભાગે છે.'

વાસંતી બોલી :

'રાજકુમારી ! ચોર પણ હતો તો તમારા હૃદયનો ચોર હતો. જો એવો ચોર હોય તો કશું લઈ ન જાય ? કાલે તો એને બધી સગવડ હતી. છતાં પણ આડું-અવળું કરી ગયો, કશું લઈ ન ગયો. શું કોઈએ રોકયો હતો ?

'રાજકુમારી ! સમજ્યા-વિચાર્યા વિના તમે અથિતિને ચોર કહી સારું ન કર્યું. અરે તમે તો ભાગ્યશાળી છો, જે ઘરે જ તમારો ચાહનાર આવી ગયો. એને હુકરાવશો તો જાણો છો શું થશે ?'

'શું થશે ? તું જાણે છે ?'

'હા સખી, હું જાણું છું. નવી રાણી મેઘાવંતીએ ષડયંત્ર રચ્યું છે કે એ તમારાં લગ્ન એક કોઢી રાજકુમાર સાથે કરાવશે. આ ષડયંત્રની ખબર રાજાને પણ નથી. કોઈને ખબર નથી. એ તમારું ભાગ્ય કે મને કાલે જ ખબર પડી. રાણીની અંગત દાસીએ મારી માતાને કહ્યું અને મારી માતાએ મને કહ્યું. હવે હું તમને કહી રહી છું. તમે એ આંગતુકને ચોર જ સમજ્યાં તો શું ઠીક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમજ્યા ? બંને વાર એ તમને મળવા આવ્યો હશે. ચોર સાંભળતાં જ એ ભાગી ગયો તો શું હવે ફરી આવવાનું સાહસ કરશે ખરો ?'

'સખી વાસંતી ! મને પણ મારી ભૂલ સ્પષ્ટ દેખાય છે. પહેલી ભૂલ એ થઈ કે હું સૂઈ ગઈ. બીજી એ કે જાગી તો તેને ચોર કહી ભાગી જવા વિવશ કર્યો. મારું કર્તવ્ય એ હતું કે તેને આવવા દેત અને સ્વાગતપૂર્વક તેને બેસાડી તેની સાથે વાતો કરતી. સાચે જ એ ચોર ન હતો. પણ હવે શું થાય ? શું ખબર હવે તે આવે પણ ખરો ! પરંતુ આવશે કેમ ? હવે તું એક કામ કર. હમણાં જ. હા. હમણાં રાતમાં. અરે તો તને શું બીક છે ? તેને શોધી લાવ હમણાં જ મળે તો દિવસે શોધજે. સખી ! હવે તો તારે એ હૃદયચોર શોધવો જ પડશે. સખી ! તેં જ આ આગ લગાડી છે, તો તુ જ હોલવ.'

મંજુઘોષા એકલી રહી ગઈ. ક્યારેક વિમાતાના ષડયંત્રનો વિચાર કરતી અને ક્યારેક અજાણ્યા-અણદેખ્યા વસંતમાધવના રૂપ-સ્વરૂપ વિશે વિચારતી. એ કોણ હશે ? વિદ્યાધર હશે ? તેનું રૂપ કેવું હશે ? ભાગ્યએ મારો ઉદ્ધાર કરવા જ એને મોકલ્યો હતો ? હું પણ આ ભવનમાં તરફડું છું.'

વિચારતાં વિચારતાં મંજુઘોષા સૂઈ ગઈ. સવારે આવી વાસંતીએ જગાડી. રાજકુમારીએ પૂછ્યા પહેલાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ કહ્યું–'સખી ! કયાંય ન મળ્યો. પણ તું નિરાશ ન થઇશ. હવે દિવસે શોધ કરીશ.'

મંજૂઘોષાએ કહ્યું :

'સખી ! જ્યાં સુધી 'એ' મને નહીં મળે, ત્યાં સુધી અન્ન–પાણી નહીં લઉં, પોતાના ગુનાની ક્ષમા માગવા મારું હૃદય વ્યાકુળ થઈ રહ્યું છે.'

'હાય રાજકુમારી ! આવી પ્રતિજ્ઞા ન કરો. હું મારા પ્રયત્નમાં કસર નહીં રાખું. રાતે મેં એને કયાં–કયાં ન જોયો ? મસાલ લઈ આખું ઉદ્યાન ફરી. અંધારી ગલીઓમાં પણ જોયું. પણ એ ચિત્તચોર કયાંય ન મળ્યો. હવે હું ફરી જઉં છું. એક–એક ઘર. બધી જગ્યા શોધી વળીશ. કોઇકને ત્યાં કોઈ પરદેશી મળશે તો પૂછ–પરછ કરીશ કારણ કે મનમોજી પરદેશી જ આવું સાહસ કરી શકે છે.'

નિત્યકર્મથી નિવૃત્ત થઈ વહેલી સવારે જ વાસંતી નીકળી ગઈ. ભાગ્યની વાત એ કે શ્રેષ્ઠી ભાગચંદ પોતાના વરંડામાં બેઠેલા મળ્યા. એ વસંતમાધવને કહી રહ્યા હતા :

'બેટા વસંત ! બે દિવસથી તું બહુ ઉદાસ રહે છે. શું તબિયત બરાબર છે ? ઊઠે છે પણ મોડો; કહે શું વાત છે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાસંતી ચમકી :

'અરે, તો આ જ હશે. શેઠને તો કોઈ પુત્ર ન હતો. એમને ત્યાં કોઈ અતિથિ આવ્યો છે. એ બે દિવસથી મોડો ઊઠે છે ?'

વસંતમાધવ તો અંદર જતો રહ્યો. વાસંતી શેઠ ભાગચંદની પાસે આવી અને પ્રણામ કરી બેસી ગઈ. શેઠે પૂછયું :

'વાસંતી ! વહેલી સવારે કેમ ફરી રહી છે ? શું રાજકુમારીએ છૂટી કરી દીધી ? બહુ જ ઉદાસ છે !'

'શેઠજી ! રાજકુમારીના દુઃખે દુઃખી છું. બે દિવસથી રાતે કોઈ ભવનમાં આવે છે અને ચૂપચાપ જતો રહે છે. જાણે કોણ છે ? જ્યાં સુધી એ નહીં મળે ત્યા સુધી રાજકુમારી અન્ન–પાણી નહીં લે. હવે કેવી રીતે ને કયાં મળે એ ?'

'વાસંતી ! હું જ્યોતિષી તો નથી, પણ મારા વિચારથી કહુ છું કે રાજકુમારીનો ચોર જરૂર મળશે ?'

'શેઠ ! તમારા ઘરમાં આ વસંત કોણ છે ?'

'તારી જ રાશિ છે. એને જ જઈને પૂછ જા અંદર.'

આપો આપ કામ થતું હતું. ભાગ્ય અનુકૂળ હતું. વાસંતી વસંતમાધવ પાસે પહોંચી ગઈ અને તેના મુખને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઈ રહી. પછી વસંતમાધવે પૂછ્યું :

'કોણ છો ? બેસો.'

વાસંતી બેસી ગઈ. અંધારામાં તીર માર્યું :

'હવે મને પૂછો છો ? બે રાત ગઈ. ત્યારે મને પણ જોઈ હશો. આવતા કેમ રહ્યા ? બેઠા હોત તો આજે મારે આમ ભટકવું ન પડત.'

તીર નિશાન પર લાગી ગયું. વસંતમાધવ બોલ્યો :

'તમારી સખીએ ચોર કહ્યો તો કેવી રીતે ઊભો રહું ?'

'અરે ! તો બોટું લાગી ગયું ? તમે ચોર તો છો જ. શું તેનું હૃદય નથી ચોર્યું ? હવે આજ પાછું તો આપી જાઓ. સાચું કહું છું કુમાર ! મારી સખીએ અન્ન-પાણી છોડી દીધાં છે. તેને ભૂખી-તરસી મારશો ?'

'ખરેખર ! તો તો આજે જરૂર આવીશ. તેનું હૃદય તો પાછું આપી દઈશ અને એ ઇચ્છશે તો ચોરીના પ્રાયશ્ચિત રૂપે મારું પણ આપી દઈશ.'

'બહુ ચતુર છો વસંત ! પરિચય જાણી શકું ?'

'હવે તો અહીં રહેનાર થઈ ગયો છું. આમ તો કોશામ્બીનો રાજકુમાર છું, પણ હવે ભાગ્યે શ્રેષ્ઠિપુત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બનાવી દીધો.'

'સારું તો જઉં. જરૂર આવજો.'

'બપોર થતાં પહેલાં વાસંતી આવી ગઈ. તેના પ્રસન્ન મુખને જોઈ મંજુઘોષા સમજી ગઈ કે ચોર મળી ગયો. એક શ્વાસે વાસંતીએ બધું સંભળાવી દીધું. મંજુઘોષા તેને વળગી પડી–'તું બહુ સારી છે વાસંતી!'

બાહુબંધન છોડાવતાં વાસંતીએ કહ્યું :

'અરે તો શું વસંતથી પણ વધારે! હવે તો ભોજન કર. હું પણ ભૂખી છું,'

મંજુઘોષ એ કહ્યું :

'તું બોલ લે વાસંતી. હું તો પ્રતિજ્ઞા પૂરી કરીને બોલીશ.'

'હવે શું બાકી છે રાજકુમારી? એ તો રાતે આવશે જ.'

'વાસંતી! તો શું હું એક દિવસમાં મરી જવાની છું? સાધ્વીઓને જો. એ પણ માનવી છે. ત્રીસ–ત્રીસ દિવસ નિરાહાર રહે છે. હું તો કાલે જ અન્ન–પાણી ગ્રહણ કરી લઈશ.'

'તો શું હું પણ મરી જઈશ? એક દિવસનું વ્રત જ માની લઈશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બંનેમાંથી કોઇએ ભોજન કર્યું નહીં. આમ દિવસ પસાર થઇ ગયો. રાત પડી. વસંતમાધવના સ્વાગતની બધી તૈયારી કરી નાખી. અડધી રાત્રે અવાજ થયો. બારીમાંથી વસંતમાધવ અંદર આવ્યો. મંજુઘોષા ઊભી થઇ ગઈ. શરમને લીધે આંખો ઢળી ગઈ. પોતાના મનમીતને જોઈ લીધો, વાસંતીએ આસન પાથર્યું. માધવ બેસી ગયો. બોલ્યો :

'વાસંતી ! તમારી સખી તો બોલતી જ નથી. શું મૂંગી છે ?'

'મૂંગી હોત તો કાલે ચોર કહેત ખરી ?'

'હા યાદ આવ્યું. રાજકન્યા ! હૃદય ઉપર હાથ મૂકી જુઓ. તમારું હૃદય મેં પાછું આપી દીધું છે.'

હવે મંજુઘોષા બોલી :

'રાતે કહેલાં કુવચનોની માફી માગું છું. આજે મારું ભાગ્ય ખૂલી ગયું. હવે મારા જેવી દાસીને હુકરાવશો નહીં. મને ચરણમાં જગ્યા આપો.'

'પણ હું તો વિવાહિત છું રાજકન્યા ! તમારું હૃદય તો પાછું આપી દીધું. બંધનમાં નહીં બાંધું.'

મંજુઘોષા રડી પડી. વાસંતી બોલી :

'કુમાર ! હવે વધારે પરીક્ષા ન કરો. બહુ થઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગયું. તમારા વિના એ મરી જશે. મેં આશ્વાસન આપ્યું કે આજ રાતે તમે જરૂર આવશો, છતાં પણ અન્ન-પાણી ગ્રહણ ન કર્યું. મને કહ્યું કે જ્યાં સુધી માફી નહીં માગું, ત્યાં સુધી ખાઈશ-પીશ નહીં. હવે તો તેને માફી આપો.'

'વાસંતી! તમારી વાત તો માનવી પડશે, કારણકે મારું-તમારું નામ લગભગ સરખું છે. પણ વડીલોની આજ્ઞા-રજા વિના લગ્ન કેવી રીતે થાય?'

'કુમાર! વડીલો ક્યારેય રજા નહીં આપે. વિમાતા આનાં લગ્ન એક કોઢિયા સાથે કરવાના ષડયંત્રમાં પડી છે અને મહારાજા નવી રાણીના વશમાં છે.'

'તો પછી સમસ્યા છે.' વસંતમાધવે લાચારી બતાવી. મંજુઘોષા બોલી:

'નાથ! શાસ્ત્રોમાં ગાંધર્વ લગ્નનું સ્પષ્ટ વિધાન છે. લાચારી તો કશી જ નથી.'

'રાજકન્યા! તમારી વાત હું માનું છું. પણ હું શેઠ ભાગચંદ અને શેઠાણી ભાનુમતી પાસે રજા તો લઈ લઉં. શુભ મુહૂર્તમાં જ તમારી સાથે ગાંધર્વલગ્ન કરીશ. ક્ષત્રિય વચન છે. હવે તો વિજયપુરમાં જ છું.'

મંજુઘોષા ખુશ થઇ ગઈ અને પછી પૂછયું:

'પહેલી રાતે કેવી રીતે આવ્યા હતા? તમને મારી કેવી રીતે ખબર પડી?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસંતમાધવે બધું જ કહ્યું–પછી બંને તરફથી કોયડા પૂછાયા. કાવ્ય ચર્ચા થઈ. આ પ્રમાણે રસરંગમાં રાત પસાર થઈ. રાત પસાર થતી જોઈ વસંતમાધવ પોતાના ભવને જતો રહ્યો.

વસંતમાધવના ગયા પછી શેઠાણી ભાનુમતીએ જોયું તો તેની પથારી ખાલી હતી. તેણે સવારે પૂછયું :

'માધવ ! રાતે ક્યાં રહ્યો ?

'મા ! વનમાં દેવી–પૂજન કરવા ગયો હતો. આજ-કાલ દેવીને મનાવી રહ્યો છું.'

'તો દેવી પ્રસન્ન થઈ ગઈ ?'

વસંતમાધવ હસ્યો, પછી બોલ્યો :

'મા ! દેવી તો પ્રસન્ન થઈ ગઈ, પણ તમે તો ગુસ્સે નહીં થાઓ ? એક વાત તમને કહીશ. તમે પિતા પાસે મારી લાગવગ કરજો.'

'અરે ! તો પછી કહે. છુપાવે છે કેમ ? એવી શું વાત છે ?'

વસંમમાધવે બધું કહ્યું. પ્રસન્ન અને ચિંતિત થઈ ભાનુમતી બોલી :

'પરંતુ જો રાજા વિજયસેનને ખબર પડી ગઈ તો ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મા ! તેની ચિંતા ન કરો. બસ, તમે પિતાને કહી મુહૂર્ત કઢાવો. હું બધું બરાબર કરી નાખીશ.'

શેઠ ભાગચંદ પણ આવી ગયા. ત્રણે વચ્ચે ચર્ચા થઇ. શેઠે ચુપચાપ પંડિત પાસે મુહૂર્ત કઢાવ્યું. ચૈત્ર પૂર્ણિમાનું મુહૂર્ત નીકળ્યું. યોગ્ય સમયે અડધી રાતે વસંતમાધવ મંજુઘોષા પાસે પહોંચ્યો. તિથિ-મુહૂર્ત કહી દીધું. ચૈત્ર પૂર્ણિમા પણ આવી ગઇ. વાસંતીએ બધો સામાન ભેગો કર્યો હતો. ચાંદની રાતમાં વસંતમાધવ અને મંજુઘોષાનાં ગાંધર્વ લગ્ન થઇ ગયાં.

* *

સઘન વનમાં ગુણમંજરી એકલી હતી. હવે ક્યાં જાય ? બિચારી વિચારતી હતી :

'મને તો કયાંયનોય રસ્તો અબર નથી. પિયર સાસરી બંને છૂટી ગયાં અને જીવનનો આધાર પ્રાણેશ્વર પણ છૂટી ગયા.'

ચોમાસાની ઋતુમાં વનનું અંધારું વધી ગયું. બિચારી મુંઝાઈ ગઈ. હાથને હાથ મળતા ન હતા. છતાં પણ ચાલી જતી હતી. કયાંક તો પહોંચીશ. કાંટાવાળી ઝાડીઓમાં ભરાઈને કપડાં પણ ફાટી ગયાં હતાં. છેવટે એક પહાડી પર પહોંચી ગઈ.

પાસે જ ઝરણું વહેતું હતું. એક હરણી પાણી પી રહી હતી. ગુણમંજરીને જોઈ હરણી ડરી નહીં. વિચાર્યું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાળેલી હશે. પહાડીની ગુફામાંથી ધ્યાન પૂરું કરી એક યોગી બહાર આવ્યા. ગુણમંજરીને બેઠેલી જોઈ ચમકીને બોલ્યા :

'તું ! સ્ત્રી ? અહીં કયાંથી ? અહીંથી જતી રહે. હું બ્રહ્મચારી છું. તને અહીં નહીં રહેવા દઉં.'

ગુણમંજરી બોલી :

'તમે કાચા બ્રહ્મચારી છો. હું પર–પુરુષને સ્ત્રી સમજું છું. તમે પણ મને પુરુષ સમજો. પછી બ્રહ્મચર્ય કેવી રીતે ખંડિત થશે ? પછી તો તમે મારા પિતા જેવા છો. પોતાની પુત્રીને પાસે રાખવામાં ડરો છો ? દુખિયારી છું'

યોગી બહુ પ્રભાવિત થયા. ગુણમંજરીને ગુફામાં રહેવાની રજા આપી. હવે એ અહીં રહેવા લાગી. જીવનમાં એક ટેકો મળી ગયો, જેમ અંધારી રાતમાં દીવો બળતો હોય. હવે દિનકરની પ્રતીક્ષા સફળ થઈ ગઈ. વનમાં ફળોનું ભોજન, ઝરણાંનું મીઠું પાણી અને જપ–ધ્યાનની સગવડ.

આ બાજુ મંત્રીપુત્ર ગુણચન્દ્ર ઝાડ પરથી નીચે ઉતર્યો તો મિત્ર વસંતમાધવના વિરહમાં વિલાપ કરવા લાગ્યો. એ પણ ઊઠયો અને વનમાર્ગ પર આગળ વધવા લાગ્યો. ભાગ્યએ તેને પણ યોગીની ગુફા પાસે પહોંચાડી દીધો. ગુણમંજરીને જોઈ તો ચમકીને બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'ભાભી ! તમે અહીં ? ભાઈ વસંતમાધવ ક્યાં છે ? તમે બંને તો વિમાનમાં જ રહી ગયાં હતાં.'

'દિયર ! હું તો વિમાનમાંથી નીચે પડી હતી. એ કોણ જાણે ક્યાં છે ? હવે તમે આવી ગયા તો કંઈક આશા બંધાઈ. આપણે બંને તેમને શોધી લઈશું.'

'ભાભી ! શોધવાથી એ ક્યાં મળશે ? મેં શું તમને શોધ્યાં હતાં અથવા તમે મને શોધ્યો હતો ? ભાગ્યએ ભેગાં કર્યાં અને ભાગ્ય જ હવે ભાઈને પણ ભેગો કરશે.'

પછી યોગીને પ્રણામ કરી ગુણચન્દ્રએ બંનેની કથા સંભળાવી પૂછ્યું :

'યોગીરાજ ! હવે તમે જ બતાવો, રાજકુમાર વસંત-માધવ ક્યારે મળશે ?'

ધ્યાન ધરી યોગીએ કહ્યું :

'ધીરજ રાખો. સમય પહેલાં કશું નથી થતું. ચૂલા ઉપર દાળ ચઢે છે ને ? ગમે તેટલો અગ્નિ તેજ કરો, પણ દાળ તો પોતાના સમયે જ ગળે છે. એક દિવસ તમે બંને એક જગ્યાએ જરૂર ભેગાં થઈ જશો.'

ગુણચન્દ્ર અને ગુણમંજરીને આશા બંધાઈ. આશાના સહારે તો મોટાં-મોટાં સંકટ પાર થઈ જાય છે.

ગાંધર્વ-લગ્નના કેટલાક દિવસો પછી એક દિવસ મેધાવંતી રાણીના મનમાં પ્રેરણા જાગી :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મંજુઘોષાની પાસે જઈ જાઉં. શું કરે છે, શું નથી કરતી. કોઢી રાજકુમાર સાથે તેનાં લગ્ન પણ કરવાનાં છે. સારી–સારી વાતો કહી તેને ખુશ કરીશ.'

આવું બધું વિચારી મેઘાવંતી મંજુઘોષાના મહેલે પહોંચી તો દંગ રહી ગઈ. રાજકુમારીના સેંથામાં સિંદૂર! તો શું એણે કયાંક છૂપી રીતે લગ્ન કરી લીધાં? જરૂર રાતે કોઈ આવતું હશે. એણે તો કુળનું નાક કપાવી નાખ્યું. હવે તો મહારાજા પણ મારા કામૂ બહાર નથી જઈ શકતા. પણ પહેલાં સાન્ત્વિતિ તો ભેગી કરી લઉં. મનનો ભાવ છૂપાવી રાણી બોલી :

'મંજુ બેટી! તું તો મને બિલકુલ ભૂલી ગઈ? મારો સ્વભાવ જ ખરાબ છે, પણ હૃદય ખરાબ નથી. મારો વિશ્વાસ કરજે, જ્યારથી તું જુદી રહેવા લાગી છે, ત્યારથી મને તારી ઘણી યાદ આવે છે. પણ તને તો કયારેય નહીં આવી હોય. આવે પણ કેમ, હું વિમાતા છું.'

'હાય મા! એવું ન કહો. હું શું કરું? પિતાજીએ જુદી રાખી તો રહેવા લાગી, તમે અહીં આવી મોટી કૃપા કરી. હું ધન્ય થઈ ગઈ.'

'બેટી મંજુ! હવે તું મોટી થઈ ગઇ છે. તારાં લગ્ન પણ કરવાનાં છે. મેં તારા પિતાજી સાથે વાત કરી લીધી છે. મેં એક વર પણ શોધી કાઢયો છે. હાય! હવે વિપારકી થઇ જઇશ!'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંજુઘોષા વિમાતાનાં વ્યંગવચન સમજી ગઇ અને તેનું ધ્યાન પોતાના હાથની મહેંદી તરફ ગયું. મનમાં શંકા ગઇ કે કયાંક એને કશી ખબર તો પડી ગઇ નથી ને ? કદાચ ન પણ પડી હોય. મને ખાલી શંકા થાય છે. ખબર પડી હોય તો આમ મીઠી-મીઠી વાતો કરે ? આકાશ માથા પર ઉઠાવી લેત. આમ વિચારી મંજુઘોષાએ પોતાનું મન મનાવી લીધું. અહી મેઘાવંતી એવી યુક્તિ વિચારતી હતી કે જેનાથી ચોર પકડાઈ જાય. એકદમ તેને એક યુક્તિ સૂઝી અને ઝડપથી વિદાય માગી :

'સારું, તો જઉં બેટી !'

'આટલાં જલ્દી ? તમે હમણાં તો આવ્યાં છો ?'

'બેટી ! તારા પિતાને કહ્યા વિના આવી છું. હવે જવા દે, અને હા, આજે તું જ આવજે, મંત્રીપત્નીના ભવનમાં ચોપાટ રમીશું. તેમણે મને આમંત્રણ આપ્યું છે. હું તેમને મોકલીશ. અહીં તો તારું મન પણ નહીં લાગતું હોય.'

આટલું કહી મેઘાવંતી ઊભી થઈ. મંત્રીના ભવન તરફ રથ વાળી લીધો. મંત્રીપત્નીએ રાણીને જોઇ તો આનંદ-આશ્ચર્ય સાથે બોલી :

'મહારાણી તમે ! મને જ બોલાવવી હતી ને. તમે શા માટે તકલીફ લીધી ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'બહેન ! મારા આવવામાં કાંઇ વાંધો છે ?'

'વાંધો કેવો ? સ્વામિની સેવિકાના ઘરે આવે તો એ ધન્ય ન થાય ? હું ધન્ય થઇ ગઇ. આવો, બેસો અને આજ્ઞા આપો.'

'કહેવા તો આવી જ છું. હવે તો બધું કહીશ. બહેન ! તમને પૂછ્યા વિના મેં એક એવી યોજના બનાવી છે, જે તમારે પૂરી કરવાની છે. આજે મંજુઘોષા-ને તમારે ત્યાં ચોપાટ રમવા બોલાવી લો. તમે પૂછ્યા વિના મેં બોટું બોટું તમારી તરફથી તેને આમંત્રણ આપી દીધું છે. તમે જતે તેને લેવા જાઓ. આમ તો વાસંતી પણ સાથે આવશે. ન આવે તો તેને પણ સાથે લાવજો.'

'બસ આટલી જ વાત ? બીજી કોઇ આજ્ઞા ?'

'હા, બીજું કે મંજુઘોષાને આગ્રહ કરી આખી રાત તમારે ત્યાં રાખજો. હું પણ રહીશ. હવે હું જઉં છું. એક પ્રહર પછી આવીશ.'

મેઘાવંતીએ જે યોજના બનાવી હતી, તેનું એક ચરણ પૂરું થઈ ગયું. બીજા ચરણ માટે પોતાના ભવને આવી અને વિશ્વાસુ દાસીને મોકલી કનકમંજરી વેશ્યાની બોડબી પુત્રી કામિનીને બોલાવી. પછી એને શિખવાડયું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આજ રાતે તારે મંજુઘોષાના ભવન પર સૂવાનું છે. રાતે કોઇ પુરુષ છુપી રીતે આવશે. ચતુરાઇથી તેને પકડાવવાનો છે. તારા ભવનની આજુબાજુ સુભટ રહેશે.'

આ પ્રમાણે યોજનાનાં બંને ચરણ પૂરાં થઈ ગયાં. અહીં મંત્રીપત્ની મંજુઘોષાના ઘરે પહોંચી. અને તેણે આગ્રહ કર્યો તો એ ખુશ થઈ ગઈ. વાસંતી અને મંજુઘોષા, બંને રથમાં બેસી મંત્રીપત્નીના ઘરે આવી. ચોપાટ જામી ગયો. રમત શરુ થઈ પછી મેઘાવંતી આવી અને બોલી :

'ઓ હો ! મારી બેટી મંજુ તો મારાથી પણ પહેલાં આવી ગઇ. મને વાર લાગી. હવે રમત જામશે. મારી બેટી પણ મોટી ખેલાડી છે. આખી રાત પાછી નહીં પડે.'

'આખી રાત'નું નામ લઈ જાણે તેણે મંત્રીપત્નીને યાદ અપાવ્યું કે મંજુને આખી રાત રોકવાની છે. આખો દિવસ રમત ચાલુ રહી. સાંજે મંજુઘોષાએ ઉતાવળ બતાવી–હવે જઈશું. કાલે ફરી આવીશ. મંત્રીપત્નીએ કહ્યું :

'અરે રાજદુલારી ! આજે નહીં જવા દઉં. શું કાકી પર નારાજ થઈ ગઇ છે ? ત્યાં શું કરીશ ? આજે આ ઘરનું લૂખું સૂકું ખા. મહારાણી પણ આજે તો રાતે અહીં ઊંઘશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંજુઘોષા નિરુત્તર થઈ ગઈ. થોડીક ક્ષણો ચૂપ રહી પછી કહ્યું :

'કાકી ! મારે સામાયિક પણ કરવાનું છે.'

'તો શું થયું ? અહીં કરી લેજે.'

મંજુઘોષા લાચાર થઈ ગઈ. રાતે તેને મંત્રીપત્નીને ત્યાં જ રોકાવું પડયું. વાસંતીને રોકવા માટે તો રાણી મેઘાવંતીનો એક ઠપકો પણ પૂરતો હતો. તેથી તેને પણ રોકાવું પડયું. રાજકુમારી બહુ બેચેન હતી–એ આવશે તો શું થશે ? શું'ય વિચારીને પાછા જતા રહેશે. કાલે રાતે સમજાવી દઈશ. આ પ્રમાણે વિચારોમાં અટવાતી મંજુઘોષા પડી રહી.

અહીં વેશ્યાપુત્રી તૈયાર થઈ મંજુઘોષના ભવનમાં પહોંચી. મંજુઘોષાના ચોકીદારોએ રોક–ટોક કરી નહીં કારણ કે મેઘાવંતીના અંગત સૈનિકો સાથે હતા. ચોકીદારો એમ સમજ્યા કે રથમાં રાજકુમારી જ હશે. ઉપર જઈ વેશ્યાપુત્રી બનાવટી ઊંઘમાં સૂઈ ગઇ.

દરરોજની જેમ વસંતમાધવે યાન છત પર ઊભું રાખ્યું અને બારીના માર્ગથી અંદર ગયો. કામિની ઊઠીને બહાર છત પર ગઈ અને પાછળ–પાછળ વસંતમાધવ ગયો.. માધવે કામિનીનું વસ્ત્ર ખેંચ્યું તો તેણે બૂમો પાડી. માધવ બધો યોજના સમજી ગયો. ઝડપથી કમરમાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તલવાર કાઢી અને ખટાખટ થવા લાગી. એક બે નહીં, છ સૈનિકો માધવે મારી નાખ્યા. લોહીની નદી વહેવા લાગી.

કામિનીએ ચીસ પાડી અને ભયને કારણે બેભાન થઈ ગઈ. બાકીના સૈનિકો પ્રાણ બચાવવા ભાગી ગયા વસંતમાધવ યાન તરફ જઈ જ રહ્યો હતો ત્યાં જ પાછળથી બે સૈનિકોએ દોરડું નાખી વસંતમાધવને પાડી દીધો. તેને ખબર ન હતી તેથી બંધાવું પડ્યું. વાહ રે વીર! ચટ–ચટ બંધન તોડી ભાગ્યો અને નીચે કૂદી પડીને જોખમમાંથી નીકળી ગયો બરાબ એ થયું કે તેનું યાન ત્યાં રહી ગયું. રાતના સન્નાટામાં એ ઘરે પહોંચ્યો. શ્રેષ્ઠિ ભાગચન્દ્રને જગાડ્યા અને બધું સંભળાવી બોલ્યો :

'તાત! હવે તો વિજયસેન સાથે યુદ્ધ થશે. તમે જોજો વિજયપુરમાં લોહીની નદીઓ વહેશે.'

'અરે પુત્ર! એવું ન બોલ. યુદ્ધ દરેક દશામાં ક્રૂર કર્મ છે. બેટા! તારી સાથે કપટ કરવામાં આવે છે તો તું કપટને કપટથી કાપ. હવે એક પ્રહર રાત બાકી છે. જા, થોડું ઊંઘી લે. સવારે વાતો કરીશું. હું તારાથી જુદો થોડો છું? બહુ થશે તો નગર છોડી દઈશું.'

હવે સવાર પડ્યું. બધા પોત–પોતાના ઠેકાણે ગયા. મેઘાવંતી પોતાના ભવને આવી અને વેશ્યાપુત્રી કામિની સીધી પોતાના આવાસે પહોંચી. એ વસંતમાધવને પકડા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

વવામાં નિષ્ફળ ગઈ, તેથી ભયને કારણે રાણી મેઘાવંતીની પાસે ન ગઈ. અહીં મંજુઘોષા વાસંતી સાથે પોતાના ભવને પહોંચી તો લોહી જ લોહી જોઈ બેભાન થઈ ગઈ. પ્રયત્ન કરી વાસંતી તેને ભાનમાં લાવી તો મંજુઘોષાએ કહ્યું :

'સખી વાસંતી ! વિમાતા કેવી ચાલ રમી ? તેથી જ મને આખી રાત રોકી રાખી. મને શંકા ન જાય તેથી પોતે પણ મારી પાસે રહી. એમને મારી તો નહીં નાખ્યા હોય ? જો એવું થયું હોય તો હું શા માટે જીવતી રહું ?'

'રાજકુમારી ! શંકાનો મહેલ ન બનાવો. હું હમણાં જ શ્રેષ્ઠિના ઘરે જઉં છું. એ તો કુશળ જ હશે.'

'તો જા ઝડપથી.'

વાસંતી ગઈ. વસંતમાધવ તેને કુશળ મળ્યો. તેણે સમાચાર આપ્યા :

'વાસંતી ! કોણ જાણે હું કેવી રીતે બચી ગયો ? મને મારવામાં તમે બંનેએ શું બાકી રાખ્યું ? કયાં જતી રહી હતી ?'

પછી વાસંતીએ બધું કહ્યું. વસંતમાધવે પણ રાતનું વૃત્તાંત કહ્યું અને બોલ્યો :

'હવે તો આ વિજયપુર છોડવું જ પડશે. તમારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સખીને કહેજો કે દશમીની રાતે અહીંથી જઇશું. તમે એટલું કરો કે મારું યાન આપી જાઓ.'

'યાન તો હું આપી જઈશ. પણ તમે તમારા હાથથી બે લીટી લખી આપો. એમાં અહીંથી જવાની તિથિ પણ લખી દેજો. સખીને સંતોષ થઈ જશે.'

વસંતમાધવે રેશમનો ટુકડો લીધો અને પત્ર લખી નાખ્યો. પકડાઈ જવાના ભયથી પોતાનું નામ ન લખ્યું. છેલ્લે લખ્યું—'તમારો પોતાનો' લાકડીના દંડમાં લપેટી એ પત્ર લઈ વાસંતી મંજુઘોષા પાસે પહોંચી. ત્યાં સુધી મંજુઘોષાએ બધું સાફ કરાવી દીધું હતું. પત્ર વાંચી રાજકુમારીને શાંતિ થઈ. પત્ર વાંચી હૃદય સાથે લગાવી દીધો અને એક બાજુ પર મૂકી દીધો.

અહીં જ્યારે બપોર સુધી પણ કામિની મેઘાવંતી પાસે ન પહોંચી, તો તેણે દાસી દ્વારા બોલાવી. થર–થર ધ્રૂજતી કામિની પહોંચી અને પહેલાં જ બોલી :

'મારો અપરાધ માફ કરજો ! મેં કોઈ કસર બાકી રાખી નથી. પણ એ એટલા બધા વીર નીકળ્યા કે છ સૈનિકોને મારી ભાગી ગયા.'

'સારું ! તો હવે હું તેને જોઈ લઈશ.' ગુસ્સામાં મેઘાવંતી બબડી. પછી તે રથમાં બેઠી અને દાસીઓ સાથે મંજુઘોષાના ભવન પર પહોંચી. એકલી મંજુઘોષા હતી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચાસંતી વસંતમાધવનું યાન આપવા શેઠના ઘરે ગઈ હતી. એકલી મંજુઘોષા વસંતમાધવનો પત્ર ફરી વાંચી રહી હતી. ગુસ્સે થયેલી મેઘાવંતી ત્યાં આવી પહોંચી અને રાજપુત્રીના હાથમાંથી પત્ર ઝૂંટવી લીધો. પત્ર વાંચ્યો તો સંતુષ્ટ અને પ્રસન્ન પણ થઈ, કારણ કે પ્રમાણ મળી ગયું હતું. પત્ર લઈ રાજભવન પહોંચી અને રાજસભામાંથી મહારાજાને તરત બોલાવડાવ્યા. આવતાં જ તેમણે પૂછયું :

'મહારાણી ! એવી શું વાત છે, જેથી રાજસભામાંથી બોલાવડાવ્યો ?'

'મહારાજા ! એ પૂછો કે શું વાત નથી ? તમે તો રાત-દિવસ ઊંઘો છો. ક્યારેક કશુંક જુઓ પણ ખરા.'

'છેવટે થયું શું ?'

'હવે થવાનું શું બાકી રહ્યું છે ? બધું થઈ ગયું. બસ, એટલી કસર બાકી છે કે વિજયપુરવાસીઓ તમારા પર હસશે. તમારી લાડલી મંજુઘોષાએ તમારું નાક કપાવી નાખ્યું. હવે નાસવાનું બાકી છે. કોણ જાણે કોની સાથે રાત-દિવસ મોજ-મઝા કરે છે.'

ગુસ્સામાં વિજયસેન રાજા બોલ્યા :

'રાણી ! ભાનમાં રહો. સૂર્ય પર કાદવ ન ઉછાળો. તું મંજુઘોષાથી બળે છે. તું હંમેશા તેના ગુના શોધે છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તમે ગમે તેટલા ગુસ્સે થાવ, પણ મને તેની ચિંતા નથી. જો પ્રમાણ આપું તો માનશો ?'

'જો તું પ્રમાણ ન આપી શકે તો ?'

'તો મારું માથું અને તમારી તલવાર અને જો પ્રમાણ આપી દીધું તો ?'

તો પછી જે ઇચ્છે તે કરજે. ભલે મંજુઘોષાનું માથું જ કાપી નાખજે. હું કશું નહીં બોલું.'

'તો વાંચો આ પત્રને.' પત્ર વાંચ્યો તો મહારાજા વિજયસેનની આંખો સામે અંધારું છવાઈ ગયું. એકદમ મુરઝાઈ ગયા. પછી બોલ્યા :

'રાણી ! તેં મને જગાડયો તો ખરો, પણ વાર કરી. જ્યાં માનવતી ગઈ, હું સમજીશ, ત્યાં મંજુઘોષા પણ ગઈ. તને મરજી ફાવે તેમ કર. પણ મારી એક પ્રાર્થના....!'

'તમે આજ્ઞા કરો. તમે કહેશો તો હું કશું નહીં કરું. તમારી બેટી છે, હું તો વિમાતા છું.'

'એ વાત નથી રાણી ! તું ગમે તે કર, હું તને અધિકાર આપું છું. પ્રાર્થના એટલી કે જે કાંઈ કરે, એટલું છૂપી રીતે કરજે કે જગતમાં મશ્કરી ના થાય.'

આમ કહી મહારાજા ફરી રાજસભામાં જતા રહ્યા અને આજના બધા પ્રશ્નો પંદર દિવસ માટે ટાળી દીધા...

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહીં મેધાવંતી ફરી મંજુઘોષાના ભવન પર ગઈ. સેવકો પણ સાથે હતા. વાસંતી સહિત બંનેને પકડી મહેલમાં લઈ આવી અને મંજુઘોષાને ગર્ભગૃહમાં પૂરી દીધી. તેનો વિચાર હતો કે થોડા દિવસ ભૂખી તરસી રહેશે તો પોતાના ગુપ્ત પતિનું નામ બતાવી દેશે. તેને હું મારી નંખાવીશ અને પછી જ્યાં હું કહીશ, ત્યાં લગ્ન કરવા રાજી થઇ જ જશે.

મંજુઘોષાને ગર્ભગૃહમાં પૂર્યા પછી મેધાવંતીએ એકાંતમાં વાસંતીને કોરડાથી એટલી મારી કે તેની ચામડી ઉખડી ગઈ, પણ વાહ રે સ્વામિભક્તિ ! વાસંતીએ વસંત-માધવનું ઠામ–ઠેકાણું ન બતાવ્યું. ત્યારે મારવાવાળી થાકી ગઇ. વાસંતીને એના ઘરે મોકલી દીધી. એક મહિનામાં એ સાજી થઈ ગઇ.

વાસંતીનું કોરડાના મારથી છોલાયેલું શરીર તો સાજું થઈ ગયું, પણ મનમાં બહુ બેચેન હતી. કારણકે તેની સ્વામિની–સખી મંજુઘોષાની કશી ખબર ન હતી કે એ કઇ દુનિયામાં રહે છે. વાસંતી વિચારતી હતી :

'રાજકુમારી ગર્ભવતી પણ છે. તેના ઉપર શું વીતતું હશે ? નવી રાણી બહુ કઠોર છે. તડપાવી–તડપાવી મારી નાખશે અથવા કોઢી રાજકુમારી મરી જશે પણ બીજા કોઇની થશે નહીં. હવે મારે કોઈ યુકિતથી રાજકુમારીની મુક્તિનો પ્રયત્ન કરવો જોઇએ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાસંતીએ પોતાની માતા સાથે વાત કરી :

'મા ! મેઘાવંતી રાણીની અંગત દાસી તો તમારી સખી છે. તમે એટલું જાણી લો કે રાજકુમારને કયાં રાખી છે ? એ બિચારી ગર્ભવતી છે. બે જીવ દુઃખ ભોગવી રહ્યા હશે.'

વાસંતીની માતાએ કહ્યું :

'પ્રયત્ન કરીશ, પણ કોઈ લાભ થશે નહીં. પણ જો અબર પણ પડી કે મંજુઘોષા કયાં છે, તો પણ આપણે તેને મુકત નહીં કરાવી શકીએ.'

'આ તો પછીની વાત છે. પહેલાં અબર તો કાઢી લો. જાણે પાતાળલોકમાં છુપાવી છે કે શું ?'

વાસંતીની માતા પ્રયત્નમાં લાગી ગઈ. સાત દિવસ સુધી રાજભવનમાં ફેરા લગાવ્યા. નવી રાણીની દાસી સાથે વાત કરવાનો અવસર જ ન મળ્યો. આઠમા દિવસે, જ્યારે દાસી ભવનવાટિકામાંથી મોગરાનાં ફૂલ લાવી રહી હતી ત્યારે મુલાકાત થઇ. તેની સાથે વાતો થઈ. વાસંતીની માતાએ મતલબની વાત કરી તો દાસીએ ચારે તરફ જોઇ કહ્યું :

'ગર્ભગૃહમાં કેદ છે. ત્રીજા દિવસે આવા મળે છે. એ પણ એટલા માટે કે જીવતી રહે. મારી સહાનુભૂતિ રાજકુમારી સાથે છે પણ પોતાના પ્રાણનો પણ મોહ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જો તમે કોઇને ન કહો તો મારા તરફથી મુક્તિનો એક ઉપાય બતાવી શકું છું.'

'મને શું પડી તે કોઈને કહું? આપણે બંનેએ આ રાજપરિવારનું લૂણ ખાધું છે. મારો તમારો રાજકુમારી સાથે સરખો સંબંધ છે, સ્વામિભક્તિનો. તમે નિશ્ચિંત થઈ કહો.'

દાસીએ કહ્યું :

'જૂના રાજોદ્યાનમાં દેવીનું તૂટયું–ફૂટયું જે દેવળ છે, ત્યાં એક ગુપ્ત દ્વાર છે. એ દ્વારથી ગર્ભગૃહમાં પહોંચી શકાય છે. આ ગુપ્તમાર્ગ નવી રાણી મેઘાવંતીને પણ અબર નથી. બસ, હવે આગળનું તમે જાણો. હવે હું ફૂલ લઇ જઉં છું. વાર થશે તો અહીં આવી પહોંચશે.'

વાસંતીની માતાએ કહ્યું :

'સારું, હું જઉં છું. પરંતુ પછીથી ભેદ ખુલશે તો તમે શું કરશો?'

હું બધું સંભાળી લઈશ.'

વાસંતીની માતા ઘરે આવી અને અત્યંત આનંદ સાથે બધા સમાચાર સંભળાવ્યા. વાસંતીએ હવે એક પણ દિવસ ખોવાનો ઉચિત ન સમજ્યો. રાતે જ જૂના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉદ્યાનમાં પહોંચી ગઈ. સુરંગદ્વારની બહુ જ અંદર સુધી ઘાસ, ઝાંખરા અને કાંટાવાળી ઝાડીઓહતી. મનમાં થયું કે કેટલું હટાવી શકીશ? આગ લગાવી દઉં. મશાલ હાથમાં હતી. પછી મંજુઘોષાની શિખામણ યાદ આવી ગઈ. જીવહત્યા મહાપાપ છે એટલે વિચાર છોડી દીધો. ધૈર્યથી દરવાજો સાફ કર્યો. મશાલ લઈ ઘુસી. બહુજ દુર્ગંધ હતી. અંધારામાં અંધારું.

સાપ વીંછીનો ડર પણ હતો. પણ અદૃશ્ય રક્ષકનો ભરોસો પણ હતો. નાકને કપડાથી ઢાંકયું અને વાસંતી મશાલ લઈ આગળ વધી. પોણો કોશ ચાલવું પડયું ત્યારે ગર્ભગૃહનો દરવાજો આવ્યો. દરવાજો ગર્ભગૃહ તરફ ખૂલતો હતો. વાસંતીએ સાંધામાંથી જોયું–મંજુઘોષા સૂતી હતી. વાસંતીએ ખટ–ખટ કર્યું. રાજકુમારી ચમકી. વાસંતીએ ખટ–ખટ સાથે અવાજ પણ કર્યો–'અહીં–અહીં.'

રાજકુમારી દરવાજા પાસે આવી. સાંધામાંથી વાસંતીએ કહ્યું :

'રાજકુમારી તમારી બાજુથી ધક્કો મારો. હું વાસંતી છું.'

રાજકુમારીએ અવાજ ઓળખ્યો. દરવાજામાં લાત મારી. વાસંતી પાછળ હટી ગઈ. અડધો ખુલ્યો. બીજી લાત મારી તો પૂરેપૂરો ખુલી ગયો. મશાલને ત્યાં મૂકી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાસંતી અંદર ગઈ. ઓરડામાં દીવો બળી રહ્યો હતો અને બંને એક-બીજાને વળગી પડી. રાજકન્યાએ પોતાનું દુઃખ-દર્દ સંભળાવ્યું વાસંતી બોલી :

'સખી ! તું જ કહેતી હતી કે જ્યારે પુણ્ય પ્રગટ થાય છે, તો પહાડોમાં તિરાડ પડી જાય છે અને ક્ષિતિજમાં પણ માર્ગ બની જાય છે. તારા પુણ્યના પ્રતાપથી આજે દિવાલમાં તિરાડ પડી ગઇ. હવે તો તું સૂર્યનો પ્રકાશ જોઈ શકીશ.'

'વાસંતી એ કહે, તને આ ગુપ્તમાર્ગની ખબર કેવી રીતે પડી ? હું પણ જાણતી ન હતી. મારી માતા સ્વર્ગીય મહારાણી માનવતી કહેતી તો હતી કે જ્યારે શત્રુ નગરને ઘેરી લે છે, તો નગરમાંથી બહાર નીકળવા માટે કોઈ ગુપ્ત માર્ગ છે. પણ કયાં કયાં છે એ મેં ન પૂછયું.'

'રાજકુમારી ! નવી રાણી પણ નથી જાણતી. હવે હું સીધી રાજકુમાર વસંતમાધવ પાસે જઈશ. હવે વધુ સમય નહીં રોકાઉં. શું ખબર કોઇ આવી જશે.'

'હા, બીક તો છે. કયારેક-કયારેક વિમાતા રાતે રાતે આવે છે.'

'શું કરવા આવે છે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મારી જીદ જોવા. પૂછે છે, બોલ, જીદ પૂરી થઈ કે નહીં? હજુ પણ તારા જર પ્રેમીનું નામ બતાવી દે.'

'હવે છોડ એ દુષ્ટાની વાતો. આવ, દરવાજા બંધ કરી દે.'

વાસંતી નીકળી ગઈ અને દરવાજો ઉઠાવ્યો. મંજુઘોષાએ બંધ કરી દીધો. બંધ કરીને બેઠી જ હતી ત્યાં મેઘાવંતી આવી. મંજુઘોષાને ખુશ જોઈ તો ચકિત રહી ગઈ. પૂછયું:

'આજે બહુ ખુશ છે? મારી વાત હવે તારી સમજમાં આવી ગઈ ને! કાલે જ મુક્ત કરી દઈશ. હું તારું લગ્ન કરાવીશ, પણ પહેલાં તેનું ઠામ-ઠેકાણું બતાવવું પડશે.'

મંજુઘોષાએ કહ્યું:

'બધું જ બતાવીશ. આજે હું બહુ ખુશ છું અને હવે ખુશ જ રહીશ. બેઠાં-બેઠાં મને એક ઝોકું આવી ગયું તો સપનું જોયું કે દેવી કહી રહી હતી- મંજુ! આજે તું મુકત થઈ જઈશ. એટલે ખુશ છું.

'પણ મંજુ! તારી મુકિત તો મારા હાથમમાં છે. સપનાની વાત છોડ. મને તારા ગુપ્ત-પતિનું નામ-ઠેકાણું બતાવ. પહેલાં હું તેને દેહમુકત કરાવીશ, પછી તને મુકત કરીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મા ! મને હમણાં વિચારવાનો સમય આપો. હજુ મારાં પાપોનો અંત આવ્યો નથી. જે દિવસે તેનો અંત થશે, તેનાથી પહેલાં મુકત પણ કેવી રીતે થઈ શકું ?'

રાણીએ પગ પછાડયા. બોલી :

'ખુબ વિચારી લે. બધા સાચું કહે છે કે દોરડું બળી જાય, પણ તેનો વળ નથી છૂટતો. હવે હું નહીં આવું. જ્યારે વિચારી લે ત્યારે બોલાવા આપનાર દાસી દ્વારા મને સમાચાર મોકલજે.'

'હું એ જ ઈચ્છું છું મા ! મને એકાંતમાં વિચારવા દો.'

રાણી મંજુઘોષાની રહસ્યમયી વાતો અને જવાબનો સહસ્રાંશ પણ તે સમજી શકી નહીં. તે બડબડાટ કરતી પાછી જતી રહી.

અહીં વાસંતી વસંતમાધવ પાસે પહોંચી અને ટૂંકમાં બધું સંભળાવી દીધું. વસંતમાધવ ખુબ ખુશ થયો. બોલ્યો :

'તમારી ભકિત કયારેય નહીં ભૂલું. કાલ રાતે જ હું વિજયપુર છોડી દઈશ. અડધી રાતે હું વિમાન લઈ દેવીના મંદિર પાસે પહોંચી જઈશ. તમે મંજુઘોષાને લઈને આવજો.....અને આ લો'

'આ શું ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'વાસંતી ! આ તમારા કામનો બદલો નથી. મારા મનની ખુશીનું પ્રતીક છે. લઇ લો.'

વાસંતીએ વસંતમાધવ દ્વારા અપાયેલો હીરાનો હાર લઇ લીધો અને પોતાના ઘરે ગઇ. રાત પસાર થઇ. સવાર પડ્યું. નિત્યકર્મમાંથી નિવૃત્ત થઇ વસંતમાધવ શેઠ ભાગચંદના ઓરડામાં વંદના કરવા પહોંચ્યો. શેઠાણી ભાનુમતી ત્યાં હતી. વસંતમાધવે બંનેને પ્રણામ કર્યા અને કહ્યું :

'મારા છેલ્લા....' આગળ બોલી શકયો નહીં. અવાજ રૂંધાઈ ગયો. બે આંસુ ગાલ પર ટપકી પડ્યાં. આશ્ચર્યથી શેઠે પૂછ્યું :

'આ શું ? પુરુષની આંખોમાં આંસુ ?'

'માતા– પિતા ! પુરુષ તકલીફોમાં નથી રડતો, પણ કરુણા બધાને રડાવે છે. વિરહ પુરુષના હૃદયને પણ પિગળાવી દે છે.'

'જાણું છું વત્સ ! મહિનાઓ પસાર થઈ ગયા. પણ હજુ તું મંજુઘોષાને પ્રાપ્ત કરી શકયો નથી, પણ પહેલાં તો તું કયારેય રડયો નથી.'

'તાત ! તેના મળવાનું સુખ તમારા વિરહમાં આજે બદલાઈ જાય છે. કેમ ન રડું ? અહીં તો તેની સાથે રહી નથી શકતો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રડી પડયાં શેઠ-શેઠાણી. શેઠાણી બોલી :

'અરે, તેથી તું છેલ્લા પ્રણામ કહી રહ્યો હતો ? શું અમને છોડીને જાય છે ? તો પછી અમને મારી કેમ નથી નાખતો ? તું આજ દુશ્મન થઈ ગયો ? જાણતો હતો તો પ્રેમ-સંબંધ કેમ જોડયો ? સારા-ખરાબમાં આ તો તફાવત છે કે ખરાબ પુત્ર મળવાથી દારુણ દુઃખ આપે છે અને સારો પુત્ર છૂટા પડવાથી પ્રાણ હરી લે છે. તો તું અમારા પ્રાણ લઈશ ?'

શેઠે કહ્યું :

'માધવ ! ચાલ અમે તારી સાથે આવીએ છીએ. જ્યાં તું રહીશ, ત્યાં અમે રહીશું.'

વસંતમાધવે વિસ્તારથી સમજાવ્યું :

'માતા પિતા ! જેટલું દુઃખ તમને મારા છુટા પડવાથી છે, તો શું એટલું મને નથી ? જો મને ન હોય તો તમને પણ ન થાય. પણ મિલન-વિરહનો ક્રમ તો નિરંતર ચાલતો રહેશે. હું કૌશામ્બીથી છૂટો પડયો, માતા-પિતાથી છૂટો પડયો. પછી ગુણચન્દ્ર જેવા અભિન્ન-મિત્ર અને આત્મરૂપ પ્રિયા ગુણમંજરીથી છૂટો પડયો. હવે તમારાથી છૂટો નથી પડતો, છૂટા પડવું પડે છે.

'માતા-પિતા ! હું મિત્ર અને પ્રિયાને શોધીશ. મારી પાછળ તમે તમારો જમાવેલો વેપાર કેમ છોડો છો ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્તવ્યધર્મ બહુ કઠોર છે. વિચાર કરો કે અહીંથી જવાનું મારું કર્તવ્ય છે, તો વિદાય કરવાનું તમારું. આજે છૂટા પડીએ છીએ, તો કયારેક મિલન પણ કેમ નહીં થાય ? હું તમને કયારેય ભૂલી શકીશ ?'

શેઠ–શેઠાણીએ આંસુ લૂછયાં. આંધળા મોહે આંખો ખોલી તો કશુંક યોગ્ય સૂઝયું. શેઠ ભાગચંદે પૂછયું :

'માધવ ! હવે બતાવ કે મંજુઘોષા કયાં છે ? કયારે જશો ?'

વસંતમાધવે વિસ્તારથી બધું કહ્યું. આજે શેઠ દુકાને ન ગયા. ત્રણે વચ્ચે વાતો થતી રહી. અડધી રાત થઈ તો વસંતમાધવ અને શેઠ–શેઠાણી ત્રણે રાજોદ્યાનમાં પહોંચી ગયાં. આ જગ્યા કાયમ સૂની રહેતી હતી. જૂની આંબલી અને સીસમનાં ઝાડ હતાં. બાવળ, બોરડી, જેવાં ઝાડ બહુ હતા. અહીં દેવીનું મંદિર હતું. ચોર, લૂંટારુઓ અહીં રાત્રે મંત્રણા કરતા હતા, તેથી નગરવાસીઓ ભૂલમાં પણ રાતે ત્યાં જતા ન હતા. બાળકોને ભૂત–પ્રેતની બીક હતી, એટલે એ દિવસે પણ ડરતા ચાલતા હતા.

એક પ્રહર પ્રતીક્ષા પછી વાસંતી સાથે મંજુઘોષા આવી. થોડી વાર પાંચે બેઠાં. વાર થતી જોઈ વસંતમાધવે કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હવે તમે બધાં વિદાય આપો. ત્રણ પ્રહર રાત પસાર થઇ ગઈ છે. કોઈ આવી જશે તો ભાંડો ફૂટી જશે.'

શેઠે કહ્યું :

'એમ કેવી રીતે કહીએ કે જાઓ. ન જાઓ એ પણ કહી શકતા નથી. ભગવાન બધું દુઃખ આપે, પણ વિરહ–વિયોગનું ન આપે.'

'તાત ! પછી ભાગ્ય મિલન કેવી રીતે આપશે ? આપણે બધા સ્વાર્થી છીએ. જ્યારે કોઈ દુશ્મન સાથે મેળાપ થાય છે તો છૂટા પડવાની ઇચ્છા કરીએ છીએ.'

'એ તો છે જ. હવે યાનમાં બેસો. ક્યારેક જરૂર આવજો.'

'આવીશ પિતા ! મારું મોં ઊજળું કરીને આવીશ. રાજા વિજયસેનને એ બતાવવું પડશે કે તેમનો જમાઈ કોણ છે અને કેવો છે. એ દિવસોમાં અમારી પાછળ રાજકુમારીની બાબતમાં જાણે શું-શું અફવાઓ ચાલશે.'

કોઇએ કશો જવાબ આપ્યો નહીં મંજુઘોષા અને વાસંતીનો સ્નેહ–સાગર ઉછળી રહ્યો હતો. વાસંતીનાં આંસુ રોકાતાં ન હતાં અને ન તો મંજુઘોષાનાં ડૂસકાં બંધ થતાં હતાં. બંને વળગી હતી અને છૂટા પડવાનું ઇચ્છતી ન હતી. ત્યારે વસંતમાધવે બંનેના ખભા પર હાથ મૂકી કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'છેવટે બંને કયાં સુધી રડશો ? તમારા બંનેનો પ્રેમ હું જાણું છું. પણ ભાગ્યની વિવશતાનો સ્વીકાર કરો. મોડું થઇ રહ્યું છે. ચંદ્ર કેટલો ઝાંખો થઈ ગયો છે ! આપણે બધા મુશ્કેલીમાં મૂકાઈ જઈશું.'

બંને છૂટી પડી. વાસંતીએ વસંતમાધવને કહ્યું :

'જીજાજી ! મારી સખીને દુઃખ ન આપશો. તેણે વિમાતાનાં ઘણા અત્યાચાર સહન કર્યા છે. યાન ધીમે ચલાવજો. કારણ કે...'

મંજુઘોષાએ હાથ દબાવ્યો અને આગળ કશું કહેવા ન દીધું. વાસંતી હસી. વસંતમાધવ હસ્યો અને બોલ્યો :

'વાસંતી ! કહ્યા વિના હું જાણી ગયો. યાન બહુ ધીમે ચલાવીશ. યાન રથ તો નથી કે જેથી ઝાટકા લાગે.'

બધા હસ્યા. વસંતમાધવ યાનમાં બેઠો. બેસતાં-બેસતાં પણ મંજુઘોષાએ કહ્યું :

'સખી વાસંતી ! તને કયારેય નહીં ભૂલું. એક કામ કરજે કે હવે કયારેય રાજભવનની સેવામાં ન રહીશ. નવી રાણી તારા પર શંકા કરશે. તારા માટે શેઠ ભાગચન્દ્રને ઘેર ઘણી જગ્યા છે.'

શેઠે પણ સમર્થન કર્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હા–હા કેમ નહીં. વાસંતી કોઈની દાસી થોડી છે ? ઘરની જેમ અમારી સાથે રહેશે. તેના માટે અને તેની માતા માટે કોઈ ખામી નહીં રહે.'

મંજુઘોષા આશ્વસ્ત થઈ બેઠી. યાન ઊડ્યું. ઉપર માથું કરી ત્રણે તેમને જતાં જોતાં રહ્યાં. થોડી વારમાં જ્યારે ગગનયાન આંખોથી દૂર થયું ત્યારે ત્રણે પાછાં ફર્યાં.

* *

રાણી મેઘાવંતીએ તો નિર્ણય કરી લીધો હતો કે એ હવે મંજુઘોષાને ત્યાં સુધી નહીં મળે, જ્યાં સુધી મંજુઘોષા જાતે ઢીલી નહીં પડે અને સમર્પણના સમાચાર નહીં મોકલે. સમર્પણનો અર્થ હતો, મંજુઘોષા વસંતમાધવનું ઠામ–ઠેકાણું બતાવે અને જ્યાં મેઘાવંતી ઇચ્છે ત્યાં લગ્ન કરવાની સ્વીકૃતિ આપે. રાણીને પૂરો વિશ્વાસ હતો કે એવું થશે. મંજુઘોષા સાથે થયેલી એક દિવસ પહેલાંની વાતમાંથી આ તારણ કાઢ્યું હતું કે દાળ ગળી તો ગઈ છે. હવે બસ વલોવવાની બાકી છે.

સવારે દાસી સવારનો નાસ્તો લઈ ગઈ તો જોઈને દંગ રહી ગઇ. ઓરડો સૂનો હતો. ક્યાં ગઈ રાજકુમારી ? આખું ગર્ભગૃહ શોધી વળી. ગભરાતી દાસી રાણી પાસે ગઈ અને હાંફતાં–હાંફતાં કહ્યું :

'મહારાણીજી ! રાજકુમારી કયાંય નથી.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'ગઇ કયાં હોય? શું ધરતી ગળી ગઇ? ત્યાં જ હશે.'

'નથી માલકિન'

'ચાલ મારી સાથે પગ પછાડતી મેઘાવંતી ગર્ભગૃહમાં ગઈ. ઓરડો નાનો જ હતો. બધું શોધી વળી પછી તેની નજર ગૂપ્તદ્વાર પર પડી. તિરાડ દેખાતી હતી. ધક્કો માર્યો દરવાજો ખુલી ગયો. રાણીએ પોતાનું માથુ કૂટયું :

'અરે, એને આનો ભેદ ખબર હતો? અને હું અજાણી રહી!'

પછી પોતાની મૂર્ખતા અને નિષ્ફળતા માટે દાસીઓ પર વરસી પડી. મહારાજને ખબર આપી. સૈનિકો દોડાવ્યા પણ કયાં શોધે? મોં લટકાવી પાછા આવ્યા. રાજા કશું કહે, તે પહેલાં રાણીએ જ કહ્યું :

'સારું થયું જતી રહી. ટાઢા પાણીએ ખસ ગઈ, કુળને વધારે કલંકિત કરત. આપણે લોહીથી હાથ ન રંગવા પડયા.'

રાજાએ દુ:ખથી કહ્યું :

'પણ અપકીર્તિ તો થઈ જ ગઈ. મેં તને બધા અધિકાર આપી એટલી પ્રાર્થના કરી હતી કે જગતમાં અશ્કરીને પાત્ર ન બનીએ તે મારી પ્રાર્થના ન પાળી.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ વાત પર રાણીએ ધ્યાન ન આપ્યું. અને ચૂપચાપ અંદર જતી રહી. 'પ્રાર્થના' શબ્દ સાંભળી ત્રિલોકજયી કામ હસ્યો-આ છે મારી માયા. મોટા-મોટા શૂરવીર જે કેવળ જ્ઞાન આપવાનું જાણે છે. આ જ સાચું છે. જો કામનો આવો પ્રભાવ ન હોય તો રાણશૂર વિજયસેન રાણીની ખબર કોરડાથી લેત.

[૩]

એક મહિનો તો સ્વાભાવિક પ્રતીક્ષામાં જ પસાર થઈ ગયો. બીજો મહિનો પણ વધુ ખટકયો નહીં. કૌશામ્બી-નરેશ યશોધરે વિચાર્યું :

'એક જ જગ્યાએ બે મહિના પસાર થવા એ કોઈ મોટી વાત નથી. વસંતમાધવ ધરતીનો છેડો જોવા ગયો છે. ફરવામાં એક જગ્યાએ બે મહિના તો થઈ જ શકે છે.'

પરંતુ જ્યારે મહિના પર મહિના પસાર થવા લાગ્યા તો રાજા યશોધર ચિંતિત થયા. તેમની સાથે રાણી પ્રીતિમતી, મંત્રી સુબુદ્ધિ અને મંત્રીપત્ની પદ્માવતી પણ ચિંતિત થયાં. ચારેનું દુઃખ એક હતું. નગરવાસીઓ પણ વિચારતા હતા :

'યુવરાજ અને મંત્રીપુત્ર હજુ ન આવ્યા. વર્ષ પસાર થવા આવ્યું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા યશોધરે રાજજ્યોતિષને બોલાવ્યા. મંત્રી વિગેરે પણ હતા. રાજાએ પ્રશ્ન કર્યો :

'પંડિતજી ! યુવરાજ વસંતમાધવ અને મંત્રીપુત્ર ગુણચન્દ્ર-બંને પૃથ્વી-ભ્રમણ કરવા ગયા છે. યુવરાજ એક મહિના પછી પાછા આવવાનો વાયદો કરી ગયો હતો. કેટલાય મહિનાઓ પસાર થઈ ગયા. એ બંને કયારે આવશે ? આવશે કે નહીં ?'

જ્યોતિષીએ પ્રશ્ન પર વિચાર કર્યો. ગણિત ગણી જોયું. કુંડળી બનાવી. રાજાને કોઇક ફળનું નામ પૂછયું. પછી બધી વાતો પર વિચાર કરી કહ્યું :

'રાજન્ ! તમે નિશ્ચિંત રહો. બંને આવશે. જરૂર આવશે. પ્રતીક્ષા લાંબી છે. બાવીસ વર્ષ, અગિયાર દિવસ પછી યુવરાજ તમને મળશે.

'રાજન્ ! એક બીજી વાત છે. અત્યંત મહત્વપૂર્ણ છે. રાજકુમારના ગયા પછી પૂરા ચાર વર્ષ પછી સમુદ્રના તટ પર તમને એક મહત્વપૂર્ણ વસ્તુ મળશે-જીવતી-જાગતી. તેનો સંબંધ કુમાર સાથે હશે.'

'પણ એવી કઈ વસ્તુ હોઈ શકે ?' રાજાએ પૂછયું.

જ્યોતિષીએ કહ્યું :

'તમે યથા સમયે સાગરના તટ પર પહોંચી જજો. સમય બધું બતાવી દેશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ જ્યોતિષીને ખોળો ભરી રત્ન આપ્યાં. પ્રસન્ન મને આશીર્વાદ આપતા જ્યોતિષી જતા રહ્યા. પછી રાજાએ મંત્રીને સલાહ આપી–

'મંત્રીજી ! આપણે બધા અત્યારથી પ્રસ્થાન કરીએ. દેશો વટાવતા સાગરના તટ પર પહોંચીશું. માર્ગમાં સમય લાગશે.'

મંત્રીએ અનુમોદન આપ્યું :

'હા, સારું તો છે. ચોથા વર્ષની મધ્યમાં સાગર–તટ પર પહોંચી જઈશું.

નિર્ણય થઈ ગયો. રાજા–રાણી, મંત્રી–મંત્રીપત્ની, દાસીઓ, સેવક અને સેના બધાએ મુહૂર્ત જોઈ પ્રસ્થાન કર્યું. રાજા યશોધર અને મંત્રી વિગેરે નગર–ગામ જોતા સમય અને સ્થાનનું અંતર ઓછું કરતા હતા.

ફરવાનું તો હતું જ. જીવનસંગિની અને આકાશ-ચારી યાન સાથે હતું. તેથી વસંતમાધવ અને મંજુઘોષા ભૂમિમંડળના દર્શનીય સ્થાનો જોતાં–જોતાં ઊડતાં હતાં.બસ, દુઃખ એટલું હતું કે આ ભ્રમણમાં ગુણચન્દ્ર અને ગુણ-મંજરી સાથે ન હતાં. મંજુઘોષાએ વસંતમાધવને કહ્યું :

'નાથ ! યાન નીચે ઊતારો.'

'કેમ, કોઈ સરોવરમાં સ્નાન કરવાનું મન છે કે શું ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હાય ! પુરુષોને દરેક સમયે મશ્કરી જ સૂઝશે ? હવે કેવી રીતે કહું ? ભગવાનના નામ પર યાન નીચે ઊતારો.'

'પરંતુ યાન ભયંકર જંગલની ઉપર ઊડી રહ્યું છે.'

'તો શું જંગલમાં કોઈનો જન્મ નથી થતો ?'

'ઓહ ! તો પહેલાં કેમ ન કીધું ?' કહેતાં વસંતમાધવે કળ દબાવી. યાન એક દ્વીપના વનમાં ઊતર્યું. પ્રસવ–પીડા વધતી ગઈ. મંજુઘોષાએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. રાજકન્યા બધાં દુઃખ–દર્દ ભૂલી ગઈ. વસંતમાધવે પણ પુત્રનું મુખ જોયું તો બોલી ઊઠ્યો– 'આહ ! કેવો સુંદર છે ! આંખો કેટલી મોટી, જેમ કેરીની ફાડ અથવા નીલમના કટોરા.

'અરે ! નજર લગાડશો. મા–બાપની નજર પહેલાં લાગે છે.' મંજૂઘોષાએ હસતાં–હસતાં કહ્યું.

બે પ્રહર પસાર થઈ ગયા. મંજુઘોષા બોલી :

'કંઈ ખાવાનો પ્રબંધ કરો. લોટ, ઘી, ગોળ લઇ આવો. અગ્નિ પણ જોઈએ. સૂકાં લાકડાં તો અહીં છે જ.'

'સારું તો તું અહીં રહે. હું જઉં છું. એક પ્રહર પહેલાં તો પાછો આવી જઈશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યાનમાં બેસી વસંતમાધવ ગયો. એક નગરમાં પહોંચી ગયો. બધી વસ્તુ ખરીદી. સળગતું લાકડું હાથમાં લઈ યાનમાં બેઠો અને દ્વીપ તરફ ઊડાણ કર્યું. દુર્ભાગ્યની ચિનગારી યાનના યંત્ર પર પડી. વિમાન ફાટી ગયું. જેમ ઘાયલ પંખી નીચે પડે છે એમ યાન સાહિત વસંતમાધવ નીચે પડયો. વધુ વાગ્યું નહીં, પણ હૃદય તૂટી ગયું.

'હવે શું થશે? હાય મારું ભાગ્ય? મંજુઘોષા પણ ગઈ. એ તાજી પ્રસૂતા છે. પાસે કશું નથી. કયાં ભટકશે? રખડી–રખડી મરી જશે, હવે શું જોવા હું જીવતો રહું? હવે તો નહીં મંજુઘોષા મળે કે નહીં મળે નવજાત પુત્ર. ગુણચન્દ્ર અને ગુણમંજરી તો ગયાં જ. મેં તો નિર્ણય કર્યો હતો કે આખું ભૂમિમંડળ ફરીશ અને કયાંક ને કયાંક છૂટા પડેલા મિત્ર અને પ્રિયાને પ્રાપ્ત કરી લઈશ. હવે અશાનો સહારો પણ ગયો. આશા નહીં તો જીવન પણ નહીં. હવે હું અગ્નિસ્નાન કરીશ.'

વસંતમાધવે લાકડાં ભેગાં કર્યાં. ચિતા થઈ ગઈ. અગ્નિ તો તેની પાસે હતો જ. પણ મોત પહેલાં કોણ મારે છે? ભાગ્ય કેવા–કેવા જોડ–તોડ ભિડાવે છે. ત્યારે લાવ–લશ્કર સાથે ભરતપુરના રાજા આવ્યા અને તે જ પળે વસંતમાધવને પકડી લીધો. વસંતમાધવ કંઈ કહે તે પહેલાં જ રાજા બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'કશું કહેશો નહીં. બધું જાણું છું. કમરમાં તલવાર લટકી રહી છે. ક્ષત્રિય છો અને આત્મ.ત્યા કરો છો? પાણીમાં ઊતરો નહીં અને ઊતરો તો તરો. પાણીથી ન ગભરાઓ. સંસાર છે તો દુઃખ પણ છે. આત્મહત્યાથી દુઃખ વધશે. મરીને પણ શાંતિ નહીં મેળવી શકો. જે વાવીને લાવ્યા છો, એને કાપવું પડશે, તેથી કાપો. આગળ કેરી આવી હોય તો કેરીનું બીજ વાવો.

'તેજસ્વી યુવક! હું જાણું કે તમારા ઉપર દુઃખ પડયું હશે. એટલે કાયરતાનું સાધન પકડી લીધું. અરે ભાઈ! અહીં સુખી કોણ છે? હું સુખી છું? હું કશું સાંભળીશ પણ નહીં. રથમાં બેસો. ઘોડા પર બેસવા ઇચ્છતા હો તો ઘોડા પર બેસો. તમારા ભાગ્ય પરિવર્તનમાં મારી પણ કોઈ મહેનત હશે, તેથી આવી ગયો. દરરોજ આવું છું, પણ આજ આવવાનો વિચાર જ ન હતો. પછી મારા મંત્રીએ કહ્યું તો આવવું પડયું.'

ભરતપુરના રાજા વસંતમાધવને ભરતપુર લઇ ગયા. વસંતમાધવને દરબારમાં માનપાત્ર સ્થાન મળ્યું. તક જોઈ રાજાને પોતાની પૂરી વાર્તા સંભળાવી. એક સાચા શુભ-ચિંતકની જેમ રાજાએ ધૈર્ય આપ્યું. વસંતમાધવ ભૂતકાળનું જીવન ભૂલી ગયો. તેની મૈત્રી રાજાના પુત્ર ચન્દ્રચૂડ સાથે થઇ ગઇ. સુખ-સુવિધા, માન-સન્માન સાથે વસંતમાધવના દિવસો પસાર થવા લાગ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંજુઘોષા બિલકુલ એકલી. પ્રતીક્ષા તૂટી ગઈ. ધારણા કરી જોઈ, પણ તેમાં નિષ્ફળ નીવડી. કયારેક વિચારતી;

'રસ્તો ભૂલી ગયા હશે વન–વન ભટકતા હશે. કયારેક વિચારતી–કદાચ કોઈ અકસ્માત થયો હોય. ગમે તે થયું હોય, પણ મારું મન કહે છે કે એ મને જરૂર મળશે. તેમનો વાળ પણ વાંકો નહીં થાય.'

મંજુઘોષાનું મન સતીનું મન હતું, તેથી તેણે સાચું જ કહ્યું હતું. પણ હવે શું થાય? સદ્યપ્રસૂતા અને બાવા માટે કશું નહીં. પછી વિચાર્યું, પરિસ્થિતિ માર્ગ શોધી લે છે. પક્ષીઓના ભોજનમાંથી બાકીશ. સ્તનોમાં એના માટે દૂધ તો ઉતરે. ફળ પક્ષીઓ માટે છે. અને મનુષ્ય એને ખાય છે. સાચે જ મનુષ્ય બહુ સ્વાર્થી છે. પશુ–પક્ષીઓથી પણ હલકો. મંજુઘોષા ઊઠી.

ફળોથી ભૂખ સંતોષી. પાણી પીધું. બાળકને સ્તનપાન કરાવ્યું. એક ઝાડ નીચે જમીન સાફ કરી. ચાર વાંસ ઊભા કર્યા. થોડા ઉપર બાંધ્યા અને તેના ઉપર પાદડાં પાથર્યાં. ક્રમચલાઉ પર્ણકુટિર બની ગઈ. ભવિષ્ય અનિશ્ચિત અને વર્તમાન નિશ્ચિત હતું. વનમાં જ રાત–દિવસ પસાર થવા લાગ્યા. વનનો પ્રભાવ બહુ મનોરમ હોય છે. ઉષાદર્શન અને ઊગતા સૂર્યનું સ્વાગત. પક્ષીઓનો કલરવ જગાડી દે છે. વચમાં–વચમાં બાળક રડે છે, તો થાબડીને મંજુઘોષા ગણગણવા લાગે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાંસની પાતળી–પાતળી લીલી પટ્ટીઓથી મંજુઘોષાએ એક ટોપલી બનાવી. શિશુનું પારણું તૈયાર થઈ ગયું. ટોપલી ઝાડ ઉપર લટકાવી અને બાળક એમાં ઝુલવા લાગ્યો. સાગર અટ્ટહાસ્ય કરતો. રાતમાં તો બહુ ભયંકર લાગતો. જંગલનાં ઘણાં પશુ–પક્ષી મંજુઘોષાનાં અનાયાસે જ પાળેલાં બની ગયાં. તેમના માટે મંજુઘોષાએ દાણાનો પ્રબંધ કર્યો. જંગલમાં કુદરતી રીતે ઉગેલા ચોખા તેને મળી ગયા.

તેને જ વેરતી. કબૂતર, ચકલી, મોર વિગેરે આવી ચણવા લાગતાં. બધાં એટલાં હળીમળી ગયાં હતાં કે મંજુઘોષાની હથેળીમાંથી ચણી લેતાં. હરણ–સસલાને એ પોતાના હાથથી લીલું ઘાસ ખવડાવતી. જંગલમાં મંગલ થઈ ગયું. દુઃખમાં પણ સુખ. દિવસો પણ સારા દિવસોની જેમ પસાર થતા હતા. આ પ્રમાણે જાણે કેટલા દિવસ, કેટલા મહિનાઓ પસ,ર થઈ ગયા અને પસાર થતા હતા. વર્ષ પણ આવી રીતે પસાર થાય છે પસાર થઈ જાય છે.

એક દિવસ સાગરનું અટ્ટહાસ્ય બહુ ભયંકર થઈ ગયું. આંધી આવી. મોટા–મોટાં ઝાડ તૂટી ગયાં ઝાડનાં થડ વચમાંથી ચીરાઈ ગયાં. મોટી–લાંબી ડાળીઓ ઝુકી ગઈ, બહુ ભયંકર તોફાન હતું. બાળકનું પારણું. તેની ટોપલી બાળક સાથે જ ઊડી ગઈ અને ઊડતી ઊડતી સાગર તટ પર જઈ પડી. કેવી માયા હતી કે બાળક તેમાં રહ્યું. પાણીની લહેર તેને લઈ ગઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસંતમાધવ–૩

મંજુઘોષા ટોપલીની પાછળ–પાછળ દોડી અને મોહવશ સાગરમાં કૂદી પડી. માતૃત્વની મમતા ધન્ય છે. પણ એક લહરે ઊઠાવી તેને કિનારા પર પટકી દીધી અને એ બેભાન થઈ પડી રહી. તોફાન જતું રહ્યું પણ તેને ભાન ન આવ્યું.

ચાર વર્ષ પૂરા થવાના ચાર મહિના પહેલાં જ રાજા યશોધર લાવ–લશ્કર સાથે સાગર–તટ પર આવી ગયા. તેમના દિવસો પ્રતીક્ષામાં પસાર થતા હતા કે એક દિવસ પાણીની સપાટી પર તેમણે લીલા વાંસની એક ટોપલી તરતી જોઈ. લહેર કિનારે લાવી રહી હતી તેમની પાસે વહાણો પણ હતાં. એક મોટું વહાણ સાગરમાં નાખ્યું. થોડે દૂર જઈને જ ટોપલી ઊઠાવી લીધી. કિનારે આવી ગયા. એક બાળક મળ્યું. બહુ સુંદર હતું. બધા આશ્ચર્યથી જોવા લાગ્યા. રાજાએ મંત્રીને પૂછયું :

'શું આને માટે જ્યોતિષીએ કહ્યું હતું ?'

મંત્રી પોતાનો મત આપે તે પહેલાં જ એક જંઘાચારી મુનિ આકાશથી નીચે ઉતર્યા. બધા બાળકની વાત ભૂલી ગયા અને ઊભા થઈ મુનિની વંદના કરવા લાગ્યા. મુનિએ ધર્મલાભ કહ્યા અને બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન્! તમારી શંકા દૂર કરવા આવ્યો છું. આ બાળક તમારો કુળદીપક છે. વસંતમાધવનો પુત્ર બહુ જ તેજસ્વી અને શત્રુઓનાં માનમર્દન કરનારાં થશે.'

આનંદ અને આશ્ચર્યથી રાજા રાણીએ મુનિવાણી સાંભળી. પછી મુનિએ ટૂંકમાં બોધ આપ્યો અને જતા રહ્યા. હવે રાજાને શું કામ હતું? કૌશામ્બી પાછા જવાનો વિચાર કર્યો. પાછા ફર્યા. યથાસમય કૌશામ્બી આવ્યા. પૌત્રનો જન્મોત્સવ મનાવ્યો. નામ રાખ્યું દૃઢપ્રહારી. હવે એ નિશ્ચિત થઈ રાજકુમારની પાછા આવવાની પ્રતીક્ષા કરતા હતા. હવે જ્યોતિષીની વાત પર પાકો વિશ્વાસ આવી ગયો. ચાર વર્ષ પછી વાળી વાત સાચી પડી તો હવે બાવીસ વર્ષ ઉપર અગિયાર દિવસ વાળી પણ સાચી કેમ નહીં હોય! આશા અને ભરોસો પ્રતીક્ષા માટે અને જીવવા માટે આશા અને વિશ્વાસથી મોટો કોઈ સહારો છે પણ નહીં.

મંજુઘોષા બેભાન થઈ પડી હતી. ચાર પ્રહર પછી તેને ભાન આવ્યું. આંખો ખોલી તો પોતાની ચારે તરફ જોયું. ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ ઊભા ન થવાયું. એક વૃદ્ધા ભાગ્યએ મોકલી. તેણે ટેકો આપી ઊઠાડી. જો કોઈ સાંભળનાર–જોનાર હોય તો દુઃખ વધે છે. વૃદ્ધાને જોઈ મંજુઘોષા રડી પડી અને બોલી :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મા ! તમે કોણ છો ? મને મરી જવા દો. સમુદ્રમાં પડવા છતાં હું કેમ બચી ગઈ ?'

'બેટી ! તેં મને મા કહી તો એમ જ કહી ? એવી કોણ મા હોય, જે પોતાના સંતાનને મરી જવા દે ?'

'મા ! હું એવી જ માતા છું. મારો લાલ ટોપલી સહિત તણાઈ ગયો. હું તેને બચાવવા કૂદી પડી. મોજાંએ મને અહીં પટકી દીધી. મેં તેને મરી જવા દીધો. હું તેને બચાવી ન શકી.'

'બેટી ! જે હૃદયથી પ્રેરાઈ તું સાગરમાં કૂદી હતી, એ માતૃહૃદયને પૂછ કે હું મા થઈ તને મારવાની કોશિશ કરું ? તેં મને બચાવવાનો પ્રયત્ન કર્યો અને હું પણ પ્રયત્ન જ કરીશ બેટી ! એક વાત એ પણ વિચાર કે જે સાગરની વચ્ચેથી તું તટ પર આવી, અને હું તને મળી ગઈ, એમ જ શું તારો પુત્ર પણ નહીં બચ્યો હોય ? ભાગ્ય પર ભરોસો કર. ભાગ્ય બહુ ચમત્કારી હોય છે. તેને માટે અસંભવ જેવું તો કશું છે જ નહીં.'

'મા ! ધીરજ આપવા માટે આવી જ વાતો કહેવામાં આવે છે. પણ હું એ યથાર્થને જોઈ રહી છું, જેને જોઈ જીવવા નથી માગતી. હવે કોના માટે જીવતી રહું ?'

'બેટી ! હું તને બતાવું છું. કે શા માટે જીવતા રહેવાનું છે. ધીરજ આપનારી મારી વાતો નહીં માને ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ જો મારા વાળ ગરમીથી સફેદ નથી થયા. આ માનવ-દેહ કર્મ કરવા મળે છે. એટલે કર્મ કરવા જીવતી રહે. કર્મ એક છે. શુભ–અશુભ તેના બે છેડા છે. શુભકર્મ કરવાથી સારું ફળ પ્રાપ્ત કરીશ અને કુકર્મ કરવાથી ખરાબ ફળ પ્રાપ્ત કરીશ.

'આ બધું શુભકર્મનું ફળ છે. જેટલું બરાબ કર્યું તેનું ફળ ભોગવવાથી શા માટે દૂર ભાગે છે ? શું શુભફળ ભોગવવાથી દૂર ભાગી હતી ? આત્મહત્યા કરીશ તો એક મહા અશુભ ફળ બીજું જોડાઈ જશે. બેટી ! બધું જ છોડી દે. પણ ધીરજ, ધર્મ અને સાહસ આ ત્રણેને ન છોડ.'

મંજુઘોષાને સંતોષ થયો. એ વૃદ્ધાની સાથે તેના ઘરે જતી રહી. જીવને એક નવો વળાંક લીધો. વૃદ્ધાનો સહારો, દેવનો ભરોંસો. બરાબ દિવસો ફરી સારા દિવસો જેવા થઈ ગયા.

વૃદ્ધાએ વિચાર્યું, મારી ધર્મસુતા છે. કૂખે જન્મ નથી લીધો તો શું થયું ? તેની રક્ષા–સુરક્ષાની વ્યવસ્થા કરવી એ મારો ધર્મ છે. મારી પાસે એ સુરક્ષિત નથી. હું એકલી અને અસહાય છું મંજુઘોષા યુવાન અને રૂપવતી છે. કામી–કુમાર્ગી તો દરેક યુગમાં હોય છે. કયારે ન હતા અને કયારે નહીં હોય ? રાજભવનમાં રાખું તો સુરક્ષિત રહેશે. રાંજા તો ગરીબ, બાળક, વૃદ્ધ સ્ત્રી, ગાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને બ્રાહ્મણના રક્ષક હોય છે. નિર્ણય કરી વૃદ્ધાએ મંજુઘોષાને સમજાવી અને તેને લઈ પોતનપુર નગર પહોંચી. રાજા હતા, જિતશત્રુ. વૃદ્ધા રાણીવાસમાં પહોંચી. રાણી તરંગવતી સારા સ્વભાવની અને લોકપ્રિય હતી. પ્રજાસ્ત્રીઓનાં દુઃખ–દર્દ એ મોટે ભાગે સાંભળતી હતી. રાણી તરંગવતી વરંડામાં બેઠી હતી.

દાસીઓ ચમર ઢોળતી હતી. રાણી સુવર્ણમંડિત ચોક પર બેઠી હતી. પગ બાજઠ પર મૂકયા હતા. વૃદ્ધાએ જમીન પર માથું ટેકવી રાણીને પ્રણામ કર્યો. રાણીએ પ્રણામ સ્વીકાર્યા અને દાસીને સંકેત કર્યા તો દાસીએ લાકડાની બેઠક આપી. સંકોચાતી વૃદ્ધા બેસી ગઈ. રાણીએ કહ્યું :

'કહો, શું વાત છે !'

વૃદ્ધા ભૂમિકા બાંધવા લાગી. રાણીએ ટોકી–

'મૂળ વાત કહો.'

વૃદ્ધાએ કહ્યું :

'એક રાજકન્યાને આશ્રય આપો.'

'રાજ કન્યા !'

'હા, મહારાણી.'

'કયાં છે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મારા આશ્રયે છે દુઃખની મારી છે. લગ્ન થઈ ગયાં છે. હવે બધાથી છૂટી પડી ગઈ છે. અહીં સુરક્ષિત રહેશે. વિદ્યાવતી છે. રાજકુમારીને સંગીત શિખાવાડયા કરશે.'

રાણીએ તરત રજા આપી—

'બોલાવી લાવો.'

મંજુઘોષા મેડી પર હતી. વૃદ્ધા બોલાવી લાવી. તેના રૂપ અને ચારિત્ર્યનું તેજ જોઈ ચતુર રાણી સમજી ગઈ કે વૃદ્ધાએ સાચું કહ્યું હતું. બેસવાનો સંકેત કર્યો. મંજુઘોષા બેસી ગઈ. પછી દાસીને કહ્યું :

'જા, ચાવડીને બોલાવી લાવ.'

ચાવડી રાજકુમારીનું નામ હતું. રાણી તરંગવતી અને રાજા જિતશત્રુ તેના પર પ્રાણ ન્યોછાવર કરતા હતા. ઊછળથી કૂદતી ચાવડી આવી. ટહૂકીને બોલી :

'શું છે મા ?'

'ચાવડી ! જો તારી બહેન આવી છે. (મંજુઘોષાને) શું નામ છે બેટી ?....એમ,

'મંજુઘોષા ! (ચાવડીને) આજથી એ તારી બહેન છે. એ પણ રાજદુલારી છે મારે બે પુત્રી થઈ. મોટી મંજુઘોષા અને નાની તું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચાવડી મંજુ પાસે આવી બેઠી. બોલી :

'દીદી ! મને વીણા શિખવાડશો ? ચાલો મારી સાથે. મારી વીણા બતાવું !'

બહુ જલ્દી બંને હળી–મળી ગઈ. વૃદ્ધાએ સંતોષનો શ્વાસ લીધો અને ધરતી પર હાથ ટેકવી ઊઠી. રાણીએ હાથ પકડી લીધો. બોલી—

'આટલી સરસ બેટી આપી અને એમ જ જતાં રહેશો ? ખાઈ–પીને જજો.'

રાણી બહુ ઉદાર હતી. વૃદ્ધાના સુખપૂર્ણ ગુજરા માટે આગ્રહ કરી જરૂરી ધન આપ્યું. હસતી–ખુશ થતી વૃદ્ધા જતી રહી. મંજુઘોષાને હવે દુઃખ એ હતું કે એ વિયોગિની હતી. આમ તો હવે એ સુખના પારણામાં ઝૂલતી હતી. રાજા જિતશત્રુ પણ તેને બહુ જ પ્રેમ કરતા હતા. એક તો તેનો સારો સ્વભાવ અને તેજસ્વીતા. બીજું રાજા–રાણીનો અનુગ્રહ, તેથી દાસ–દાસીઓ કાયમ આદેશ માનતાં. ચાવડી અને તેની સાથે એક સરખો જ વ્યવહાર થતો હતો. બંને કાયમ સાથે રહેતી.

રાજા જિતશત્રુએ ચાવડીના વિવાહ નક્કી કરી નાખ્યા, ભરતપુરના રાજકુમાર ચન્દ્રચૂડ સાથે. ભરતપુરના રાજાને ત્યાં જ તો વસંતમાધવ રહેતો હતો. રાજપુત્ર ચન્દ્રચૂડ સાથે તેને ગાઢ મિત્રતા થઈ ગઈ હતી. જેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા જિતશત્રુ ચાવડી અને મંજુઘોષાને સમાન રૂપમાં પોતાની બેટી માનતા હતા–તે રીતે ભરતપુરનરેશ પણ ચન્દ્રચૂડ અને માધોરાવ–બંનેને પોતાના જ પુત્ર માનતા હતા.

વસંતમાધવે ભરતપુરના રાજાને પોતાનું છૂપું નામ માધોરાવ જ કહ્યું હતું. આખું નગર તેને આ નામથી જાણતું હતું. રાજ્યમાં એ મહત્વપૂર્ણ વ્યક્તિ માનવામાં આવતો હતો.

જાન–પ્રસ્થાનનો સમય આવ્યો. જાનની સજાવટનું કામ માધોરાવ (વસંતમાધવ,ને સોંપવામાં આવ્યું. માધોરાવે પોતાની સૂચના પ્રમાણે સજાવટ કરાવી. રથ, ઘોડા હાથી સજાવડાવ્યા. એવી અદ્‌ભુત તૈયારી થઈ કે જોનાર દંગ રહી ગયા. યથાસમયે જાને પોતનપુર જવા પ્રસ્થાન કર્યું. અનેક દેશોના રાજકુમાર જાનમા હતા. યથાસમયે જાન પોતનપુરની સીમામાં પ્રવેશી. સ્વાગત કરી રાજા જિતશત્રુએ જાનને ઉદ્યાનમાં રાખી. સજાવટ જોઈ એ પણ ચકિત થયા. વેવાઈ ભરતપુરનરેશને પૂછયું તો એમણે માધોરાવ સાથે પરિચય કરાવ્યો. પોતનપુરનરેશ જિતશત્રુએ વસંતમાધવ ઉર્ફે માધોરાવને વિનંતી કરી :

'તમે મારા જમાઈના મિત્ર છો. તેથી જમાઈ જેટલા જ સન્માનિત છો. છતાં પણ મારી વિનંતી છે કે મારા મંડપની સજાવટ પણ જોઈ લો અને સેવકોને સૂચના કરો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસંતમાધવે સ્વીકાર કર્યો. રાજા જિતશત્રુ સાથે નગરમાં આવ્યો. મંડપને પોતાની રીતથી સજાવડાવ્યો. યથાસમય જાન રંગમંડપમાં આવી અને પોત-પોતાના સ્થાને બેઠા. વસંતમાધવ રાજકુમાર ચન્દ્રચૂડ પાસે બેઠો હતો. નગરની વહુ-બેટીઓ છત-છાપરાં પરથી જાનને જોતી હતી.

રાણી તરંગવતીએ ચાવડીને કહ્યું :

'રાજદુલારી ! બહેન મંજુઘોષા અને તું પણ જોઈ આવ.'

ચાવડી શરમાઈ. રાણી કહીને જતી રહી તો ચાવડી મંજુઘોષા પાસે પહોંચી. મંજુઘોષા ઉદાસ બેઠી હતી. કપડાં પણ બદલ્યાં ન હતાં. ચાવડીએ કહ્યું :

'દીદી ! જલ્દી તૈયાર થઈ જાઓ. માએ કહ્યું છે. ચાલો જાન જોવા.'

'બહેન ચાવડી ! હું કયાંય નહીં જઉં. મને કશું સૂઝતું નથી. મારા માટે બધું સૂનું છે. તું જા બહેન ! મને છોડી દે.'

'દીદી ! તમે નહીં જાઓ તો હું પણ નહીં જઉં. હમણા બધાં આભૂષણ ઉતારી મૂકું છું....દીદી ! મારું મન કહે છે કે હવે તમને જલ્દી જીજાજી મળી જશે'.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચાવડીએ બહુ આગ્રહ કર્યો. મંજુઘોષા તૈયાર થઈ ગઈ. બંને છત પર પહોંચી અને ઝરુખામાંથી જોવા લાગી. મંજુઘોષાની નજર વસંતમાધવ પર પડી તો જોતી જ રહી ગઈ. પોતાના સ્વામીને ઓળખી લીધા. ડાબુ અંગ ફરકવા લાગ્યું. હૃદયમાં ઉછાળો થયો. પછી કોઈએ વસંત-માધવને કુંવર માધોરાવજી કહી બોલાવ્યો. એટલે તે નિરાશ થઈ–નામ તો બીજું છે. તો પછી આ બીજું કોઈ છે ? બીજું કોઈ છે તો ડાબુ અંગ કેમ ફરકે છે ? મન ખોટા સંકેત કેમ આપે છે ? શું બનવા તેમના જેવા મુખવાળું બીજું કોઇ હોય. એ હોય તો પોતાનું નામ કેમ બદલી નાખે ?'

સંકલ્પ–વિકલ્પ અને દુવિધા લઇ મંજુઘોષા નીચે ઊતરી. દીપમાળાઓના તીવ્ર પ્રકાશમાં રાતે ચાવડી અને ચન્દ્રચૂડનાં લગ્ન થઈ ગયાં. સવારે કુળ પૂજા માટે જમાઈ ચન્દ્રચૂડ અને માધોરાવ બંને રાજા જિતશત્રુના ભવનમાં પધાર્યા. દાસીઓ આગળ–આગળ ફૂલ પાથરતી જતી હતી.

બંને મિત્રો ભોજન કરવા બેસી ગયા. સ્ત્રીવૃંદમાં મંજુઘોષા બેઠી હતી. પાસે જ આડમાં ચાવડી હતી. વસંતમાધવે મંજુઘોષાને જોઈ તો–આ અહીં કેવી રીતે ? તેનું પણ જમણું અંગ ફરકવા લાગ્યું. પ્રતીતિ થઇ કે-આ એ જ છે. પછી વિચાર્યું, હવે સાચું નામ પ્રગટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરું. રાજા જિતશત્રુ પણ પાસે જ બેઠા હતા. તેમણે બોલાવ્યો—

'કુંવર માધોરાવ !'

વસંતમાધવ ન બોલ્યો. ચન્દ્રચૂડે પણ એ નામથી બોલાવ્યો. ત્યારે પણ ન બોલ્યો. પછી ચન્દ્રચૂડે હાથ પકડી હલાવ્યો—'બોલતા કેમ નથી ?'

'કેવી રીતે બોલું ? મારું નામ તો વસંતમાધવ છે.'

'અરે ! તો પહેલાં કેમ ન કહ્યું ?'

'હવે કહી દીધું. બોલવામાં સુવિધા રહે એટલે માધોરાવ કહ્યું હતું.'

હવે મંજુઘોષાને કોઈ શંકા ન રહી. હાથ પકડી ચાવડીને એક તરફ લઈ ગઈ. તેને કહ્યું :

'બહેન ! આ છે તારા જીજાજી. સાચે જ આ છે.'

'અરે—અરે, તો કાલે કેમ ન કહ્યું ?'

'નામની શંકા હતી.'

'તો હમણાં બધાને ખુશ કરું છું.'

ચાવડીએ હસીને કહ્યું :

'જા પિતાને બોલાવી લાવ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'શું કામ છે?' આમ કહેતાં રાજા જિતશત્રુ પણ આવ્યા. બધી વાતો સાંભળી તો ફરી વસંતમાધવ પાસે આવ્યા અને પૂછયું :

'હવે તમે સંભળાવો. તમારી પ્રિયા કયાં છે? કશું ન છુપાવશો. પોતનપુરમાં ફરી એક વાર ઉત્સવ થશે.'

વસંતમાધવે બધું સંભળાવ્યું. રાજા જિતશત્રુ ઉછળી પડયા. ખુશ થતાં બોલ્યા :

'બધા સાંભળો, હવે મારા ઘરેથી બે પુત્રીઓ વિદાય થશે. મંજુઘોષાના પતિ છે, કુંવર વસંતમાધવ. અહીં આ બંને પાકી સખી છે અને ત્યાં આ પણ અભિન્ન મિત્ર છે. કેવો સંયોગ થઈ ગયો! જેને મળવાનું હતું, એ પણ મળી ગયાં અને છૂટાં પડેલાં પણ મળ્યાં.'

જાનમાં પણ સમાચાર પહોંચી ગયા. બધાને બહુ આનંદ થયો. પાંચ દિવસ જાન રહી. જ્યારે વિદાયનો સમય આવ્યો, તો રાજા જિતશત્રુએ ભરતપુરનરેશને પ્રાર્થના કરી :

'હવે તો તમે બધું જાણી ગયા છો. ચાવડી તો અત્યારે તમારી સાથે આવશે જ. મંજુઘોષાને મૂકી જાઓ. તમને મારી વિનંતી છે કે કુંવર વસંતમાધવને થોડા દિવસ અહીં પોતનપુરમાં રહેવાની રજા આપો. બંને પુત્રીઓનો વિરહ હું સહન કરી શકીશ નહીં.'

ભરતપુરનરેશ બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'અરે, તો વસંતમાધવ પર તમારો અધિકાર શું મારાથી ઓછો છે? એ તો ફરવા નીકળ્યો જ હતો. પછી તમે એ પણ કહો છો કે કૌશામ્બીના રાજપરિવારનું અને તમારું ગોત્ર એક છે. એ તો તમારો અધિકાર છે. મારો અતિથિ અને તમારું કુળ–ગોત્રનો–ઘરનો જ છે.'

જાન વિદાય થઈ ગઇ. ચાવડી અને મંજુઘોષા એક બીજાને મળીને રડયાં–મળ્યાં અને છૂટાં પડયાં. બધાની સાથે વસંતમાધવ નગર–સીમા સુધી જાનને વળાવવા ગયો. જ્યારે પાછો ફરવા લાગ્યો તો ચન્દ્રચૂડને કહ્યું:

'છૂટા પડવાથી શું મિત્રતા તૂટી જાય છે? આજે છૂટા પડીએ છીએ, તો કાલે મળીશું પણ ખરા. છૂટા પડેલા મળે છે અને મળેલા છુટા પડે છે. આ તો જીવનના બે છેડા છે.'

બંને મિત્રો પોત–પોતાની દિશાઓ તરફ વળ્યા. વસંતમાધવ અને મંજુઘોષા જમીને એકાંતમાં બેઠાં. પોત–પોતાની કથા સંભળાવી. બંનેનું હૃદય હલકું થયું. હવે બંનેના દિવસ પોતનપુરમાં આનંદથી પસાર થવા લાગ્યા. પુત્ર–વિયોગના દુઃખથી વસંતમાધવ વધારે દુઃખી થયો. કારણકે તેના માટે આ નવું દુઃખ હતું અને મંજુઘોષાનો ઘા સમયે ભરી દીધો હતો.

દિવસો પસાર થતા હતા. રાજા જિતશત્રુ વસંતમાધવ પર મુગ્ધ હતા અને વિચારતા હતા કે હવે પોતાના કુળ–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગોત્રનો સમર્થ ઉત્તરાધિકારી મળી ગયો છે, તો રાજપાટ તેને જ આપી દીક્ષા ગ્રહણ કરી લઉં. પણ હજુ સમય આવ્યો ન હતો. તેથી વિચાર, સંકલ્પ ના બન્યો.

પોતનપુરમાં અચાનક જ ચોરોનો ઉપદ્રવ વધી ગયો. જનતા ત્રાહિ-ત્રાહિ કરી ઊઠી. ત્યાં સુધી વાત આવી ગઈ કે પુરવાસીઓએ નગર છોડવાનો નિશ્ચય કરી લીધો. કારણકે રાતોની રાતો જાગવા છતાં ચોર પકડાતા ન હતા. રાજાના સન્નગ પહેરગીરો અને રક્ષકો પણ નિષ્ફળ ગયા. રાજ-કોષમાં પણ ચોરી થઈ ગઈ. ત્યારે રાજાએ સભામાં બીડું મૂકયું :

'કોણ પકડશે ચોર ? ઊઠાવે બીડું, મોં માગ્યું ઈનામ મેળવશે.'

કોઈની હિંમત ન ચાલી. લોકો ગુસપુસ કરવા લાગ્યા-ચોર હોય તો પકડે. હવાને કોણ પકડે ? કોણ જાણે ચોર કયારે આવે છે અને કયારે જતા રહે છે ? મોટા જાદુગર છે-મહામાયાવી.

વસંતમાધવે બીડું ઊઠાવ્યું. તાળીઓનો અવાજ થયો. રાજાએ કહ્યું :

'હું તો જાણતો જ હતો કે તમે જ આ કામ કરી શકો તેમ છો. જોઈએ તેટલી સેના સાથે લઈ જાઓ.'

'તાત ! એકલો જ પકડીશ. તમારો આશીર્વાદ મારું બળ હશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાત પડી. અડધી રાતે પ્રીતિમતીનો પુત્ર ખુલ્લી તલવાર લઈ એકલો જ વન તરફ ચાલવા લાગ્યો. જ્યારે પુણ્ય પ્રગટ થાય છે તો વિશ્વાધારની પ્રતિકૂળતા પણ મનુષ્ય તરી જાય છે. સિંહ જ્યારે પોતાની ગુફામાંથી નીકળે છે, તો સાથે કોઈ સૈનિક નથી હોતો. એ એકલો જ હોય છે અને મૃગોને મારે છે. વસંતમાધવરૂપી સિંહ પણ ચોરરૂપી મૃગોનો શિકાર કરવા એકલો નીકળી પડ્યો હતો.

પોતનપુરથી થોડા કોસ દૂર વનમાં વસંતમાધવ પહોંચ્યો. એક યોગી ધ્યાનમગ્ન બેઠેલા મળ્યા. વસંતમાધવે યોગીને પ્રણામ કર્યા તો યોગીએ આશાથી વિરુદ્ધ કડકાઈથી કહ્યું :

'કોણ છો ? જાઓ અહીંથી, ધ્યાન કરવા દો.'

વસંતમાધવ સમજી ગયો કે આ કોઈ ધૂર્ત છે. યોગીનો વેશ ધારણ કરી બેઠો છે. વસંતમાધવે અભિનય કર્યો. તલવાર મૂકી યોગીના પગમાં પડ્યો અને બોલ્યો :

'આ તલવારથી મારું માથું ઉડાવી દો. હવે તમારા ચરણોનું શરણ છોડી ક્યાં જઉં ? માતા–પિતાએ કાઢી મૂક્યો. ભીખ તો માગી શકતો નથી. ચોરી કરવાના વિચારથી રાતે ભટકું છું. સફળતા નથી મળતી, તેથી ભાગ્ય પ્રેરણાથી તમારા શરણે આવ્યો છું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યોગી થોડા નરમ પડયા. વસંતમાધવ કશું કહેવાનો હતો તે જ સમયે ચાર ચોર આવ્યા અને ચોરીનું ધન યોગી રૂપ ચોરનાયકના પગમાં મૂકી દીધું અને શાબાશી મેળવવાની આશામાં બોલ્યા :

'કેટલું મળ્યું છે આજે ! હીરાનાં આભૂષણ પણ બધાથી વધારે છે.'

યોગીરૂપ ચોરનાયકે કહ્યું :

'સાથીઓ ! હવે તમારા બધાનો અંત નજીક આવતો દેખાય છે. કારણ કે વસંતમાધવે તમને મારવાનું–પકડવાનું બીડું ઝડપ્યું છે. હવે શું કરશો ?'

ચોર બોલ્યા :

'અસંભવ ! એવી કઈ માતાનો પુત્ર છે, જે અમારા પડછાયાને પણ પકડી શકે. અમારામાંથી કોઇ એકનો પણ સામનો કરી શકતો નથી. હમણાં આવી જાય તો યમલોક પહોંચાડી દઈએ.'

વસંતમાધવે યોગીને કહ્યું :

'ભગવન્ ! એ તો મહામૂર્ખ છે, જે તમારા જેવા તપસ્વીના વચનોનો વિશ્વાસ નથી કરતા. તમે મને આજ્ઞા આપો, તો હું હમણાં જઉં અને વસંતમાધવનું માથું તમારા પગમાં મૂકી દઉં.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખુશ થઇ યોગીએ અનુમતિ આપી દીધી. વસંત-માધવ તરત રાજભવન આવ્યો. રાજકોષમાંથી ઘણાં જ રત્ન કાઢયાં અને ઝડપથી યોગી પાસે આવી બોલ્યો :

'ભગવન્ ! તમારો સંગ બહુ ચમત્કારી છે. આજે ચોરીમાં સફળ થઈ ગયો. આટલાં રત્ન ઊઠાવી લાવ્યો. પહેલી સફળતાની તુચ્છ ભેટનો સ્વીકાર કરો.'

કપટી યોગીએ કહ્યું :

'અરે, અમે તો આ માયાને અડતા પણ નથી. છતાં પણ તમને નિરાશ નહીં કરું. મારા આ ભક્તોને આપી દો.'

ચારે ચોરોએ રત્ન સમેટી લીધાં અને વનમાં વિલીન થઈ ગયા. પાછળ-પાછળ છાયાની જેમ વસંતમાધવ પણ લાગી ગયો. ચારે ચોર એક ઝાડીમાં ઘૂસ્યા. એક પથ્થર ખસેડયો અને ગુફામાં ઘૂસી ગયા. વસંતમાધવ પણ ઘૂસ્યો, સંતાઇ ગયો. ચોરોએ ધન ગુફામાં મૂકયું અને બહાર જતા રહ્યા. પૂર્વવત્ પથ્થરથી દ્વાર બંધ કરી દીધું.

વસંતમાધવે ગુફાનું નિરીક્ષણ કર્યું. ચારે તરફ ધનના ઢગલા હતા. સોનું, ચાંદી અને રત્ન. મૂલ્યવાન કપડાં પણ હતાં. જ્યાં-ત્યાં મનુષ્યનાં હાડ પિંજર લટકાવેલાં હતાં. કેટલાક મનુષ્યો કેદ હતા. એક ખૂણામાં બેઠેલી સ્ત્રી પણ બંધનમાં બંધાયેલી હતી. ગુફા લાંબી-પહોળી હતી.

વસંતમાધવને સ્ત્રીએ જોયો તો બોલી :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પાછા જાઓ. તમે કેવી રીતે આવ્યા ? જુઓ છો, આ કેદીઓની દશા ? આ પણ તેમને પકડવા આવ્યા હતા. તમે પણ એ માટે આવ્યા હશો. પણ તેમને પહોંચી વળશો નહીં. અસુર પણ તેમને મારી શકતા નથી અને દેવ પણ. આ બધાની પાસે મોટી વિદ્યાઓ છે. એ અદૃશ્ય થઈ જાય છે અને વિદ્યાઓથી મારે છે. જીવ વહાલો નથી ? જલ્દી કરો. હજુ રાત છે. દિવસ ઊગશે તો એ લોકો અહીં આવી જશે અને આખો દિવસ અહીં રહેશે.'

જ્યારે બંદિની બધું કહી ચૂકી તો વસંતમાધવે કહ્યું :

'મને જીવનો કોઈ મોહ નથી. કોને મરવાનું નથી ? એમને જીતવાનો જો કોઈ ઉપાય તમને ખબર હોય તો બતાવો, જલ્દી બતાવો.'

સ્ત્રીએ કહ્યું :

'અહીંથી પશ્ચિમમાં ચાલ્યા જાઓ. દસ કોસ દૂર એક પહાડ છે. ઝરણા પાસે જ એક ગુફામાં યોગી રહે છે. તેને પ્રસન્ન કરી લો તો એમને જીતી શકશો.'

બસ, હવે વસંતમાધવ જલ્દી ચાલ્યો. ત્યારે ગુફા-દ્વારની શિલા ખસી, પેલો ધૂર્ત યોગી પ્રવેશ્યો. દ્વાર હજુ ખુલ્લો હતો. કદાચ બાકીના ચોરો પણ પાછળ–પાછળ આવી રહ્યા હતા. વસંતમાધવ તિરાડમાંથી જોઈ રહ્યો હતો. યોગીએ પોતાનો કપટી વેશ ઉતાર્યો. દાઢી બનાવટી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતી, જટા પણ. હવે એ દેવકુમાર જેવો સુંદર પુરુષ થઈ ગયો. એ આગળ ગયો તો લાગ જોઈ વસંતમાધવ ચુપચાપ બહાર નીકળી ગયો અને પશ્ચિમ દિશા તરફ ચાલવા લાગ્યો.

વસંતમાધવ યથાસમયે પહાડ પર પહોંચી ગયો. યોગીને વંદન કર્યાં. તેમને પ્રસન્ન કર્યા અને બધું સંભળાવ્યા પછી કહ્યું :

'હવે મારી આબરૂ તમારા હાથમાં છે.'

યોગી બોલ્યા :

'વસંતમાધવ ! મને તમારી પ્રતીક્ષા હતી. ગુણચન્દ્ર અને ગુણમંજરી પણ અહીં હતાં. હવે તમને શોધવા નીકળી પડ્યાં છે. ઝડપથી તમને મળશે.

'વત્સ ! આ ચોરોને પણ તમારા જ હાથથી મરવાનું છે. હું તમને સાત વિદ્યાઓ આપું છું. વિજય તમારો જ થશે.'

ત્યાર પછી યોગીએ વસંતમાધવને (૧) સ્તંભન, (૨) મોહન, (૩) ઉચ્ચાટન (૪) ગગનયામિની (૫) દૈત્ય, દમન (૬) વિષહર અને (૭) વશીકરણ–એ સાતે વિદ્યાઓ જપથી સિદ્ધ થઈ ગઈ અને હવે વસંતમાધવ ચોરવાળા વનમાં આવ્યો. દિવસનો સમય હતો. પાંચે માયાવી ચોર નિશ્ચિંત થઈ ઊંઘતા હતા. તેમનું આ જ કામ હતું. દિવસે ઊંઘવું અને રાતે ચોરી કરવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસંતમાધવે પથ્થર ઘસેડ્યો. ગુફામાં ઘૂસ્યો અને ચોરોને પડકાર્યા. ચોરો એવી રીતે ઊઠ્યા કે કોઈ મચ્છરને મસળવા ઊઠ્યા હોય. તેમને વિદ્યાઓનું બહુ અભિમાન હતું. એક ચોર પહેલાં ઝૂકયો. સ્તંભન વિદ્યાથી વસંતમાધવે તેને રોકી દીધો અને દૈત્યદમનના પ્રયોગથી મારી નાખ્યો. પછી ત્રણેને મારી નાખ્યા અને નાયકને તો તડપાવી–તડપાવીને માર્યો. પાંચે મરી ગયા. નગરમાં સમાચાર મોકલાવ્યા. એક કેદીને મોકલ્યો. રાજા સેના લઈ આવ્યા. નગરવાસીઓ પણ આવ્યા. બહુ આશ્ચર્યથી ગુફા જોઈ. કેદીઓને મુક્ત કર્યા. કેદી સ્ત્રીને વસંતમાધવે કહ્યું :

'તમે મારાં ધર્મનાં બહેન છો. તમે જ મારો જીવ બચાવ્યો છે.'

'ભાઈ! ખોટી ખુશામત ન કરો. તમે કેટલાયને બચાવ્યા. બધા જોઈ રહ્યા છે.'

ગુફાનું ધન ભંડારમાં ભર્યું. એક–એક કેદીને યથા–સ્થાને પહોંચાડવામાં આવ્યા. ગુફા–ધનનું પ્રદર્શન યોજવામાં આવ્યું. જેનું જે ચોરાયું હતું, તે ધનમાંથી પુરવાસીઓએ પોત–પોતાનું લઈ લીધું. બાકીનું રાજકોષમાં જમા થયું. બહુ મોટું કામ થઈ ગયું હતું. રાજા જિતશત્રુએ ધામ–ધૂમથી વસંતમાધવનું રાજતિલક કરી નાખ્યું. પ્રજા ખુશ થઈ, આવા સુશાસકને પ્રાપ્ત કરી, હવે રાજા નિશ્ચિંત થઈ ઘરે જ ધર્મારાધન કરતા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થોડા દિવસ પછી વસંતમાધવનું મન ઉચાટ પામ્યું તો કૌશામ્બી જવાનો વિચાર કર્યો. વિચાર્યું, વિજયપુર થઇ કૌશામ્બી જઈશ. રાજા વિજયસેનને પણ પાઠ ભણાવવાનો છે. એક દિવસ સચિવોને પૂછયું :

'અહીંથી કૌશામ્બી કેટલું દૂર છે ?'

હજારો કોસ દૂર હતું. નિર્ણય પાકો હતો. ચતુરંગિણી સેના સાથે વસંતમાધવે પ્રસ્થાન કર્યું. શુકન પણ સારા હતા. વસંતમાધવ પાસે સેનાનું બળ તો હતું જ. સાત દિવ્ય વિદ્યાઓની સંપત્તિ પણ હતી. જડ સંપત્તિનું રક્ષણ કરે છે પ્રાણી અને વિદ્યાધન મનુષ્યની રક્ષા કરે છે. સાચું તો છે જ.

મંજુઘોષાના મનમાં પિયર જવાનો ઉત્સાહ હતો : 'હવે મને વાસંતી મળશે. મારા માટે તેણે કેટલું દુઃખ સહન કર્યું. હવે હું તેને મારી સાથે કૌશામ્બી લઈ જઈશ. હવે વિમાતા જોશે તો આંખો ફાટી જશે. મને ઠામ–ઠેકાણું પૂછવા વાસંતીની ચામડી ઉતારી નાખી. ઓહ ! એ દુષ્ટાએ કેટલા કોરડા માર્યા. હું એક પત્ર વાસંતીને આપી આવી છું. એનો ભેદ કોઈ ને ખબર નથી. જ્યારે એ પહેલી રાતે ગુપ્તદ્વારથી મને ગર્ભગૃહમાં મળી હતી ત્યારે એ રાતે મેધાવંતી મારી ભેટ જોવા આવી હતી. જ્યારે એ જતી રહી હતી ત્યારે રાતે મેં પત્ર લખ્યો હતો. બીજા દિવસની રાતે જ્યારે એ મને મુક્ત કરાવવા આવી હતી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે પત્ર આપ્યો હતો. પત્રમાં મરવાની વાત લખી ન હતી, સંકેત હતો. પણ વાસંતીએ તો પિતાને કહ્યું હશે કે હું મરી ગઈ છું. પિતા બહુ દુઃખી થયા હશે. હવે જોશે તો ચમકી જશે.'

આમ મંજુઘોષા જાણે શું-શું વિચારી રહી હતી. સેનાની વચમાં તેનો રથ વિજયપુર તરફ આગળ વધતો હતો.

[૪]

ગુણચન્દ્ર અને ગુણમંજરીએ વસંતમાધવની બહુ રાહ જોઈ. પછી ગુણચન્દ્રએ ગુણમંજરીને કહ્યું :

'ભાભી ! આમ કયાં સુધી બેસી રહીશું ? યોગીરાજની રજા લઈ આપણે બંને ભાઈને શોધવા જઈએ. તેમને મળવાનું જ છે તો ત્યાં જ પગ ઉપડશે.'

ગુણમંજરીએ કહ્યું :

'દિયર ! તમે સાચું કહ્યું. તેમના વિના એક ક્ષણ એક વર્ષની જેમ પસાર થાય છે. તેમને શોધતાં-શોધતાં જ પ્રાણ આપી દઈશ. પણ હવે બેસીને પ્રતીક્ષા નહીં કરું.'

નિશ્ચય થઈ ગયો. બનવાકાળ થવાનું જ છે, એ સમજી યોગીએ સ્વજનને શોધવાની અનુમતિ આપી દીધી. બંને ચાલ્યાં. જ્યાં રાત પડતી, ત્યાં રોકાઈ જતાં. ફળ વિગેરે ખાઈ ભૂખ સંતોષતાં. વનનો માર્ગ હતો. એક વનમાં અશુભ કર્મ પ્રગટ થઈ ગયાં. ચોરોએ ઘેરી લીધાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને બંનેને ઝાડ સાથે બાંધી દીધાં. શુભાશુભ કર્મોની તડકા–છાંયડી થઈ. એક વણઝારો પોતાની વણઝાર લઈ પોતાના નગર તરફ જતો હતો. તેણે બંનેનાં બંધન છોડી નાખ્યાં અને પોતાના ઘરે લઈ ગયો. પણ એ શેઠની પત્ની બહુ કર્કશા હતી. ગુણમંજરીના રૂપને જોઈને એ ગુસ્સે થઇ. શેઠ પર ગર્જના કરી કૂદી પડી.

'અરે, આ ચુડેલને કયાંથી પકડી લાવ્યા ? મારાથી તમારું મન ભરાઇ ગયું છે કે શું ? હવે તો આને રાખો, હું કૂવામાં પડીશ.'

શેઠે જવાબ આપ્યો :

'અરે પાપિણી ! આ મારી ધર્મપુત્રી છે. શા માટે પોતાની જીભને કલંક લગાડે છે ?'

વચમાં જ ગુણચન્દ્ર બોલ્યો :

'શેઠજી ! અમારી પાછળ તમે બંને કેમ પડયાં છો ? માતાના સોગંદ, ભાભીનું અપમાન હું સહન કરી શકીશ નહીં. અમે બંને જઈએ છીએ. અમારા ભાગ્યમાં જે હશે તે ભોગવીશું.'

શેઠ પણ તેમને રોકી શકયા નહીં. રાતમાં જ બંને જતાં રહ્યાં અને વન–વન ભટકવા લાગ્યાં. બધું ભાગ્ય પર છોડી દીધું.

* * *

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંજુઘોષાના જવાની વિજયપુરમાં કેટલાય દિવસો સુધી ખૂબ ચર્ચા થઈ. પુરવાસીઓનો એ નિશ્ચય મત હતો કે નવી રાણીએ સાવકી પુત્રીને ચુપચાપ મારી નંખાવી છે અને જાહેર એ કર્યું કે મંજુઘોષા નાસી ગઈ. કેટલાક વિરોધ પણ કરતા અને કહેતા ભાગી જ ગઈ હશે. જેટલાં મુખ એટલી વાતો. ધીરે ધીરે મંજુઘોષાની વાત બધાના મન પરથી ઉતરવા લાગી.

રાજા વિજયસેનને સંતોષ થયો, કારણ કે બેટીના કૃત્યથી એ દુઃખી હતા. રાણી મેઘાવંતીને થોડો વસવસો હતો કે હું એને મરાવી ન શકી. જ્યારે આ મામલો શાંત થયો તો વાસંતી રાજા વિજયસેનને એકાંતમાં મળવાની તક શોધવા લાગી. એ દરરોજ લગભગ ઉદ્યાન ભ્રમણ કરવા જતા હતા. અંગરક્ષક સાથે રહેતા. છતાં પણ એ અંગરક્ષકને રથ પાસે મૂકી ઉદ્યાનમાં એકલા જ ભ્રમણ કરતા. થોડીવાર જળકુંડની પાસે જ બેસતા. વાસંતીએ ઉદ્યાનમાં જ મળવાનો નિશ્ચય કર્યો અને એક દિવસ પહોંચી ગઈ. રાજાએ જોઇ તો બોલ્યા :

'અરે વાસંતી તું ? તેં પણ કશું ન વિચાર્યું, તે સારું ન કર્યું.'

'અન્નદાતા ! આજે હું સારું કરવા જ આવી છું. જ્યાં સુધી રહસ્ય નહીં ખૂલે, ત્યાં સુધી તમે રાજપુત્રી વિશે જાણે શું-શું વિચારતા રહેશો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

'તો બતાવ, એ ક્યાં ગઈ છે? કોની સાથે તેનાં લગ્ન થયાં છે?'

વાસંતી બોલી :

'અન્નદાતા! એ ક્યાંય ગઈ નથી. પરંતુ મહારાણી દ્વારા યમલોક પહોંચાડવામાં આવી છે. જે દિવસે તેના નાસી જવાની બૂમો પડી હતી, તેની પહેલી રાતે થોડા સૈનિકો તેને ચુપચાપ લઈ જતા હતા. એમણે દૂરથી મારો પડછાયો જોયો. એમને શું ખબર હતી કે હું છું? કોઈ પણ હોય એમ વિચારી એમણે એક પત્ર ફેંક્યો. પત્ર મેં લીધો અને વાંચ્યો પણ ખરો. પત્ર વાંચવાથી એવું લાગ્યું કે પોતાનો મરી જવાનો ખ્યાલ તેમને આવી ગયો હતો.'

'તો લાવ, ક્યાં છે એ પત્ર?'

'સાથે જ લાવી છું. તમારા માટે જ લખવામાં આવ્યો છે.'

વાસંતીએ રાજા વિજયસેનને પત્ર આપ્યો. બંને તરફના ગોળ-ગોળ ડંડા પકડી રાજા વિજયસેન રેશમ પર લખેલો પત્ર વાંચવા લાગ્યા. પહેલાં તો સમગ્ર પત્ર પર એક ઉડતી નજર નાખી. પછી એક-એક શબ્દ વાંચવા લાગ્યા :

'પૂજ્ય તાત!

'દોરડું અને સાપ સરખાં હોય છે. તેથી ક્યારેક-ક્યારેક અંધારામાં જોનારને ભ્રમ થાય છે. પણ ભ્રમ તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભ્રમ જ છે. કાવતરાઓરો જે ન કરી બતાવે એ થોડું છે.

'તાત ! તમને યાદ હશે, જ્યારે નવી મા આવી હતી, ત્યારે એ મને મારતી હતી. તમે એક દિવસ મને કહ્યું હતું કે મંજુ ! તું મૂંગી થઈ છે. કશું કહેતી નથી. પણ શું હું જાણતો નથી ? એ દુષ્ટા ! તને મારે છે ? પણ ગુનો મારો જ છે. મારું જ પાપી મન ન માન્યું. મંત્રીઓના દબાણનું બહાનું લઈ મેં બીજાં લગ્ન કરી લીધાં.

'રાજન્ ! હવે હું મૂંગી નહીં રહું. હવે તમને બધું જ કહીશ. પિતા સામે મૂંગી રહી, પણ રાજા સામે નહીં રહું, કારણ કે ન્યાય તો રાજા કરે છે. તેથી મેં તાતની જગ્યાએ રાજન્ લખ્યું છે. તો રાજન્ ! મારી વિમાતાએ કાવતરું રચ્યું, મારાં લગ્ન એક કોઢી રાજકુમાર સાથે કરવાનું. વિશ્વાસુ માણસો દ્વારા મને ખબર પડી ગઇ. પણ શું કરું ? બેટી અને ગાય-બંને વિવશ હોય છે. બંનેને જ્યાં હાંકો ત્યાં ચાલી જાય છે. કોઢી સાથે જો મારાં લગ્ન થઈ જાય તો હું શું કરત ? કશું જ નહીં.

'રાજન્ ! ભાગ્યથી એક રાજકુમાર, દેવરૂપ જેવો સુંદર અને મહાપરાક્રમી મારા મહેલમાં આવ્યો. પોતાના ઉદ્ધાર માટે શાસ્ત્ર પ્રમાણથી ગાંધર્વ લગ્ન કરી લીધાં. પિતાની અનુમતિની આશા ન હતી-વિમાતાની તો હોય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ કયાંથી, જેણે આ કર્યું. વિમાતાએ કાવતરું રચી મને મંત્રીપત્નીને ઘેર આખી રાત રાખી અને મારી પાછળ મારા ભવનમાં મારા પતિને સૈનિકોએ ઘેરી લીધા. એ વીરે છ સૈનિકોને મારી નાખ્યા અને કોણ જાણે કયાં નાસી ગયા. પછી મને વિમાતાએ ગર્ભગૃહમાં કેદ કરી રાખી. ભૂખી રાખી. વાસંતીને એટલી મારી કે તેની ચામડી ઊતરી ગઈ.

'હવે રાજન્! મને તમારી પાસે ન્યાયની આશા ન રહી, તેથી આ પત્ર લખ્યો. હું રહું ન રહું, મારો આ પત્ર તમારો ભ્રમ દૂર કરશે.

તમારી પુત્રી

'પુનશ્ચ– મંજુઘોષા.'

'છેલ્લે મેં 'તમારી પુત્રી' લખ્યું. તમે રાજા છો, હું પ્રજા છું. પ્રજા પણ રાજાનાં સંતાન હોય છે અને હું તો છું જ. એટલે 'પુત્રી' લખ્યું. જો મરી જઈશ તો સ્વર્ગમાં મારી માતા માનવતીને મળીશ.'

પત્ર વાંચી રાજા વિજયસેન રડી પડયા. બહુ રડયા. બહુ પસ્તાયા. પોતાની જાતને ધિક્કારી–અરે હું કેવો રાજા છું અને કેવો પિતા? મેં તપાસ પણ ન કરી. નિર્દોષ પુત્રો મરી ગઈ!

પછી ગુસ્સો ચઢયો. ભ્રમરો ખેંચાઈ. આંખો લાલ થઈ. એકદમ ઊઠયા–'હવે શું મેઘાવંતીને જીવતી છોડીશ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હમણાં જ તેના પ્રાણ લઉં છું.'

વાસંતીએ પગ પકડી લીધા :

'પ્રજારક્ષક ! એવું ન કરો. હું તમારા પગ પકડું છું. તેને મારીને તમે દુસ્સહ કર્મ બાંધશો. એ પોતે જ પોતાનાં કરેલાં કર્મનું ફળ ભોગવશે.'

જ્યારે રાજાએ વચન આપ્યું, ત્યારે વાસંતીએ પગ છોડયા. રાજા રથ સુધી ગયા. વાસંતીને પણ બેસાડી. ભવન પહોંચ્યા. તેમના ગુસ્સાને જોઈ દાસ-દાસી ડરી ગયાં. બૂમ પાડી મેઘાવંતીને બોલાવી. બોલ્યા :

'દુષ્ટા ! નાટક કરે છે ? તેં છૂપી રીતે મારી પુત્રીને નારી બનાવી. તારા પ્રાણ આજે બચાવી લીધા. પણ કોરડા જરૂર મારીશ.'

સાચે જ રાજાએ મેઘાવંતી પર કોરડા વરસાવ્યા. એ હાય-હાય કરતી રહી. પછી વાસંતીએ જ છોડાવી. રાણીએ બચાવ પણ કર્યો, પણ રાજાએ કશું ન સાંભળ્યું. કુવે રાજા વિજયસેન મેઘાવંતીથી એકદમ વિમુખ રહેવા લાગ્યા. તેનું માન-સન્માન પણ ઘટી ગયું અને એ દાસીની જેમ રહેવા લાગી. ખરાબ કામનું ખરાબ પરિણામ. થોડું અહીં અને થોડું પરલોકમાં પણ, જન્મ જન્માંતર સુધી. સમય પસાર થતો રહ્યો અને રાજા પુત્રીના તથાકથિત મૃત્યુ શોકને ભૂલતા ગયા. ઘા ઘા રુઝાય છે, પણ સમય વિના નહીં.

* * *

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાવ–લશ્કર સાથે વસંતમાધવ વિજયપુર પહોંચી ગયો. નગરથી દોઢ કોસ દૂર મોટા મેદાનમાં પડાવ નાખ્યો. હવા પર તરતી રાજા વિજયસેન પાસે ખબર પહોંચી કે કોઈ મોટા રાજાએ નગરની બહાર પડાવ નાખ્યો છે. વિજયસેન ગભરાયા. નાગરિકો શંકિત અને ભયભીત થઈ ગયા. અચાનક યુદ્ધનાં વાદળ છવાવા લાગ્યાં, બધાને એવું જ દેખાતું. રાજા વિજયસેને રાતે જ મંત્રણા કરી. નિશ્ચય થયો, સેનાને તૈયાર રાખો. સવારે વિપક્ષમાંથી સંદેશો આવવા દો.

અહીં વસંતમાધવે ગગનગામિની વિદ્યાથી પોતાનું વિમાન ઊડાવ્યું અને ક્ષણમાં જ મંજુઘોષા સહિત ભાગ-ચન્દ્રના ભવનમાં દાખલ થઈ ગયો. શેઠ–શેઠાણી બહુ ખુશ થયાં. વાસંતી પણ ત્યાં જ હતી. આખી રાત વાતો થઈ. સુખ–દુઃખની ચર્ચા, વીતેલા દિવસોની વાર્તા, પોત-પોતાની વાત બધાએ કહી. વાસંતીએ મંજુઘોષાને તેનો પત્ર મહારાજાને આપ્યાનો પ્રસંગ પણ કહી સંભળાવ્યો. ચોથા પ્રહરમાં વસંતમાધવે શેઠને કહ્યું :

'તાત! હું મારા પડાવ પર જઉં છું. મંજુઘોષા અહીં રહેશે. હવે સવારે કંઈક કૌતુક કરીશ.'

શેઠ ભાગચન્દ્રએ કહ્યું :

'માધવ! રાજાને વધારે તંગ ન કરીશ. એ બહુ જ દુઃખી છે. છેવટે તારા સસરા છે. હવે એ બહુ પસ્તાય છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેઠાણી ભાનુમતીએ પણ કહ્યું :

'હવે મેધાવંતી પહેલાં જેવી નથી રહી. મનુષ્ય ન બદલાય, પણ તેના વિચાર બદલાય છે. તેથી તો એક જ ઝાટકામાં મહાભોગી, મહાયોગી થઈ જાય છે. મેધાવંતીનો વેર-ભાવ હવે જાણે કયાં જતો રહ્યો !'

મંજુઘોષાએ પૂછયું :

'શું વિમાતા તમને કશું કહેતી હતી ?'

ભાનુમતીએ કહ્યું :

'હું તો કયારેય મળી નથી. તેને શું ખબર કે અમારો તમારી સાથે કંઈક સંબંધ છે. પણ વાસંતી કહેતી હતી. એક દિવસ રાણીએ વાસંતીને કહ્યું હતું. વાસંતી ! તું જ કહે.'

વાસંતી કહેવા લાગી :

'સખી રાજકુમારી ! મેધાવંતીએ એક દિવસ આંખમાં આંસુ લાવી કહ્યું હતું :

'વાસંતી ! હું તો વાંઝણી હતી. પણ વિધાતાએ વિમાતાના રૂપમાં જ મને માતા બનાવી દીધી હતી. પણ એ માતૃપદ પણ મેં મારા હાથમાંથી નષ્ટ કરી નાખ્યું. લોકો કહે છે કે મેં એને મારી નંખાવી. પણ મારું હૃદય મને હત્યારિણી નથી કહેતું. એ ગુપ્તમાર્ગથી ગઈ છે, તો કયારેક જરૂર આવશે. હું તેની પાસે માફી માગીશ. વાસંતી તું ! તો એની સખી છે. મને માફ કરી દેજે"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંજુઘોષાની આંખોમાં આંસુ આવી ગયાં. વસંતમાધવ બોલ્યો :

'સ્ત્રીઓની આંખોમાં દરેક ક્ષણે આંસુ જ ભરાયેલાં હોય છે. હું તો જઉં છું.'

જવાબની રાહ જોયા વિના માધવ ઊડી ગયો. અંધારામાં જ પડાવ પર પહોંચી ગયો. સવારે બધી વ્યવસ્થા કરી અને દૂતને સમજાવી રાજા વિજયસેન પાસે મોકલ્યો. દૂતે કહ્યું :

'રાજન ! પોતનપુરના મહાપરાક્રમી રાજા અને કૌશામ્બીના ભાવિ શાસક કુંવર વસંતમાધવ તમારા જમાઈ છે. એ તમારી પુત્રી અને પોતાની પત્નીને વિદાય કરાવવા આવ્યા છે. તમે તેમનું સ્વાગત કરો અને તમારી કન્યાને તેમની સાથે વિદાય કરો.'

રાજા વિજયસેનનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. સભિયો પર નજર નાખી. ભયભીત જેવા હતા. પછી રાજાએ જ કહ્યું :

'દૂત ! તમારા રાજાને જરૂર ભ્રમ થયો છે. તેમની સાસરી બીજે કયાંક હશે. ભૂલમાં એ અહીં આવી ગયા છે. મારે કોઈ પુત્રી નથી. જ્યારે પુત્રી જ નથી, તો જમાઈ કેવા ? તમારા સંદેશાનો આ જવાબ છે.'

દૂત પાછો જતો રહ્યો. વસંતમાધવને બધું જણાવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેણે ફરી દૂત મોકલ્યો. દૂતે ફરી રાજા વિજયસેનને કહ્યું :

'રાજન ! તમારી પુત્રી મંજુઘોષા છે. તમે ખોટું બોલ્યા છો, તેથી મહારાજા વસંતમાધવ બહુ ગુસ્સે થયા છે. તમારી પુત્રી સાથે લગ્ન કરી એ જતા રહ્યા હતા. ત્યારે એ એકલા હતા. તેમને પોતાના પ્રાણનો ભય હતો. હવે એ લાવ–લશ્કર સાથે આવ્યા છે. જો તમે તેમની વિવાહિતા પત્ની મંજુઘોષા તેમની સાથે વિદાય નહીં કરો તો તેમનું યુદ્ધ–નિમંત્રણ સ્વીકાર કરો.'

રાજા વિજયસેન બહુ ગભરાયા. તે વિચારવા લાગ્યા :

'હવે શું જવાબ આપું ? મંજુઘોષાને ક્યાંથી પેદા કરું ? અસંભવ છે તો ! તો યુદ્ધ નિશ્ચિત છે. હાર પણ નિશ્ચિત છે.'

રાજાનું મૌન અને મ્લાન મુખ જોઈ મંત્રીએ દૂતને કહ્યું :

'દૂત ! તમે અતિથિ ભવનમાં રહો. અમે વિચાર કરી જવાબ આપીશું.'

દૂતને અતિથિ ભવનમાં મોકલવામાં આવ્યો. એક પ્રહર મંત્રણા થઈ. નિશ્ચય થયો કે મહારાજા વિજયસેન ધનદ્રવ્ય અને ભેટ–સામગ્રી સહિત કુંવર વસંતમાધવને મળે. એ જમાઈ તો છે જ. રાજકુમારીના મૃત્યુની ઘટના સાચે સાચ સંભળાવે અને માફી માગી યુદ્ધ ટાળે.

P.P.P.C. Gunratnasuri M.S. Jain Gun Aaradhak Trust

આ જ થયું. વિન્યસેન રાજાએ કરણદ્ધ થઈ વસંત-માધવ પાસે જઈ કહ્યું :

'સાચે જ તમે મારા જમાઇ છો. ત્યારે મારી ભૂલને કારણે મારી પુત્રી મરી ગઈ. હવે હું તેને પેદા નથી કરી શકતો. તમે મારા પ્રાણ લઈ લો. હું અપરાધી તો છું જ. પણ યુદ્ધનો વિચાર છોડો.'

વસંતમાધવે કહ્યું :

'શું તમે તમારી પુત્રીનાં લગ્ન કરવા તૈયાર ન હતા? તૈયાર પણ હતા, તો તેની પસંદગીના વર સાથે લગ્ન કરવા માગતા ન હતા, અથવા પછી તમને રાજકુમાર વર પસંદ ન હતો? કયા અપરાધને કારણે તમે પુત્રીઘાતક બન્યા?'

રાજા વિન્યસેન રડી પડયા :

'જમાઇ રાજ! હવે આ ઘા પર મીઠું ન નાખો. મારી પાસે કોઈ જવાબ નથી. હું તો માફી જ માગી શકું છું.'

શેઠ ભાગચન્દ્ર પણ મંજુઘોષા, વાસંતી વિગેરે સાથે વસંતમાધવના આમંત્રણથી પડાવ પર આવ્યા હતા. એ પણ અહીં હતાં. મંજુઘોષા અને વાસંતી અંદર હતાં. વસંતમાધવે શેઠ ભાગચન્દ્ર તરફ સંકેત કરી રાજા વિજય-સેનને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આ તમારા નગરના શેઠ છે. હવે શું થવાનું છે, એનો નિર્ણય એ કરશે. તેમના પર છોડું છું.'

શેઠે માધવને કહ્યું :

'વસંત! હવે તંગ ન કર. રહસ્ય પરથી પડદો ઊઠાવી લે. બહુ થઈ ગયું.'

ત્યારે હસીને વસંતમાધવે પોતાના સસરાને કહ્યું :

'તાત! જો આ સમયે તમારી બેટી આવી જાય તો તમે....'

'અરે તો તો હું આનંદથી ઝૂમી ઊઠીશ. વસંત-માધવની વાત પૂરી થતા પહેલાં જ વિજયસેન બોલ્યા- 'તો શું સાચે જ તે મરી નથી? ક્યાં છે? હવે ભલે મને મારી નાખો. એક વાર મારી લાડલીને જોવા દો. હવે તમારી પાસે શું, ક્ષમા તો હું તેની પાસે માગીશ. મૂળ અપરાધી હું તેનો છું. બોલાવો-બોલાવો. બોલાવો!' રાજા વિજયસેન બૂમો પાડવા લાગ્યા.

વસંતમાધવના સંકેતથી વાસંતી સાથે મંજુઘોષા આવી. રાજા વિજયસેન તેને વળગી પડયા અને હૂ-હૂ કરી રડયા. કરુણા અને આનંદની મિશ્ર લહેરો ઊઠી. બધાની આંખો ભીની થઈ ગઈ. સચિવ વિગેરે પણ રડયા. બહુ સમય પછી લહેરો ઊઠતી બંધ થઈ, તો વસંતમાધવે ટૂંકમાં બધી વાતો કહી. આ વાતમાં શેઠ ભાગચન્દ્ર અને વાસંતીનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાર્ય બહુ પ્રશંસનીય રહ્યું. તેથી રાજા વિજયસેને તરત શેઠ ભાગચન્દ્રને નગરશેઠ બનાવ્યા. વાસંતીએ રાજભવનમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું.

મોટા ઉત્સવ સાથે વસંતમાધવ અને મંજુઘોષાનો નગર પ્રવેશ થયો. મેઘાવંતીએ જ્યારે સાંભળ્યું તો એની મંજુઘોષા સામે આવવાની હિંમત ન ચાલી. દાસીઓથી ઘેરાયેલી મંજુઘોષાએ વાસંતીનો હાથ પકડી તેને કહ્યું :

'અરે વાસંતી ! મા નથી દેખાતી. ચાલ. મને મા પાસે લઈ જા.'

બંને ગઈ. સરળ ભાવથી મંજુઘોષા મેઘાવંતીને વળગી પડી અને આલિંગન આપ્યું :

'મા, મારી સાથે બોલો. હવે કયાં સુધી રિસાયેલાં રહેશો ?'

રાણી રડી પડી. બોલી :

'બેટી ! મારો વિશ્વાસ કર. હાથ જોડું છું. મારો વિશ્વાસ કર. મારા શરીરમાં જેટલાં રુંવાડાં છે, એટલા કોરડા તારી પાસે આવવાનું મન છે સાચે જ બેટી ! હું તારી માતા બનવા માગું છું– એવી મા જે કૂખે જનમ આપે છે. પણ તું મારો વિશ્વાસ કેમ કરીશ ? મેં તને હેરાન કરવામાં શું બાકી રાખ્યું છે ?'

મંજુઘોષા રડી પડી. બોલી :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મા! તું તારી મા કયારે ન હતી? તમે મારી સાથે શું ખરાબ કર્યું છે? કશું જ નહીં, જે પણ કર્યું એ મારાં કર્મોએ, મારાં અશુભ કર્મોએ. મારાં અશુભ કર્મોએ પહેલાં તમારું હૃદય બદલ્યું અને હવે શુભ કર્મોથી તમારાં હૃદયમાં મમતા ભરી દીધી.'

'મારી મા! જે પણ તમે કર્યું, એમાં મા! મારું તો ભલું છુપાયું હતું. આજે હું જે કાંઈ છું, એ તમારા કારણે જ છું. મારો પણ વિશ્વાસ કરો, હું તમારી જ છું.'

વિજયપુરમાં આનંદ છવાઈ ગયો. યાચકોનું ભાગ્ય ખૂલી ગયું. આ સમય દરમિયાન રાજા વિજયસેને વસંતમાધવનું રાજતિલક કરી દીધું અને રાજકાજમાંથી મુક્તિ લઈ લીધી. હવે વસંતમાધવ બે રાજ્યોનો રાજા થઈ ગયો–પોતનપુર અને વિજયપુર. થોડા દિવસ વિજયપુરમાં રહી વસંતમાધવે પોતાના સુશાસનનો આદર્શ આપ્યો. પછી કૌશામ્બી જવા પ્રસ્થાન કર્યું અને સસરા વિજયસેનને પોતાના તરફથી રાજ્ય પ્રતિનિધિ નિયુક્ત કરી કહ્યું:

'મારા પહોંચ્યા પછી તમે કૌશામ્બી જરૂર આવજો.'

આવું જ આમંત્રણ તેણે પોતનપુરના ભૂતપૂર્વ રાજા જિતશત્રુને આપ્યું હતું અને ભરતપુરના રાજા તથા રાજપુત્ર ચન્દ્રચૂડને પણ આપ્યું હતું; એ આ બધાને કૌશામ્બીમાં ભેગા કરી મહાન ઉત્સવ કરવા માગતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે તો બધું અનુકૂળ થઈ ગયું. હવે સેના પણ બે ગણી થઈ ગઈ. જેટલી પોતનપુરથી સાથે લીધી હતી, તેટલી જ વિજયપુરથી લઇ લીધી. માર્ગમાં જે પણ નાના-મોટા રાજા હતા, તે વસંતમાધવની સેના જોઈ ભયભીત થઇ જતા અને ભેટ વિગેરે આપી તેની આધિનતા સ્વીકારી લેતા. મહિનાઓની લાંબી યાત્રા હતી. આકાશને ધૂળથી ઢાંકતી વસંતમાધવની વિશાળ વાહિની કૌશામ્બી તરફ આગળ વધતી. વાસંતી પણ હવે મંજુઘોષા સાથે કૌશામ્બી જઇ રહી હતી. બન્ને એક જ રથમાં હતી. વાતમાં વાત નીકળતી ગઈ અને વાતોમાં એ બંનેનો રસ્તો સારી રીતે પસાર થતો હતો.

[૫]

એક મોટા વનમાં વસંતમાધવનો પડાવ પડયો હતો. હાથી-ઘોડા વનમાં ફેલાઈ ગયા. ગ્રીષ્મ ઋતુ હતી. જેને જ્યાં જગ્યા મળી ત્યાં પડયો હતો. ઢાલનું ઓશિકું બનાવી દીધું. કોઈકે પાઘડીને જ માથા નીચે મૂકી દીધી. રાતનો સમય હતો, તેથી વ્યવસ્થા અધૂરી હતી. હવે સવારે બધું થશે. શું બનવું, પડોશનો રાજા જ સવારે પોતાના નગર-ઉદ્યાનમાં વ્યવસ્થા કરી દે. પછી હમણાં તો વસંતમાધવ, મંજુઘોષા વિગેરેના શિબિર બનાવી દીધા હતા.

બધી પ્રકૃતિ જડ-સ્તબ્ધ. જ્યાં ત્યાં કોઈ પક્ષીનું કરૂણ આક્રંદ. નિસ્તબ્ધતા સાકાર. આ વનમાં એક બીજો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વટેમાર્ગુ રહ્યો હતો. એના મનમાં સંશય થયો– કોણ છે આ આટલા મોટા રાજા?' રોકાયેલા પથિકે વિચાર્યું : 'હશે કોઈ, મારી પાસેથી શું લેશે? રાજા છે તો રાજા સાથે જ ટકરાશે.' પથિક સૂઈ ગયો. પણ ઊંઘ કેવી રીતે આવે? કયારેક હાથી ચીસો પાડતા અને કયારેક ઘોડા હણહણતા. ઊંઘ આ અવાજથી ડરી ગઈ. તેથી જાણે કયાં ભાગી ગઈ?

સવાર પડયું તો મુસાફરે મુખ ઊંચું કરી જોયું. સૈનિકો ઝાડ કાપતા હતા. કદાચ તેના મનમાં જિજ્ઞાસા હતી, તેથી મુસાફર યુવકે એકને પૂછયું :

'આ કયાંના રાજા છે?'

'કયાંના કહું?' મુંઝવણથી સૈનિક બોલ્યો. બીજા સાથીએ કહ્યું :

'બતાવી દો.'

'અરે, તો તમે જ બતાવી દો. મને તો આંગળીમાં વાગી ગયું. જુઓ, નખ કેવા નીલા પડી ગયા છે.' પહેલો સૈનિક પોતાની આંગળી ફૂંકવા લાગ્યો. ત્યારે બીજાએ મુસાફરને કહ્યું :

'ભાઈ! આ વિજયપુરના રાજા છે અને પોતનપુરના પણ.'

'સારું, તો એમનું નામ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'વસંતમાધવ.'

મુસાફર ઊછળી પડયો અને શિબિર તરફ દોડયો. બૂમો પાડતો ગયો– 'વસંતલાઈ! ભાઈ વસંતમાધવ. તમે કયાં છો?'

સેવકોએ ધમકાવ્યો :

'બહુ જંગલી છે. કેમ બૂમો પાડે છે? તારે શું કામ છે?'

ગુણચન્દ્રને પોતાની ભૂલ સમજાઈ. અશિષ્ટતા દૂર કરી. શિષ્ટતા બતાવી, કારણ કે સેવક ભાવોદ્રેક અને સહજ અપનત્વને અશિષ્ટતા સમજી બેઠા હતા. તેમની પણ ભૂલ ન હતી. બંનેની ભાષા એક સરખી જ હોય છે, જેમ કાક–પિક અને બક–મરાલના ઉપરનો રંગ. શિષ્ટતાપૂર્વક ગુણચન્દ્રએ સેવકને કહ્યું :

'માફ કરજે ભાઈ! મારા પર કૃપા કરો અને રાજા પાસે આ સમાચાર પહોંચાડો કે તેમનો મિત્ર ગુણચન્દ્ર તેમને મળવા માગે છે.'

સેવક હસ્યો. મનમાં વિચાર્યું– 'ફાટેલાં કપડાં અને રાજાનો મિત્ર! જરૂર કોઇ ગાંડો લાગે છે. પણ સમાચાર તો પહોંચાડી દઉં. જ્યારે રાજા આવી જોશે, ત્યારે બહુ મજા આવશે.'

સેવક વસંતમાધવ પાસે પહોંચ્યો. ગુણચન્દ્રનું નામ સાંભળતાં જ ગાંડાની જેમ રાજા યશોધરનો લાડલો દોડયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઝાડ નીચે ઊભા રહેલા ગુણચન્દ્રને વળગી પડયો. બધા નવાઇથી જોવા લાગ્યા. સૂચક સેવકને પોતાના અનુમાન પર બહુ દુઃખ થયું. છતાં પણ તેનું ભાગ્ય કે વસંતમાધવે પોતાનો હીરાનો હાર તેને આપી દીધો–

'અરે સેવક ! આવી ખુશખબર સંભળાવનારને તો જાણે શું-શું આપવું જોઈએ. છતાં હમણાં આ રાખ.'

પછી ગુણચન્દ્રને પૂછયું :

'તારી ભાભીની કશી અબર છે ? એ તો વિમાનમાંથી પડી ગઈ હતી.'

'અરે હું તો ભૂલી ગયો. અમે બંને સાથે છીએ. એ સરોવર પર ગઈ છે. ત્યાં નાહી ધોઈ સામાયિક કરી રહી હશે.'

'હું જઉં છું.'

'હું પણ આવું છું.'

આગળ–આગળ ગુણચન્દ્ર અને પાછળ–પાછળ વસંત-માધવ. એ બંનેની પાછળ સેવક ગુણચન્દ્ર બૂમો પાડતો જતો હતો—'ભાભી, ભાઈ ! ભાભી, ભાઈ ! ભાઈ આવી ગયા.'

વાસંતી સાથે મંજુઘોષા પણ એ દિશામાં જતી હતી. પાછળ–પાછળ દાસીઓ. ગુણમંજરી સામાયિક કરી ઊઠી જ હતી. સામાયિક કરવા માટે ૧૭૮ કાંકરાને તેણે પા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વના છેડામાં બાંધ્યા અને તરત જ બૂમો પાડતા ગુણચન્દ્રને જોયો. વસંતમાધવ પર નજર પડી.

ગુણમંજરી પગમાં પડી અને લાગણીઓનો ધોધ વહેવા લાગ્યો. સરોવરની જેમ તેની આંખો ભરાઈ ગઈ હતી. ઝર-ઝર આંસુ વહી રહ્યાં હતાં. આશ્ચર્યમુગ્ધ થઈને મંજુઘોષા જોઈ રહી હતી. ગુણમંજરી અને વસંતમાધવ એટલાં ભાવ-વિભોર હતાં કે તેમને કોઈની હાજરીનું ભાન જ ન હતું. ઘણીવાર થઇ ગઈ તો છાતીએ લગાવી રાખીને જ વસંતમાધવે કહ્યું :

'પ્રિયે ! હર્ષના સમયે હવે કેટલું રડીશ ?'

એ સ્થિતિ થઇ. પાછળ ફર્યો તો ભીડ જ ભીડ. માધવ બોલ્યો :

'અરે મંજુ; વાસંતી ! તમે બધાં આવી ગયાં ? મંજુ ! જો આ છે તારી મોટી બહેન ગુણમંજરી ! તેં પણ સહન કર્યું અને એણે પણ બહુ સહન કર્યું. આ મારો અભિન્ન મિત્ર-એક પ્રાણ બે શરીર. અત્યાર સુધી ભટકતા રહ્યા. આજે હું બહુ જ ખુશ છું. એને મળવાના આનંદ સામે બે રાજ્યો મળવાનો આનંદ તો કશો જ નથી.'

સવારનો સમય હતો. તેથી બધાએ સરોવર પર જ નિત્યકર્મ પતાવ્યું. ખાઈ-પી પ્રસ્થાન કર્યું. ગુણમંજરી, મંજુઘોષા અને વાસંતી એક જ રથમાં હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસંતમાધવ અને ગુણચન્દ્ર બીજા રથમાં હતા. બધા પોત-પોતાનું કહેતા જતા હતા. બધા પાસે વાતો એટલી હતી કે લાંબો રસ્તો પણ ટૂંકો લાગતો હતો. આ વાતોનો સંગ્રહ વર્ષોમાં થયો હતો અને એક જ દિવસમાં બધા પૂરી કરવા માગતા હતા. પછી પણ કોઇક વાત રહી જતી, તો વચ્ચે-વચ્ચે ક્રમ વિના ચાલતી.

કૌશામ્બી નગરમાં શોર મચી ગયો-યુવરાજ વસંત-માધવ આવી રહ્યા છે. રાજા યશોધર, રાણી પ્રીતિમતી, સુબુદ્ધિ મંત્રી અને મંત્રીપત્ની પદ્માવતી-આ ચારેના આનંદનો પાર ન હતો રાજા એટલા ખુશ હતા કે કહેવા શું માગતા અને કહી શું દેતા. પહેલાં સેવકોને કહેતા-રથ તૈયાર કરો. જ્યારે સેવકોએ કહ્યું કે રથ તૈયાર થઈ ગયા છે તો વરસી પડ્યા-અરે રથ માટે કોણે કહ્યું હતું તમને ? હાથી શણગારો. બે આસનના હાથી પર જ બંને મિત્રો બેશશે.'

ત્યારે મંત્રી આવ્યા, બોલ્યા :

'રથ પણ બરાબર છે. પુત્રવધૂઓ તો રથમાં જ આવશે અને યુવરાજ તથા ગુણચન્દ્ર હાથી પર.'

રાજાએ કહ્યું :

'હા, બરાબર છે. પણ મંત્રીશ્વર ! તમે ક્યાં ગયા હતા ? નગરની સજાવટ ? સમાચાર આવ્યે એક પ્રહર પસાર થઇ ગયો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન ! બધું થઈ ગયું. તમે આંખોને જુઓ. રાજમાર્ગ પર એકાવન દ્વાર બનાવ્યાં છે. સુગંધી પાણીનો છંટકાવ થઈ ગયો છે.'

'તો સારું, સ્વાગતની તૈયારી કરો. અને હા, પૌત્ર દલથંભણને પણ લઈ લો. ત્યાંથી પોતાના પિતા જોડે બેસીને જ આવશે.'

યથાસમય સચિવો સહિત રાજા યશોધર વિગેરે પહોંચ્યા. બંને મિત્રો માતા–પિતાના પગમાં પડ્યા અને દલથંભણ નમ્યો વસંતમાધવ અને મંજુઘોષા–ગુણમંજરીના પગમાં. બધાને બહુ સારો લાગ્યો. વસંતમાધવે પિતાને પૂછ્યું :

'પિતાજી ! આ વહાલો બાળક કોણ છે ?'

'વસંત ! તારા પુત્રને પણ ન ઓળખ્યો ? દલથંભણ છે, મંજુઘોષાનો પુત્ર.'

'અરે બરોબર !' મંજુઘોષાએ પુત્રને છાતીએ લગાવ્યો. તેના સ્તનોમાંથી દૂધ ટપકવા લાગ્યું. થોડી વાર માટે તો તેને પોતાના ભાગ્ય પર વિશ્વાસ ન થયો. પછી રાજા યશોધરે દલથંભણની પ્રાપ્તિની વાત જ્યોતિષીના કથનથી લઈ જંઘાચારી મુનિના કથન સુધી સંભાળાવી. વસંતમાધવના મુખમાંથી નીકળ્યું :

'અરે તો દેવ ! તું આટલો ચમત્કારી હોય છે ! હવે મેં બધું પ્રાપ્ત કરી લીધું. જેટલો રડ્યો, તેનાથી સોગણું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હસવાનું મન થાય છે.'

'આ હસવા–રડવાથી મુકત થાવ. આ જ જગતની જંજાળ છે. કર્મોનો નાશ કરવો પડશે. એ કયારેય એક સરખા રહેવા નથી દેતાં. હસાવે છે અને રડાવે પણ છે.'

રાજા યશોધરના મનમાં વૈરાગ્યની લહેરો ઊઠતી હતી, તેથી તેમણે એ જ સમયે પોતાનો રાજમુગટ ઉતાર્યો અને વસંતમાધવના હાથમાં આપી દીધો—

'આને પકડ હવે. હું આનાથી મુકત થવા માગું છું. હવે ત્રણ રાજ્યોનો અધિપતિ બની નગર-પ્રવેશ કર.'

વસંતમાધવના હાથ અટકી ગયા. બોલ્યો :

'તાત ! જીવનનો ભાર બહુ છે. ત્રણ રાજ્યોનો ભાર હું કેવી રીતે ઊઠાવીશ ?'

'ઊઠાવવો પડશે બેટા ! આવાં જ કર્મ કરીને આવ્યો છે. તેથી તું કૌશામ્બીનો પૂર્વનિશ્ચિત ઉત્તરાધિકારી છે. મને હવે આત્મોદ્ધાર કરવા દે. શું પિતા માટે એટલું પણ નહીં ?'

વસંતમાધવે મુગટ લઇ લીધો. મોટી ધામધૂમથી નગરપ્રવેશ થયો. કેટલાય દિવસો સુધી ઉત્સવ ઉજવાયો. પછી મહોત્સવપૂર્વક વિધિ પ્રમાણે વસંતમાધવનો રાજ્યાભિષેક થયો. દિવસો પસાર થવા લાગ્યા.

વસંતમાધવને કૌશામ્બીમાં આવ્યે બે મહિના પસાર થયા હતા, ત્યાં જ ભરતપુરના રાજા, રાજપુત્ર ચન્દ્રચૂડ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતનપુરના રાજા જિતશત્રુ અને વિજયપુરના રાજા વિજયસેન એ બધા પણ કૌશામ્બી આવ્યા. પૂર્વ રાજા યશોધર અને વસંતમાધવે આ બધાનું અપૂર્વ અને ભવ્ય સ્વાગત કર્યું. એ લોકો કૌશામ્બીના અતિથિ બન્યા.

થોડા દિવસ પછી કૌશામ્બીમાં ઘણા સાધુઓ સાથે એક જૈનયતિ આવ્યા. આખું નગર તેમનો બોધ સાંભળવા ગયું. આખો રાજ પરિવાર અને રાજઅતિથિ પણ હતા. મુનિનો બોધ સાંભળી ચારે રાજત્યાગી રાજા પ્રભાવિત થયા. બધાએ વિચાર્યું, રાજ્ય છોડી ઘરે બેસી ધર્મારાધના કરીએ છીએ, પણ એનાથી તો કર્મનો નાશ થશે નહીં. તેથી એક માત્ર સંયમ જ આધાર છે. ભરતપુરના રાજાએ પોતાનો રાજમુગુટ ચન્દ્રચૂડને આપી દીધો. બહુ મોટો દીક્ષા મહોત્સવ થયો. ચારે રાર્ષિઓએ દીક્ષા અંગીકાર કરી. બધા રાજર્ષિ યશોધર, જિતશત્રુ, વિજયસેન વિગેરેએ ગુરુ સાથે વિહાર કર્યો. વસંતમાધવ, મંજુઘોષા, ગુણમંજરી અને પ્રિય સખી વાસંતી વિગેરે–એ શ્રાવકવ્રત ગ્રહણ કર્યાં.

ગુણમંજરી અને મંજુઘોષા સગી બહેનોની જેમ રહેતી હતી. વાસંતી બંનેની પ્રિય સખી હતી. ગુણમંજરીએ પણ એક પુત્રને જન્મ આપ્યો. નામ રાખવામાં આવ્યું ગુણસેન.

વસંતમાધવે ગુણચન્દ્રને પોતાનો મહામંત્રીબનાવ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતો. એક વિપ્રકન્યા યશસ્વી સાથે તેનાં લગ્ન થઈ ગયાં હતાં. વસંમાધવ મોટે ભાગે કૌશામ્બી જ રહેતો હતો અને ગગનગામિની વિદ્યાના પ્રભાવથી એ જ્યારે-ત્યારે પોતનપુર તથા વિજયપુરની રાજ્ય-વ્યવસ્થા જોતો રહેતો હતો. ત્રણે રાજ્યોની પ્રજા સુખી હતી. જ્યા રે વસંમાધવ જતો ત્યારે નગરશેઠ ભાગચન્દ્રને ત્યાં જ રહેતો. આ પ્રમાણે ત્રણે રાજ્યોનું શાસન કરતાં અનેક વર્ષો વીતી ગયાં.

સમય જતાં એક ધર્માચાર્ય કૌશામ્બી આવ્યા. તેમનો બોધ સાંભળી વસંતમાધવ પ્રભાવિત થયો. તેની પત્નીઓએ પણ સંયમ લેવાનો નિશ્ચય કર્યો. કેમ ન કરે? કર્મની તડકા-છાંયડી બધાએ જોઈ હતી અને આ કર્મોના ક્ષય પછી જ જન્મ-મરણના દુઃખમાંથી છૂટી શકાય છે.

વસંતમાધવે પુત્રોને રાજ્ય સોંપ્યાં. બંને પત્નીઓ સહિત તેણે દીક્ષા અંગીકાર કરી. યથાનિયમ ચારિત્રનું પાલન કરતાં રાજર્ષિ વસંતમાધવ, સાધ્વી ગુણમંજરી અને સાધ્વી મંજુઘોષાએ દેહ-ત્યાગ કરી મોક્ષપદ પ્રાપ્ત કર્યું.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્મ–કૌતુક

[પતંગસિંહ–ચરિત્ર]

કંચનપુર નગરના રાજોદ્યાનમાં હજારો સ્ત્રી–પુરુષો બેસી મુનિશ્રીનો બોધ સાંભળી રહ્યા હતા. તહેવાર તો દરેક વર્ષે નિશ્ચિત સમયે આવે જ છે, પણ જગતના કલ્યાણકારી મુનિ તો કયારેક–કયારેક જ આવે છે. એટલે એ પોતાના વિહાર ક્રમમાં જ્યારે જે ગામ–નગરમાં પહોંચે છે, ત્યાંનાં સ્ત્રી–પુરુષોને તહેવારના આનંદ કરતાં પણ હજાર ગણો આનંદ થાય છે. તહેવારના દિવસે વિશેષ પ્રકારનું ભોજન મળે છે અને મુનિના બોધમાં આત્માનો ખોરાક મળે છે. તેથી ધર્મપ્રેમી શ્રાવક–શ્રાવિકાઓ, બાળક, વૃદ્ધ વિગેરે બધાં તેમનાં દર્શન કરવા અને તેમની અમૃત-વાણી સાંભળવા જાય છે.

કંચનપુરના રાજા જિતશત્રુ ધર્મપ્રેમી હતા અને પ્રજા પણ એમના જેવી જ હતી. રાજા–પ્રજા બધાની ભીડ કંચનપુરના રાજોદ્યાનમાં જામી હતી. રાજપરિવારમાં મુખ્ય હતા–રાજા જિતશત્રુ, રાણી કંચનસેના, મંત્રી ગુણ-વર્ધન અને ૭ વર્ષનો મંત્રીપુત્ર મતિસાર વિગેરે. બીજા સચિવ અને સભાસદ પણ હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુનિશ્રીએ ઉપદેશ આપતાં કહ્યું :

'કર્મ કૌતુક છે. કૌતુક એટલે કે તમાશો કરનાર. આપણે બધા શું છીએ ? કર્મ કૌતુકના હાથની કઠપૂતળીઓ. એ આપણને નચાવે છે, કૌતુક કરે છે–તમાશો બતાવે છે, અને આપણે પોતે પણ પોતાના નાચનો તમાશો જોઈ એ છીએ, તેના નચાવ્યા નાચીએ છીએ.

'ત્યારે શું કરીએ ? ન નાચીએ ? નાચવું તો પડશે જ, કારણ કે આપણે કર્મોથી બંધાયેલા છીએ. કર્મ જંજીર છે, જે આપણને બાંધે છે. જંજીર લોઢાની પણ છે અને સોનાની પણ છે. બંને જંજીર છે. અશુભ કર્મોનાં બંધન લોઢાની શૃંખલા છે અને શુભ કર્મબંધન સોનાની જંજીર છે. બંધન બંને જ છે. તેથી કાપવાના બંનેને છે. તેનું એક માત્ર સાધન છે, ચારિત્ર. ચારિત્ર એટલે સાધુચર્યા–મહાવ્રતોનું પાલન.

'મહાન જીવો ! તમે કહેશો કે કર્મ કર્યા વિના અમે રહીએ કેવી રીતે ? સંસારમાં રહી કર્મ તો કરવાં જ પડે છે. ખાવું; પીવું; ઊંઘવું; ઊઠવું; બેસવું–આ બધાં કર્મો સાધુ શ્રમણ પણ કરે છે. તમે સાચું કહો છો. પેટ ભરવા માટે ગોચરી અમે પણ કરીએ છીએ. તમે પણ કંઈક કરો છો. તમે ખેતી, સેવા, વેપાર કરો છો.

'મહાન આત્માઓ ! કરવું એ ક્રિયા છે. ક્રિયા માત્ર કર્મ નથી. ક્રિયા હાથ છે. હાથના પહેલાં મોજાં છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મગજ પછી હૃદય છે એ બંને પછી હાથ અથવા મગજ ક્રિયાનો ક્રમ છે. મગજનો વિચાર, હૃદયના હાવ-ભાવ અને હાથની ક્રિયા. તેથી આપણે જે કરીએ તેને પહેલાં જાણીએ, પછી માનીએ અને ત્યારે કરીએ. તેથી કર્મનો ક્રમ થયો, જાણવું, માનવું અને કરવું.

'પરંતુ આજે તો બધા કરવાની પાછળ પડ્યા છે. જાણવા અને માનવાને છોડી નાખ્યું છે. બધા આ જ કહે છે, શું કરીએ ? કોઇ એમ નથી કહેતું કે શું જાણે, શું માને ? એનાથી ગોટાળો છે. તાવ આવવાથી કહેવાય છે કે શું કરીએ, કયો ઉપચાર કરીએ ? પરંતુ પહેલાં એ જાણો કે તાવ આવ્યો જ કેમ, પછી એ માનો કે તાવ નહીં આવે. ત્યારે કરવાનું રહ્યું શું ?

'મનુષ્યો ! જાણવાનું શું છે, માનવાનું શું છે ? અંધારું છે. અંધારામાં દોરડું લટકે છે. અંધારાને કારણે આપણને ભ્રમ થયો કે સાપ છે. આપણે 'જાણ્યું' એ કે સાપ છે પછી 'માન્યું' એ કરડશે. ત્યારે ક્રિયા એ થઇ કે ભાગ્યા અને પડી ગયા. તો ખોટું જાણવા અને ખોટું માનવાને કારણે ખોટી ક્રિયા થઈ.

'તેથી તમારી અને સાધુની ક્રિયાઓ એક સરખી હોઈ શકે છે, પણ તેની પાછળ જે વિચાર અને ભાવ જાણવાનો-માનવાનો છે, એમાં તફાવત છે. આખો સંસાર એ જાણે છે કે ધનમાં સુખ છે અને એ માને છે કે ધન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિના જીવન નકામું છે, તેથી એ પૈસા ભેગા કરે છે. આ પ્રમાણે અનેક ભ્રાંતિઓને કારણે એ અજાણતાં પણ કર્મબંધન કરી બેસે છે. એનું એક ઉદાહરણ જ પૂરતું રહેશે.

'તમને કોઈએ ગાળ આપી. તમને ગુસ્સો આવી ગયો અને તમે ગાળ આપનારને ડંડા મારી દીધો. એ હિંસા થઈ. તમે ડંડો મારી દુસ્સહ કર્મબંધન કરી લીધું. તમે કહેશો કે મારા ગુસ્સાનું કારણ, અમુક વ્યક્તિની ગાળ છે. તમે જે જાણો છો અને માનો છો એ ખોટું છે, તેથી ખોટી ક્રિયા થઈ. ગુસ્સાનું કારણ ગાળ નથી, તમારી અંદર રહેલો અહંકાર છે. ગાળ તો એક પ્રસંગ છે. ગુસ્સો તમારી અંદર હતો, ગાળરૂપી પ્રસંગ પર એ પ્રગટ થઈ ગયો. જો ગાળનું કુવચન જ ગુસ્સાનું કારણ હોય તો દુષ્ટોનાં કુવચન સાંભળી સાધુ લોકો કેમ હસતા રહે છે ? તેથી ખોટું જાણવા અને માનવાને કારણે તમે દુસ્સહ કર્મોનું બંધન કરો છો. કર્મોથી બચો. જે કરીને આવ્યા છો, તેને ભોગવી રહ્યા છો અને જે કરશો, તેને ભોગવશો.

મુનિશ્રીએ ઘણા સમય સુધી બોધ આપ્યો. બધા કૃત-કૃત્ય થઈ ગયા. જ્યારે બોધ પૂરો થયો તો ઘણાએ પોતાની શંકાઓ પૂછી. ત્યાર પછી બધા મુનિ-વંદના કરી પોત-પોતાના ઘરે આવ્યા. રાજા જિતશત્રુ અને રાણી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંચનસેના પોતાના રથમાં બેસી રાજભવન પહોંચ્યાં.

રાતે રાજા–રાણી પોતાના શયનખંડમાં હતાં. આજના ઉપદેશ ઉપર વાત નીકળી. રાણી કંચનસેનાએ રાજા જિતશત્રુને પૂછયું :

'સ્વામી ! મુનિ મહારાજે કહ્યું હતું કે જીવનમાં માત્ર છ પ્રકારનાં દુઃખ છે. પાંચ વર્તમાન જીવતાં છે અને છઠ્ઠું મૃત્યુ પછીનું. શરીરમાં રોગ, ઇન્દ્રિયોમાં થકાવટ, મનમાં ચિંતા, બુદ્ધિમાં ભય અને અહંમાં વિયોગ–શોક આ પાંચ દુઃખ વર્તમાન જીવનમાં થયાં. વારંવાર માના પેટમાં આવવું એ છઠ્ઠું દુઃખ છે. ધર્મથી બધાં દુઃખ દૂર થાય છે. પરંતુ.....'

રાજાએ વચમાં જ કહ્યું :

'પરંતુ તું કહેવા શું માગે છે પ્રિયે? મુનિજીએ સાચું તો કહ્યું હતું. ચારિત્ર અથવા સંયમનું પાલન કરવાથી મોક્ષ મળે છે. પછી માતાના પેટમાં નથી આવવું પડતું. છઠ્ઠું દુઃખ દૂર કરવા જ મનુષ્ય જન્મ મળે છે. દેવ સુખ ભોગવનાર વૈમાનિક દેવ પણ ફરી મનુષ્ય બની ચારિત્ર પાલન કરવાના આકાંક્ષી રહે છે. એની સાથે જ ધર્મથી વર્તમાન જીવનાં દુઃખ દૂર થાય છે. વિતરણથી ચિંતાઓ દૂર થાય છે અને મનમાં આત્માનંદ મળે છે. ચિંતા સ્વાર્થનો દંડ છે. જે માત્ર ભેગું કરે છે, વહેંચતા નથી, એ કયારેય ચિંતાથી મુકત થઈ શકતા નથી.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાણી કંચનસેનાએ કહ્યું :

'તમે મારી વાત વચમાંથી જ કાપી નાખી. હું જે કહેવા માંગતી હતી એ તમે સાંભળ્યું જ નહીં. મને વર્તમાન જીવનમાં બધું સુખ છે. પરંતુ સંતાનનું દુઃખ છે. એ કેવી રીતે દૂર થશે ?'

રાજા બોલ્યા :

'તેં ફરી આ વાત કરી ? કેવી રીતે દૂર થશે ? શું કરીએ ? આ બધી ક્રિયા છે. પહેલાં એ જાણ કે સંતાનનું દુઃખ કેમ છે. પછી એ માન કે સંતાનનું દુઃખ મિથ્યા અપનત્વના કારણે છે.

'પ્રિયે ! પૂર્વભવના કોઈ અશુભ કર્મના ફળ સ્વરૂપે સંતાનનું દુઃખ છે, એને જાણ. તને દુઃખ એ વાતનું નથી કે તું સંતાનહીન છે, પરંતુ એ માન્યતાને કારણે છે કે સંતાન પોતાનું હોય તે. પારકું સંતાન પોતાનું હોતું નથી. પોતાનું દેખાય છે. તારી પ્રજા જ તારાં સંતાન છે. સાચું જાણો, સાચું માનો તો આ દુઃખ રહેશે જ નહીં.'

થોડીવાર રાણી ચૂપ રહી. પછી બોલી :

'પ્રૌઢાવસ્થામાં તમે ચારિત્રનું પાલન કરશો, કારણકે એ તમારા રાજવંશની પરંપરા છે. તમને રાજ્ય આપી તમારા પિતાએ સંયમ લીધો, પણ તમે કોને રાજ્ય આપી સંયમ લેશો ? હું એ જાણવા માગું છું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા જિતશત્રુ પણ વિચારમાં પડી ગયા. એ બોલ્યા :

'અત્યારથી શું તું હિંમત હારી ગઈ? સંતાન નથી થયાં એ હું માનું છું, પણ થશે પણ નહીં એવું કેમ માનું? ભાગ્યનો ભરોંસો બધાને હોય છે. મને છે અને તને પણ હોવો જોઈએ. ભાગ્યમાં સંતાન હશે તો જરૂર થશે.'

આ પ્રમાણે ધર્મચર્ચા, સુખ–દુઃખની વાત અને સંતાનની ચર્ચા કરતાં રાજા–રાણી સૂઈ ગયાં.

* * *

કંચનપુર શોભા–સંપન્ન અને સમૃદ્ધ દેશ હતો. બહુ ધનવાન– માનીતા શેઠ–શાહુકાર આ નગરમાં રહેતા હતા. બૃહસ્પતિ જેવા જ્ઞાની, શુક્રાચાર્ય જેવા નીતિ–માન અને વિદ્વાન બ્રાહ્મણ આ નગરમાં રહેતા હતા. કલામર્મજ્ઞ ચિત્રકાર, પત્થરમાં પ્રાણ મૂકનાર શિલ્પી અને કુબેર જેવી ધનવાન આ નગરની પ્રજા હતી. ગોરસની નદીઓ વહેવડાવનાર ગોવાળો હતા અને ધરતીમાં સોનું પેદા કરનાર ખેડૂત હતા. નગરની થોડે દૂર જ ખેતરોમાં પાક લહેરાતો હતો. એ માનો સોનાનો પાક જ હતો.

ધનવાનનું અસ્તિત્વ ત્યાં સુધી છે, જ્યારે સાથે નિર્ધન પણ હોય. કઠિયારા,–બોઝનાર મજૂર, મરેલાં પશુ ઉપાડનાર ચાંડાળ અને ધોબી–કુંભાર જેવા ઓછા ધનવાળા લોકો પણ કંચનપુરમાં હતા. પરંતુ સુખી એ પણ હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કારણકે ધનનો સબંધ સુખ સાથે છે, એવું મુનિ નથી માનતા. મુનિઓની વાતો અનુભવની છે, એટલે સાચી છે. વધારે ધન તો વધારે સામાન. ધનમાં સામાન વધારવાની અથવા ક્રિયા કરવાની શક્તિ છે, સુખ આપવાની નહીં. તેથી કંચનપુરની નિર્ધન પ્રજા સુખી પણ છે. ઘરમાં સામાન ભલે ઓછો હતો, પણ મનમાં સંતોષનું અપાર ધન હતું. શેઠિયાઓના ઘરમાં સુવર્ણમય પલંગ હતા તો એમના ઘરમા વાંસના ખાટલા હતા. પરંતુ આ તફાવતમાં સુખ–દુઃખ નથી બનતાં.

કંચનપુરના નિર્ધન માણસો પણ સુખી કેમ હતા ? એટલા માટે કે અહીં મુનિજન આવતા હતા. એ સુખનો સાચો માર્ગ બતાવતા હતા. તેથી અહીંની પ્રજા ધર્મ-નિષ્ઠ હતી. ધર્મનિષ્ઠ પ્રાણી કયારેય દુઃખી નથી રહેતાં. આ જ કારણ હતું કે અહીંના શ્રેષ્ઠી પંચમ અણુવ્રત પરિગ્રહપરિમાણના પાલક હતા.

આવી ધર્મનિષ્ઠ અને સુખી–સંપન્ન પ્રજાના શાસક હતા, રાજા જિતશત્રુ. એ પણ ન્યાયપરાયણ, ધર્મનિષ્ઠ અને પ્રજાવત્સલ હતા. રાણી કંચન સેના પણ પરમ રૂપવતી અને સતી સન્નારી તથા પતિ જેવી જ શ્રમણોપાસિકા હતી.

રાજા જિતશત્રુના મંત્રી હતા, ગુણવર્ધન. એ પણ નીતિમાન, બુદ્ધિશાળી અને બહુ દૂરદર્શી હતા. પ્રજાને સુશાસન આપવામાં એ રાજા જિતશત્રુનો જમણો હાથ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા. મંત્રી ગુણવર્ધનનો પુત્ર હતો, મતિસાર, જે આ દિવસોમાં માત્ર છ વર્ષનો હતો. કંચનપુરના મહામંત્રી પદનો ઉત્તરાધિકારી હતો, પણ દુઃખ એ વાતનું હતું કે રાજા જિતશત્રુનો રાજ્યાધિકારી કોઈ ન હતો.

રાજા જિતશત્રુ નિઃસંતાન હતા, તેનું દુઃખ કંચનપુરની પ્રજાને પણ બહુ હતું. કારણકે યુવરાજના અભાવથી કોઈ વિદેશી રાજા જ કંચનપુરનો શાસક બનશે. આ પ્રમાણે સુખ-દુઃખની કલ્પના અને ભવિષ્યની આશા-નિરાશામાં રાજા-પ્રજા બધા દિવસો પસાર કરી રહ્યા હતા.

થનાર વસ્તુ કોઈ પણ બહાને થાય છે, તેથી લગ્નના ઘણા સમય પછી-દિવસો પછી રાણી કંચનસેના ગર્ભવતી થઈ. તેણે સૂર્યનું સ્વપ્ન જોઈ ગર્ભ ધારણ કર્યો હતો. આ સમાચારથી રાજા જિતશત્રુ બહુ ખુશ થયા. રાણી કંચનસેનાએ પણ છૂટા હાથે દાન આપ્યું. આ આનંદોત્સવ પર રાજાએ રાણીને કહ્યું :

'આને કહે છે ભાગ્ય ! તું તો આશા જ છોડી બેઠી હતી. હવે તો માતા બનીશ.'

થોડી નિરાશ થતાં રાણીએ કહ્યું :

'છતાં પણ એક આ શંકા છે જ. પુત્રી થશે તો તમે રાજ્યાધિકારી કોને બનાવશો ?'

રાજા બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'પુત્રી જ હોય, પણ હોય તો ખરી. હું પિતા તો બનીશ અને તું બનીશ માતા. રાજ્યની શું ચિંતા છે? રાજ્ય આપણા જમાઈને આપી દઈશ. પરંતુ પ્રિયે! હું પણ પાકી વાત કહું છું, પુત્ર જ થશે.'

રાણીએ શરમાતાં કહ્યું :

'હાય રામ! તમે શું જ્યોતિષી છો? મારા પેટની પરિસ્થિતિ હું નથી જાણતી અને તમે જાણો છો?'

રાજા બોલ્યા :

'તું તો ભુલકણી છે પ્રિયે! તેં સૂર્યનું સ્વપ્ન જોયું હતું કે નહીં? સ્વપ્નશાસ્ત્રના આધારે જ્યોતિષીઓએ કહ્યું છે કે સૂર્ય જેવા અને યશસ્વી પુત્રની તું માતા બનીશ. હા, એટલું બીજું કે તારી ઇચ્છાઓને ન છુપાવીશ. તારી ઇચ્છાઓથી હું એ પણ જાણી જઈશ કે પુત્ર કેવો હશે.'

આ પ્રમાણે બહુ ધામ-ધૂમ અને ઉમંગ-ઉલ્લાસ સાથે ભાવિ યુવરાજના ગર્ભમાં આવવાનો-રાણી કંચનસેનાનો ગર્ભાધાન સંસ્કાર સંપન્ન થયો. રાજા-રાણી ઘણી રાત સુધી ભાવિ પુત્ર બાબતમાં નવી-નવી કલ્પનાઓ વિચારતાં રહ્યાં. તેનું નામ શું રાખીશું? કયા આચાર્ય પાસે શિક્ષણ મેળવશે? તેનાં લગ્ન કોની સાથે થશે? આ કલ્પનાઓ પર પતિ-પત્ની વાતો કરતાં રહ્યાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા-રાણીને સંતાન-સુખની નિશ્ચિત આશાનું કિરણ મળી ગયું હતું. પ્રજાને ભાવિ યુવરાજની આશા મળી ગઇ હતી અને મહામાત્ય ગુણવર્ધનનાં પણ એ આશા પાકી થઈ ગઈ હતી કે એનો પુત્ર જ ભાવિ યુવરાજને રાજા બન્યા પછી તેનો મંત્રી બનશે. આશામાં સુખ તો છે, પણ શંકા અને પ્રતીક્ષાનું દુઃખ પણ છે. કંચનપુરના રાજા મંત્રી અને પ્રજાને જે ખુશખુશાલ આશા મળી હતી, તેમાં પ્રતીક્ષા તો હતી, પણ શંકા ન હતી. હવે સુખદ આશાને સહારે દિવસો પસાર થતા હતા અને એ દિવસોની ગણના અત્યારે તો નવ મહિના પસાર થાય ત્યાં સુધી જ હતી.

[૨]

'અને રી કાજ
હમારે આજ
હુએ યુવરાજ
ગાઓ રી સખિ મંગલ ગાઓ રી.'

અંતઃપુરની દાસીઓ તાળીના ગડગડાટના અવાજ સાથે ઉત્સાહમાં આવી એ વધામણી ગાતી ફરતી હતી. નવજાત શિશુને ખોળામાં લઈ મહારાણી કંચનસેના પ્રસૂતિ ઓરડામાંથી દાસીઓનો ઉત્સાહ જોઈ-જોઈ હસી રહી હતી. કયારેક એ પોતાના બાળક પર નજર ઠેરવતી અને કયારેક દાસીઓની દોડા દોડ જોતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહારાજા જિતશત્રુએ સમાચાર સાંભળ્યા તો આનંદથી ઉછળી પડયા. તેમણે રાજસભા વિસર્જિત કરી અને રાજભવન દોડી આવ્યા. દાસીઓએ રોકયા :

'હમણાં નહીં, હમણાં નહીં મહારાજ! પહેલાં માતા-બાળક બંનેને સુગંધિત લેપ કરવામાં આવશે. બંને સ્નાન કરશે. ત્યારે તમે અંદર જજો.'

રાજા બોલ્યા :

'સારું, હું સમજી ગયો. તું લાંચ માગે છે? તો આ લે.'

આમ કહી રાજા જિતશત્રુએ પોતાના ગળાનો હાર દરવાજે રોકી ઊભેલી દાસી તરફ ફેંકી દીધો. તેણે ઝડપથી ઊઠાવ્યો. પછી રાજાએ ખજાનચીને બોલાવી ઘણી બધી મુદ્રાઓ મંગાવી લીધી અને વહેંચવા લાગ્યા. એક પ્રહર, દિવસ આમ જ પસાર થઈ ગયો. પછી અંકધાત્રી બાળકને ખોળામાં લઈ આવી અને મહારાજા જિતશત્રુની સામે આવી ઊભી રહી ગઈ. મહારાજાએ તેને ધ્યાનથી જોયો અને બોલ્યા :

'કેવો સુંદર છે! બિલકુલ ઊગતા સૂર્ય જેવી કાંતિનો છે. કેમ ન હોય, મહારાણીએ સૂર્યનું સ્વપ્ન જોઈ ગર્ભ ધારણ કર્યો હતો. જો પંડિતો મીન-મેખ, કુંભ-કન્યાની મુશ્કેલી નહીં નાખે, તો હું આનું નામ દિવાકર અથવા સૂર્યકાંત રાખીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંચનપુરનો યુવરાજ સાચે જ બહુ સુંદર હતો. માથું આઠમના ચન્દ્ર જેવું હતું. આંખો એવી હતી કે જાણે કેરીની ફાડ હોય. વાળ કાળા અને વાંકડિયા હતા. થોડી વાર પછી અંકધાત્રી બાળકને અંદર માની પાસે લઈ ગઈ. પછી તો આખા કંચનપુરમાં યુવરાજના જન્મની ખબર ફેલાઈ ગઈ. યાચકોની હાર લાગી ગઈ. મહારાજા જિતશત્રુએ કપડાં, અનાજ અને ધનનું પુષ્કળ દાન આપ્યું. નગરના શ્રેષ્ઠિજનોએ પણ દાન આપ્યું. ઘરે-ઘરે ગીતો ગવાવા લાગ્યાં. નગરમાં આનંદ સાગર ઊમટી પડ્યો.

બાર દિવસ સુધી જન્મોત્સવની ધામ-ધૂમ રહી. રાજપંડિત પહેલેથી જ યુવરાજનું જન્મપત્ર બનાવવમાં લાગી ગયા હતા. બારમા દિવસે નામકરણ સંસ્કાર થયા. દરવાજે-દરવાજે તોરણો લટકાવવામાં આવ્યાં. આજે તો દાસીઓ પણ સજી-ધજીને ફરી રહી હતી. નામધર્તા પંડિતે યુવરાજના નામનો ઉલ્લેખ કરતાં કહ્યું :

'રાજન્ ! યુવરાજનો જન્મ કન્યા લગ્નમાં થયો છે. આ રાશિમાં જન્મનાર શુભ લક્ષણોથી સંપન્ન, નૃત્ય — ગાયન પ્રિય, દાની, કલાપ્રેમી, પ્રિયભાષી, બુદ્ધિશાળી તથા અનેક શત્રુઓ વાળો હોય છે. સાથે જ એ પારકી સંપત્તિનો સ્વામી પણ બને છે. એના જન્મના ત્રીજા વર્ષે, પાંચમા વર્ષે, પંદરમા વર્ષે, એકવીસમા વર્ષે અને ત્રીસમા વર્ષે દુઃખનો, સંકટનો યોગ હોય છે. મૃત્યુ-ભયની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંભાવના પણ હોઈ શકે છે.'

રાજાએ કહ્યું :

'આ તો બધા કન્યા રાશિવાળાનું ફળ થયું. શું મારા પુત્રના જીવનમાં પણ શંકા છે? મૃત્યુ-ભયની સંભાવનાથી હું શંકિત છું.'

રાજપંડિતે કહ્યું :

'તમે નિશ્ચિંત રહો રાજન! યુવરાજ પૂરી ઉંમરના છે. એ ચાર રાજ્યોના અધિપતિ બનશે. મેં વિસ્તારથી એમનું ભવિષ્ય ફળ બનાવ્યું છે.'

રાજા જિતશત્રુએ રાજપંડિતને કહ્યું :

'ખેર, આ વાતો તો થતી રહેશે. તમે યુવરાજનું નામ કાઢો. મારી ઈચ્છા તો દિવાકર અથવા સૂર્યકાન્ત રાખવાની છે. કારણ કે તેને ગર્ભસ્થ થવાના સમયે મહારાણીએ સૂર્યનું સ્વપ્ન જોયું હતું.'

'પૃથ્વીનાથ! નામ-લગ્ન પ્રમાણે રાખવું જોઈએ. કન્યા રાશિમાં જન્મનારનું નામ ટો, પા, પિ, યુ, ષ, ણ, ઠ, પે, પો આ આઠ અક્ષરો પર રાખવામાં આવે છે. તેથી મારી માન્યતા પ્રમાણે યુવરાજનું નામ પતંગ-સિંહ યોગ્ય રહેશે. એનાથી નામ પર રાશિ નામનો પ્રભાવ પણ રહેશે અને પતંગનો અર્થ સૂર્ય પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. તમે દિવાકર નામથી પોતાની જે ઇચ્છા પૂરી કરવા માંગો છો! એ ઇચ્છા પતંગસિંહથી પણ પૂરી થઇ જશે.'

રાજાએ કહ્યું :

'અમને આ નામ પસંદ છે. પતંગસિંહ નામ બધાને પસંદ આવશે.'

ત્યાર પછી મહારાજા જિતશત્રુએ રાજપંડિતને દક્ષિણામાં પર્યાપ્ત ધન આપ્યું. પછી બધા ઊભા થઈ ગયા. પ્રીતિભોજનનો વ્યાપક કાર્યક્રમ હતો. દરેક જગ્યાએ ભોજન શાળાઓ ખુલી ગઈ હતી. યુવરાજના નામકરણની ખુશીમાં આખા નગરે ભોજન કર્યું.

પતંગસિંહ પાંચ ધાયેાનો લાડલો બની ગયેા. એ હવે છ માતાઓનો પુત્ર હતો. પહેલી માતા તેની જનની મહારાણી કંચનસેના હતી. પાંચ માતાઓ પાંચ ધાયેા હતી. કોઇ દૂધ પિવડાવવા માટે હતી, કોઇ સ્નાન કરાવવા માટે, કોઈ હાલરડું ગાઈ ઊંઘાડવા માટે હતી, તો કોઈ ખોળામાં લેનાર અંક–ધાત્રી હતી. આ પ્રમાણે એ પાંચે હતી અને તેમની મદદ માટે અનેક દાસીઓ હતી.

યુવરાજ પતંગસિંહના નામકરણને પાંચ દિવસ પસાર થયા, ત્યાં રાજસભામાં બનારસના એક જ્યોતિષી આવ્યા. મહારાજા જિતશત્રુએ તેમનું યથોચિત સન્માન કર્યું અને પછી પોતાના મંત્રીને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મહામંત્રી ! સંયોગથી બનારસના જ્યોતિષી આપણે ત્યાં આવ્યા છે, તો આપણા કુમારની જન્મપત્રિકા એમને કેમ ન બતાવીએ ? એના લગ્નમાં ત્રીજા, પાંચમા, પંદરમા, એકવીસમા વિગેરે વર્ષોમાં જે સંકટનો યોગ છે, તેનો ખુલાસો થઈ જશે.'

મંત્રીએ કહ્યું :

"આ પંડિતોના ચક્કરમાં ન પડો રાજન્ ! આ લોકો કયારેક તો રાશિની ચાલનો ભય બતાવી બહુ ભયભીત કરે છે. રાશિની સાડાસાતી પનોતી આપવી એ તો તેમનો ડાબા હાથનો ખેલ છે. એક રાશિની અનેક વ્યક્તિઓ હોય છે. તમે એ જુઓ કે રામ અને રાવણની એક જ રાશી હતી. હતી કે નહીં ? બંને તુલા રાશિના હતા. છતાં પણ રાશિફળ વિપરીત થયું. આ જ વાત કંસ અને કૃષ્ણની છે. છે કે નહીં ?'

રાજા જિતશત્રુ હસ્યા. બોલ્યા–

'મંત્રીજી ! વાત તો ફરની પકડી છે કે રામ અને રાવણની એક જ રાશિ હતી. હું માનું છું કે કન્યા રાશિનો એક બાળક મારો પુત્ર, અર્થાત્ યુવરાજ છે અને અનેક કન્યા રાશિ નિર્ધન ઘરોમાં પણ હશે. પણ હું તો જન્મ-લગ્નના આધાર પર જે ભવિષ્ય ફળ નીકળે છે, તે બાબતમાં કહી રહ્યો હતો. બનારસથી આવેલા જ્યોતિષીજી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શું કહે છે ? જો એમણે પણ એ વાત કહી જે આપણા રાજપંડિતે કહી હતી, તો તો કોઇ વાંધો નથી. જો એ કોઈ નવી વાત કહેશે તો તેમનું પાંડિત્ય જોવામાં આવશે.'

'જેવી તમારી ઇચ્છા.' મંત્રી ગુણવર્ધને પોતાની સહમતિ આપી દીધી. મહારાજા જિતશત્રુએ યુવરાજ પતંગસિંહનું જન્મપત્ર મંગાવ્યું અને ગનારસથી આવેલા જ્યોતિષીજીને કહ્યું :

'વિપ્રવર ! અમારું ભાગ્ય છે, જેથી તમારા જેવા વિદ્વાન અમારી સભામાં પધાર્યા છે. કૃપા કરી અમારા યુવરાજનું જન્મપત્ર જોઇ કંઈક પ્રકાશ નાખો. એના જીવનમાં જે પણ સંકટ હોય, તેને તમે સંકોચ વિના કહો.'

જ્યોતિષીજીએ કહ્યું :

'રાજન્ ! હું જે સમજી શકીશ, તેને સ્પષ્ટ કહીશ. પણ મેં સાંભળ્યું છે કે કડવું સત્ય કહેનાર જ્યોતિષીને તિરસ્કારવામાં આવે છે. તમે જન્મપત્ર આપો.'

ગનારસથી આવેલા જ્યોતિર્વિદ પંડિત વિષ્ણુદત્ત શર્માએ યુવરાજ પતંગસિંહનું જન્મપત્ર લીધું અને જોવા લાગ્યા. તેનું ગણિત ગણ્યું. ઘણીવાર સુધી વિચારતા રહ્યા. બધાની આંખો જ્યોતિષીજી તરફ મંડાયેલી હતી કે જાણે શું કહેશે. રાજા જિતશત્રુ બહુ ઉત્સુક હતા. થોડો સમય થયો. ત્યારે કાશીના પંડિત વિષ્ણુદત્ત શર્માએ કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન્ ! યુવરાજ પતંગસિંહ ચાર રાજ્યોનો સ્વામી બનશે. યશસ્વી થશે. પરંતુ કેટલીક ઘટનાઓ તેના જીવનમાં ફેરફાર જરૂર કરશે. તેની ઉંમર તો પૂરતી છે. પરંતુ સોળ વર્ષથી એકવીસ વર્ષની ઉંમરમાં અસ્વાભાવિક મૃત્યુનો યોગ છે.'

રાજાએ કહ્યું :

'અસ્વાભાવિક મૃત્યુ ? તમે શું કહો છો ? જ્યારે ઉંમર પૂરતી છે તો અસ્વાભાવિક મૃત્યુનો યોગ કેવો ? શું મૃત્યુ પણ અસ્વાભાવિક હોય છે ?

પંડિત વિષ્ણુદત્ત બોલ્યા :

'રાજન્ ! ધીરજથી સાંભળો. એક-એક વાત સ્પષ્ટ રીતે બતાવીશ. જો મારી વાત ખોટી નીકળે તો હું મારી જાતને જ્યોતિષી કહેવાનું છોડી દઈશ.'

'સાંભળો રાજન્ ! કોઈના દ્વારા મારવું, કાપી નાખવું, ઝેર આપવું વિગેરે રૂપમાં જે મૃત્યુ થાય છે, તેને અસ્વાભાવિક મૃત્યુ કહેવાય છે. આમ એ પણ પૂર્વ નિશ્ચિત કર્મ-વિધાનથી જ થાય છે.

'રાજન ! યુવરાજની ઉંમર પૂરી છે, એમાં કોઈ શંકા નથી. પરંતુ ત્યારે, જ્યારે સોળથી એકવીસ વર્ષની ઉંમરની વચ્ચેનાં સંકટ ટાળી શકાય છે, એને ટાળવાનો ઉપાય પણ છે. જો તમે યુવરાજનાં લગ્ન છ મહિનાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉંમર પૂરી થયા પહેલાં બાલ્યાવસ્થામાં જ કરી દો તો તેની સાથે તેની પત્નીનું સૌભાગ્ય જોડાશે. આ યોગ એના મૃત્યુના ગ્રહને કાપતા રહેશે.'

મંત્રી ગુણવર્ધને કહ્યું :

'જ્યોતિષીજી ! તમે કેવી ન બનવા જેવી વાતો કરો છો ? બાળકોનાં પણ કયાંય લગ્ન થાય છે ?'

જ્યોતિષી બોલ્યા :

'મેં મારી તરફથી કશું નથી કહ્યું. જે કહ્યું છે, ગણત્રી અને ફલાદેશના આધારે કહ્યું છે. એ તમારી ઇચ્છા છે કે તમે વિશ્વાસ કરો અથવા ન કરો. એક સંકટ પાંચ વર્ષની ઉંમરમાં પણ છે. પણ તેમનો સંબંધ રાજકુમારના જીવન સાથે નથી.'

રાજા જિતશત્રુએ કહયું :

'અમને તો રાજકુમારના જીવનની જ ચિંતા છે. તેના જીવનની રક્ષા થવી જોઇએ.'

જ્યોતિષીજીએ કહયું :

'એમાં ચિંતાની કોઇ વાત નથી. લગ્ન તો ગર્ભાવસ્થામાં પણ થઈ જાય છે. જો રાજકુમારને બચવાનું જ છે તો કોઈ શિશુ રાજકન્યા એને જરૂર મળી જશે. તમે પ્રયત્ન તો કરો. જો મારી વાત પર તમે વિશ્વાસ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ન કર્યો તો જે યુવરાજ આજે સત્તર દિવસનો છે, એ કોઇ દિવસ સાત મહિનાનો પણ થઇ જશે. ત્યારે તેને છ મહિનાનો બનાવી શકાશે નહીં. પછી પસ્તાવાનો વારો આવશે.'

રાજા જિતશત્રુએ કહ્યું :

'વિપ્રવર ! તમે સાચું કહો છો. કર્તવ્ય વિફલ થવાથી દુર્ભાગ્ય અને સફળ થવાથી સૌભાગ્ય માનવું જોઇએ. હાથ ઉપર હાથ રાખી બેસી રહેવાથી ભાગ્ય પણ બેસી જાય છે.'

આમ કહી રાજાએ કાશીના જ્યોતિષી પંડિત વિષ્ણુદત્તને એક હજાર સોનામહોરો આપી. ત્યાર પછી એ પંડિતજી સાત દિવસ સુધી કંચનપુરમાં વધુ રહ્યા. એ દિવસોમાં રાજાએ પોતાના મંત્રીને કહ્યું :

'મંત્રીવર ! હું અને તમે બંને કોઇ રાજકન્યાની શોધમાં જઇએ. જો કોઇ શિશુવયની રાજકન્યા ન પણ મળે તો કોઇ નિર્ધન શિશુકન્યા સાથે યુવરાજના લગ્નની વાત પાકો કરી દઇશું. છે તો અટપટી વાત, પણ છ મહિના થતા પહેલાં જ પૈતંગસિંહનાં લગ્ન કરી નાખવાં છે. મારી તો સ્પષ્ટ માન્યતા એ છે કે ખરાબ પરિણામનો અનુભવ કરીને ના શીખીએ. કૂવામાં પડવાથી વાગે છે, એ વાત સાંભળી માની લેવું જોઇએ એ નહીં

કે કૂવામાં પડ્યા પહેલા હાથ–પગ તોડાવી લઈએ ત્યારે માનીએ.'

મંત્રીએ કહ્યું :

'હું પણ તમારા વિચાર સાથે સાથે સહમત છું. કાલે જ જઈએ.'

બસ, પછી રાજા જિતશત્રુ અને મંત્રી ગુણવર્ધને કંચનપુર નગરથી પ્રસ્થાન કર્યું. સાથે યુવરાજ પતંગ-સિંહની જન્મપત્રિકા પણ રાખી. રાજવૈભવ પ્રગટ કરવા માટે જરૂર પૂરતી સેના પણ સાથે હતી. સેવક વિગેરે પણ હતા. પાછળ મહારાણી કંચનસેના શાસનદેવને મનાવી રહી હતી કે મારા સ્વામીની યાત્રા સફળ થાય. તેમને કોઈ શિશુ રાજકન્યા જરૂર મળી જાય.

[૩]

કંચનપુરથી દોઢસો કોસ દૂર જનકપુર નામનું નગર હતું. ત્યાંના રાજા હતા જનકસેન અને રાણી પુષ્પવતી. તેમને પણ કોઈ સંતાન થયાં ન હતાં. બહુ પ્રતીક્ષા પછી એક કન્યા થઈ. બધાએ આશા તો પુત્રની રાખી હતી, પણ કન્યા જન્મી. પરંતુ કન્યા પણ બહુ પ્રતીક્ષા પછી આવી હતી, તેથી રાજા જનકસેને તેનો જન્મોત્સવ પુત્ર જેવા ઉત્સાહ અને ધામ–ધામૂથી ઊજવ્યો. એના જન્મ-કુંડળમાં લખ્યું હતું કે એ પટરાણી બનશે. તેની બધી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શોકો તેની નીચે રહેશે. તેનો પતિ બહુ યશસ્વી હશે. આ પ્રસંગ પર એક દિવસ રાજા જનકસેને રાણી પુષ્પવતીને કહ્યું :

'મારું ચાલે તો બસ આપણી બેટી કમલાવતીનાં લગ્ન પારણામા જ કરી નાખું. કારણ કે પહેલી પત્ની જ પટરાણી બને છે.'

રાણી પુષ્પવતીએ કહ્યું :

'પહેલી પત્ની તો ત્યારે પણ થઈ શકે છે, જ્યારે એનાં લગ્ન, લગ્નની ઉંમરે થાય. પટરાણી બનવું એ ભાગ્યની વાત છે. જ્યારે એના જન્મપત્રમાં પટરાણી બનવાનું લખ્યું છે તો બનશે. ક્યાંય દૂધ પીતાં બાળકોનાં પણ લગ્ન થાય છે?'

રાજા જનકસેન બોલ્યા :

'પ્રિયે! તારી વાતતો સાચી જ છે. પણ મારી ઇચ્છા શું, મહત્વાકાંક્ષા પણ એ રહી છે કે હું આપણું સંતાન, છોકરો અથવા છોકરી જે પણ હોય તેનાં લગ્ન પારણામાં અથવા બાલ્યાવસ્થામાં જ કરું. વાત એ થઈ કે એક વાર સુદર્શન પુરના રાજા અરિમર્દન સાથે મારે એ શરત થઈ કે જો તમારે પુત્ર અને મારે પુત્રી અથવા તમારે પુત્રી અને પુત્ર થાય તો આપણે એ બંનેનાં લગ્ન કરી આપણી મિત્રતા સ્થાયી બનાવીશું. એ દિવસોમા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમની રાણી ભાનુમતી પણ ગર્ભવતી હતી. પણ ખબર પડી કે તેમને ત્યાં પણ પુત્રી જન્મી છે.'

જેમ અચાનક યાદ આવ્યું હોય તેમ રાણી પુષ્પવતીએ કહ્યું :

'અરે હા, આ પ્રસંગ તમે સંભળાવ્યો તો હતો. તમે દેશાટન માટે ગયા હતા. ત્યારે તમને રાજા અરિમર્દન પહાડો પર મળ્યા હતા. એ પણ મન બહેલાવવા માટે પહાડો પર આવ્યા હતા. ત્યારે વાતો એ થઈ, જ્યારે તમે એમ કહ્યું હતું કે હું પણ મારી પત્નીને નથી લાવ્યો. અને તમે પણ નથી લાવ્યા.'

રાજા કનસેને કહ્યું :

'હા, તને બધી વાતો યાદ છે. ત્યારે તો રાજા અરિમર્દને કહ્યું હતું કે મારી રાણી ભાનુમતી ગર્ભવતી છે, એટલે નથી લાવ્યો. મેં પણ કહ્યું હતું કે એ વાત મારે પણ છે, મારી રાણી પુષ્પવતી પણ ગર્ભવતી છે.

'પ્રિયે! પહાડ પર અમે બંને એક મહિના સુધી રહ્યા. ગાઢ મૈત્રી થઈ ગઈ. ત્યારે મેં આ વાત પાકી કરી હતી. બંને પરસ્પર પોતાના પુત્ર-પુત્રીનાં લગ્ન કરી આપણી મૈત્રી સ્થાયી બનાવીશું. પણ વિધાતાએ એવો મેળ કર્યો કે રાજા અરિમર્દનને ત્યાં પણ પુત્રી જ થઈ છે.'

રાણી પુષ્પવતીએ કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તો મનમાં દુઃખી કેમ થાઓ છો? શોધખોળ કરશો તો શિશુવયનો કોઈ રાજકુમાર મળી જ જશે. તમારી ઇચ્છા પૂરી કરો.'

રાજા જનકસેને કહ્યું :

'તું પણ શું વાત કરે છે પ્રિયે! શું હું દૈવના વિધાનમાં પગ ઉછાળીશ? એ તો વાતની વાત, નાની ઉંમરમાં કોણ લગ્ન કરશે? કારણ વિના કોઈ પણ આવાં અટપટાં કામ નથી કરતા.'

આ પ્રમાણે રાજા જનકસેન અને રાણી પુષ્પવતી વચ્ચે લગ્ન સંબંધી વાતો થઈ અને પૂરી થઈ ગઈ. પરંતુ કર્મ પણ બહુ કૌતુક છે. એ અહીંથી ત્યાં જોડી–તોડી ભીડાવ્યા કરે છે. રાજા જિતશત્રુનો પહેલો પડાવ જનકપુરમાં જ પડયો. તેનો ઈરાદો તો બહુ દૂર–દૂર ફરવાનો હતો, પણ દૈવે તેનું કામ અહીં પૂરું કરી દીધું.

રાજા જનકસેને પોતાના અતિથિ ભવનમાં રાજા જિતશત્રુનું સ્વાગત ઉત્સાહથી કર્યું. ભવ્ય અતિથિ ભવનમાં રાજા જિતશત્રુ અને મંત્રી ગુણવર્ધનને રાખવામાં આવ્યા. પહેલા દિવસે મહાભોજન વખતે જ વાત નીકળી, વાતમાંથી વાત બદલાઈ અને લગ્નની વાત આવી ગઈ. રાજા જનકસેને રાજા જિતશત્રુને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'ગયા ઉનાળામાં હું પહાડ પર ગયો હતો. ત્યારે હું અને સુદર્શનપુરના રાજા અરિમર્દન સાથે ભોજન કરતા હતા. પણ આજ હું વધારે ભાગ્યશાળી છું કે મારાથી મોટા દેશના રાજાનો યજમાન બન્યો છું અને તેમની સાથે ભોજન કરી રહ્યો છું.'

રાજા જિતશત્રુએ કહ્યું :

'તો પછી કયારેક કંચનપુર આવી અમને પણ ભાગ્યશાળી બનાવો. તમારો યજમાન થઈ મને પણ આનંદ થશે.

રાજા જનકસેને કહ્યું :

'રાજન્! એ તો સારું છે. કોઈક બહાના વિના ઘરમાંથી નીકળી શકાતું નથી. તમે પણ કયારે આવત? એ તો કહો કે યાત્રા પર નીકળ્યા છો, એટલે જનકપુર આવ્યા છો. નહીંતર અમારું એવું ભાગ્ય કયાંથી કે તમે આવો....પરંતુ તમે કયાં-કયાં જશો? તમારી આ યાત્રાનો કોઈ ઉદ્દેશ તો હશે.'

રાજા જિતશત્રુ બોલ્યા :

'ઉદ્દેશ તો છે, પણ બહુ અટપટો છે. તમે સાંભળશો તો જરૂર હસશો. પણ તમને જરૂર કહીશ.'

આમ કહેતાં રાજા જિતશત્રુએ એક દહીંવડું મોંઢામાં મૂકયું અને મોઢું ચલાવતાં ચલાવતાં વિચારી લીધું કે શું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહેવાનું છે અને શું છુપાવવાનું છે. સમજી વિચારી રાજા જિતશત્રુ બોલ્યા :

'રાજન્! વાત એમ છે કે મારે એક પુત્ર છે. નામ છે પતંગસિંહ. અત્યારે બે મહિનાનો હશે. જ્યોતિષીઓએ કહ્યું કે આ ચાર રાજ્યોનો સ્વામી થશે. પણ એનાં લગ્ન શિશુ અવસ્થામાં થવાં જોઈએ. વાત ખોટી હોય કે સાચી હોય, પણ આ પંડિતોના ગપગોળાને માનવા જ પડે છે. મારા મંત્રીજી તો કહે છે કે પંડિતો તો ખાલી બહેકાવે છે, રાવણ અને રામની તો એક જ રાશિ-તુલા રાશિ હતી.'

કહેતાં-કહેતાં રાજા જિતશત્રુ હસવા લાગ્યા. રામ-રાવણની વાત પર રાજા જનકસેન પણ બહુ હસ્યા. મંત્રી ગુણવર્ધન સ્મિત કરી રહી ગયા. પછી હસવાનું રોકી રાજા જિતશત્રુને કહ્યું :

'તો મિલાવો હાથ. હવે આપણે વેવાઈ થયા. કમલાવતી પણ એક મહિનાની છે. હું તો પોતે જ આ લગ્ન કરવા માટે તૈયાર હતો. એમ કહો, આ મારી શરત હતી. હવે હું સારી રીતે મારી બેટીને ભણાવીશ. વરની શોધ-ખોળના ચક્કરની ઝંઝટ ગઈ. તમે જ્યારે ઇચ્છો, તમારી પૂત્રવધૂને લઇ જજો.'

રાજા જિતશત્રુ બોલ્યા :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'દેવ પણ બહુ વિચિત્ર છે. પણ શું તમને પણ કોઇ જ્યોતિષીએ બતાવ્યું હતું કે તમે તમારી પુત્રીનાં લગ્ન બાલ્યાવસ્થામાં કરી નાખો.'

'વાત કંઈક બીજી છે.' આમ કહી રાજા જનકસેને રાજા અરિમર્દન સાથે થયેલી શરતને પાણી પીધા પછી વિસ્તારથી સંભળાવી. પાણી વારંવાર એટલે પીવું પડતું હતું કે બટાટાના સમોસામાં મરચું વધારે હતું. રાજા જનકસેન શી-શી કરતા જતા હતા અને પાણીનો ઘૂંટડો પી પોતાની વાત સંભળાવતા જતા હતા.

ભોજન પૂરું થયું. મુખવાસમાં પાન લીધા પછી બંને રાજા અને મંત્રી વિગેરે નિશ્ચિત થઈ બેઠા. પંડિતોને બોલાવવામાં આવ્યા. રાજા જિતશત્રુ પતંગસિંહની જન્મ પત્રિકા સાથે જ લાવ્યા હતા. વર-કન્યાનાં જન્મપત્રો મેળવવામાં આવ્યાં. પંડિતોએ એક અવાજે કહ્યું :

'આ લગ્ન થવાનાં જ હતાં. બંનેની જન્મ-કુંડળી એવી મળી છે કે આજ સુધી આવી નથી મળી. રાજકુમારીના સૌભાગ્ય ગ્રહ એવા છે કે વરના અનિષ્ટ ગ્રહોને કાયમ કાપતા રહેશે. એમનો સૌભાગ્ય અચલ છે.'

આ વાત સાંભળી રાજા જિતશત્રુએ ધીરેથી પોતાના મંત્રી ગુણવર્ધનને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મંત્રી! બનારસના જ્યોતિષી ગમે તેવા ન હતા. અહીં પણ તેમના ફલાદેશની પુષ્ટિ થઈ રહી છે. પરંતુ પાંચ વર્ષની ઉંમરમાં કુમાર પર શું સંકટ આવશે?'

મંત્રી ગુણવર્ધને પણ ધીરેથી કહ્યું :

'તેની તમે ચિંતા કેમ કરો છો? આપણી મુખ્ય ચિંતા દૂર થઇ. એ સંકટનો સંબંધ યુવરાજના જીવન સાથે નથી, એ પણ તો પંડિત વિષ્ણુદત્તે કહ્યું હતું. હશે કોઈ વાત, હવે તો લગ્નની વાતો કરો.'

બસ, પછી લગ્નની તિથિ પાકી થઈ ગઈ. બધાનું મોં મીઠું કરવામાં આવ્યું. પાંચમા દિવસે રાજા જિતશત્રુએ પોતાના નગર તરફ પ્રસ્થાન કર્યું. પછી એ નક્કી કરેલી તિથિ પ્રમાણે જાન લઇ જનકપુર આવ્યા.

લગ્નના સમયે પતંગસિંહની ઉંમર ચાર મહિનાની અને રાજકુમારી કમલાવતી ત્રણ મહિનાની હતી.

બંને પક્ષની માતા વર-કન્યાને લઈ લગ્ન મંડપમાં બેઠી હતી. બંને અબોધ અને અજાણ્યાં હતાં. તેમને શું ખબર કે આ ધામ-ધૂમ કેમ થઈ રહી છે. જાણે ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન થઈ રહ્યાં હોય. એકવાર વર રડી પડ્યો. તેને માતાએ રાજી કર્યો. પછી કન્યા પણ રડી. બધા હસવા લાગ્યા. એક સ્ત્રીએ મજાક કરી :

'બંને અંદરો-અંદર સંપ કરીને રડ્યાં છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર ૩૦૫
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

આ વાત પર બધા હસવા લાગ્યા. યથાસમયે લગ્ન સંપન્ન થયું. ચાર મહિનાનો બાળક સેંથામાં સિંદૂર કેવી રીતે ભરે ? પણ વિધિ તો પૂરી કરવી જ હતી. શિશુ-વરનો હાથ સિંદૂરમાં બોળવામાં આવ્યો અને માતાએ જ રાજકુમારીના માથા પર સિંદૂર નાખી દીધું.

પછી યોગ્ય દિવસે જાન વિદાય થઈ. અપવાદરૂપ વહુની વિદાય ન થઈ. વિદાય થતી વખતે રાજા જિતશત્રુએ કહ્યું :

'વેવાઈ ! આવી જ જાન લઈ હું એકવાર ફરી આવીશ. ત્યારે જેમ થાય છે, એ ધામધૂમ સાથે વહુની વિદાય થશે.'

રાજા જનકસેને કહ્યું :

'એ તો થશે જ. હજુ તો બંને ગર્ભની યાદ પણ ભૂલ્યાં નથી. લાલ-પીળા રંગોની ઓળખ પણ નથી.'

બસ, પછી જાન વિદાય થઇ ગઈ. બહુ આગ્રહ કરવા છતાં પણ રાજા જિતશત્રુએ દહેજનો સામાન ન લીધો. એમણે કહ્યું કે દહેજની શોભા વહુની સાથે જ હોય. જે દિવસે વહુની વિદાય થશે, એ દિવસે દહેજ પણ જશે. સમય સમયની શોભા છે. રાજા જનકસેને જિતશની વાત માની લીધી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા જિતશત્રુ કંચનપુર પહોંચી ગયા. કંચનપુરમાં પતંગસિંહનું લાલન-પાલન પૂર્વવત્ થવા લાગ્યું, છ માતાઓના હાથે. અને જનકપુરમાં કમલાવતી પણ એક માતા અને પાંચ ધાયેાના હાથમાં મોટી થતી હતી.

[૪]

પતંગસિંહ પાંચ વર્ષનેા થઇ ગયેા હતેા. મહારાજા જિતશત્રુ તેને રાજસભામાં લાવતા હતા અને તેને ખેાળામાં લઇ રાજ સિંહાસન પર બેસતા હતા. માથા પર નીલા-પીળા રંગની ગેાળ ટોપી રત્નોથી જડેલી હતી. એમાંથી બહાર નીકળેલા કાળા-કાળા વાંકડિયા વાળ બહુ સારા લાગતા હતા. ગળામાં મોતી અને નીલમનેા હાર રહેતેા હતેા. પતંગસિંહ પીળા રંગનું ઝભલું જેવું પહેરતેા હતેા. આ પ્રમાણે જ્યારે ધાય માતા તેને તૈયાર કરી લાવતી તેા મહારાણી કંચનસેના પહેલાં તેને ચુંબન કરતી, પછી માથા પર કાળું ટપકું કરતી. મહારાજા જિતશત્રુ હસીને તેની આંગળી પકડી કહેતા :

'ચાલ બેટા ! મારી સાથે ચાલ. અહીં તેા તને માતાની નજર લાગી જશે. એ ગમે તેટલાં કાળાં ટપકાં કરે પણ મા-બાપની નજર તેા લાગી જ જાય છે.'

મહારાણી કંચનસેના કશું કહેતી નહીં. માત્ર હસીને રહી જતી અને મહારાજા જિતશત્રુ પતંગસિંહને લઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજસભામાં જતા રહેતા. એક દિવસ જ્યારે એ રાજસભા વિસર્જન કરી પતંગસિંહ સાથે પાછા ફર્યા તો રાણી કંચનસેનાએ પતંગસિંહને ખોળામાં લઈ કહ્યું :

'તું પણ એમની સાથે પાછો આવે છે ? તને મારી યાદ નથી આવતી ?'

આટલું કહી પછી તેણે રાજાને કહ્યું :

'તમે પણ બહુ એવા છો. આખો દિવસ હું એકલી રહું છું. તેને જલ્દી પાછો મોકલાવો.'

રાજા જિતશત્રુએ કહ્યું :

'તો તને મારી યાદ નથી આવતી, મહારાણી ? એમ કેમ નથી કહેતી કે હું પણ જલ્દી આવતો રહું.'

રાણી બોલી :

'છેવટે તમે પણ પુરુષ જ છો ને ? પુરુષનો સ્વભાવ જ એવો હોય છે કે એ પુત્રને પોતાના પ્રેમમાં બાધક સમજે છે. તમને યાદ કરવાના દિવસો ગયા સ્વામી...' કહેતાં-કહેતાં રાણી હસી અને ફરી બોલી :

'પતિ-પ્રેમનો પ્રસાદ જ્યારે સંતાન મળી જાય તો પત્ની પતિને શા માટે યાદ કરે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આ વાત તો હું કહું છું....' એટલામાં વચ્ચે દૂધ પિવડાવનાર ધાય પતંગસિંહને પોતાની સાથે લઈ ગઇ, તેથી રાજાને થોડું રોકાવું પડયું. રોકાઇને એ ફરી બોલ્યા :

'મારા માટે પણ પતંગસિંહ તારા પ્રેમનો પ્રસાદ છે. નવ મહિના તેં એને પેટમાં રાખ્યો. પછી બોળામાં લીધો....હવે થોડા દિવસ મને પણ મારી પાસે રાખવા દે. એને તો તેં બહુ રાખ્યો. છેવટે અત્યારથી એના પર રાજસભાના સંસ્કાર પડે તો સારું રહેશે.'

મહારાણી કંચનસેનાએ કહ્યું :

'તો શું તમે એની મા અને બાપ બંને બનવા માગો છો ? મોટો થાય ત્યાં સુધી પુત્ર માતાનો હોય છે, રહેશે. પણ હજુ તો....'

વચ્ચે જ રાજા જિતશત્રુ બોલ્યા :

'ભૂલી ગઈ પ્રિયે ! મોટો થઈ ન તારો, ન મારો, પરંતુ પોતાની પ્રિયાનો. હા, એક વાત તો છે. મોટો થયા પછી એ મારો અને પુત્રવધૂ તારી.'

રાણી કંચનસેના બોલી :

'પુત્રવધૂ ! આ તમે સારું યાદ અપાવ્યું. મારી વહુ કમલાવતી પણ આટલી જ મોટી થઈ ગઇ હશે. તેને જોવાનું મને બહુ મન થયું છે. જ્યારે પતંગસિંહ સત્તર-અઢાર વર્ષનો થઈ જશે, હું તેને બોલાવી લઇશ. હું તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહુ જલ્દી સાસુ બની ગઈ.'

હસતાં–હસતાં રાજા જિતશત્રુએ કહ્યું :

'જલ્દી તો બની ગઈ, પણ તેં વહુનું મોઢું પણ ક્યાં જોયું છે ? મેં તારાથી પહેલાં જ જોઈ લીધું.'

રાણીએ કહ્યું :

'એ પણ કંઈ જોવાનું છે ? તમે એને માતાના ખોળામાં રોતી જોઈ છે. પરંતુ હું જ્યારે એને જોઈશ, ત્યારે એ આ ભવનમાં રુમ–ઝુમ કરતી ફરશે.'

આ પ્રમાણે શૃંગાર અને વાત્સલ્ય રસથી મંડાયેલા રાજા જિતશત્રુ અને રાણી કંચનસેનાના દિવસો પસાર થતા હતા. બંનેનું ભવિષ્ય આશાઓથી ભરેલું હતું. પણ દેવની ઇચ્છા કંઈક જુદી જ હતી. દેવ ઇચ્છતો હતો કે કંચનસેના ! તું પુત્રને જોઇ શકીશ, પણ પુત્રવધૂને નહીં જોઈ શકે. દેવની આ ઇચ્છાને કારણે રાણી કંચનસેના પાંચ વર્ષનો પુત્ર છોડી પરલોક સિધાવી ગઈ.

કેવી વણ ઇચ્છી ઘટના બની ગઈ ! રાજા જિતશત્રુનો હર્યો–ભર્યો સંસાર ઉજડી ગયો. એ વિધુર થઈ ગયા અને પતંગસિંહ માતૃહીન થઇ ગયો. રાજભવનમાં કરૂણાનો સાગર ઉમટી પડયો. દાસ–દાસીઓની આંખોમાં આંસુ હતાં. રાજા જિતશત્રુ પતંગને છાતીએ લગાવી પછાડા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખાઈ રહેતા હતા. મંત્રી ગુણવર્ધન બહુ સમજાવતા હતા, પણ એ વિલાપ કરી-કરી કહેતા હતા :

'અરી કંચન ! તારા નામથી જ કંચનપુર, કંચનપુર હતું. હવે તો મારાથી આ નગરનું નામ પણ લેવાશે નહીં. વચમાં જ મને દગો આપી ગઈ? આપણી પુત્રવધૂ પણ ન જોઈ ? હા, હું હવે શું કહું ?'

રાજા જિતશત્રુ બહુ રડયા. પતંગસિંહ પણ રડયો. પણ આ સંસારમાં જ્યારે આનંદ સ્થાયી નથી, તો શોક પણ કેમ સ્થાયી રહે ? આ પ્રમાણે દિવસ પર દિવસ બધાના-જેનું જેવું દુઃખ હતું, ઓછું થતું ગયું. એક વર્ષ પસાર થઈ ગયું અને બધું સામાન્ય થઈ ગયું. તેમ છતાં પણ રાજા જિતશત્રુ કંચનસેનાની યાદ ભૂલ્યા ન હતા. બધા ઈચ્છતા હતા કે રાણીવાસનું સૂનાપન અને મહારાજા જિતશત્રુનું એકાકીપણું દૂર થાય. પણ રાજાને બીજાં લગ્ન કરવાનું કહેવાની કોઈની હિંમત ચાલતી ન હતી.

એક દિવસ મંત્રી ગુણવર્ધને એકાંત જોઈ રાજ્ય, પ્રજા, રાજપુત્ર અને રાજા બધાનું હિત જાણી રાજાને બીજા લગ્નની વાત કરવાનો નિશ્ચય કરી લીધો. યથાવસર એમણે રાજાને કહ્યું :

'મહારાજ ! મહારાણીની ખોટ પૂરવા માટે તમે બીજું લગ્ન કરી લો.'

રાજાએ હસીને કહ્યું :

'મારી પાંસે કંચનસેનાની યાદ રૂપે પતંગસિંહ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. હવે હું તેની માતા પણ છું, બાપ તો છું જ. તેથી મારા સ્વાર્થ માટે હું પુત્રના હિતનું બલિદાન નથી કરી શકતો. કંચનસેના સાથે મારું લગ્ન જ્યારે થયું હતું ત્યારે હું સોળ વર્ષનો હતો. હવે ચાલીસ પિસતાલીસનો છું. આ ઉંમર કંઈ લગ્ન કરવાની છે?'

રાજાની આ વાતોથી દૂરદર્શી અને ચતુર મંત્રીઓ જાણી ગયા કે રાજાની અંતરની ઇચ્છા લગ્નની છે. તેમના અંતર્મનમાં છે કે લગ્ન થાય, પણ બહારનું મન પતંગ-સિંહનું અહિત જોઈ રોકાય છે. તેથી હવે યુક્તિઓથી રાજાને ખુશ કરી શકાય તેમ છે. આમ વિચારી મંત્રીએ ફરી કહ્યું :

'રાજન ! લગ્નની તો એક ઉંમર હોય છે, એ હું માનું છું. પરંતુ પત્નીની આવશ્યકતા ઘડપણમાં જ અનુ-ભવાય છે, બીજું તમારી ઊંમર પણ વધારે નથી. સુખદ સાહચર્ય માટે અને એકાકીપણું દૂર કરવા માટે હું આખી પ્રજા તરફથી તમને અનુરોધ કરું છું કે તમે લગ્ન કરી લો.'

રાજા બોલ્યા :

'મંત્રી ! પતંગસિંહના જન્મપત્રમાં પાંચમા વર્ષમાં સંકટનું વિધાન હતું. કાશીના પંડિત વિષ્ણુદત્ત શર્માએ પણ કહ્યું હતું કે એ સંકટને રાજકુમારની ઉંમર સાથે કોઈ સંબંધ નથી. આજે મારી સમજમાં એ ફલાદેશ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્પષ્ટ થઈ ગયું છે. પતંગસિંહ પાંચ વર્ષનો હતો, ત્યારે તેની માતાનું મૃત્યુ થયું હતું.

'મંત્રીવર ! પતંસિંહના સોળથી એકવીસ વર્ષની ઉમરમાં અસ્વાભાવિક મૃત્યુનો યોગ પણ જ્યોતિષીજીએ બતાવ્યો હતો, તેના ઉપાય તરીકે તરત જ આપણે શિશુ વયમાં કુમારનાં લગ્ન કરી દીધા, છતાં પણ મને સ્પષ્ટ આશંકા છે કે એ કુયોગ તેની વિમાતા દ્વારા થઈ શકે છે.

'મંત્રી ! મારો જ પુત્ર રાજસિંહાસન પર બેસે એ દ્વેષ ઇચ્છાવશ અનેક વિમાતાઓએ પોતાની શોકનાં મોટા છોકરાઓને ઝેર આપ્યું છે. શું ખબર પતંગની વિમાતા પણ એવી નીકળે. જે પોતાના પુત્ર માટે એને ઝેર આપી દે. તેથી હું ઇચ્છા હોવા છતા પણ પતંગને ખાતર બીજાં લગ્ન નહીં કરું.'

મંત્રીએ કહ્યું :

'રાજન ! બંને પ્રકારનાં ઉદાહરણ મળે છે. એવી પણ વિમાતા થઈ છે, જે સગી માતાઓથી વધુ સિદ્ધ થઈ છે, શું ખબર યુવરાજના ભાગ્યથી કોઈ સારી પણ નીકળે.'

રાજા બોલ્યા :

'મંત્રીવર ! અપવાદ નિયમ નથી થતો. સારી વિમાતાઓ અપવાદ સ્વરૂપ જ થઈ છે. હું એવું કામ કેમ કરું જેનાથી પસ્તાવું પડે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ બે લીટીનો જવાબ સાંભળી મંત્રી ચૂપ થઈ ગયા. કંઈક વિચારી તેમણે કહ્યું :

'રાજન ! એની જવાબદારી હું લઉં છું. યુવરાજની બધી વાત તમે મારા ઉપર છોડો. નવી રાણી જાણી પણ નહીં શકે કે એની શોકને કોઈ પુત્ર પણ છે.'

રાજા જિતશત્રુએ ઉત્સુક થઈ કહ્યું :

'પરંતુ તમે કરશો શું ? હું પણ સાંભળું. સૂર્યને થાળીથી ઢાંકી શકાતો નથી. પતંગ છેવટે સૂર્યનો જ પર્યાય છે.'

મંત્રીએ પોતાની યોજના બનાવી :

'રાજન ! યુવરાજની ઉંમર અત્યારે છ વર્ષની છે. આઠમા વર્ષના અંતે તેમનો વિદ્યારંભ થશે. એવું વિચાર્યું છે કે નગરની બહાર કોસ દોઢ કોસ દૂર એક ભવન બનાવડાવું, જ્યાં બધા પ્રકારની સુવિધાઓ હોય. દાસ–દાસીઓથી સેવિત યુવરાજ ત્યાં એકાંતમાં કલાચાર્યના સંરક્ષણમાં વિદ્યાધ્યયન કરતા રહેશે. તેમને મળવા કોઈ નહીં જાય. તમે પણ વિચારી લો કે યુવરાજ થોડા દિવસ માટે વિદેશ જતો રહ્યો છે.

'રાજન ! બધી કળાઓમાં યોગ્ય થઈ તરુણ યુવાન થયા પછી જ યુવરાજ એકાન્ત વિદ્યાલયથી બહાર આવશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી વિમાતા કશું નહીં કરી શકે. વિમાતાનો ડર મોટે ભાગે બાળપણમાં જ હોય છે. આ દિવસોમાં પતિની દશા એવી હોય છે કે મમતાવશ માતૃવિહીન પુત્રને કશું કહી શકતો નથી અને વાસનાવશ નવી પત્નીને પણ કહી શકતો નથી. મારી યોજનાથી તમે પણ આ દુવિધાથી દુર રહેશો. અને યુવરાજના અનિષ્ટની સંભાવના પણ નહીં રહે. સાથે એ પણ થશે કે વિમાતાના હૃદયમાં પણ શોકના પુત્ર પ્રત્યે દ્વેષ નહીં હોય કારણ કે એ જાણી જ નહીં શકે.'

મંત્રી પર અહેસાન બતાવતાં રાજા જિતશત્રુએ પોતાના મનની વાત કહી :

'હવે તમારી વાત તો માનવી જ પડશે. યોજનાને કાર્યાન્વિત કરો. હું જાણું અને તમે જાણો. બીજું કોઈ જાણી ન શકે. લગ્ન પણ બે-ત્રણ વર્ષ પછી થશે, જ્યારે કુમાર વિદ્યાલયમાં રહેવા લાગશે.

મંત્રીએ કહ્યું :

'રાજન ! તમે કોઈ વાતની ચિંતા ન કરો. હું અંતઃપુરનાં બધા દાસ-દાસીઓને સમજાવી દઈશ કે નવી રાણીને યુવરાજની બાબતમાં કશું ન કહે. આચાર્યને પણ કહીશ કે મારી રજા વિના કુમારને બહાર ન મોકલે.'

વર્ષો પસાર થયાં. મંત્રી ગુણવર્ધનની યોજના પ્રમાણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યુવરાજ પતંગસિંહના વિદ્યાધ્યયનની વ્યવસ્થા થઈ ગઈ. કંચનપુરના સોમદત્ત નામના એક વિદ્વાન બ્રાહ્મણ હતા. એ જ્યોતિષ, વ્યાકરણ સાહિત્ય વિગેરે વિષયોમાં મર્મજ્ઞ હતા. શસ્ત્રાસ્ત્ર શિક્ષણમાં પણ એ પોતાના સમયના દ્રોણાચાર્ય અથવા પરશુરામ હતા.

હવે એ યુવરાજ પતંગસિંહના આચાર્ય–શિક્ષક હતા અને સંરક્ષક પણ હતા. હવે તો એ તેનાં માતા–પિતા પણ હતા. કલાચાર્ય અને ગુરુ સોમદત્ત શર્માના હૃદયમાં પતંગસિંહ પ્રત્યે શિષ્ય–ભાવ જ ન હતો. કોઈ અજ્ઞાન કારણથી પુત્રભાવ અને પોતાપણું પણ હતું. એ પોતાનું બધું જ જ્ઞાન અને કલાઓ યુવરાજને મુક્ત હૃદયથી આપી રહ્યા હતા. તેમની સાથે જ પતંગસિંહ મેધાવી, પ્રતિભાસંપન્ન અને ગુણગ્રાહી હતો. એ ભણવાની સાથે ગણતો પણ હતો.

કંચનપુરની પ્રજાની ભાવિ આશા, રાજા જિતશત્રુનો નયનતારો અને આચાર્યનો દુલારો રુચિપૂર્વક જીવનનાં વર્ષ અને વિદ્યાનાં સોપાન પાર કરતો જતો હતો. મંત્રી ગુણવર્ધન પોતાની આ વ્યવસ્થાથી પ્રસન્ન હતા. તેમણે જ આચાર્ય સોમદત્તની નિયુક્તિ કરી હતી અને તેમને કહ્યું હતું કે મારી અનુમતિ સિવાય તમે કોઈના કહેવાથી યુવરાજને વિદ્યાલયની બહાર નહીં જવા દો. દૂરદર્શી આચાર્યએ પણ આશ્વાસન આપ્યું હતું કે યુવરાજના હિત ખાતર હું રાજકોપ પણ સહન કરી લઈશ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહીં રાજા જિતશત્રુનાં લગ્ન એક નાના રાજ્યની અનંગમાલા નામની રાજકન્યા સાથે થઈ ગયાં. અનંગમાલા હવે એક મોટા રાજ્યની રાણી હતી. પણ ઉંમરની દૃષ્ટિએ આ લગ્ન મેળ વિનાનાં હતાં. કારણકે અનંગમાલા પોડશી અને રાજા જિતશત્રુ પૌઢતાએ પહોંચ્યા હતા. છતાં પણ બંને પ્રસન્ન હતાં. રાજા જિતશત્રુએ અનંગમાલાને જ અંતઃપુર તથા ભવનના અન્ય સેવકોની શાસિકા બનાવી દીધી હતી. એ બધાના નિર્ણય કરતી. આ ગૌરવથી એ ખુશ હતી.

અનંગમાલા સુંદરી હતી, વિલાસિની હતી, મુગ્ધા પણ હતી. રાજા જિતશત્રુ તેને સાથે લઈ વિહાર કરવા જતા અને વનભ્રમણ માટે પણ નૌકા સાથે લઈ જતા. છતાં પણ લગ્નના શરૂઆતના દિવસોમાં જે મદહોશી જોશ હોય છે, એ રાજા જિતશત્રુમાં ન હતો, પણ રાણી અનંગમાલામાં હતો. કારણકે રાજાનું આ બીજું લગ્ન હતું. જેના માટે યુવતિઓ દિવાસ્વપ્ન જોયા કરે છે. તેથી રાજાનું દાંપત્ય જીવન મસ્તિષ્ક, બુદ્ધિ અને વ્યાવહારિક કૌશલ સાથે પસાર થતું હતું, જ્યારે રાણીનું મન અને હૃદયના ઉત્સાહ સાથે માનો કે ગાડીની એક તરફ બળદ જોડવામાં આવે અને બીજી તરફ ભેંસ. પરંતુ ગાડીને તો ચાલવાનું જ હતું, ચાલતી રહી. તેને તો ચાલવાનું જ છે.

[૫]

પતંગસિંહ સોળ વર્ષ પૂરાં કરી ચૂકયો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સત્તરથી પણ વધારે ઉંમરનો હતો. અઢાર વર્ષનો પતંગ-સિંહ હવે એક સુદર્શન તરૂણ હતો. એક દિવસ રાજા જિતશત્રુનું વાત્સલ્ય ઊછળી ઊઠયું. મનમાં થયું કે યુવરાજને અહીં બોલાવી લઉં તો, એ મોટો થઈ કેવો લાગે છે? આઠ વર્ષનો હતો, ત્યારથી પાસે હોવા છતાં પણ દૂર છે. આ દશ વર્ષમાં તો એ કંઈક જુદો જ થઈ ગયો હશે.....

પરંતુ વિમાતા અનંગમાલા? અરે એ શું કરશે? રાણી એવી ખરાબ નથી, એવી કેમ, ખરાબ તો બિલકુલ પણ નથી. હા, જો તેને પણ કોઈ પુત્ર હોત તો સંભવતઃ એ યુવરાજની ઈર્ષા કરે. પણ એ તો વાંઝણી નીકળી. એ તો તેને પણ પ્રેમ કરશે. કેમ પ્રેમ ન કરે? છેવટે સાવકા પતંગસિંહના કારણે જ તો એ એક દિવસ રાજમાતા બનશે. વિમાતાનું નામ જ ખરાબ હોય છે. અનંગમાલા એવી રાક્ષસી નથી, જે પતંગને જોતાં જ ખાઈ જાય.

બનાવાકાળ વસ્તુ દરેક જગ્યાએ છે. એ મનમાં વસે છે અને જીભ પર પણ આવી બિરાજે છે. બુદ્ધિને પણ પોતાની ઈચ્છા મુજબ ચલાવે છે. પગને પણ એ ગતિ આપે છે અને ભાવિવશ વ્યકિતને પોતાની પાસે બોલાવી લે છે. એ જેવું ઈચ્છે છે, એવું જ વિચારે છે અને એવું જ કરે છે. રાજા જિતશત્રુનું મન–મસ્તક અને બુદ્ધિ બનાવાકાળના વશમાં હતું. એટલે એમના મનમાં વિમાતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાણતના અભાવ, જે લગ્ન પહેલાં હતા, આજે બદલાઈ ગયા અને તેમણે પતંગસિંહને મળવાનો નિશ્ચય કરી લીધો. આજે એ જ વિદ્યાલય જવા ઈચ્છતા હતા.

રાજા જિતશત્રુએ વિચાર્યું.

'આજે તો એકલો જ જઈશ. જો રાણી અનંગમાલાને પણ સાથે લઇ જઈશ તો એ કહેશે કે વાહ ! તમે કહ્યું પણ નહીં કે આપણો કોઇ પુત્ર પણ છે. જ્યારે એ વિધિ પ્રમાણે ગુરુદક્ષિણા આપી વિદ્યાલય છોડી આવશે ત્યારે કહીશ. હું પણ તેને કયારેય જોવા નથી ગયો. તને પહેલાં કહું તો તું કહે કે બેટાને બોલાવો. તેના અધ્યયનમાં વિક્ષેપ પડે. એટલે અત્યાર સુધી કહ્યું ન હતું કે આપણો એક પુત્ર છે અને એ કલાચાર્ય પાસે અધ્યયન કરી રહ્યો છે. હું આ પ્રમાણે કહીશ એટલે રાણીની કોઈ ફરિયાદ નહીં થાય જેથી આજે એકલો જ જઇશ.'

સમજી-વિચારી નિશ્ચય કર્યો અને નિશ્ચય કરી રાજા જિતશત્રુ ગયા, એક એ અને એક રથનો સારથી. કંચનપુરથી દોઢ કોસ દૂર વિદ્યાપીઠ હતી. યથાસમય રથ પહોંચ્યો. રથમાંથી ઊતરી મહારાજા જિતશત્રુ પ્રતિહારી પાસે પહોંચ્યા અને કહ્યું :

'પ્રતિહારી ! આચાર્યજીને કહો કે રાજા જિતશત્રુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના પુત્ર પતંગસિંહને મળવા માગે છે. તેને લઈને એ અહીં આવે.'

પ્રતિહારીએ એક સેવિકાને બોલાવી અને તેના દ્વારા રાજાનો સંદેશો કલાચાર્ય-સોમદત્ત શર્મા પાસે પહોંચાડ્યો. રાજાનો સંદેશો સાંભળી આચાર્ય મૂંઝવણમાં પડી ગયા. અહીં રાજાજ્ઞા, ત્યાં મંત્રી ને પતંગસિંહનું હિત. આચાર્યજી તો જ્યોતિષી હતા. તેમણે લગ્ન કાઢી ફલાદેશ કાઢ્યું કે કુમારને ન મોકલવો એ યોગ્ય છે. પછી મારું કર્તવ્ય પણ છે કે એને ન મોકલું. તેથી આચાર્યએ રાજાને પોતાનો જવાબ મોકલાવ્યો :

'માફ કરો રાજન્! મંત્રી ગુણવર્ધન વિગેરે આવે તો એ હમણાં કુમારને લઈ જઈ શકે છે. હું વચનબદ્ધ છું.'

રાજાને આ જવાબ બહુ ખરાબ લાગ્યો. પણ આ પ્રસંગ કશું કહેવાનો ન હતો, તેથી ગુસ્સાને દબાવી ચુપચાપ પાછા ગયા અને મંત્રીને બોલાવી તેમને જ હાથ પર લીધા અને બોલ્યા :

'તો તમે આચાર્યને ત્યાં સુધી કહ્યું હતું કે એ મારા બોલાવવા છતાં પણ યુવરાજને ન મોકલે?'

મંત્રી બોલ્યા :

રાજન પ્રશ્ન તમાર અને મારા અંતરનો નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમે જાતે જ એક વાર મને કહ્યું હતું કે કયાંય એવું ન થાય કે ભાવુકતામાં આપણે રાણીની સામે જ બોલાવી લઈએ. તેથી આચાર્યજીને કહેજો કે એ મારા સંદેશા પર પણ કુમારને ન મોકલે.

'રાજન્! તમારી વાત મને યોગ્ય જ લાગી તેથી મેં એવો પ્રબંધ કર્યો હતો કે યુવરાજ મારા જવાથી જ આવે.'

રાજા જિતશત્રુએ કહ્યું :

'પરંતુ હવે આ વ્યવસ્થા તમારે બદલવી પડશે. અનુભવથી વિચાર બદલાય છે. લગ્ન પહેલાં મારો એ વિચાર જરૂર હતો કે વિમાતાઓ હત્યા પણ કરી શકે છે. પણ હવે મારો વિચાર એ છે, જે પહેલાં તમારો હતો. તમે તો કહેતા હતા કે આવી વિમાતાઓનાં ઉદાહરણ પણ છે, જે માતાઓથી ચઢિયાતી છે.

'મંત્રીવર! અનંગમાલા એવી જ વિમાતા સિદ્ધ થશે. તમે પણ વિચારો, પતંગસિંહ સિવાય તેનું છે પણ કોણ? તેનું પોતાનું કોઈ અંગજાત સંતાન હોય તો એ ડર પણ હતો કે એ પતંગસિંહનો દ્વેષ કરશે. તેથી હવે તમે આચાર્યજીને કહી દો કે મારો સંદેશો લઈ જ્યારે પણ કોઈ જાય તો એ યુવરાજને જરૂર મોકલી દે.'

મંત્રીએ રાજા જિતશત્રુની વાતો ધ્યાનથી સાંભળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને મનમાં જ વિચાર્યું :

'રાજા બિલકુલ બદલાઈ ગયા. એ કામના વશમાં છે, એમાં કોઈ શંકા નથી. એમની વાત તો માનવી જ પડશે. પણ હજુ કુમારને વિમાતાની છાયાથી બચાવવો જોઈએ. રાજા કહે છે કે જો અનંગમાલાને પોતાનું કોઈ સંતાન હોય તો એ ડર પણ હતો કે એ પતંગસિંહ ઉપર દ્વેષ કરે, પણ હું કહું છું કે તેને સંતાન નથી તેથી વધારે દ્વેષ કરશે. એ વિચારશે કે ઘરડાની પત્ની બની અને રાજમાતા પણ ન બની શકી. રાજા પણ ન બનશે તો મારી શોકનો પુત્ર.'

આ પ્રમાણે ઘણીવાર વિચાર કર્યા પછી મંત્રીએ કહ્યું :

'રાજન! હું તમારી વાતો સાથે સહમત છું. તમારા મૌખિક સંદેશાથી પણ આચાર્ય યુવરાજને મોકલશે. પણ મારી એક વિનંતી પણ છે, એ છે કે નવી મહારાણીને હમણાં યુવરાજનો ભેદ ન કહેશો. તેમને ત્યારે કહેજો જ્યારે ધામધૂમથી તેમનો વિદ્યાસમાપન થાય.'

રાજાએ કહ્યું :

'જરૂર-જરૂર, તમે મારા મનની વાત કહી દીધી. હવે જો પતંગસિંહની વાત રાણીને કહીશ તો કહેશે પહેલાં કેમ છુપાવતા રહ્યા. મારે પણ કોઈ ઉતાવળ નથી. આજે મન થઈ ગયું હતું. કોઈક દિવસ આપણે બંને જ કુમારને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાસે જઈશું. અરે ભાઈ! કુમારની વહુની શોધ કરવા પણ આપણે બંને ગયા હતા. અરે, હા મંત્રીજી! જનકપુરથી વહુ કમલાવતીના કુશળ સમાચાર મંગાવજો. તેની વિદાય પણ બહુ ધામ-ધૂમથી થવાની છે.'

મંત્રીએ કહ્યું :

'હા મહારાજા! એ તો મજબૂરીનાં લગ્ન હતાં. ચાર મહિનાનો વર અને ત્રણ મહિનાની વહુ એ કોઇ લગ્ન હતું? એ સમયની ખામી હવે વહુની વિદાયના સમયે પૂરી કરવામાં આવશે.'

(અનુસંધાન કર્મ-કૌતુક ભાગ-૨)



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્મ–કૌતુક–૨

આ પ્રમાણે પ્રસંગ બદલાતા રહ્યા અને રાજા જિત-શત્રુ તથા મંત્રી ગુણવર્ધન બીજા પ્રસંગો પર ઘણા સમય સુધી વાતો કરતા રહ્યા. ઘણા સમય સુધી પતંગસિંહના લગ્નની વાતો થતી રહી. બનવાકાળે રાણી અનંગમાલા પણ ત્યાં આવી ગઇ અને વાતચીતના થોડા શબ્દ તેણે સાંભળી લીધા તો પૂછયું :

'કોની વહુની વાતો થઇ રહી છે? કોણ છે કમલાવતી અને પતંગસિંહ?'

રાજા હેબતાઈ ગયા. એ પોતાની રાણીની નજરમાં નીચે પડવા માગતા ન હતા, તેથી મંત્રીને કહયું :

'મંત્રીજી! મહારાણીની પ્રશ્નનો જવાબ આપો.'

વાત તો સંભળાવવાની હતી. તેથી મંત્રીએ એવા ઢંગથી કહેવાનું શરૂ કર્યું કે સાપ પણ મરી જાય અને લાકડી પણ ન ભાગે. એટલે કે રાણી અનંગમાલાના મનમા એ ભાવ ન આવે કે મને ખરાબ સમજવાને કારણે જ યુવરાજનો ભેદ છુપાવી રાખ્યો હતો. આ બધું વિચાર્યા પછી મંત્રીએ રાણી અનંગમાલાને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મહારાણીજી ! જનકસેન રાજાની દુહિતા કમલાવતી તમારી પુત્રવધૂ છે અને યુવરાજ પતંગસિંહ તમારો પુત્ર છે. મોટી મહારાણી કંચનસેનાએ તેને પાંચ વર્ષનો મૂકયો હતો. વાત એ.....'

રાણી અનંગમાલા વચમાં જ બોલી :

'અને મને ખબર પણ નથી ? શોકનો સાચો પણ મારો પુત્ર તો છે. મારા જેવી ભાગ્યશાળી કોણ હશે ? પરંતુ તમે મને વિમાતા સમજ્યા તેથી મારાથી અત્યાર સુધી છુપાવ્યું ? કેમ એમ જ ને ?'

મંત્રીએ પોતાની વાત શરૂ કરી જ્યાંથી છોડી હતી :

'એવું નથી મહારાણીજી ! વાત એમ હતી કે જ્યોતિષીઓએ કહયું કે યુવરાજનાં લગ્ન શિશુ અવસ્થામાં જ છ મહિનાની ઉંમર પહેલાં થઈ જવાં જોઈએ, નહીં તો તેમના પર સંકટ આવશે. તેથી તેમનાં લગ્ન એ જ્યારે ચાર મહિનાના શિશુ હતા, ત્યારે રાજકન્યા કમલાવતી સાથે કરવામાં આવ્યાં હતાં. ત્યારે એ પણ ત્રણ મહિનાની હતી.

'મહારાણીજી ! જ્યારે યુવરાજનો વિદ્યારંભ થયો ત્યારે પણ જ્યોતિષીઓએ કહયું અધ્યયન કાળ શુધી તેનાં માતા-પિતા તેને ન જુએ. નહીં તો તેનું અનિષ્ટ થશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છેલ્લી વાત મંત્રીએ પોતાના મનની કહી હતી. રાજા જિતશત્રુ પણ હવે મંત્રીના કથનના સમર્થનને યોગ્ય સમજી બોલ્યા :

'હવે તો સમજી ગઈ મહારાણી ? વિદ્યારંભ પછી આજ સુધી મેં પણ કુમારને જોયો નથી. હવે તો એ ચાર-છ મહિનામાં પૂરું કરી આવી જ જશે. ત્યારે તું એની નજર ઉતારજે.'

અનંગમાલાએ આંખોમાં આંસુ ભરી કહ્યું :

'પણ હું તો માતા છું. માતાનું હૃદય પિતાના હૃદય જેવું કઠોર નથી હોતું. મારું મન પોતાના પુત્રને જોવા માટે આતુર છે.'

આમ કહેતાં અનંગમાલા અંદર જતી રહી. રાજાએ મંત્રીને કહ્યું :

'જોયું તમે ? વિમાતા હોવા છતાં પણ આવી મમતા ! હજુ તો એને જોયો પણ નથી. મંત્રી સાચું માનજો, મેં વિમાતા પર વ્યર્થ જ શંકા કરી. અનંગમાલા માતા જેવી જ સિદ્ધ થશે.'

મંત્રીએ કહ્યું :

'એવું જ થાય. આપણે બધા પણ એમ જ ઈચ્છીએ છીએ કે યુવરાજને માતાનો પ્રેમ પણ મળે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ કહી મંત્રી ગુણવર્ધન જતા રહ્યા. ચાર-છ દિવસ આમ જ પસાર થયા. મંત્રી આચાર્ય પાસે ગયા. અને કુમારના હિતમાં બધું વૃત્તાંત તેમને સંભળાવ્યા પછી. કહ્યું :

'હવે કયાં સુધી છુપાવી શકાય ? ભેદ ખુલી જ ગયો. લાગે છે. રાજા કામવશ છે. તેમની વાત માનવીની જ છે.. તેથી તેમનો સંદેશો આવે તો તમે કુમારને મોકલી જ દેજો.'

આ બાજુ અનંગમાલા કુમાર પતંગસિંહના વિશે અનેક પ્રકારની કલ્પનાઓ કરવા લાગી. તેણે વિચાર્યું :

'જ્યોતિષીઓએ એમ તો કહ્યું હશે કે મા-બાપ ન જુએ. હું તેની કઈ મા છું ? મારા જોવાથી તેનું અનિષ્ટ થાય તો થઈ જાય. પણ એક દિવસ તેને જરૂર જોઈશ. પણ કેવી રીતે જોઉં ?'

તેણે પોતાની અંગતદાસી સુનખાને બોલાવી અને કહ્યું :

'કેમ સુનખા ! તે યુવરાજ પતંગસિંહને કયારેય જોયા છે ?'

થોડી આશ્ચર્ય પામી સુનખાએ કહ્યું :

'જોયા તો છે....ત્યાર પછી તો....'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દાસીને વચમાં જ રોકી કહ્યું :

'ત્યાર પછીનું બધું ચક્કર મેં સંભાળ્યું છે. હું તેને એકવાર જોવા માગું છું કોઈ યુક્તિ બતાવ.'

સુનખાએ કહ્યું :

'એમાં યુક્તિની શું જરૂર છે ? દૂરથી તમે ઈચ્છો ત્યારે જોઈ શકો છો. તેમના વિદ્યાલય પાસે જે સ્થાન છે, એમાં એ બપોર પછી લક્ષ્યવેધનો અભ્યાસ કરે છે. હું દોરી જઈશ.'

'ઠીક છે.' એટલું કહી રાણીએ એક નિશ્વાસ છોડયો અને ચૂપ થઈ ગઈ.

રાજા જિતશત્રુ લગભગ વનભ્રમણ કરવા જતા હતા સવારે જતા અને સાંજે પાછા આવતા. કયારેક રાતે અંધારું પણ થઈ જતું. એ એકલા એટલા માટે જતા હતા કે રાણી અનંગમાલા તેમની સાથે જતી ન હતી. કોઇક ને કોઇ બહાને ના પાડી દેતી. દરેક વખતે એ રાજા જિતશત્રુને પોતાની બરોબરીના સમજતી ન હતી. એટલે તેમની સાથે જવામાં ના પાડતી. આ કારણ રાજા પણ જાણતા હતા. એટલે વધારે આગ્રહ પણ ન કરતા અને એ અનુભવ કરતા કે રાણીના મનમાં મારા પ્રત્યે ઉદાસીનતા છે. એક થોડી શાંતિ પ્રાપ્ત કરવા એ વન-ભ્રમણ કરવા જતા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શરૂઆતમાં રાણી અનંગમાલાનો વ્યવહાર પ્રેમનો હતો. ત્યારે રાણી અનંગમાલા તેમનો એક ક્ષણનો પણ વિયોગ સહન કરી શકતી ન હતી. હવે એનો વ્યવહાર એવો હતો કે બહારથી કોઈ ફરિયાદનો અવસર ન હતો અને અંદરથી અણગમો હતો. પણ અંદરના અણગમાની ફરિયાદ રાજા કયા આધારે કરે કારણ કે બહારથી કોઈ ફરિયાદ હતી જ નહીં. રાણી અનંગમાલાના આ બદલાયેલા વર્તન વિશે રાજા જિતશત્રુ મનમાં જ વિચારતા હતા–

'શું થઈ ગયું અનંગમાંલાને? ફૂલ જેનું તેનું કોમળ આલિંગન લાકડી જેવું કઠોર થઈ ગયું. હવે એ મને વળગે છે પણ અંદરની કઠોરતા તેની કોમળતામાં આવી જાય છે. એ કંઈક વિચારમય લાગે છે. તેની આંખો પણ વિચિત્ર જોઉં છું. માપના તોલીને શબ્દો બોલે છે. સન્માનતો બહુ કરે છે, પણ પ્રેમ નથી કરતી. પરંતુ શબ્દમાં બહુ પ્રેમ આપે છે, કયા આધારે કહું કે તું પ્રેમ નથી કરતી. પરંતુ પહેલાં એ જુદી હતી.

'મને જોતાં જ તેની આંખો ભીની ઊઠતી, અંગમાં સ્ફૂર્તિ આવી જતી, હોઠ વધારે લાલ થઈ જતા હતા. કયારેક તો ફફડતા લાગતા હતા. એવું લાગતું હતું કે પ્રેમનું અમંત્રણ આપી રહી છે. હું પ્રયત્ન પૂર્વક તેને ખુશ રાખવાનો પ્રયત્ન કરું છું. ઘણી વાર પૂછ્યું કે તને કોઈ દુઃખ છે? પણ એ ટૂંકમાં બસ 'ના' કહે છે. એના

P.P. Ac. Gunaratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દરેક વર્તનથી મને એવું લાગે છે કે મારી હાજરી હવે તેને એટલી પ્રિય નથી રહી. કયારેક તેને અસહ્ય પણ લાગે છે.'

આંમ વિચારી રાજા જિતશત્રુ વન–ભ્રમણ માટે જતા રહેતા હતા. કયારેક અંગરક્ષકને સાથે લઈ અને કયારેક એકલા. એક દિવસ એ વનમાં ગયા તો રાણી અનંગમાલાએ પોતાની અંગત દાસી સુનખાને સાથે લીધી અને રથમાં બેસી પતંગસિંહના વિદ્યાલય તરફ ચાલવા લાગી. બાગની થોડે જ દૂર રથ ઊભો રાખ્યો અને જોવા લાગી.

પતંગસિંહ શરસંધાન કહી રહ્યો હતો. કયારેક એક પાંદડાને ડાળથી જુદું કરતો કયારેક ફળને વીંધતો. ઝીણા પાતળા દોરાથી બાંધેલા કેટલાક કાંકરા ઝાડ પર લટકતા હતા. દૂરથી દોરા દેખાતા ન હતા માત્ર લટકતા કાંકરા દેખાતા હતા. કાંકરાના આધારે જ દોરી કાપી કુમાર પતંગસિંહ સૂક્ષ્મવેધનો અભ્યાસ કરી રહ્યો હતો.

ગોરો રંગ, પુષ્ટ ખભા, લાંબા હાથ અને ઉન્નત કપાળ, ખભા પર નીલું ઉત્તરીય પડયું હતું અને નીચે પીળી ધોતી હતી. ભુજાઓ અને ગળામાં આભૂષણ હતાં. તીર છોડતાં કાનમાં કુંડળ થોડાં હાલી જતાં હતાં. જે ઝળકતાં હતાં. પતંગસિંહનું રૂપ બહુ મનમોહક હતું, ઉપરનો હોઠ કાળો પડતો જતો હતો. આ રૂપને જોયું તો અનંગ–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માલાના લોહીના પ્રત્યેક ટીપામાં પતંગસિંહ નાચવા લાગ્યો. રાણી અનંગમાલા કામાસકત થઇ ગઈ અને ભવન પાછી ફરી.

બીજા દિવસે રાજા જિતશત્રુ ફરી વનભ્રમણ કરવા ગયા. કામપીડિત અનંગમાલાએ નિશ્ચય કર્યો કે વૃદ્ધ રાજાની ગેરહાજરીનો આજે પૂરો ઉપયોગ કરીશ. એણે તરત જ સુનખાને બોલાવી અને કહ્યું :

'સુનખા ! રથ લઈ જા. આચાર્યને કહેજે કે યુવરાજને મહારાજાએ બોલાવ્યા છે અને તું એને તારી સાથે જ લાવજે.'

સુનખાએ ધીમા અવાજે કહ્યું :

'પરંતુ મહારાણીજી ! રાજાજ્ઞા તો....'

અનંગમાલાએ તડપતાં કહ્યું :

'તું ડરે છે કેમ ? મારા હાથોની લંબાઈ શું તું જાણતી નથી ? જો આચાર્યએ ના પણ પાડી તો આ સંસારમાં રહી નહીં શકે. હું જાણું છું કે રાજાજ્ઞા એ છે કે કુમાર અહીં ન આવે. પણ આજે હું જે કહું છું, તું એ કર. તું મારી દાસી નહીં, સખી છે. અને સખી પણ અંગત. હું તને પછી બધું જણાવીશ. રાજનીતિથી કેટલીક વાતો પછીથી જ જણાવવામાં આવે છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુનખા જ શું, બધા જાણતા હતા કે રાજા રાણીની વાત કયારેય ટાળી નથી શકતા. એ તો એને બસ ખુશ જોવા માગે છે. એની ખુશી માટે તો કૂવામાં પણ પડી શકે છે. સુનખા એ સારી રીતે સમજતી હતી કે જો રાજા ગુસ્સે થાય તો વધારે બીક નથી, પણ જો રાણી રિસાઈ જશે તો કુશળ નહીં. આ બધું વિચારી સુનખા રથમાં બેસી વિદ્યાલય ગઈ.

તેના ગયા પછી રાણી અનંગમાલાએ નખ-શિખ શૃંગાર કર્યો અને પથારીમાં અડધી સૂઈ જઈ યુવરાજ પતંગસિંહની પ્રતીક્ષા જોવા લાગી. આચાર્ય સોમદત્તે પણ સહજ ભાવથી પતંગસિંહને દાસી સાથે મોકલી દીધો. રથમાં બેઠેલા કુમારને કોઈએ ન જોયો. ભવનની સીડી ચઢતાં કુમારે દાસીને પૂછ્યું :

'કયાં છે પિતા મહારાજા ? શું પોતાના ઓરડામાં નથી ?'

દાસીએ કહ્યું :

'તમારી વિમાતા પાસે બેઠા છે. એ પણ તમને મળવા ઉત્સુક છે.'

કુમાર પતંગસિંહ રાણી અનંગમાલાના ઓરડામાં પહોંચ્યો અને કામાંધ રાણીએ ધૈર્યને તિલાંજલી આપી કુમારના ગળામાં હાથ નાખી દીધા. ચમકીને કુમારે કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'બેસો માતા ! મને તમારી ચરણરજ લેવા દો.'

રાણીએ પથારીમાં બેસતાં તડપીને કહ્યું :

'અરે ગાંડા ! તું કોને માતા કહે છે ? વધારે ખુલાસાથી સાંભળવા માગતો હોય તો સાંભળ. મારાં લગ્ન તારી સાથે થવાં જોઈતાં હતાં. હું તારા માટે છું અને તું મારા માટે. મારો થઈ જા. તને હું મારી આંખમાં રાખીશ.'

કુમારે પોતાના બંને હાથ કાન પર મૂકી દીધા. એ બોલ્યો :

'માતા ! મારી પરીક્ષા ન લો. તમે મારી માતા જ છો. મને શા માટે પાપમાં નાખો છો. જો આગળ પણ આવી વાત કહેશો તો હું તરત જતો રહીશ. મને શા માટે બોલાવ્યો છે, આજ્ઞા આપો. પિતાજી ક્યાં છે ?'

રાણીએ પેંતરો બદલ્યો :

'પિતાજી પણ આવી જશે પતંગ ! આવ બેસ, હું તમને કહું છું કે તને કેમ બોલાવ્યા છે. જો પતંગ ! સ્પષ્ટ રૂપમાં હું તમારી સાથે ભોગની યાચના કરું છું. તમારા પિતા પુરુષત્વહીન છે. કંચનપુરની મહારાણી હું તમારા ચરણોની દાસી બનવા આતુર છું અને એ પણ સાંભળી લો કે વાત ન માનવાનો અર્થ છે મોત. મોત, નિશ્ચિત છે જ. અને એ પણ દુર્ગતિ સાથે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહે દૃઢતાથી કહ્યું :

'માતા ! મોત એ ડરવાની વાત કયારેય નથી. આપણા બધાનો જન્મ જ મરવા માટે થાય છે. મોત માટે તો આપણે જીવીએ છીએ. એક વાર મર્યા પછી બીજો જન્મ ફરી મળી જાય છે, ખોયેલું ચારિત્ર ફરી નથી મળતું. ચારિત્રવીર તો મોત સાથે રમે છે.'

આમ કહી પતંગસિંહ એકદમ પાછો જવા ફર્યો ત્યાં જ કામાંધ રાણી તેને વળગી પડી. પતંગે તેને જોરથી ધક્કો માર્યો, તેનાથી એ ઊંધા મોંએ પડી. પાછળ જોયા વિના પતંગસિંહ ઝડપથી ભવનની બહાર નીકળી ગયો અને પગે ચાલી વિદ્યાલય પહોંચી ગયો તથા બધો વૃત્તાંત ગુરુવર સોમદત્તને સંભળાવ્યો. બધું સાંભળ્યા પછી આચાર્ય ધ્રૂજી ઊઠયા અને ઘટનાનો સમય અંકિત કરી લગ્ન કાઢયું તથા પ્રસંગનું ફલાદેશ કાઢવા લાગ્યા.

[૬]

પોતાનું ફલાદેશ કાઢયા પછી આચાર્ય સોમદત્ત શર્માએ પતંગસિંહને કહ્યું :

'વત્સ ! તું તરત કંચનપુર છોડી જતો રહે. હમણાં જ જા. તારા પર મોતની છાયા ફરી રહી છે. રક્ષક જ ભક્ષક બનશે. જો તારાં લગ્ન ન થઈ ગયાં હોત તો તારું મૃત્યુ ટાળી શકાતું નથી. હવે ઉપાયથી ટળશે- ચમકીશ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહીં પતંગ! હું સાચું કહું છું. જ્યારે તું ચાર મહિનાનો બાળક હતો, ત્યારે તારાં લગ્ન ત્રણ મહિનાની શિશુકન્યા કમલાવતી સાથે કરવામાં આવ્યા હતાં. તેના સૌભાગ્યગ્રહ તારી રક્ષા કરશે.'

આટલું કહી આચાર્યજીએ એક વિશેષ દિશાનો નિર્દેશ આપતાં ફરી કહ્યું :

'ત્યાં જ જજે. એ દિશા તારા માટે શુભ છે. રાતે ક્યાંય પણ માર્ગથી ખસી રહી જજે. હું પણ આવીશ. ત્યાં જ કે, તારી પાછળની ગતિવિધિઓ જોઈ હું આવીશ અને તને મળીશ.'

વધારે વાતો કરવાનો સમય ન હતો. તેથી પતંગસિંહ નિર્દેશિત દિશા તરફ ગયો. અહીં સાંજે રાજા જિતશત્રુ વન ભ્રમણથી પાછા આવ્યા તો રાજભવનનું વાતાવરણ વિચિત્ર લાગ્યું. રાણી અનંગમાલા કોપ ભવનમાં છે, એ તેમને તરત ખબર પડી ગઈ. રાજા રાણી પાસે પહોંચ્યા. રાણીના માથામાંથી લોહી નીકળી ગયું હતું. લોહી જામવાનાં નિશાન હતા. જ્યારે પતંગસિંહે તેને ધક્કો માર્યો ત્યારે એ ઊંધા મોં એ પડી હતી અને માથા પર વાગ્યું હતું. તેણે જાતે જ કપડાં ફાડી નાખ્યાં હતાં. આંખોમાં આંસુ હતાં—પણ બનાવટી આંસુ. રાજાએ આ વેશમાં રાણીને જોઈ તો એકદમ પૂછવાનું સાહસ ન ન-થયું છતાં પણ પૂછ્યું તો હતું જ, રાજા રાણી પાસે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધરતી પર જ બેસી ગયા અને બોલ્યા :

'આ હું શું જોઈ રહ્યો છું પ્રિયે ? આ શું થયું ?'

રાણીએ એક જ શ્વાસે કહ્યું :

'એ ન પૂછો કે શું થયું ? એ પૂછો કે શું થશે ? હવે આત્મહત્યા કરીશ. તમારાં દર્શન માટે અત્યાર સુધી બેઠી હતી. યુગનું કેવું પરિવર્તન છે ? રામ પણ પુત્ર હતા અને કૈકેયી પણ સાવકી મા હતી. પણ હું.....હું.....'

કહેતાં-કહેતાં અનંગમાલા રડવા લાગી. રાજા અધીરા થઇ ગયા, લાંબા થઇ તેમણે રાણીના બંને હાથ પોતાના હાથમમાં લઈ લીધા અને બોલ્યા :

'તને મારા સોગંદ છે, તારા સુહાગના સોગંદ છે. ગોળ ગોળ વાત ના કરીશ, જે પણ વાત હોય, સાચે-સાચું કહી દે.'

રાણી બોલી :

'સાચે સાચું તો કહીશ. પણ તેનાથી શું ફાયદો ? કહેવાથી શું ફાયદો થશે ? કોઈ ફાયદો નથી. રહેવા દો સ્વામી !'

રાજાએ કહ્યું :

'મારા શોગંદ કશું નહીં ? ફાયદો તો થશે પ્રિયે ! હું વચન આપું છું કે જે કરવાથી તારું દુઃખ દૂર થશે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ બધું હું કરીશ. તારા માટે તો એક વાર તો યમરાજને પણ પડકાર આપીશ. તું તારા દુઃખનું કારણ બતાવ. કહીં તો જે.'

રાણીએ કહ્યું :

'તો સાંભળો સ્વામી ! કોણ જાણે કેમ અને કેવી રીતે પતંગ મારા ઓરડામાં આવી ગયો. હું ચમકી. પૂછયું—કોણ છો તમે ? બોલ્યો—ડરો નહીં ! હું કંચનપુરનો યુવરાજ છું. ઘરડા રાજાએ મને વિદ્યાલયની કેદમાં નાખી દીધો છે. હું તેના પ્રાણ લઈ રાજસિંહાસન પર બેસીશ. પણ પહેલાં તને મારી બનાવીશ. મારી અને તારી જોડી સારી લાગે છે. હું તને મારી પટરાણી બનાવીશ.

'સ્વામી ! હું તો જોતી જ રહી ગઈ કે આ શું કહી રહ્યો છે. એ મારા ઉપર ઝપટયો. મેં એને ધક્કો માર્યો. ગુસ્સામાં તેણે મને પકડી લીધી. મેં ચીસો પાડી. ત્યાં સુધી દાસીઓ આવી. એ એમ કહેતાં ભાગ્યો—તમને બંનેને જોઈ લઈશ. જો સુનખા ન આવી હોત તો એ દુષ્ટ બળાત્કાર કરવામાં સફળ થઈ જાત.

'સ્વામી ! હવે મારું મન જવાબ ઇચ્છે છે. જીવ શું કરીશ ? તમે પણ.....'

રાજાએ ઊભા થતાં કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હવે રાણી કશું ન કહે. હવે તું જોજે કે પતંગનું શું થશે. કુલાંગારને તારી સામે જ મારી નાખવામાં આવશે. મારી હાજરીમાં રાજ્ય ? ખેર, રાજ્ય તો એને મળે જ, પણ તારું અપમાન કરી તેણે મોત માગ્યું છે.'

આમ કહી રાજા પોતાના વરંડામાં આવ્યા. સૈનિકોને બોલાવી આદેશ આપ્યો :

'પતંગસિંહને દોરડાથી પકડી લઈ આવો. તેને મૃત્યુ-દંડની સજા આપવામાં આવશે.'

સૈનિકો વિદ્યાલયમાં આવ્યા. પતંગસિંહ તો ત્યાં હતો જ નહીં, જે મળે. તેથી સૈનિક આચાર્યજીને જ પકડી લાવ્યા અને કહ્યું કે આમણે જ કયાંક યુવરાજને છુપાવી દીધા છે.'

રાજાએ કડકાઈથી પૂછયું :

'એ દિવસે તો મારા બોલાવવા છતાં પણ મોકલ્યો ન હતો. આજે કયાં મોકલી દીધો એ કુલાંગારને ?'

આચાર્યએ સરળ ભાષામાં કહ્યું :

'અન્નદાતા ! મારો અથવા છોડો. હું તમારા વશમાં છું, પણ એની મને કોઈ જ ખબર નથી. મને કશું કહ્યા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિના સવારથી જ ગુમ છે. પહેલાં તો એ કયાંય જતો રહ્યો.'

રાજાએ આચાર્યની સફાઈ પર વિશ્વાસ કરી લીધો અને સૈનિકોને કહ્યું :

'જાઓ કયાં ? એને શોધો. વન-ઝાડી બધું શોધી વળો, ચારે દિશાઓમાં ફેલાઈ જાઓ. જ્યાં પણ મળે તેને અહીં લઈ આવો. જો પકડી ન શકો તો તેને મારી તેનું માથું-આંખો લાવી મને આપો.'

બસ, સૈનિકો પતંગસિંહની શોધ ખોળમાં લાગી ગયા. આ બાજુ આચાર્યએ પોતાની પંડિતાણીને બધો વૃત્તાંત સંભળાવી કહ્યું :

'હું પણ જઉં છું. તેની તરફથી આશ્વસ્ત થઈ પાછો આવીશ. તું કોઈ વાતની ચિંતા ન કરીશ.'

બ્રાહ્મણી બોલી :

'તમારે તેની સાથે જ જવાનું હતું. સાથે જ કેમ ન ગયા ?'

આચાર્ય બોલ્યા :

'સાથે જઉં તો આંખો ભંડો ફૂટી જાય. મારું પણ તેની સાથે ગુમ થવું રાજા જાણે કે ન જાણે ? હવે વાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ન કર. પેલી પેટી કાઢ. એમાં જે ચાર રત્ન રાખ્યાં છે, તેને આપ અને થોડું ખાવાનું પણ મૂકી દે.'

ચાર રત્ન અને ભાથું લઈ આચાર્ય સોમદત્ત એ જ દિશામાં ચાલવા લાગ્યા, જે દિશામાં પતંગસિંહને મોકલ્યો હતો. પતંગસિંહ સાંજ સુધી જેટલું ચાલી શકયો એટલું ચાલ્યો અને પછી એક ઝાડ નીચે રહ્યો. આચાર્યજી રાતે પણ ચાલ્યા, તેથી અર્ધ રાત્રી પછી એ પતંગસિંહ પાસે પહોંચી ગયા અને તેને મળી બધી વાતો જણાવવા લાગ્યા. થોડી જ વાર પછી પતંગસિંહને શોધતા રાજા જિતશત્રુના સૈનિકો પણ આવી પહોંચ્યા અને તેમણે એ બંનેને ઘેરી લીધા. ચાર જ સૈનિકો હતા. એમાંથી એક બોલ્યો :

'અપરાધીના પગની ગતિ પણ બહુ હોય છે. પણ પકડનારના હાથ પણ બહુ લાંબા હોય છે. આચાર્યજી ! તમે પણ રાજદ્રોહ કર્યો છે. તેથી હવે તમે પણ નહીં બચી શકો.'

આચાર્ય બોલ્યા :

'સૈનિકો ! અમને મારવા એ કોઈ મુશ્કેલ કામ નથી. અમને મારો, જરૂર મારો. પણ કયાંય એવું ન થાય કે પાછળથી પસ્તાવું પડે. મારી આખી વાત સાંભળી લો. પછી જે ઈચ્છો તે કરજો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'વીર સૈનિકો! સત્યને સાથ આપો. સત્ય તમને સુખોથી ભરી દેશે. અપરાધિની દુષ્ટારાણી અનંગમાલા છે અને છે રાજા જિતશત્રુ.'

આમ કહી આચાર્યએ અત્યાર સુધીનું આખું વૃત્તાંત સંભળાવ્યા પછી કહ્યું :

'હવે તમે જ નિર્ણય કરો કે કોણ અપરાધી છે. પરંતુ તમે કહેશો કે અમે તો રાજાના સેવકો છીએ. એમની આજ્ઞા માનવી એ અમારું કર્તવ્ય છે. તો પતંગસિંહ પણ તમારો રાજા છે. આ કાલનો રાજા છે. આ જ એક દિવસ કંચનપુરનો શાસક થશે. તેની પ્રાણ રક્ષા તમે આજે કરશો. તો આવનાર કાલે એ તમને જાણે શું-શું ન આપે? આ વખતે એનાં આભૂષણ લઈ જાઓ. આજના રાજાને કહી દેજો કે અમે પતંગસિંહને મારી નાખ્યો.'

આ સાંભળી ચારે સૈનિક એક બીજાનાં મોં જોવા લાગ્યા. એકે કહ્યું :

'સાચું છે, સાચું છે. આચાર્યની વાત સાચી છે. એમના લોહીમાં હાથ રંગી અમે થોડા સોનાના ટુકડા જ મેળવીશું. તેનાથી વધારે પુરસ્કાર તો રાજા આપવાનો નથી. અહીં એમને બચાવવાથી બહુ મૂલ્યનાં આભૂષણ મળી રહ્યાં છે. રાજાને બતાવી દઈશું અને રાજા પાછાં આપણને જ આપશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહનાં પુણ્ય પ્રબળ હતાં. તેથી સૈનિકોની મતિ તેને અનુકૂળ થઇ ગઈ. તેનાં આભૂષણ લઈ એ કંચનપુર પહોંચી ગયા. વાર્તા ઉપજાવીને રાજાને કહ્યું :

'યુવરાજને પકડવા શક્ય ન થયું. એ ભાગ્યો તો અમે તેમના પર તીર છોડયાં, તીરથી એ જમીન પર ઢળી પડયા અને મૃત્યુ પામ્યા. પ્રમાણ માટે તેમનાં આભૂષણ અમે ઉતારી લીધાં. આંખો પણ કાઢી લીધી.'

હરણની આંખો આપી સૈનિકોએ ફરી કહ્યું :

'માથું કાપીને મૂકયું હતું એ એક સસલું લઈ નાસી ગયું.'

રાજાએ એ વાર્તાનો વિશ્વાસ કરી લીધો. તેમણે હરણની આંખો રાણી અનંગમાલા પાસે મોકલી દીધી. ઓરડાનો દરવાજો બંધ કરી રાણીએ એ આંખોને જમીન પર પટકી અને તેને એડીથી દબાવતાં કહેવા લાગી–

'તારી આ મદભરી આંખોએ જ મને ગાંડી બનાવી હતી. મારું માની ગયો હોત તો આ રીતે વગર મોતે ન મરત. હવે હું તારી નશીલી આંખોને એડીથી કચડું છું.'

આ પ્રમાણે રાણીનો પ્રતિશોધાગ્નિ બુઝાઈ ગયો. અહીં વનમાં રાત પસાર થઈ તો આચાર્યજીએ પતંગસિંહને કહ્યું :

P.P.Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'વત્સ! હું તો હવે પાછો જઉં છું. તું હવે જા. આજુબાજુના નગરમાં ન રહીશ. કયાંક દૂર કોઈ નગરમાં છૂપાઈને રહેજે મારી બે વાતોનું ધ્યાન રાખજે, કે બને ત્યાં સુધી કોઈ બ્રાહ્મણનો જ આશ્રય લેવો. બીજી એ કે પોતાની જાતને સદાય છુપાવી રાખવી.'

પતંગસિંહે કહ્યું :

'હું શું કોઇને કહીશ કે હું આ છું ? કોણ જાણી શકશે કે હું કોણ છું ?'

આચાર્ય બોલ્યા :

'તારો પરિચય ન જાણે, પણ એ તો લોકો જાણી જશે કે તું બોતેર કલા નિષ્ણાત, શસ્ત્ર શાસ્ત્રનો જ્ઞાતા છે. એનાથી બધો ભેદ ખુલી જાય છે. છુપાવવાનો અર્થ છે કે લોકો તને અભણ સમજે, મૂર્ખ સમજે અને એ ન જાણે કે તું શૂર-વીર ક્ષત્રિય છે. નહીં તો ફેલાતાં-ફેલાતાં વાત કંચનપુર સુધી ફેલાઈ જશે. કયારેય શૌર્ય પ્રદર્શનનો પ્રસંગ પણ આવે, તો સંયમથી કામ લેજે.'

પતંગસિંહે કહ્યું :

'હું સમજી ગયો ગુરુદેવ! તમારી બને આજ્ઞાઓનું પાલન કરીશ. કોઈ બ્રાહ્મણનો જ આશ્રય લઈશ. અને પોતાની જાતને છુપાવીને જ રાખીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gurukrupa Gyanbhandhak Trust

આચાર્યજીએ કહ્યું :

'તો જા વત્સ ! અને હાં, આ મારાં રત્ન રાખ. પૂર્વજોનાં છે. આજે તેનો સદ્‌ઉપયોગ થઈ રહ્યો છે. સમય પર તારા કામમાં આવશે.'

પતંગસિંહે રત્ન હાથમાં લીધાં તો તેની આંખોમાં આંસુ ઓવી ગયાં. આચાર્યના પગમાં માથું ટેકવી એ બોલ્યો :

'પૂજ્ય ! તમે મારા શિક્ષા–ગુરુ જ નહીં, જીવન–દાતા બધું જ છો. શું બીજા પૂર્વભવમા તમે જ મારા પિતા હો. તમારો સ્નેહ જ મારી રક્ષા કરશે.

પતંગસિંહને ઊભો કરતાં આચાર્યએ કહ્યું :

'ભાવુક ન બન પતંગ ! પુણ્યો સિવાય કોઈ કોઈનું રક્ષણ નથી કરતું. જો તારાં પુણ્ય બાકી ન હોત તો આ સૈનિકો તને છોડત ? ક્યારેય ન છોડે. હવે જા વત્સ !'

ત્યાર પછી ગુરુ–શિષ્ય એક બીજાથી જુદા થયા. પતંગસિંહ આગળ વધવા લાગ્યો–અનિશ્ચિત લક્ષ્ય તરફ અને આચાર્ય સોમદત્ત કંચનપુર પાછા આવ્યા. તેમણે પોતાની બ્રાહ્મણીને આખું વૃત્તાંત કહી સંભળાવ્યું. કોઈ જાણી ન શકયું કે આચાર્યજી કયાં ગયા હતા, કયારે ગયા હતા અને કયારે આવ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંચનપુરના લોકોની જાણકારીમાં પતંગસિંહ હવે આ સંસારમાં ન હતો. ત્યાંના સ્ત્રી-પુરુષો ધીમા અવાજે રાજા-રાણીને ગાળો આપતાં હતાં. પીઠ પાછળ રાજાને પણ ગાળ આપી શકાય છે. પરંતુ રાજાના મોં ઉપર કોઈને કશું કહેવાનું સાહસ ન હતું. પરંતુ કંચનપુર-વાસીઓનાં મન એ માનવા તૈયાર ન હતાં કે પતંગસિંહે આવો અપરાધ કર્યો પણ હશે, જેવી કે ચર્ચા છે.

આચાર્યજીએ એક દિવસ મંત્રી ગુણવર્ધનને પણ બધું રહસ્ય જણાવી દીધું હતું. પતંગસિંહના જીવતા રહેવાનું રહસ્ય કંચનપુરમાં ત્રણ જ વ્યક્તિઓ જાણતી હતી : આચાર્ય સોમદત્ત, તેમની પત્ની ગાયત્રી અને મહા, મંત્રી ગુણવર્ધન. બીજા બધાની જાણકારીમાં તો પતંગસિંહ સ્વર્ગે સિધાવી ગયો હતો.

આ પ્રમાણે સમય પસાર થતો હતો.

[૭]

વસંતપુર નામનું એક નગર હતું. અહીં નરસિંહ નામના રાજા રાજ્ય કરતા હતા. રાણી હતી અલકાવતી. અલકાવતીએ એક કન્યાને જન્મ આપ્યો હતો, જેનું નામ રત્નમંજરી હતું. રત્નમંજરી રાજકીય વિદ્યાલયમાં ભણતી હતી. એ સુંદર અને ચંચળ સ્વભાવની હતી. અભિમાની પણ હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસંતપુરમાં જ માર્તણ્ડ અગ્નિહોત્રી નામના એક વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા. એ વેદજ્ઞ, કર્મકાંડી અને વૈદિક મતને માનનાર બ્રાહ્મણ હતા. જ્યોતિષના પણ જાણકાર હતા. રાજસભામાં તેમનું સ્થાન હતું. તેમને રાજપુરોહિતનું પદ પ્રાપ્ત હતું. બ્રાહ્મણ માર્તણ્ડનો જ મદન નામનો એક પુત્ર હતો, જે રત્નવતીનો જ સહપાઠી હતો. જે વિદ્યાલયમાં આ બંને ભણતાં હતાં એમાં વસંતપુરના ધનવાન–માનનીય શેઠિયાઓ અને સામંતોનાં બાળકો પણ અભ્યાસ કરતાં હતાં. મદન આ દિવસોમાં જ્યોતિષનું અધ્યયન કરી રહ્યો હતો. એ સામાન્ય રીતે સુંદર અને મહત્વાકાંક્ષી હતો, પણ સાથે જ ડરપોક પણ હતો. એ રાજકુમારી રત્નમંજરી સાથે લગ્ન કરવ નાં સપનાં જોયા કરતો હતો. કારણ એ હતું કે રત્નમંજરી તેને પ્રેમ કરતી હતી. પણ હજુ એ પ્રેમ કોઈ પણ તરફથી એટલો પાકો ન હતો કે લગ્ન માટે કંઈક પ્રયત્ન કરે. બંને બાલી યોજનાઓ બનાવતા હતા.

પોતાની લાંબી યાત્રા પૂરી કરી પતંગસિંહ એક દિવસ વસંતપુરમાં પહોંચી ગયો. એ અહીં કોઈ બ્રાહ્મણના આશ્રયની શોધમાં હતો. સંયોગથી તેને બધાથી પહેલાં માર્તણ્ડ અગ્નિહોત્રી મળી ગયા. તેમના બાલી માથા પર મોટી ચોટી હતી. ખભા પર જનોઈ હતી. ભગવાં કપડાં પહેર્યાં હતાં. કપાળ પર ચંદનનું ટીલક હતું. પતંગસિંહને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમને બ્રાહ્મણ માનવામાં વાર ન લાગી. તેણે નમીને પ્રણામ કર્યા. આશીર્વાદ આપતાં તેમણે કહ્યું :

'આયુષ્યમાન ભવ ! કોણ છો વત્સ ! શું ઇચ્છો છો ?'

પતંગસિંહે કહ્યું :

'પૂજ્ય ! સહારા વિનાનો છું. માતા-પિતાએ મારીને ઘરની બહાર કાઢી મૂક્યો છે. બધા મને મૂર્ખ કહે છે. હું ભણી ન શક્યો. અજ્ઞાણ અને મૂર્ખ હોવાનો જ મારો અપરાધ છે. હવે તમે મને સહારો આપો.'

વિપ્ર અગ્નિહોત્રીએ ઉપરથી નીચે સુધી પતંગસિંહને જોયો અને બોલ્યા :

'ભગવાન કોઈને રૂપ આપે છે, તો કોઈકને બુદ્ધિ. કોઈક-કોઈકને બંને આપે છે. રૂપ તો તમને ભરપૂર મળ્યું છે, પણ બુદ્ધિ ન મળી. કાંઇ વાંધો નહીં. મારો પુત્ર મદન તમારા જેવો જ છે. એ ભણે છે. તેની સેવા માટે હું તમને રાખી લઉં છું. તેની સાથે વિદ્યાલય જજે. તેનાં પુસ્તકો ભારે છે. તેને તું લઈ જજે. અમારા પરિવારમાં રહેવાથી તારી રુચિ પણ ભણવા તરફ થશે.... આવ મારી સાથે.'

માર્તણ્ડ અગ્નિહોત્રી પતંગસિંહને પોતાની સાથે લઈ ઘરે પહોંચ્યા. પોતાના પુત્ર મદનને તેનો પરિચય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gyan Mandir Trust

કરાવ્યો અને પતંગસિંહને તેનું કામ ફરી સમજાવ્યું. એક જૂનો કામળો ઓઢવા અને એક ચટ્ટાઈ પાથરવા આપી દીધી. ઊઠવા–બેસવા–સૂવા માટે લોબીમાં જગ્યા બનાવી દીધી. બંને વખત આવાનું આશ્વાસન પણ આપી દીધું. આ બધી વ્યવસ્થા કરી વિપ્ર માર્તંડ ત્યાં ગયા, જ્યાં જવાનું હતું.

પોતાના આચાર્ય સોમદત્તની શિખામણનું સ્મરણ કરી પતંગસિંહે નિશ્ચય કર્યો હતો કે અહીં હું પૂરો મૂર્ખ થઈને રહીશ. એવો અભિનય કરીશ કે બધા મને મૂર્ખ જ સમજે. એટલે વારંવાર મોં ફાડી બગાસું ખાતો. પોતાની જાત સાથે વાતો કરવા લાગતો. વાત વિના હસવા લાગતો. તેને બધા મૂર્ખ જ માનવા લાગ્યા. મદનો તો તેનું નામ જ મૂર્ખરાજ રાખ્યું હતું.

પતંગસિંહ મદનનાં પુસ્તકો લઈ તેની સાથે વિદ્યાલય જતો હતો. ત્યાં જઈ એ એક ખૂણામાં બેસી રહેતો. મદને રાજકુમારી રત્નમંજરીને પણ તેનો પરિચય કરાવ્યો કે આ મૂર્ખરાજ મારા પિતાએ મારી સેવા માટે રાખી લીધો છે. આ સાંભળી રાજકુમારીએ કહ્યું :

'તો તો તમારો ઠાઠ થઈ ગયો. એક સેવક તો સેવા માટે મળી ગયો.'

મદન બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'બિચારાને કોઇ નથી, એટલે રાખી લીધો છે. ઠાઠ માટે નથી રાખ્યો, ઠાઠ તો તમારા જેવી રાજકુમારીઓના હોય છે.'

રત્નમંજરીએ કહ્યું :

'તમે કયાં રાજકુમારથી ઓછા છો ? પણ છો ડરપોક. કેટલી વાર કહ્યું તમારા પિતાજીને કહે કે એ મારા પિતાજીને કહી આપણા લગ્નની વાત કરે.'

મદન બોલ્યો :

'તું તો મરાવવાની વાત કરે છે. પહેલાં તો મારા પિતાજી મને મારશે ! મને તો છોડશે જ નહીં. આપણે બંને જાતે જ કોઇ યુક્તિથી આપણો સંસાર જાતે જ બનાવીશું.'

રાજકુમારી રત્નમંજરી બોલી :

'બસ, તમે તો કહી નાખ્યું. હવે મારાથી રહી નથી શકતું. હું જ કોઈ યુક્તિ શોધીશ.'

મદન બોલ્યો :

'તું ? તું શું યુક્તિ શોધીશ ? હું પણ તો સાભળું.'

રત્નમંજરી બોલી :

P.P. Ac. Gunratnasuri Ma. Jun Gun Aaradhak Trust

'હું જ મારી અંદર પુરુષનું સાહસ ઉત્પન્ન કરીશ. અને તમને અહીંથી ભગાડી કયાંક દૂર લઇ જઈશ. પરંતુ તમે મૂર્ખરાજને વચ્ચે કેમ રાખી લીધો છે? એ કયાંય નડતર રૂપ ન થાય.'

'એની તું કોઈ ચિંતા ન કર. એ તો કશું સાંભળતો– સમજતો પણ નથી. મોટેથી તું કાંઈપણ કહે. જ્યાં સુધી બરાડીશ નહીં, એ નહીં સાંભળે.'

પતંગસિંહ મદન અને રત્નમંજરીની વાતો સાંભળ્યા કરતો. તેણે મોટેથી સાંભળવાનો પણ એક સફળ અભિનય કરી બતાવ્યો હતો. બે બે–ચાર–ચારના જૂથમાં છાત્રગણ અધ્યયન કરતા હતા. મદન અને રત્નમંજરી એક ઝાડ નીચે બેસી ભણવાને બહાને દિવાસ્વપ્નોની વાતો કરતાં હતાં. વિદ્યાલય એક વિશાળ ઉદ્યાનના રૂપમાં હતું. ભણવાનો ઢંગ આજકાલ જેવો ન હતો. આચાર્યજી સામુહિક રીતે બપોરે છાત્રોના પ્રશ્નોના જવાબ આપતા હતા. સવારથી બપોર સુધી વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ પહેલાં જાતે અધ્યયન કરતાં. પછી એક–બીજા સાથે પ્રશ્નોત્તરી કરતાં. ત્યાર પછી બપોરના સમયે આચાર્યજીને પાઠ સાંભળાવતા અને તેમની પાસે શંકાનું સમાધાન કરતા. વચ્ચે બે ઘડીનો વિરામ હતો. એમાં છાત્રો કયારેક સરોવર અને કયારેક સરિતા–તટ પર જતા રહેતાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મદન-રત્નમંજરી એક ઝાડ નીચે એક-બીજા સાથે વાતો કરતાં. પતંગસિંહ થોડે દૂર બેસી જતો અને બંનેની આજ્ઞાઓની પ્રતીક્ષા કરતો. કયારેક તેને ગુસ્સો આવતો, પણ પોતાના આચાર્યની વાત યાદ કરી સંયમથી કામ લેતો.

એક દિવસ મદન વારંવાર 'પુંસ્ત્વ' શબ્દને 'પુંસત્વ' કહી રહ્યો હતો. પતંગસિંહ વ્યાકરણ ભણ્યો હતો. તેને મનમાં થયું કે એને કહું કે સાચો શબ્દ 'પુંસ્ત્વ' છે, 'પુંસત્વ' નહીં, પણ પોતાનો જ્ઞાનાવેશ છુપાવી લીધો. સમય બહુ બળવાન હોય છે. ભણ્યા વિનાના લોકોને સાહિત્યકાર માનવામાં આવે છે અને ભણેલાને મૂર્ખ કહેવામા આવે છે. જે પણ હોય, પતંગસિંહ પોતાની બનાવટી મૂર્ખતાથી જ સંતુષ્ટ હતો. તેના દિવસો પસાર થતા હતા.

એક દિવસ રાજકુમારી રત્નમંજરી ઘોડા પર બેસી વિદ્યાલય આવી. એ પોતાના પિતા રાજા નરસિંહની લાડલી બેટી હતી. એ તેને પોતાની બેટી નહીં, પુત્ર જ માનતા હતા. એટલે એ ઘોડેસવારી જેવાં પુરુષોચિત કાર્ય પણ કરી બેસતી હતી. તેને ઘોડા પર આવતી જોઈ મદન અગ્નિહોત્રીએ તેને કહ્યું :

'અરે, આજ તું રથમાં કેમ ન આવી ? ઘોડેસવારીનો શોખ કેમ થઈ ગયો ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘોડા પરથી ઉતરી રાજકુમારીએ કહ્યું :

'આ ઘોડેસવારીનું પણ એક રહસ્ય છે. ચાલ, પહેલાં સરિતા–તટ પર જઇએ, ત્યાં બધું કહીશ. આચાર્યજી તો આજે છે નહીં. ડર કોનો છે?'

મદને ઊભા થતાં કહ્યું :

'તો ચાલ. હું પણ ઉત્સુક છું. તારા રહસ્યને જાણવા માટે.'

મદન અને રત્નમંજરી સરોવર તરફ ચાલવા લાગ્યાં. પતંગ પણ તેમની પાછળ ચાલવા લાગ્યો. તેને પોતાની પાછળ આવતો જોઈ રત્નમંજરીએ કહ્યું :

'છાયાની જેમ તમે અમારી પાછળ કયાં આવી રહ્યા છો? અહીં બેસો.'

પતંગે કશું સાંભળ્યું જ નહીં, કારણકે એ દેખાવ માટે ઓછું સાંભળે છે. તેથી મદને રાજકુમારીને કહ્યું :

'આવવા દે એને પણ. એમ એ કયારે સાંભળશે? જ્યારે મોટેથી કહીશ ત્યારે સાંભળશે, અને ત્યારે બધા શિષ્યો પણ જાણી જશે. એ શું કરશે? એ કશું સાંભળશે જ નહીં. સાંભળી લેશે તો સમજશે જ નહીં. આવવા દે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી ત્રણે સરોવર પર પહોંચ્યાં. પતંગસિંહ જુદો બેસી ગયો. મદન અગ્નિહોત્રી અને રાજકુમારી બેસી વાતો કરવા લાગ્યાં. રાજકુમારીએ કહ્યું :

'મદન ! તારું નામ તો મદન છે, પણ તું ઠંડો બહુ છે. મદન જેવી ઉષ્મા તારામાં કેમ નથી ?'

મદન બોલ્યો :

'આ વ્યર્થ વાતો પછી કરજે રત્ન ! પહેલાં તારી ઘોડેસવારીનું રહસ્ય બતાવ. જલ્દી જવાનું છે, નહીં તો બધા શિષ્યો કહેશે કે એ બંને આખો દિવસ ગપસપ કરે છે.'

રત્નમંજરીએ કહ્યું :

'ડરપોક તો તમે પહેલા નંબરના છો. પણ આજની રાત તમારે નિર્ભય બનવું પડશે. હવે સાંભળો, ઘોડેસવારીનું રહસ્ય. હું સવારે દરરોજ બે-ચાર કોસની ઘોડેસવારી કરું છું. મારી સાથે બીજા ઘોડા મારા ભવનની નીચે અશ્વશાળામાં જુદા બાંધેલા હોય છે.

'મદન ! મેં તમારા માટે ઘોડેસવારીનો અભ્યાસ કર્યો છે. બંને ઘોડા લઈ આજે અડધી રાત પછી હું નગરની બહાર ગણેશ મંદિરમાં આવી જઈશ. આજે બંને જઈશું. તમે પણ સમયસર આવી જજો. યોગ્ય તો એ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતું કે તમે મારું હરણ કરી ભાગત અને મારી સાથે લગ્ન કરત. પણ હવે હું જ તમને લઇ ભાગીશ.'

મદને આખી યોજના રત્નમંજરી પાસેથી સાંભળી લીધી. અહીં પતંગસિંહે પણ બધું સાંભળી-સમજી લીધું. મદને પોતાની અનુમતિ આપી.

'આવીશ તો જરૂર. પણ પિતાજી જોઈ જશે તો કદાચ ન પણ આવું.'

રત્નમંજરી બોલી-

'જોયું જશે. હું જો વહેલી પહોંચી જઈશ, તો થોડી વાર ગણેશ મંદિરમાં તમારી પ્રતીક્ષા કરીશ અને ત્રણ ચાર ઘડી પછી પણ તમે નહીં આવી પહોંચો, તો સમજીશ કે આજે તમારા ઘરવાળા જાગી રહ્યા છે. હું પણ પાછી જઈશ. પછી બીજા કોઇ દિવસે જઈશું.

જો તમે પહેલાં જશો, તો કોઈ વાત જ નથી.'

મદને અનુમતિ આપી દીધી. ત્યાર પછી બંને વિદ્યાલય પહોંચ્યાં. પતંગ પણ તેમની પાછળ-પાછળ ગયો. આજે અધ્યયનમાં કોઇનું મન લાગતું ન હતું. રત્નમંજરી વિચારી રહી હતી કે કયારે અડધી રાત થાય અને કયારે મદનની રતિ બનું. મદન વિચારી રહ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતો કે આ મોટી મુશ્કેલી આવી. બાપદાદાએ કયારેય ઘોડેસવારી કરી નથી અને મારે આની સાથે ઘોડા પર ભાગવું પડશે. હું તો નહીં જઉં. કહી દઈશ ઘરવાળા બગતા હતા. આ પછી કોઈક બીજા દિવસનો કાર્યક્રમ બનાવશે. એ વખતે પણ હું કોઈને કોઈ બહાનું કાઢી લઈશ. બહાનાઓની કોઈ ખોટ તો છે જ નહીં. અહીં પતંગસિંહ પણ કંઈક બીજું વિચારી રહ્યો હતો.'

વિદ્યાલયનો સમય પૂરો થયો. બધાં પોત-પોતાને ઘરે ગયા. રાત પડી અને પછી અડધી રાત પણ થઈ. પતંગસિંહે જોયું કે મદન જતો નથી. તેણે વિચાર્યું –

'આ નગરમાં રહે બહુ દિવસ થઈ ગયા. હવે મદન રૂપમાં હું જ રાજકુમારી સાથે આ નગરને છોડી દઉં.'

આમ વિચારી પતંગસિંહે પોતાનો કામળો બલા પર નાખ્યો અને ગણેશ મંદિરે જઈ પહોંચ્યો. ચારે તરફ અંધારું હતું. રત્નમંજરી હજુ પહોંચી ન હતી. પતંગસિંહ એક ખૂણામાં બેસી ગયો.

અહીં રત્નમંજરીએ રત્નોની એક પોટલી બાંધી. ચૂપચાપ નીચે આવી. એક ઘોડા પર પોતે બેઠી અને એક ઘોડો પોતાની પાછળ બાંધી દીધો. એ સીધી ગણેશ મંદિર પહોંચી અને બારેથી બૂમ પાડી : 'શું આવી ગયા મદન ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહ તરત પાછળવાળા ઘોડ પર બેસી ગયો. રાજકુમારીએ ઘોંડો આગળ વધાર્યો પાછળ-પાછળ પતંગ સિંહ પણ ચાલ્યો. રાજકુમારીએ કહ્યું :

'ડરશો નહીં મદન ! ઘોડો પાળેલો છે. ચૂપચાપ ચલાવ્યો ચાલશે. પણ તમારા ચડવાના ઢંગથી હું એ જાણી ગઈ કે ઘોડેસવારી તમે પણ જાણો છો. કયાં શીખી ? અરે, તમે તો કશું બોલતા જ નથી ! બહુ ડરપોક છો બેર, આખી રાતમાં આપણે વસંતપુરની રાજ્યસીમા પાર કરી લઈશું. ત્યારે તો બોલશો ને ?'

થોડી-થોડી વાર પછી રત્નમંજરી અહીં-તહીંની વાતો કરતી હતી, પણ પતંગસિંહ કોઈનો જવાબ ન આપતો. માત્ર 'હું' કહી દેતો. આ પ્રમાણે બંને આખી રાત ચાલ્યાં. સવારનો ધૂંધળો પ્રકાશ થવા લાગ્યો. એક સરિતા-તટ આવ્યો.

રત્નમંજરીએ ત્યાં ઘોડો રોકયો અને ઊતરી પડી. એ સરિતા-તટથી દૂર શૌચાદિ માટે ગઈ. પોતાનો ઘોડો ઝાડ સાથે બાંધી પતંગસિંહ પણ ગયો. શૌચાદિથી નિવૃત્ત થઈ એ થોડો વહેલો આવી ગયો. રાજકુમાર પાછો આવી ઘોડા પાસે આવ્યો. સારી રીતે સવાર થઈ ગયું હતું. એવું કે માણસનું મોંઢું સ્પષ્ટ જોઈ શકે. રાજકુમારીએ પતંગસિંહને જોયો તો ચીસ પાડી-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'અરે મૂર્ખરાજ ! કોણ કહે છે કે તું મૂર્ખરાજ છે ? તું તો ઓછું સાંભળે છે ? તું મારી સાથે કેવી રીતે આવી ગયો ? .. હું તો લૂંટાઈ ગઈ....અરે મદન ! તું આટલો ડરપોક નીકળીશ, એ હું જાણતી ન હતી. તેં તો આને મારી સાથે નથી મોકલ્યો ને ? હવે હું ક્યાં જઉં ? હવે પાછી વસંતપુર પણ જઈ શકતી નથી અને આ મૂર્ખરાજ સાથે તો બિલકુલ નહીં રહું.'

રાજકુમારી રડવા લાગી. તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કરી લીધો. નદી તરફ ગઈ. દૂરદર્શી પતંગસિંહ પણ રાજકુમારીનો મનોભાવ સમજી ગયો. એ પણ તેની પાછળ ગયો. રત્નોની પોટલી કિનારે મૂકી રાજકુમારી નદીમાં કૂદી પડી. પતંગસિંહે પોતાનાં ચાર રત્ન, જે તેને આચાર્ય સોમદત્તે આપ્યાં હતાં, એ સારી રીતે બાંધ્યાં. કામળો પીઠ પર બાંધ્યો અને રાજકુમારીના રત્નોની પોટલી પણ પોતાની કમર સાથે બાંધી લીધી. રાજકુમારી હાથ-પગ પછાડી રહી હતી. પતંગસિંહ પણ કૂદી પડ્યો અને રાજકુમારીને બચાવીને બીજા કિનારે પહોંચી ગયો. ઘોડા આ પાર જ રહી ગયા. બંનેએ પોતાનાં કપડાં સૂકવવા નાખી દીધાં.

પછી રાજકુમારીએ કહ્યું :

'મૂર્ખરાજ ! તું મને મરવા પણ નહીં દે ? હવે વિધાતાને એ મંજૂર છે કે હું તારી સાથે જ રહું. પરંતુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી લાચારીનો લાભ ન ઊઠાવીશ. હું તો તને મારો નોકર પણ ન રાખું. પણ દેવની ક્રૂર મશ્કરી આગળ આજે મારે નમવું પડયું. હું મારી લાચારીને કારણે તારી સાથે રહીશ, પણ કયારેય બોલીશ નહીં.

પતંગસિંહ કશું ન બોલ્યો. રત્નોની પોટલી લઇ આગળ-આગળ ચાલવા લાગ્યો. પાછળ-પાછળ રત્નમંજરી ચાલતી હતી. પતંગસિંહ પાછું વળી-વળી જોઈ પણ લેતો હતો. રાજકુમારીને થાકેલી જોઈ એ બેસી જતો હતો. જ્યારે રાજકુમારી ઊઠી ઊભી થઈ જતી તો એ પણ ચાલવા લાગતો. આ પ્રમાણે રાતે કોઈ ઝાડ નીચે બંને સૂઈ જતાં અને સવારે ચાલવા લાગતાં. પતંગસિંહ લગભગ રાતે જાગતો રહેતો, કારણ કે રાજકુમારીની રક્ષા કરવી એ પોતાનું કર્તવ્ય માનતો હતો. રાજકુમારીને કોઈ વાત કહેવી હોય તો આડકતરી રીતે પતંગસિંહને કહી દેતી.

[૮]

પતંગસિંહ અને રત્નમંજરી એક વનમાં રહ્યાં હતાં. ચાંદની રાત હતી. રત્નમંજરી ઊંઘતી હતી અને તેનાથી થોડે દૂર પતંગસિંહ જાગતો પડયો હતો. એ વિચારતો હતો—

'નારીજન્ય દુર્બળતા તો આમાં છે. જેમ લતા વૃક્ષના સહારે ટકે છે, એ પ્રમાણે આ પણ પુરુષનો સહારો ઈચ્છે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

છે. પણ હજુ માન–ગજ પર સવાર છે. જો એને કહી દઉં કે તારી જેમ હું પણ રાજકુમાર છું તો સંભવ છે, પૂરી રીતે સમર્પણ કરી દેશે. પરંતુ ના, મારી જાતને છુપાવીશ. જોઉં, કયાં સુધી એનો અહંકાર રહે છે. મૂર્ખ-રાજ થઈને જ હું એના ગર્વને ચૂર કરીશ.'

'એની પાસે રત્નોનું ઘમંડ પણ હશે. ગુરુદેવનાં આપેલાં ચાર રત્ન મારી પાસે પણ છે. હમણાં તો જેમ એ ચાલશે, તેમ હું ચાલીશ. આ બહાને મારી કર્મપરીક્ષા પણ થઈ જશે. કર્મ–કૌતુક જોતો જઉં.'

આ પ્રમાણે પતંગસિંહ પોતાના વિચારોમાં હતો. ત્યાં તેણે ઝાડ પર બેઠેલાં પોપટ–મેનાનો વાર્તાલાપ સાંભળ્યો. ધ્યાનથી પતંગસિંહ સાંભળવા લાગ્યો અને સાંભળી સમજવા પણ લાગ્યો. એ પશુ–પક્ષીઓની બોલી–ભાષા સમજતો હતો. પોપટે–મેનાને કહ્યું–

'પ્રિયે! અહીંથી સાત કોશ દૂર ઉત્તર દિશામાં શિરાલજૂન નામનું એક ઝાડ છે. એ ઝાડમાં બહુ વિશેષતાઓ છે. કોઈ ઋષિના વરદાનથી એ ઝાડમાં એ વિશેષતાઓ પેદા થઇ ગઈ છે. એ શિરાલજૂન ઝાડના છાલની ટોપી બનાવી પહેરવામાં આવે તો પહેરનાર અદૃશ્ય થઈ જાય છે. એ બધાને જોઈ શકે છે, પણ એને કોઈ જોઈ શકતું નથી. એના પાંદડાંમાં અદ્‌ભુત ગુણ છે કે જમે તેટલો ઊંડા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘા હોય, તેને લગાવવાથી તરત ભરાઇ જાય છે. એની ડાળોના રેસા જો કોઈ પોતાના આસનમાં લગાવી લે તો એ તેના પર બેસી આકાશ–યાત્રા કરી ઇચ્છે ત્યાં લઈ જઈ શકે છે.

પરંતુ એ વૃક્ષ પર ચઢવું અને તેની છાલ, પાંદડાં તથા રેસા પ્રાપ્ત કરવા પણ મોતને આમંત્રણ આપવા જેવું છે. ઝાડની નીચે જ એક દૃષ્ટિવિષ સાપ રહે છે. તેને જોવાથી જ ચઢનારનું મોત થઈ જાય છે.

'પ્રિયે! એનો પણ ઉપાય છે. ઝાડથી વીસ ડગલાં દૂર એક કુંડ છે. ચડનાર પહેલાં એ કુંડમાં નાહી લે તો કાગડો બની જાય છે. કાગડો બની એ દૃષ્ટિવિષ સાપની નજરમાંથી બચી ઝાડ પર પહોંચી જશે અને છાલ, પાંદડાં અને રેસા ત્રણે વસ્તુ પ્રાપ્ત કરી લેશે. તેની સાથે જ એ તે ઝાડનાં કાચાં– પાકાં ફળ પણ તોડી લે. કાચાં ફળ લીલાં રંગનાં છે અને લાલ રંગનાં પાકાં છે. પાકાં ફળ ખાવાથી કાગડો તરત પૂર્વ રૂપ મનુષ્ય થઈ જશે. કાચાં ફળ ખાવાથી વિકૃત રૂપનો મનુષ્ય થશે. પછી તેને તેનો પૂર્વ પરિચિત પણ ઓળખી નહીં શકે.'

પોપટ દ્વારા કહેલી આ રહસ્યમય વાત પતંગસિંહે સારી રીતે સમજી લીધી. એક નજર તેણે ઊંઘતી રાજકુમારી રત્નમંજરી પર નાખી અને પછી આકાશનાં તારાઓને જોઈ તારણ કાઢયું કે રાત કેટલી બાકી છે. હજુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહુ રાત બાકી છે. એ અનુમાન કરી પતંગસિંહ ઉત્તર દિશા તરફ ચાલવા લાગ્યો. સાત કોસનું અંતર કાપી એ શિરાલ જૂન વૃક્ષ પાસે પહોંચી ગયો અને પહેલાં કુંડમાં સ્નાન કર્યું. તે કાગડો બની ગયો. પછી ઊડીને ઝાડ પર ચઢી ગયો. છાલ ઉતારી ટોપી બનાવી. ડાળીના રેસા કાઢી કામળામાં ગૂંથી દીધા. થોડાં પાંદડાં તોડયાં. પાકાં ફળ ખાઈ ઝાડ પર જ અસલ રૂપમાં આવી ગયો. કામળા પર બેસી રાજકુમારી પાસે આવ્યો અને યથાવત્ સૂઈ ગયો. હજુ સવાર પડવામાં એક-બે ઘડીની વાર હતી.

શૌચાદિથી નિવૃત્ત થઈ ફરી બંને ચાલવા લાગ્યાં. રાજકુમારીએ કહ્યું :

'આવા માટે આ વનમાં કશું દેખાતું નથી. આ કેવું વન છે ?'

પતંગસિંહને સંભળાવવા એ પોતાની જ જાત સાથે વાતો કરી રહી હતી. પતંગસિંહે પોતાનો કામળો ખભા પરથી ઉતારી એક જગ્યા પર મૂક્યો. જાણે કહ્યું હોય, તમે અહીં બેસો. હું કંઈક ફળો વિગેરે લાવું છું. રાજકુમારી સંકેત સમજી ગઇ અને યથાસ્થાન બેસી ગઈ. પતંગસિંહ થોડા પાકાં ફળ તોડી લાવ્યો. મીઠાં તો હતાં જ. ભૂખમાં વધારે સ્વાદિષ્ટ લાગે. ખાઈ-પી પછી બંને ચલ્યાં. સાંજ સુધી ચાલ્યાં. એક સરોવરને કિનારે બંને રહ્યાં, બંને એક વૃક્ષ નીચે સૂઈ ગયાં. રાત પડી. રત્ન-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંજરી ઊંઘી ગઇ. પતંગસિંહ અડધી રાત તો લગભગ જાગતો જ હતો. કયારેક કયારેક આખી રાત પણ જાગતો. જાગે તે પામે એ અનુસાર જાગીને જ તેણે અદૃશ્ય ટોપી, ઊડન કામળો, ઘાવપૂરક પાંદડાં અને ઓળખાણ બદલનાર ફળ પ્રાપ્ત કર્યાં હતાં.

આજે પણ એ જાગી રહ્યો હતો અને ભાગ્યની વિચિત્રતા એ હતી કે આજ પણ બે પક્ષી અંદરો અંદર વાતો કરી રહ્યાં હતાં. આ પક્ષી કીડી અને મકોડો હતાં. મકોડો કીડીને કહી રહ્યો હતો—

'પ્રિયે! અહીંથી દસ કોસ દૂર પોતાનપુર નામનું એક નગર છે. ત્યાંનો રાજા છે વજ્રનાભ. રાણી સુંદરી છે. મંત્રીનું નામ અમિતવાહન છે. રાજા વનજ્રાભને એક કન્યા પણ છે. તેનું નામ ફૂલકુમારી છે.'

કીડીએ મકોડાને કહ્યું :

'આવાં રાજા-રાણી હોય જ છે. એમાં શું નવી વાત છે?'

મકોડો બોલ્યો :

'એ નવી વાત તો કહું છું. પણ તું સાંભળતી જ નથી ને. નારી જાતિનો સ્વભાવ જ છે– વચ્ચે વાત કાપવાનો. વાત એમ છે કે પોતનપુર નગરની બહાર એક જૂનું ઉદ્યાન છે. ત્યાં હવે કોઈ આકર્ષણ નથી, ઉજ્જડ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માત્ર સૂકાં વૃક્ષો રહી ગયાં છે. તેની પર ગીધ અને ઘુવડ રહે છે.

'પ્રિયે ! આંબલીઓના ઝાડની હાર નીચેની ભૂમિમાં એકવીસ ગાડાં સુવર્ણમુદ્રાઓ દાટી છે. માપીતોલી એકવીસ છે. આ ધન કોઈ પુણ્યાત્માને જ મળશે'

પતંગસિંહે બધું રહસ્ય સમજી લીધું. રાત પસાર કરી. પસાર કરી શું, પસાર થઈ ગઈ. તેને તો પસાર થવાનું હતું. સરોવર પર નિત્યકર્મથી નિવૃત્ત થઈ બંને ચાલવા લાગ્યાં. સાંજ સુધી આઠ કોસનું અંતર પસાર થઈ ગયું. ભાગ્ય સંયોગથી એ જ જૂનું ઉજજડ ઉદ્યાન મળ્યું, જે મકોડા એ બતાવ્યું હતું. પોતનપુર નગર અહીંથી બે કોસ દૂર હતું.

પતંગસિંહ અને રત્નમંજરી આ જ ઉદ્યાનમાં રહ્યાં હતાં. રત્નમંજરી તો સૂઈ ગઈ અને પતંગસિંહ આગળની યોજના પર વિચાર કરવા લાગ્યો–

'પોતનપુર અહીંથી લગભગ બે કોસ દૂર છે. નગર તો સમૃદ્ધ દેખાય છે. ભવનોના કળશ અને ટોચ અહીંથી ચમકી રહ્યાં છે. હવે આમાં જ રહેવું છે. એકવીસ ગાડાં દાટેલી મુદ્રાઓ અહીં મળી જ જશે. સારો વેપાર ચાલશે. તો પછી શોધ–ખોળ કરું.... પણ હા, આચાર્ય સોમદત્તે આપેલાં રત્નોને તો પહેલાં છુપાવી દઉં ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહ પોતાની જગ્યાએથી ઊઠ્યો. કૃપાણથી પોતાની જાંઘ ચીરી. આચાર્યએ આપેલાં ચારે રત્ન તેમાં મૂકી દીધાં અને શિરાલ જૂન પાંદડાનો રસ નીચોવી દીધો. જાંઘનો ઘા તરત રુઝાઈ ગયો. થોડો દુઃખાવો હતો.

પછી પતંગસિંહે આમલીનાં સૂકાં ઝાડની હાર જોઈ, જેનો સંકેત મકોડા એ આપ્યો હતો.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં, નમો લોએસવ્વસાહણં–

આ મહામંત્રને નવ વખત મનમાં ગણી પતંગસિંહે ધરતી ખોદી. કૃપાણથી જ ખોદી નાખી. મહોરો ચમકવા લાગી. થોડી મહોરો પોતાના છેડામાં બાંધી લીધી. પછી ખાડાને જેમ હતો તેમ પૂરી દીધો.

સવાર થતા પહેલાં જ પતંગસિંહ રત્નમંજરીને સૂતી છોડી પોતનપુર જતો રહ્યો. અહીં જ્યારે રત્નમંજરી જાગી તો જોયું કે પતંગસિંહ ગૂમ છે. વિચાર્યું–શૌચાદિ માટે ગયો હશે. એ એકલી જ સરોવરની શોધમાં ચાલી. એક નાનું તળાવ તેને મળી ગયું. શૌચાદિથી નિવૃત્ત થઈ ફરી પોતાના સ્થાને આવી બેઠી. પણ પતંગસિંહ હજુ પાછો આવ્યો ન હતો. વિચારવા લાગી :

'મને એકલી મૂકી ભૂખ્યો રાજ ક્યાં ગયો ? મારે શું ? મારાં રત્નો તો મારી પાસે છે જ. એ તો ખાલી છે. કયાંક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મજૂરી કરશે .. પણ હું ? મારી પાસે ધન તો છે, પણ હું એકલી રહીશ કેવી રીતે ? એકલી સ્ત્રીને સમાજના વરુઓ કયાંય રહેવા નથી દેતા. મૂર્ખ પણ સારો, તેના હોવાથી કોઈ મને આંખ ઊંચી કરીને પણ જોઈ નથી શકતું. જરૂર આવશે. અત્યાર સુધી સાથ ન છોડયો તો હવે શું છોડશે ? ગમે તે હોય, પણ તેની સાથે હું કયારેય નહીં બોલું.'

આ પ્રમાણે રત્નમંજરી પતંગસિંહ ન આવવાથી ચિંતિત હતી. અહીં પતંગસિંહ પોતનપુરના બજારોમાં ફરી રહ્યો હતો. મહોરો તો તેની પાસે હતી જ. તેથી કપડાં વિગેરે ખરીદી લીધાં. એક શેઠનો પહેરવેશ લઈ લીધો-ધનવાન શેઠનો પહેરવેશ.

મૂલ્યવાન પાઘડી ખરીદી. બે કુંડળ લીધાં અને પહેરી લીધાં. પોતાનાં કુંડળ તો તેણે કંચનપુરના સૈનિકોને પ્રાણ-રક્ષાના બદલામાં આપી દીધાં હતાં. કુંડળ જ શું, બધાં જ આભૂષણ આપી દીધાં હતાં. હવે બધાં નવાં લીધાં અને પહેર્યાં. રેશમી ધોતિયું પહેર્યું, રેશમી જ અંગરખું પહેર્યું. ચમકતા જોડા પણ પહેરી લીધા. પતંગસિંહ યુવાન શેઠ બની ગયો. મનમાં ને મનમાં પોતાનું નામ પણ બદલ્યું : 'આ નગરમાં શેઠ પૂનમચન્દ્ર બનીને રહીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાજ સજી શેઠ પૂનમચન્દ્ર રૂપી પતંગસિંહ રત્નચોક પહોંચ્યો. ત્યાં નગરશેઠ ધનદત્તની રત્નોની લાંબી-પહોળી દુકાનો હતી. પતંગસિંહ દુકાનના આકર્ષણને જોવા લાગ્યો. તેને પોતાની દુકાન તરફ જોતો જોઇ તકિયાને આધારે બેઠેલા નગરશેઠ ધનદત્તે કહ્યું :

'આવો-આવો. શું લેશો ? આવો તો ખરા.'

દુકાનદાર આવી રીતે જ ગ્રાહકોને બોલાવે છે. પતંગસિંહ આવ્યો. શેઠે ફરી પૂછ્યું :

'શું કોઈ રત્ન બતાવું ?'

પતંગસિંહે કહ્યું :

'બીજું કંઈક જોઈએ છે. ખબર નહીં આ નગરમાં એ વસ્તુ મળશે અથવા નહીં મળે ?'

નગરશેઠના મુનિમે કહ્યું :

'અરે, તમે નગરની વાત કરો છો ? એવી કઈ વસ્તુ છે જે અમારા શેઠ પાસે ન મળે ? દરેક બજારમાં, દરેક વસ્તુની એમની દુકાનો છે. તમે કહો તો, શું જોઈએ છે ?'

પતંગસિંહે કહ્યું :

'મારે એવી વસ્તુ જોઈએ છે, જે દુકાનો પર વેચાતી નથી. તેથી કહેવું વ્યર્થ છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેથી નગરશેઠ થોડા ઉત્તેજિત થઈ ગયા. પતંસિહના કથનથી તેમના અહંકારને ઠેસ પહોંચી. તેથી નગરશેઠ ધનદત્તો ઉત્તેજિતથ ઈ કહ્યું :

'તમારે સમડીનું મૂત્ર જોઈશે તો એ પણ આપીશ. જો ન આપી શકું તો આજથી હું નગરશેઠ કહેવડાવવાનું છોડી દઈશ. નગરની પ્રતિષ્ઠા રાખવી એ મારું પહેલું કામ છે.'

પતંગસિહે કહ્યું :

'જો એમ જ વાત હોય તો મારે એક ભવન જોઈએ છે. ઓછામાં ઓછું ત્રણ માળનું હોય-લાંબુ-પહોળું. સાથે એક ભવન-વાટિકા પણ હોય. બોલો આપશો તમે ?'

સાંભળતાં જ ધનદત્ત વિચારમાં પડી ગયા. પતંગસિંહે ઉત્તેજિત કર્યા :

'બસ રહી ગઈ પ્રતિષ્ઠા નગરની ! સમડીનું મૂત્ર આપવા નીકળ્યા હતા.'

નગરશેઠે કહ્યું :

'આપીશ-આપીશ. તમને એક ભવન આપીશ. મારા માટે બનાવડાવ્યું હતું અને વેચવાનો વિચાર સ્વપ્નમાં પણ ન હતો. પણ આજની વાત જુદી છે. ચાલો, પહેલાં જોઈ લો....મુનિમજી ! આ શેઠજીને મારું નવું ભવન બતાવી આવો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહે કહ્યું :

'જોવાનું શું છે. જ્યારે તમે તમારા માટે બનાવડાવ્યું છે એટલે સારું જ હશે. તમે કિંમત કહો.'

નગરશેઠ ધનદત્તે કહ્યું :

'દોઢ લાખ સુવર્ણમુદ્રાઓ. ભવન ત્રણ માળનું છે. દરેક ખંડ પર એક ઝરુખો છે. વચ્ચેના માળે એક મોટો ખંડ પણ છે. પાછળ ભવન-વાટિકા છે. અનાર, અંજીરનાં ઝાડ પણ મેં લગાવડાવ્યાં છે. એમાં લીલું ઘાસ છે. બધાથી મોટી વાત તો એ છે કે નીચેના ભૂમિ ખંડમાં આઠ દુકાનો છે, જે બજારમાં પડે છે.'

પતંગસિંહે થોડી મહોરો ધનદત્તના હાથમાં મૂકી દીધી અને કહ્યું :

'આ બાનાની રકમ છે. બાકીનું ધન બપોરે મળી જશે. પરદેશી છું શેઠજી ! તેથી મારા માટે એકવીસ ગાડાંની વ્યવસ્થા પણ કરાવી દો. એમાં મહોરો ભરી લાવવી છે.'

ધનદત્ત શેઠે આશ્ચર્યથી પૂછયું :

'ભરીને લાવવી છે ! તો શું અહીં સુધી ગાડાં વિના જ લાવ્યા હતા ?'

પતંગસિંહ બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'એ વાતો પણ તમને સંભળાવી દઉં. સાંભળો શેઠજી ! વિરાટ નગરનો હું શેઠ પુનમચન્દ્ર છું. દુર દેશના વેપારથી હું એકવીસ ગાડાં મહોરો કમાયો હતો. પોતનપુર નજીકથી પસાર થતો હતો. ખબર પડી કે આગળ ડાકુ છે. બસ, મેં એકવીસ ગાડાં મહોરો અહીં દાટી દીધી.

'શેઠજી ! પચીસ વર્ષ પછી હું ફરી વેપાર માટે નીકળ્યો. શેઠાણી પણ સાથે હતી. મારો માલ લુંટાઈ ગયો. અમે બંને પગે ચાલીને જ અહીં આવી ગયાં. મને મારી મહોરો યાદ આવી ગઈ. હવે કાઢી લઈશ.'

શેઠ ધનદત્તો કહ્યું :

'ખોદી લો ભાઈ ! પુણ્યની કમાણી કયાંય નથી જતી. આમ તો કહેવાય છે કે પાપનું દાટેલું ધન કોલસો થઇ જાય છે.'

પતંગસિંહે કહ્યું :

'એ તો છે જ. મારી કમાણી પુણ્યની જ છે. મને તો મળશે.'

(અનુસંધાન કર્મ-કૌતુક-૩)



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્મ–કૌતુક–૩

ત્યાર પછી શેઠ ધનદત્તે પોતાનો એક સેવક પતંગસિંહની સાથે મોકલ્યો. તેની મદદથી પતંગસિંહે એકવીસ ગાડાં ભાડે લઈ લીધાં અને ખોદવા માટે જરૂરી મજૂર પણ લઈ લીધા. સાથે રત્નમંજરી અને પોતાના માટે મિષ્ટાન્ન પણ ખરીદી લીધાં. બધાને સાથે લઈ પતંગસિંહ ઉજ્જડ ઉદ્યાન તરફ ચાલવા લાગ્યો.

બધા પર કોદાળી લઈ મજૂર ગાડાં, એટલે બળદ–ગાડીઓ વિગેરે સાથે સજ્જ પતંગસિંહને જોઈ રત્નમંજરી દંગ રહી ગઈ. થોડીવાર તો તેને પોતાની આંખો પર વિશ્વાસ ન આવ્યો. પણ વિશ્વાસ તો કરવો જ પડયો, કારણ કે કાયમની જેમ કશું બોલ્યા વિના પતંગસિંહે મિઠાઈની પોટલી રત્નમંજરી સમક્ષ મૂકી દીધી અને પોતે મજૂરોને આદેશ આપવા લાગ્યો કે ત્યાં ખોદો. જે વાર્તા તેણે શેઠ ધનદત્તને સંભળાવી હતી, એ આ મજૂરોને પણ સંભળાવી હતી. બધા ચકિત હતા. એક મજૂર થોડો ચાલાક હતો, તેથી તેણે કહ્યું :

'શેઠજી ! જો એકવીસ જ ગાડાં નીકળે ત્યારે તો ધન તમારું જ હશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહ બોલ્યો :

'તો શું હું ગાંડો હતો, જેથી એકવીસ જ ગાડાં લઈ આવું ? અરે ભાઈ ! શું એ પણ બતાવી દઈશ કે કેટલા હાથ ઊંડી મુદ્રાઓ દાટેલી છે.'

પતંગસિંહે રાતે બોદ્યું હતું, તેથી તેને ઊંડાણ પણબબર હતું, તેથી બતાવી દીધું. બોદાવા લાગ્યું અને રત્નમંજરી આશ્ચર્ય-સાગરમાં ડૂબતી જતી હતી.

આ મૂર્ખ તો નથી, કોઈ કપટી છે. ત્યાં તો બોલ્યું સાંભળતો. અહીં મજૂરો સાથે કેવો પરસ્પર બોલી રહ્યો છે. પહોંચેલો પણ છે. પૂરો શેઠ છે. આજે તેનું રૂપ પણ ચમકી રહ્યું છે. હવે તો આની સાથે જ રહેવાનું છે. પણ તેનું તો નસીબ જાગી રહ્યું છે. પાસે પૈસા છે, તો લગ્ન તો કરી જ લેશે. કરી લે લગ્ન મારે શું ? મારા માટે તો હજુ પણ મૂર્ખરાજ છે. હું છેવટે રાજાની બેટી છું. હું એની સાથે બોલીશ ? કયારેય નહીં. હું મારી બોલ-ચાલ માટે એક નોકરાણી રાખી લઈશ. એ મારી વાત એને કહેશે અને એની મને.'

આ પ્રમાણે રત્નમંજરી પોતાના અને પતંગસિંહ વિશે વિચારતી હતી. તેણે મિઠાઈ પણ બાંધી. અહીં બનાબન મહોરો નીકળવા લાગી. એકવીસ ગાડીઓ ભરાઈ ગઈ. પતંગસિંહે મજૂરોને એટલી મજૂરી આપી, જેટલી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમને આજ સુધી મળી ન હતી અને મળવાની આશા પણ ન હતી.

બધાં કામ વ્યવસ્થિત થઈ ગયાં. પતંગસિંહે દોઢ લાખ મહોરો શેઠ ધનદત્તને આપી દીધી. ભવનનું તામ્ર-પત્ર લખાઈ ગયું. રત્નમંજરીને લઈ પતંગસિંહ ખરીદેલા ભવનમાં પહોંચ્યો. દસ–પંદર દિવસમાં દોડધામ કરી તેણે બધી વ્યવસ્થા કરી લીધી. આઠે દુકાનો ચાલવા લાગી. મુનીમ વિગેરે રાખી લીધા. ઘર માટે ગૃહસેવક રાખ્યા. રસોઈ માટે એક બ્રાહ્મણી રાખી લીધી. દૈનિક જરૂરિયાતનો બધો સામાન આવી ગયો. તેની સાથે જ પતંગસિંહે પોતાના ભવન પર 'શેઠ પૂનમચંદ્ર' આ નામનું પાટિયું લગાવડાવ્યું.

આજુબાજુના લોકો જાણી ગયા કે અમારા નગરમાં કોઈ શેઠ પૂનમચંદ્ર રહેવા લાગ્યા છે. પતંગસિંહ હવે શેઠ પૂનમચંદ્રના રૂપમાં જ પ્રસિદ્ધિ મેળવવા લાગ્યો.

પણ એણે હજુ આખું પોતનપુર જોયું ન હતું. પતંગસિંહ હજુ સુધી અહીંના રાજા વજ્રનાભને પણ મળ્યો ન હતો. એ ઈચ્છતો હતો કે કોઈ એવા ચમત્કારીક ઢંગથી રાજાને મળવામાં આવે કે એ પણ કશું સમજે. તેથી રાજાને મળવાની એ કોઇ યુક્તિ વિચારતો હતો.

પતંગસિંહના જીવનનો આ એક બીજો વળાંક હતો. તેને જીવવાનો એક રસ્તો થઈ ગયો. રત્નમંજરી અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેનામાં બોલ-ચાલ ન હતી. બોલ્યા વિના જ કામ ચાલી રહ્યું હતું. રત્નમંજરી હજુ પણ પોતાના માનગજ પર સવાર હતી.

[૯]

રાજાને પ્રભાવિત કરવાની પતંગસિંહે એક યુક્તિ વિચારી લીધી. આખું પોતનપુર ઊંઘતું હતું. અડધી રાત ઉપર પસાર થઈ ગઈ. પહેરેગીરો જાગતા હતા. રસ્તા, ચોરા અને ગલીઓમાં નગર-પ્રહરી અને રાજભવન પર રાજપ્રહરી સજાગ-સાવધાન હતા. થોડો પણ અવાજ સાંભળી કૂતરાં પણ ભસી ઉઠતાં હતાં.

પતંગસિંહે શિયાલજૂનની છાલમાંથી બનેલી પાઘડીના માપની ટોપી પહેરી અને અદૃશ્ય થઈ ગયો. ઊડનકામળા પર બેસી તેને આદેશ આપ્યો, 'જ્યાં રાજા વજ્રનાભ ઊંઘી રહ્યા છે, ત્યાં તેમના ઓરડામાં પહોંચાડી દો.' પતંગસિંહ પહોંચી ગયો. તેણે બધાને જોયા અને તેને કોઈ જોતું ન હતું કારણ કે ટોપીના પ્રભાવથી એ અદૃશ્ય હતો.

પતંગસિંહે ઊંઘતા રાજા વજ્રનાભનો હાર ચૂપચાપ ઊતારી લીધો. માથા પાસે મૂકેલો મુગુટ અને બગલમાં રાખેલી તલવાર ઊઠાવી. ત્રણે વસ્તુઓ લઈ પોતાના ભવને આવ્યો, હાર, તલવાર અને મુગુટ તેણે પોતાના ભવનની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહાર ત્રીજા માળે એવી રીતે લટકાવી દીધાં કે રસ્તા પરથી પસાર થતા લોકો જોઇ શકે–આપોઆપ જ તેમની દૃષ્ટિ તેના પર પડી જાય. આ બધું કરી શેઠ પૂનમચન્દ્ર રૂપી પતંગસિંહ પૂર્વવત્ સૂઈ ગયો.

સવાર પડયું તો નગરમાં ધમાલ મચી ગઈ. રાજાને ત્યાં ચોરી થઈ, દરેક જગ્યાએ એની ચર્ચા થતી હતી. રાજા વજ્રનાભ દુઃખી હતા. તેમણે મંત્રીને કહ્યું કે અણધારી ચોરી થઈ છે. જાણે કોઈ દેવ અથવા વિદ્યાધરે કરી છે. મંત્રીએ કહ્યું :

'રાજન ! આ જ રહસ્ય બતાવવા હું તમારી પાસે આવી રહ્યો હતો. ચોર કોઇ દેવ અથવા વિદ્યાધર નથી, પરંતુ કોઈ શેઠ પૂનમચન્દ્ર છે. નગરના લોકોએ તેના ભવન પર લટકતી આ ત્રણે વસ્તુઓ જોઈ છે. શેઠ પૂનમચન્દ્ર કયાંક બહારથી આવીને રહેવા લાગ્યા છે.'

રાજા વજ્રનાભે મંત્રી અમિતવાહનને કહ્યું :

'આપણા નગરમાં રહેવાની અનુમતિ પણ એ ચોર શેઠે ન લીધી ? જરૂર એ કોઈ વિદ્યા જાણતો હશે. પકડીને લઈ આવો.'

થોડા સૈનિકોને લઈ મંત્રી પતંગસિંહની હવેલી પર પહોંચ્યા. રાજાની ત્રણે વસ્તુ તેમણે પણ લટકતી જોઈ લીધી. પતંગસિંહના પ્રહરીને કહી મંત્રી પતંગસિંહના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઓરડામાં પહોંચી ગયા અને તેના આવવાની પ્રતીક્ષા કરવા લાગ્યો. અહીં પતંગસિંહે અદૃશ્ય કરનાર ટોપી પહેરી અને અદૃશ્ય થઇ બોલ્યો–

'મંત્રી ! હું શેઠ પૂનમચન્દ્રના વશમાં રહેનાર વૈતાળ છું. જો તમે તમારું અને તમારા રાજાનું ભલું ઇચ્છતા હો તો તમારા સૈનિકોને પાછા મોકલી દો. હું મારા સ્વામી શેઠની આજ્ઞાથી રોકાયો છું, નહીંતર થોડી જ ક્ષણોમાં નગરને ભસ્મ કરી નાખીશ.'

'હમણાં જ.' કહી મંત્રી ઉઠયા અને બધા સૈનિકો પાછા મોકલી દીધા. પાછા આવ્યા તો પતંગસિંહ ઓરડામાં બેઠો હતો. પતંગસિંહે મંત્રીનું સ્વાગત કર્યું અને કહ્યું :

'આ વૈતાળ બહુ જ શક્તિશાળી છે. એ જ રાજાની ત્રણે વસ્તુઓ લાવ્યો હશે. તમે લઈ જાઓ. મારી પાસે શું બોટ છે. હવે તેને કહી દઈશ કે રાજાનાં તથા તમારા મોટાં-મોટાં કામ કરે.'

મંત્રી પતંગસિંહની શક્તિ અને તેના વ્યવહારથી પ્રભાવિત થયા. ઘણો સમય બેઠા અને વાતો કરતા રહ્યા. પછી રાજાની ત્રણે વસ્તુ લઈ તેમની પાસે આવ્યા અને શેઠ પૂનમચન્દ્રની વાતો તેમને પણ કહી. એ પણ પ્રભાવિત થયા અને પતંગસિંહને જાતે મળવા આવ્યા તથા કહ્યું–

'અમે ધન્ય છીએ, જેથી તમારા જેવા શેઠ અમારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નગરમાં આવ્યા. આજથી રાજ્યસભામાં તમારું આગળ સ્થાન છે. તમે રાજ્ય સભાની શોભા વધારો. તમારા વશમાં વૈતાળ છે. તેનાથી અમે પણ વધારે શક્તિશાળી થઈ ગયા.'

રાજાને પ્રભાવિત કરવા માટે પતંગસિંહે શેખી પણ મારી–

'રાજન ! હું તમારી પ્રજા છું અને વૈતાળ મારો સેવક. તેથી હું તમને વચન આપું છું કે તમારાં બધા અશક્ય શક્ય મુશ્કેલ–મહામુશ્કેલ કાર્ય હું મારા વૈતાળ પાસે કરાવીશ.'

બસ, હવે પતંગસિંહનું માન વધી ગયું. પોતનપુર નગરમા કોણ એવું હતું જે શેઠ પૂનમચન્દ્રના રૂપમાં પતંગસિંહને ન જાણતું હોય. દરેક બાળક પણ તેને ઓળખી ગયાં. હવે તે દરરોજ રાજસભામાં જતો હતો. રત્નમંજરી પણ હવે ઢીલી પડી ગઈ. હવે એ પતંગસિંહને સમર્પિત થઈ ગઈ. પરંતુ ઘણાનુ સ્થાન રોષે લઈ લીધું. એ વિચારવા લાગી–

'મૂર્ખ થઈ એમણે મને ઠગી કેમ ? પોતાના વ્યક્તિત્વ પર પડદો કેમ નાખ્યો ? હું તો એમની જ છું પણ હવે ત્યારે બોલીશ, જ્યારે પહેલાં એ મને બોલાવશે. જોઉં છું કયાં સુધી નહીં બોલે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહના ઘરમાં ખાવા બનાવવા માટે જે બ્રાહ્મણી આવતી હતી, એ પણ આ જોઈ ચકિત હતી કે શેઠ-શેઠાણીની જોડી તો ઈન્દ્ર ઈન્દ્રાણી જેવી છે, પણ એ એક બીજા સાથે બોલતાં કેમ નથી ? તેણે એક દિવસ સાહસ કરી શેઠ પૂનમચન્દ્ર રૂપી પતંગસિંહને પૂછયું તો તેણે ગુસ્સાના અવાજમાં કહ્યું કે તમારું કામ કર્યા કરો, અમારી ઘરની વાતો સાથે તમારે શું મતલબ ?

બ્રાહ્મણી આ ઉદ્ધત જવાબથી ચૂપ થઈ ગઈ. છતાં પણ રહેવાયું નહીં તો રત્નમંજરીને પૂછી લીધું કે તમે શેઠજી સાથે બોલતાં કેમ નથી ? રત્નમંજરીએ તો બ્રાહ્મણી-ને એવી ધમકાવી કે બિચારી રડી પડી.

રસોઇ બનાવી બ્રાહ્મણી સીધી કાલૂ હજ્જમના ઘરે ગઈ. તેણે વિચાર્યું કે શેઠ-શેઠાણીના ભલાની વાત એમને પૂછતી હતી. પરંતુ બંનેએ મારું અપમાન કર્યું. હું પણ એમનો બદલો લઇશ. આવો નિશ્ચય કરી. તેણે કાલૂ હજ્જમને કહ્યું-

'કાલૂ! પૂનમચન્દ્ર શેઠની શેઠાણી રત્નમંજરી રતિ કરતાં પણ ચડિયાતી છે. એ બંને વચ્ચે અણબનાવ છે. તું રાજાને કહે કે એ તેને પોતાના અંતઃપુરમાં લાવે. તું આ કામ કરાવી શકે છે. જે પણ પુરસ્કાર તને આપે, તેમાંથી અડધો ભાગ મારો રહેશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ બધું સાંભળી કાલૂ બહુ ખુશ થયો. તેને રાજા પાસેથી ધન પડાવવાની તક મળી ગઈ. તેણે બ્રાહ્મણીને આશ્વાસન આપ્યું કે તને પણ અડધો જ આપીશ. બ્રાહ્મણી પોતાના ઘરે ગઈ.

કાલૂ નાઈ ધૂર્તતાની સાક્ષાત મૂર્તિ, ચાલાક અને કપટી હતો. હતો તો હજામ, પણ રાજા તેને બહુ માનતા હતા. તેને શું, તેની વાતો માનતા હતા. કાલૂ નાઈ રાજાની દુર્બળતા જાણતો હતો, એટલે એ તેમનો રહસ્ય મંત્રી હતો. રાજ્યની સમસ્યાઓ જો મંત્રી અમિતવાહન હલ કરતા હતા, તો ઘણી દુર્બળતાજન્ય સમસ્યાઓ કાલૂ નાઈ હલ કરતો હતો. રાજા તેને દરેક વખતે ઈનામ પણ આપતા હતા.

કાલૂ નાઈ રોક-ટોક વિના રાજા પાસે જઈ શકતો હતો. રાતે એ રાજા વજ્રનાભ પાસે પહોંચ્યો અને બોલ્યો:

'હે મહારાજા ! જો કાગડા પાસે હંસિણી રહે તો તમે શું કરશો ?'

રાજાએ કહ્યું :

'કાગડાને મારી હંસિણી હંસને આપી દઈશ એ યોગ્ય પણ છે.'

'સ્વામી ! રત્નમંજરી નામની હંસિણી શેઠ પુનમચન્દ્ર રૂપી કાગડા પાસે છે. એ તેની સાથે બોલતી પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નથી. તમે નરરાજ છો, તેથી હંસ છો. એટલે રત્નમંજરી જેવું રત્ન તમારા અંત:પુરમાં હોવું જોઈએ.'

રાજા ઉઠીને બેસી ગયા અને કહ્યું :

'એમ વાત છે ! તો પછી બતાવ કે હું કાગડાને કેવી રીતે મારું અને હંસિણીને કેવી રીતે લાવું ? જો એ કાગડો અસાધારણ કાગડો હોત તો હું મારી પણ નાખત. એ શેઠના વશમાં કોઈ વેતાળ છે.'

કાલૂએ કહ્યું :

'રાજન ! શક્તિને યુક્તિથી ઘટાડી શકાય છે. તમે કાલે જ તેની પાસે દીર્ઘાકાર અણવિંધ્યા મોતી મંગાવો. એ ભટકી–ભટકી મરી જશે, પણ મોતી લાવી નહીં શકે. જો પાછો પણ આવશે તો બળી–બળીને મરી જશે. કારણ રત્નમંજરી તમારા ભવનમા હશે.'

રાજા વજ્રનાભને કાલૂ નાઈની યુક્તિ પસંદ પડી. એ ફરી સૂઈ ગયા અને કાલૂ તેમના પગ દબાવતો રહ્યો.

ઘણી રાત પસાર થઇ, પછી એ પોતાના ઘરે પાછો ગયો. બીજા દિવસે દરબારમાં રાજાએ દીર્ઘાકાર અણવિંધ્યા મોતીઓ લાવી આપવાની વાત કહી પણ કોઈ તૈયાર ન થયું. ત્યારે રાજાએ પતંગસિંહને કહ્યું :

'શેઠ પુનમચન્દ્ર ! તમારા વશમા વેતાળ છે, તમે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મને વચન પણ આપ્યું હતું, કે મારાં કઠણ કાર્ય પણ તમારાં વેતાળ પાસે કરાવશો. તેથી ભાઈ ! અણ–વિંધ્યાં દ્રઢીકાર મોતી તમે જ લાવી શકો તેમ છો. તમારા જ ભરોસે હું મારી રાણીને વચન આપી બેઠો.'

પતંગસિંહ મૂંજવણમાં પડી ગયો. કયાં હતો. વેતાળ ? વેતાળની શેખી મારી એ પસ્તાઈ રહ્યો હતો.. પરંતુ ભરી સભામા પોતાની આબરુ ખૂલ્લી કેવી રીતે. કરે ? શું કરું, એ પતંગસિંહ વિચારી રહ્યો હતો.

રાજાના ષડયંત્રથી અજાણ્યા સરળ સ્વભાવી ધર્મ–નિષ્ઠ મંત્રીએ પણ પતંગસિંહને કહ્યું :

'શેઠજી ! કયા વિચારમા પડી ગયા ? અણવિંધ્યાં મોતી મંગાવવા શું તમારા માટે મુશ્કેલ છે ?'

'જે થશે તે જોયું જશે.' એમ વિચારી પતંગસિંહે. રાજા વજ્રનાભને કહ્યું :

'રાજન્ ! મોતી હું જરૂર લાવીશ. પણ એક તો: મને એક મહિનાનો સમય જોઈશે- બીજું એક લાખ. પ્રતિદિનના હિસાબથી ત્રીસ લાખ સુવર્ણમુદ્રાઓ લઈશ.'

રાજાએ કહ્યું :

'તમે મોતીતો લાવો. મુદ્રાઓ પણ મળી જશે. મને તમારી બંને શરત મંજૂર છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સભા વિસર્જન થઈ. પતંગસિંહ ઘરે આવ્યો. રાતે પોતાના ઊડણ-કામળા પર બેઠો, અદૃશ્ય કરનાર ટોપી પહેરી અને ઊડણ-કામળાને આદેશ આપ્યો કે જ્યાં અણવિંધ્યાં દીર્ઘાકાર મોતી મળે છે, મને સાગરના એ તટ પર પહોંચાડી દે.'

પતંગસિંહ યથાસમય સાગર-તટ પહોંચી ગયો. ત્યાં તેણે એક ચમત્કાર જોયો. સાગર-તટ પર એક મનોરમ ઉદ્યાનમાં ભવન છે અને ભવનની બહાર ઝાડ નીચે એક અનુપમ સુંદરી બેઠી છે. પોતાની જિજ્ઞાસા દૂર કરવા માટે પતંગસિંહ તેની પાસે પહોંચ્યો. બંને એક-બીજા પ્રત્યે આકર્ષિત થઈ ગયાં.

'અહીં એકલી કેમ રહે છે? તું કોણ છે?'

આ પ્રશ્નો પતંગસિંહે તે સુંદરીને પૂછ્યા તો સુંદરીએ કહ્યું-

'મારું નામ મુક્તાવતી છે. વિદ્યાધર-પુત્રી છું. એમ ચાર બહેનો છીએ અમારા વિદ્યાધર-પિતાને અમારા લગ્નની ચિંતા થઈ તો એક જ્ઞાની મુનિએ કહ્યું કે મુક્તાવતીને સાગર-તટ પર મોકલી દો. ત્યાં તેનો પતિ આવશે. ત્યારથી હું અહીં રહું છું હવે મારી સાથે લગ્ન કરો. તમે જ મારા અને મારી બહેનોના પ્રાણનાથ છો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહે કહ્યું :

'ભલું થાય રાજા વજ્રનાભનું, જે તેમણે અણવિંધ્યાં મોતી મંગાવ્યાં. નહીંતર તું કેવી રીતે મળત ? પરંતુ મારું પહેલું કામ અણવિંધ્યાં મોતી પ્રાપ્ત કરવાનું છે, ત્યાર પછી તારી સાથે અને તારી બહેનો સાથે લગ્ન કરવાનું.'

મુક્તાવતી બોલી :

'પ્રાણેશ્વર ! મુક્તાવતી સાથે રહેવાથી તમે મોતી-ઓની ચિંતા ન કરો. મારી કાયા જ મોતીઓની બનેલી છે. જ્યારે જેટલાં મોતી તમે ઇચ્છશો મળી જશે.'

પતંગસિંહ આશ્વસ્ત થયો વિદ્યાધરી મુક્તાવતી સાથે તેણે ગાંધર્વ લગ્ન કર્યાં. અને તેના વિમાનમાં બેસી પોતનપુરના ઉદ્યાનમાં પહોંચ્યો. ત્યાં વિમાન ઉતર્યું, કારણ કે નગરના બીજા લોકો પણ જોઈ લે.

બધાએ પતંગસિંહને જોયો. રાજા વજ્રનાભ પાસે પણ ખબર પહોંચી ગઇ કે શેઠ પૂનમચન્દ્ર આવી ગયા છે. રત્નમંજરીએ પણ સાંભળ્યું કે મારા નટખટ સ્વામી એક શોક લઈ આવ્યા છે. આ વખતે તેણે નિશ્ચય કરી લીધો કે તેમની સાથે જરૂર બોલીશ. એ ઉદ્યાનમાં પહોંચી. મુક્તાવતી એકલી બેઠી હતી. પતંગસિંહ થોડે દૂર ટહેલી રહ્યો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રત્નમંજરીએ મુક્તાવતીને પોતાનો પરિચય આપ્યો. મુક્તાવતીએ મોટી બહેનનું સન્માન કર્યું. ત્યારે પતંગસિંહ આવી ગયો, પણ રત્નમંજરીનું સાહસ તેની સાથે બોલવાનું ન થયું. તેનાં કેટલાંય કારણો હતાં–મનની ગ્લાનિ અને આંખપ તો હતી જ. એક કારણ બીજું થઈ ગયું. રત્નમંજરીએ વિચાર્યું–

'પ્રતીક્ષામાં નારી મોટી હોય છે. હું પહેલા બોલીશ તો નારીની દૃઢતાને કલંક લાગશે. જ્યારે એ પુરુષ હોવા છતાં પહેલાં નથી બોલતા, તો હું નારી થઈ કેમ બોલું ?'

આ વખતે પણ બોલ–ચાલ ન થઈ. ત્રણે રથમાં બેસી ભવન પર આવ્યાં. વિમાનને નાનું કરી રથમાં જ મૂકી દીધું હતું. બ્રાહ્મણી પૂર્વવત્ ભોજન બનાવવા આવતી જ હતી. મુક્તાવતીનો ભેદ જોઈ એ હેરાન થઈ ગઈ. તેણે કાલૂ નાઈને ફરી કહ્યું–

'કાલૂ ! હવે તો બે થઈ ગઈ. શેઠ પૂનમચન્દ્ર એક બીજી લઈ આવ્યા. એ મોતી પણ લઈ આવ્યા હશે.'

કાલૂ બોલ્યો–

'તું ચિંતા કેમ કરે છે પંડિતાણી ? એ તો વધારે સારું થઈ ગયું. આપણા રાજા એકની જગ્યાએ બે પ્રાપ્ત કરશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાલૂએ ફરી રાજાના કાન ભંભેર્યા. રાજા પણ ખુશ થઇ ગયા. તેમણે પતંગસિંહને સમાચાર મોકલ્યા કે મોતી લઇ આવો. પતંગસિંહે જવાબ મોકલાવ્યો કે એક મહિનાની અવધિ વિતવામાં હજુ કેટલાક દિવસો બાકી છે. નિશ્ચિત દિવસે જ આવીશ.

કાલૂએ ફરી રાજાના કાન ભંભેર્યા. રાજા પણ ખુશ થઇ ગયા. તેમણે પતંગસિંહને સમાચાર મોકલ્યા કે મોતી લઇ આવો. પતંગસિંહે જવાબ મોકલાવ્યો કે એક મહિનાની અવધિ વિતવામા હજુ કેટલાક દિવસો બાકી છે. નિશ્ચિત દિવસે જ આવીશ.

અહીં કોઇક રીતે મંત્રી અમિતવાહનને રાજા અને કાલૂ નાઇના ષડયંત્રની ખબર પડી ગઇ. એ પતંગસિંહ પાસે પહોંચ્યા અને કહ્યું :

'શેઠજી ! રાજાની દાનત સારી નથી. મને હમણાં હમણાં ખબર પડી કે કાલૂ નાઇની વાતમાં આવી રાજા તમને મારી નાખી તમારી પત્નીઓ લેવા ઇચ્છે છે. એ પહેલા ઉપાયમા નિષ્ફળ થયા. તમને સાવધાન કરવા આવ્યો છું.'

પતંગસિંહે કહ્યું :

'મંત્રીવર ! તમે ભલા માણસ છો. હું તમારો આભારી છું પણ એટલું કહું છું કે રાજા છેલ્લે પસ્તાશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંત્રી પતંગસિંહ પાસેથી ઊઠીને ગયા, ત્યાં જ બ્રાહ્મણી પતંગસિંહ પાસે આવી કહેવા લાગી–

'શેઠજી ! શું મારું બનાવેલું ખાવાનું તમને પસંદ નથી ? તમે બીજી કોઈ તો રાખશો. મારામાં શું ખોટ છે. નવી શેઠાણી મુક્તાવતીએ મને છૂટી કરી દીધી છે. કહે છે–હવે અમારે તમારી જરૂર નથી.'

પતંગસિંહે મુક્તાવતીને બોલાવી તેને પૂછયું :

'પ્રિયે ! આ પંડિતાણીને કેમ છૂટી કરી ? કોણ બનાવશે રસોઈ ?'

મુક્તાવતી બોલી :

'સ્વામી ! પત્નીનું કર્તવ્ય છે કે એ ભલે રાણી હોય પોતાના પતિ માટે જાતે જ ખાવાનું બનાવે. રાણીઓ પોતાના રાજા માટે બને છે. અમે બે છીએ તો શું તમારા માટે ભોજન નથી બનાવી શકતી ?'

પતંગસિંહે પોતની લાચારી બતાવી બ્રાહ્મણીને આપી દીધો. બ્રાહ્મણી રડવા જેવી થઈને કાલૂ નાઈ પાસે પહોંચી અને બોલી–

'એ નવીએ તો મને છૂટી જ કરી દીધી. પહેલીએ ધમકાવી અને બીજીએ નોકરીમાથી કાઢી મૂકી.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાલુ બોલ્યો–

'બંને પાસેથી તારો બદલો લઈ લઈશ. આ વખતે એવી યોજના બનાવીશ કે શેઠ પૂનમચન્દ્રનો નાશ અને બંને શેઠાણીઓ રાજાના ઘરમાં. ત્યારે તો રાજા મોં માગ્યું ઈનામ આપશે. પછી તો તારે પોતાના માટે પણ નોકરાણીઓ રાખવી પડશે. આપણા બંનેના દિવસો બદલાઈ જશે.'

બ્રાહ્મણીને દિલાસો મળી ગયો. અહીં મહિનાની મુદત પણ પૂરી થઈ ગઈ. રાજાના સેવક પતંગસિંહને બોલાવવા આવ્યા. પતંગસિંહે મુક્તાવતીને કહ્યું :

'હવે લાવ મોતી. નહીં તો વાત બગડી જશે.'

મુક્તાવતી બોલી :

'તમે થોડાં ફૂલ લાવી આપો. હું મોતી આપું છું.'

પતંગસિંહ થોડાં ફૂલ લઈ આવ્યો, મુક્તાવતીએ ફૂલ પાણીમાં નાખ્યાં અને પોતાના હાથથી ઉઠાવ્યાં. એમાંથી જે છાંટા પડ્યા, એ મોતી બની ગયાં. દીર્ઘાકાર અને અણવિંધ્યાં મોતી લઈ પતંગસિંહ રાજસભામાં પહોંચ્યો અને રાજાને મોતી આપ્યાં. રાજાએ દેખાવ માટે પતંગસિંહના બળ પરાક્રમની પ્રશંસા કરી, પણ મનમાં ચિડાઈ ગયા. તેમને ત્રીસ લાખ સુવર્ણમુદ્રાઓ પણ પતંગસિંહને આપવી પડી.

હવે પતંગસિંહ પૂર્વવત્ રાજસભામાં જવા લાગ્યો–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજસભા અને નગરમાં તેનું માન પણ વધી ગયું. હવે તેના જીવનમાં એક સરસતા પણ આવી ગઈ હતી, કારણકે સુખ–દુઃખ સાંભળનાર મુક્તાવતી તેને મળી ગઈ હતી. તે છતાં પણ એ બ્રહ્મચર્યવ્રતનું પાલન જ કરતો હતો. એણે નિશ્ચય કર્યો હતો કે જ્યાં સુધી રત્નમંજરી સાથે તેના પિતાની રજાથી વિધિપૂર્વક લગ્ન નહીં કરું, ત્યાં સુધી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ. ચરિત્રવીર એવું જ કરે છે અને પતંગસિંહ દયાવીર, યુદ્ધવીર, ધર્મવીર હોવાની સાથે–સાથે ચરિત્રવીર પણ હતો.

[૧૦]

રાજા વજ્રનાભે કાલુને બોલાવ્યો. કાલુ હજામે તેમને નમીને અભિવાદન કર્યું અને પગ દબાવવા લાગ્યો. રાજાએ વાત કાઢી–

'કાલુ ! સાંભળ્યું છે બીજી પહેલીથી પણ સુંદર છે. ભાઈ કાલુ ! પૂનમશેઠ બહુ ભાગ્યશાળી છે.'

કાલુએ ચાપલૂસી કરતાં કહ્યું :

'ભાગ્યશાળી એ નહીં, તમે છો શ્રીમહારાજ ! તમારાં ભાગ્યથી બે થઇ ગઈ. હવે બંને સ્ત્રી તમારી થશે.'

રાજા ઊઠીને બેસી ગયા અને પગ સંકોચીને બોલ્યા :

'પણ કેવી રીતે ? જે અણવિંધ્યાં મોતી સહેલાઈથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લઈ આવ્યો, એ શું સહજમાં મરશે ?'

કાલુએ વિશ્વાસ સાથે કહ્યું–

'આ વખતે એ જરૂર મરશે. અણવિંધ્યાં લાલ એ નહીં લાવી શકે. આ વખતે એ મંગાવો.'

રાજાને કાલુએ યુક્તિ બતાવી દીધી. પછી બીજી પણ વાતો થતી રહી. કાલુએ એ પણ જણાવ્યું કે પૂનમશેઠની બીજી પત્ની મુક્તાવતીએ ભોજન બનાવનાર બ્રાહ્મણીને છૂટી કરી દીધી. રાજાએ તેને આશ્વાસન આપ્યું :

'કાલુ ! બ્રાહ્મણીને કાલથી તું અમારી પાઠશાળામાં મોકલી દે. ત્યાં તો કેટલીય બાવાનું બનાવનાર છે. એ બધાની દેખરેખ રાખશે, અને હા, તું પણ કંઈક લે.'

આમ કહી રાજાએ પોતાના ગળાનો હાર તેને આપી દીધો. કાલુએ હાર માથે લગાવી રાખી દીધો. પછી એ પોતાના ઘરે ગયો. સવાર પડ્યું. બીજા દિવસે રાજસભા ભરાઈ. પતંગસિંહ રોજની જેમ રાજસભામાં આવ્યો. રાજાએ તેને કહ્યું :

શેઠ પૂનમચન્દ્ર ! મોતી તમે લઈ આવ્યા, તેના ધન્યવાદ હું તમને વારંવાર આપું છું. તમારા કારણે મારી બધી ઇચ્છાઓ પૂરી થશે, એવો વિશ્વાસ હવે મને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થઈ ગયો છે. તેથી આ વખતે બીજાં અણવિંધ્યાં લાલ લાવી આપો. લાવવાનાં તો તમારે જ છે, કારણ કે આવું અશકય કામ બીજું કોઈ કરી શકે તેમ નથી. બોલો, કેટલો રસ્તા-ખર્ચ જોઇએ ?'

પતંગસિંહે બે મહિનાનો સમય અને પૂર્વવત્ એક લાખ મુદ્રાઓ પ્રતિદિનના હિસાબથી માગી. રાજાએ બંને શરત ફરી સ્વીકારી લીધી. રાજસભા વિસર્જન થયા પછી પતંગસિંહ ઘરે આવ્યો અને મુક્તાવતીને કહ્યું :

'પ્રિયે ! રાજા ચાલ પર ચાલ ચાલી રહ્યા છે. પહેલાં તો હું અજાણ્યો હતો. તેથી તેમની ચાલનું શુભ પરિણામ એ આવ્યું કે તું મળી ગઈ. પણ હવે શું થશે ? આ વખતે તેમણે લાલ મંગાવ્યાં છે-અણવિંધ્યાં લાલ. કયાં મળશે ? કેવી રીતે લાવીશ ?'

મુક્તાવતી બોલી :

'પહેલાં મોતી લેવા ગયા તો હું મુક્તાવતી મળી. આ વખતે લાલ લેવા જશો તો મારી સગી બહેન લીલાવતી મળશે. હા, હું સાચું જ કહી રહી છું. લાલ દ્વીપમાં મારી બહેન લીલાવતી રહે છે. જેમ હું મુકતા બનાવું છું, તેમ જ એના મોંઢામાંથી લાલ ઝરે છે. મારી વીંટી તો તમારી પાસે છે જ, તમે મારો પત્ર પણ લઇ જાઓ. બંને કામ કરીને આવો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહ પોતાના ઉડણ-કામળા પર બેસી લાલ-દ્વીપ પર પહોંચી ગયો. લીલાવતીએ મુક્તાવતીની વીંટી અને તેનો પત્ર જોઈ કહ્યું–

'જંઘાચારી મુનિની વાત અસત્ય કેવી રીતે હોય? હું પણ તમારી પ્રતીક્ષા કરી રહી હતી. અમે ચારે બહેનોના પતિ તમે જ છો. અમે બીજી બે છીએ. સમય આવતાં એ પણ તમારા ચરણોની દાસી બનશે.'

પતંગસિંહે લીલાવતી સાથે પણ ગાંધર્વ લગ્ન કર્યાં અને તેને લઈ પોતનપુર આવ્યો. બંને બહેનો મળી. આ ભગિની-મિલનમાં રત્નમંજરી પણ સામેલ થઈ. એ બંનેએ તેને પોતાની મોટી બહેન જ માની.

બે મહિના પૂરા થયા ત્યાં સુધી પતંગસિંહ ઘરે જ રહ્યો. એક દિવસ એ ત્રણેની વચ્ચે બેસી ગપશપ કરતો હતો. મુકતાવતી અને લીલાવતી પતંગસિંહ સાથે વિનોદ-વાર્તા કરી રહી હતી અને રત્નમંજરી ચૂપચાપ બેઠી હતી. તેને કંઈ કહેવું હોય તો મુકતાવતીની આડ લઈ કોઇ વાત કહી દેતી. આ ક્રમમાં પતંગસિંહે એક એવી હસવાની વાત કહી કે ત્રણે હસતાં-હસતાં લોટ-પોટ થઇ ગઈ અને લીલાવતી હસી તો તેના મોંઢામાંથી લાલ ઝરવા લાગ્યાં. મુક્તાવતીએ કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'સ્વામી ! જ્યારે મારી બહેન લીલાવતી હસે છે, તો તેના મોંઢામાંથી આવાં જ લાલ ઝરે છે. તેને વીણી લો.'

પતંગસિંહે કહ્યું :

'મારી ચિંતા દૂર થઈ. કાલે જ તો બીજા મહિનાનો છેલ્લો દિવસ છે. પરમ દિવસે રાજા પાસે લઈ જઈશ.'

પતંગસિંહ લાલ લઈ રાજા પાસે પહોંચ્યો. રાજાએ લાલ લીધાં અને પોતાની ખુશી વ્યક્ત કરી. પણ તેમણે સભામાં બેઠેલા કાલુને લાલ આંખોથી જોયો. કાલુ સમજી ગયો કે રાજા હવે છોડશે નહીં. તેથી એ સભામાંથી ચુપચાપ ખસી ગયો અને સીધો પોતાના ગુરુ અધોમુખ શર્મા પાસે પહોંચ્યો.

એક ધૂર્તના ગુરુને જેવા હોવું જોઈએ, અધોમુખ શર્મા પણ એવા જ અકારણ જ બીજાને દુઃખ આપવાની કળામાં અગ્રણી હતા. કાલુએ તેમને આદ્યોપાન્ત બધી ઘટના સંભળાવી અને કહ્યું :

'ગુરુદેવ ! હવે તો તમે જ મારા પ્રાણ બચાવી શકો છો. તમે તો જાણો જ છો કે રાજા થોડી વારમાં અનુકૂળમાંથી પ્રતિકૂળ થઈ જાય છે. મારી બધી યોજનાઓ નિષ્ફળ થઈ ગઈ. આ વખતે એ લાલ લઈ આવ્યો.'

અધોમુખ શર્માએ કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હજુ તો હું જીવતો છું. તું ગભરાય છે કેમ? જ્યારે ચેલાથી કામ ન થાય તો ગુરુ બતાવે છે. ચાલ, મને રાજા પાસે લઈ ચાલ.'

કાલુ અને અધોમુખ-બંને રાજા વજ્રનાભને મળવા ગયા. કાલુને આ વખતે ખબર ન હતી કે પૂનમચન્દ્ર લાલ સાથે ત્રીજી રતિ લીલાવતીને પણ લઇ આવ્યો. કારણ કે ભેદ આપનાર બ્રાહ્મણી પતંગસિંહને ત્યાંથી છૂટી થઈ ગઈ હતી.

બંને પહોંચ્યા. રાજા કાલુને કશું કહે ત્યાં અધોમુખ શર્માએ રાજાને આશિષ આપતાં કહ્યું :

'રાજન્! તમે કાલુ પર જરા પણ ગુસ્સો ન કરો. વિલંબથી થશે તો સારું થશે. આવું તો થઈ જ નથી શકતું કે જે કામ શિષ્યલુ કા ન કરી શકયો, એ મારાથી પણ ન થાય. એક અને એક અગિયાર થાય છે. હવે અમે બંને તમારી સાથે છીએ. રત્નમંજરી અને મુક્તાવતી બંને તમારી થશે.'

રાજાએ પ્રસન્ન થતાં કહ્યું :

'તો મારું પણ સાંભળો. સફળતા મળતાં જ હું કાલુને તો મહામંત્રી બનાવીશ. અમિતવાહનને છૂટો કરવાનો છે અને તમને રાજપુરોહિત બનાવીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અધોમુખે ચપટી વગાડતાં કહ્યું :

'સફળતા તો મળી સમજો પૃથ્વીનાથ ! આ વખતે શેઠ પૂનમચન્દ્રને કયાંય મોકલવાના નથી. વારંવાર મોકલવાથી તેમને શંકા આવી જશે. આ વખતે તમો એને સપરિવાર ભોજનનું આમંત્રણ આપો. આ બહાને તમે તેની પત્નીઓ પણ જોઈ લેશો. એ પણ એક રાજની રાણી બનવામાં પોતાનું સૌભાગ્ય સમજશે. કયાં શેઠ અને કયાં તમે રાજા ! ત્યાર પછી જ મારી ચાલ જોજો કે પૂનમચંદ્ર કેવા સાફ થઈ જાય છે.'

રાજા વજ્રનાભને અધોમુખ શર્માની યોજના ગમી ગઈ. બીજા દિવસે જ તેમણે રાજસભામાં પતંગસિંહને કહ્યું :

'શેઠ પૂનમચન્દ્ર ! તમે મારી બે દુર્બળ ઈચ્છાઓ પૂરી કરી. આ ખુશીમાં હું તમને ભોજનનું આમંત્રણ આપવા માગું છું. તમે સપરિવાર પધારો. કાલે જ આવજો.

આ સાંભળી પતંગસિંહે વિચાર્યું :

'વાસ્તવમાં મારી પાસે કોઇ વેતાળ છે જ નહી. એની દાનત સારી નથી. શું ખબર પોતાના ઘરે બોલાવી મને કેદ પણ કરી લે. નીતિ એમ કહે છે કે શત્રુ જો મિત્રનુ આવરણ પહેરી લે તો એના ઘરે કયારેય ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જઈએ. તેથી હું પણ એને મારા ઘરે બોલાવું.'

આમ વિચારી પતંગસિંહે કહ્યું :

'રાજન્! જો તમે મારી કુટિર પર પધારો તો મારી કુટિર ધન્ય થઈ જશે. સેવક તો સ્વામીના ઘરે જાય છે. જો સ્વામી સેવકને ઘેર જાય તો એ ધન્ય થઈ જાય છે. આઠ દિવસ પછી તમે તમારા સચિવો સાથે મારા ઘરે પધારો.'

રાજાએ સહર્ષ સ્વીકૃતિ આપતાં કહ્યું :

'તો શું થયું ? અમે જ આવીશું. મળીશું-બેસીને વાતો કરીશું. સારું રહેશે.'

રાજાએ વિચાર્યું :

'આ વધારે સારું રહેશે. તેના ઘરે જઈશ તો તેની પત્નીઓ જ પીરસશે. ત્યારે તેમને સારી રીતે જોઈ શકીશ. પોતાને ત્યાં સારી રીતે જોઇ પણ ન શકત.'

રાજાને આમંત્રણ આપી પતંગસિંહ ઘરે પહોંચ્યો અને મુકતાવતી તથા લીલાવતીને બધી વાતો કહી. મુકતાવતી બોલી :

'તમે જાણી-બુઝીને સંકટ લઈ રહ્યા છો. શું જરૂર છે કે આપણે અહીં રહીએ ? બહેન રત્નમંજરી કહી રહી હતી કે આપણે બધાં વસંતપુર જઈ એ. ત્યાં તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના પિતા નરસિંહનું રાજ્ય છે. અમે તેમની પુત્રીઓ થઈ. એ તો અમારા પ્રત્યે સારો ભાવ રાખશે જ.'

પતંગસિંહ બોલ્યો :

'વસંતપુરમાં કોઈના પિતાનું રાજ્ય હશે. પણ મારા સસરાનું તો નથી ને ?'

લીલાવતીએ રત્નમંજરી તરફ જોતાં કહ્યું :

'એ તમારા સસરા નથી તો કોઈની પુત્રીને ખાલી જ રાખી છે ? તમે આટલા નિષ્ઠુર કેમ છો સ્વામી ?'

પતંગસિંહે કહ્યું :

'જેની પુત્રી છે, તેને તેના પિતા પાસે એક દિવસ પહોંચાડી દઈશ. સમય આવવા દો. પ્રિયે ! આમ ડરીને તો હું પોતનપુરમાંથી જઈશ નહીં. મને માત્ર શેઠ જ ન સમજો, જોઉં તો ખરો વજ્રનાભ કેટલી ચાલ ચાલે છે. તેની ચાલોનો અંત કરીને જ જઈશ હવે તો ભોજન આપવાનું જ છે.'

મુક્તાવતી બોલી :

'અમારા ત્રણેનો પૂરો સાથ છે. તમે ભોજન આપો. હજુ તો આઠ દિવસ છે. ત્યાં સુધી તમે અમારા માટે આઠ દેશોના જુદા-જુદા સ્ત્રીઓના પોશાક લઈ આવો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહે આ વ્યવસ્થા પણ કરી દીધી. ભોજનનો દિવસ આવ્યો. રાજા વજ્રનાભ, મંત્રી અમિતવાહન અને પતંગસિંહ સાથે બેઠા. બીજા મંત્રીઓ પણ હતા. રાજા વજ્રનાભ કાલુ નાઈ અને અધોમુખ શર્માને પણ સાથે લઈ ગયા હતા. પતંગસિંહની ત્રણે પત્નીઓ વેશ બદલી-બદલી આવાનું પીરસી જતી. કયારેક કોઈ પંજાબણની વેશભૂષામાં આવતી, કોઈ કાશ્મીરી બાળા બની આવતી. કયારેક મારવાડી વેશ પહેરી, તો કયારેક શૌરસેન દેશ (વ્રજ)ની ગુર્જરી થઇ જતી.

રાજા વજ્રનાભ દંગ રહી ગયા. ભોજનની સમાપ્તી પછી રાજાએ નાઈ-બ્રાહ્મણ-બંનેને એકાંતમાં કહ્યું :

'તમે તો બે જ કહેતા હતા, તેને તો આઠ છે. આઠે એક એકથી ચડિયાતી છે.'

અધોમુખ બોલ્યા :

'જેમ-જેમ તેની પત્નીઓ વધતી જાય છે. તમારું ભાગ્ય પણ વધતું જાય છે. આ માટે મેં તમને ભોજનની યુક્તિ બતાવી હતી. મારી વાત માની, ત્યારે તો તમને આ રહસ્ય ખબર પડયું કે બે નહીં આઠ છે.'

રાજાએ કહ્યું :

'રહસ્ય તો મળી ગયું. પણ આ કયારે મળશે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અધોમુખે કહ્યું :

'ધીરજનાં ફળ મીઠાં હોય છે. દહીં ધીમે ધીમે જામે છે. મેળવણ નાખતાં જ કેવી રીતે જામી જશે ?'

હજુ કંઈક આગળ વાત ચાલત ત્યાં જ આ ત્રણેની ગોષ્ઠીમાં પતંગસિંહ આવ્યો અને પાનનું બીડું રાજાની સામે મૂકતાં બોલ્યો :

'રાજન્ ! ભોજન કેવું રહ્યું ? કંઈ કસર રહી હોય તો માફ કરજો.'

રાજાએ બનાવટ કરતાં કહ્યું :

'કેવી વાત કરો છો શેઠ ! ભોજન એવું હતું કે હું તો આંગળીઓ જ ચાટતો રહ્યો. મને થાય છે વારંવાર આવું. હવે તો રજા આપો.'

પતંગસિંહે કહ્યું :

'અત્યારે કેમ ? સંગીતનો પણ થોડો કાર્યક્રમ છે. મારી પત્નીઓ સારું ગાય છે.'

આ સાંભળતાં જ રાજાના મોઢામાં પાણી આવી ગયું. તેમણે વિચાર્યું કે હવે વધારે સારી રીતે જોવાની તક મળશે. પરંતુ તેમની આ ઇચ્છા પર પાણી ફરી વળ્યું, જ્યારે પતંગસિંહની પત્નીઓ પડદામાં બેઠી. એનાં બે કારણ હતાં. એક તો એ કે ત્રણની જગ્યાએ એક સાથે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આઠ કયાંથી બેસે ? બીજું એ કે પતંગસિંહ રાજાને વધારે તડપાવવા માગતો હતો. પડદાની આડમાં રત્નમંજરીએ વીણા પર એક ગીત ગાયું. તેના બોલ હતા :

સખી, બોલે ન સજના હમારા ॥
સોચ જિયા મેં મોહિ આલી,
કલહ ન ભઈ તકરારા
બોલે ન સજના હમારા ॥

આ પ્રમાણે રત્નમંજરીએ ગીતના માધ્યમથી પોતાના મનની વ્યથા પતંગસિંહને સંભળાવી. પતંગસિંહ સમજી ગયો કે રત્નમંજરીનું માન ગળતું જઈ રહ્યું છે. પણ હજુ કસર બાકી છે. જે પ્રમાણે પત્નીઓ પતિથી રિસાય છે. એમ જ જો એ પણ માન કરે તો હું તેને મનાવું. પણ અહીં તો વાત જ બીજી છે. શું નારી જ પ્રતીક્ષા કરવાનું જાણે છે ? પુરુષ નથી કરી શકતો ? એની પ્રતીક્ષા એક દિવસ તૂટશે અને એ જ બોલશે.

અહીં રાજાએ રત્નમંજરીનું ગીત સાંભળ્યું તો ભાવ–વિભોર થઈ ગયા. તેમનો કામાવેશ વધારે ઉદ્દીપ્ત થઈ ગયો. તેમણે પતંગસિંહ પાસેથી વિદાય લીધી અને સચિવો સહિત રાજભવનમાં આવ્યા. પોતાના એકાંત ઓરડામાં બેસી વિચારવા લાગ્યા :

'બધાથી પહેલાં તો આની વાત ચાલી હતી. તેના અને શેઠ વચ્ચે બોલચાલ નથી. એ પોતાના શેઠથી દુઃખી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. એને તો હું પટરાણી બનાવીશ. બાકીની સાતેને રાણીઓ માત્ર. આ ભોજનથી તો આગ વધારે ભડકી ગઇ. જલ્દી જ તેને પોતાના અંતઃપુરમાં સામેલ કરી લઉં, ત્યારે ચેન પડશે.'

આ પ્રમાણે રાજા કલ્પના-સાગરમાં ડૂબી ગયા અને આગળની યોજના માટે કાલુ તથા અધોમુખ શર્માની પ્રતીક્ષા કરવા લાગ્યા. રાજા જાણતા જ હતા કે બંને પોતાની જાતે જ આવશે એટલે તેમને તેઓને બોલાવી મંગાવવાની જરૂર ન લાગી.

[૧૧]

અધોમુખ શર્મા અને કાલુ નાઈ આવ્યા તો રાજાએ અધોમુખને કહ્યું :

'કામ પણ થઇ ગયું. મને લાગે છે કે શેઠ પૂનમ-ચન્દ્રની આઠે પત્નીઓ મારી થઇ જશે તન-મનથી મારી. પણ તમે આ કાંટાને તો દૂર કરો.'

'અન્નદાતા ! એક પંથ દો કાજ વાળી યુક્તિ કાલુની હતી.'

'એટલે ?' રાજાએ પૂછયું.

અધોમુખે કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'એટલે–એ કે પૂનમચન્દ્ર પાસે લોક દુર્લભ વસ્તુઓ મંગાવતા રહો. એને લાવવામાં જ એ કોઈ વાર મરશે અને જ્યાં સુધી નહીં મરે, ત્યાં સુધી તમને લોક–દુર્લભ વસ્તુઓ લાવીને આપતો રહેશે.

'રાજન્! એને મારવાનો તો છેલ્લે છે. હવે તમે એની પાસે બીજી બે વસ્તુ મંગાવો. એક જ્યોતિનગ હીરો અને બીજો ઐરાવત હાથી.

'બંને વિષે સાંભળો. જ્યોતિ એટલે પ્રકાશ અને નગ એટલે પહાડ, જ્યોતિનગ એટલે કે પ્રકાશનો પહાડ. આ હીરો આકારમાં બહુ મોટો છે. એની વાર્તા સાંભળવામાં આવે છે, કોઈએ જોયો નથી. આ લાવવામાં શેઠ પૂનમચન્દ્ર ન મરે તો એ શું ઓછું છે કે જ્યોતિનગ હીરો લઈ આવે. હીરો લઈ આવે તો સારું અને લાવવામાં મરી જાય તો પણ સારું.

'રાજન્! ત્યાર પછી તેની પાસે ઐરાવત હાથી મંગાવો. ઐરાવત હાથી દેવેન્દ્રનો હાથી છે, આ શ્વેતકાય હાથી છે. પરંતુ એક ધરતીનો ઐરાવત પણ છે. આ શ્વેતકાય હાથી કદલી વનમાં સાઇઠ હજાર હાથીઓનો સ્વામી છે. કદલીવનના હાથી માનવભક્ષી છે. એ તેને ખાઇ જશે. જો એ નહીં મરે અને ઐરાવત હાથી લઈ આવશે તો પણ સારું. કારણ કે તમારી ગજશાળામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઐરાવત હશે. પછી છેલ્લે હું તેને મારી નાખીશ. ત્યારે તમે બહુ ખુશ થશો અને વિચારશો કે આટલી દુર્લભ વસ્તુઓ પણ પ્રાપ્ત કરી લીધી અને મારી પણ નાખ્યો. જો પહેલાં જ મરી જાય તો આ વસ્તુઓ મુકતા લાલ, હીરો અને ઐરાવત કેવી રીતે મળે ?

'રાજન્ ! તેની પાસે આ બે વસ્તુઓ મંગાવ્યા પછી પૂનમચન્દ્રને મારવાની સફળ યુક્તિ બતાવીશ. એ મરશે, મરશે અને મરશે અને તેની આઠે પત્નીઓ તમારી બનશે.'

અધોમુખની આટલી વ્યાખ્યાથી રાજા વજ્રનાભ ખુશ-ખુશ થઈ ગયા અને બોલ્યા :

'વિપ્રવર ! જેમ-જેમ તમે કહેશો, હું કરતો જઈશ. મારે તો કેરી ખાવા સાથે મતલબ છે. કાલે હું તેને જ્યોતિનગ હીરો લેવા મોકલીશ.'

દરરોજની જેમ રાજા વજ્રનાભનો દરબાર ભરાયો. પતંગસિંહ આવ્યો. રાજાએ તેને કહ્યું :

'શેઠ પૂનમચન્દ્ર ! તમે મારી બધી ઈચ્છાઓ પૂરી કરશો. બસ, હવે થોડી બીજી ઈચ્છાઓ પૂરી કરવી છે. પહેલાં જ્યોતિનગ હીરો લાવી આપો. પછી યથાક્રમ પ્રમાણે કહીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહે મંજૂરી આપી દીધી. અત્યાર સુધી એ નેવું લાખ સુવર્ણમુદ્રાઓ લઈ ચૂકયો હતો. હવે નેવું લાખ બીજી લેવાની વાત કહી, કારણકે હીરો લાવવાનો ત્રણ મહિનાનો સમય માગ્યો હતો. બધું તૈયાર કરી પતંગસિંહ ઘરે આવ્યો અને મુક્તાવતીને જ્યોતિનગ હીરો લાવવાની વાત કરી. મુકતાવતી બોલી :

'સમય આવી ગયો છે કે તમે મારી બહેન હીરાવતીને પણ લઈ આવો. એ જ્યોતિનગ હીરાની સ્વામીની છે. ક્રમે–ક્રમે તમારે અમે ચાર બહેનોના સ્વામી બનવાનું છે. મારો અને લીલાવતીનો ભેગો પત્ર લઈ તમે વિદ્યાધર–લોક જાઓ અને હીરો તથા હીરાવતી બંનેને લઈ આવો.'

બસ, હવે શું વાર હતી ? ઊડણ–કામળા પર બેસી પતંગસિંહ વિદ્યાધર લોક પહોંચ્યો. હીરાવતી તેને મળી. તેણે પોતાની બહેનનાં પત્ર વાંચ્યા અને બોલી :

સ્વામી ! સમય પહેલાં કોઇ કામ થતું નથી. મુનિ મહારાજે જે સમય બતાવ્યો હતો, તમે એ માસ અને એ તિથિએ આવ્યા છો. રાજા વજ્રનાભ અમારા લગ્નના નિમિત્ત બની રહ્યા છે. તેમના બહાને મારી નાની બહેન ગજવતીને લાવશો. હવે હું તમારી છું.'

આમ કહી હીરાવતીએ પતંગસિંહના ગળામાં વર-

 P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માળા નાખી દીધી. બંનેનાં લગ્ન થઈ ગયાં. જ્યોતિનગ હીરો અને વિદ્યાધર-પુત્રી હીરાવતીને લઇ પતંગસિંહ પોતનપુર આવી ગયો. યથા સમય ત્રણ મહિના પસાર થયા. પતંગસિંહે રાજાને જ્યોતિનગ હીરો આપ્યો અને નેવું લાખ સુવર્ણમુદ્રાઓ પ્રાપ્ત કરી લીધી.

હવે પતંગસિંહને ચાર પત્નીઓ હતી. પહેલી લગ્ન વિનાની રત્નમંજરી હતી, બીજી હતી વિદ્યાધર પુત્રી મુક્તાવતી, બાકીની બે તેની સગી બહેનો લીલાવતી અને હીરાવતી હતી. રાજા વજ્રનાભને એ ભ્રમ હતો કે તેને આઠ છે.

હીરો પ્રાપ્ત કર્યા પછી રાજાને ઇચ્છા થઈ કે હાથમાં આવ્યો છે તો તેની પાસે ધરતીનો ઐરાવત પણ માગવો જોઈએ. અથવા તો ગાડી આ પાર કે પેલે પાર. કાં તો કદલીવનમા હાથી તેને મારી જ નાખશે અને જો નૈતાળની સહાયતાથી બચી પણ ગયો તો ઐરાવત તો લાવશે જ. પરંતુ ત્યાર પછી તેની પાસે કશું નથી માગવું. પછી તો તેને મારી જ નાખવો છે.

વિચાર કર્યા પછી રાજાએ બીજા જ દિવસે ઐરાવત હાથીની માગણી પણ મૂકી. પતંગસિંહે તેનું પણ આશ્વાસન આપ્યું. ચાર મહિનાનો સમય અને પૂર્વવત્ દરેક દિવસે લાખ મુદ્રાઓનું મહેનતાણું. પતંગસિંહ ઘરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવ્યો. પોતાની બધી પત્નીઓને ઐરાવત હાથીની વાત કહી સંભળાવી. મુક્તાવતી બોલી :

'બસ, આ બહાને તમે અમારી બહેન ગજવતીને પણ લઈ આવો. અમે ચારેય એક વૃક્ષની લતાઓ થઈ જઈશું. પાંચમી રત્નમંજરી તો છે જ. પછી આ નગર જ છોડી દઈશું.'

પતંગસિંહ બોલ્યો :

'નગર તો છોડીશ પણ ફૂલકુમારીને સાથે લઈ છોડીશ. રાજાના આટલા દાવ છે, તો એક મારો પણ રહેશે.'

લીલાવતીએ કહ્યું :

'હાય રામ ! અમારા પાંચથી તમારું મન નહીં ભરાય ! પુરુષોની તૃપ્તિ ક્યારેય નથી હોતી. દ્રૌપદીને પાંચ પાંચ પતિ હતા અને હાથની આંગળીઓની જેમ અમે તમારી પાંચ છીએ.'

હીરાવતી બોલી :

'પાંચની સંખ્યા શુભ હોય છે સ્વામી ! પાંચ ઈન્દ્રિયોની જેમ અમે પાંચ છીએ.'

પતંગસિંહ હસ્યો. મનમાં થયું કે કહી દઉં, તમારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બધાથી પહેલી કમલાવતી પણ છે, જે જનકપુરમાં બેઠી છે. છ તો તમે અત્યારે છો. ફૂલકુમારી સહિત સાત થશો. પણ પતંગસિંહે છુપાવ્યું. હજુ એ શેઠ પૂનમચન્દ્ર જ બની રહેવા માગતો હતો. તેથી થોડું ફેરવીને કહ્યું–

'મારું ભાગ્ય જ એવું છે કે રાજકુમારી મળી જ જાય છે.'

ઈશારો રત્નમંજરી તરફ હતો. આ સાંભળી રત્નમંજરી શરમાઈ ગઈ. પતંસિંહે ફરી કહ્યું :

'ફૂલકુમારી રાજા વજ્રનાભની પુત્રી છે. રાજા પાસેથી બદલો લેવા તેને પ્રાપ્ત કરવી છે.'

મુક્તાવતીએ પૂછયું :

'તો શું ફૂલકુમારીની ઈચ્છા વિના ? જો ફૂલકુમારી ન ઈચ્છે તો ?'

પતંગસિંહ બોલ્યો :

'તમારા કોઈની સાથે મેં તમારી ઈચ્છા વિના લગ્ન કર્યાં છે ? બોલો, કર્યાં છે ?'

બધી હસવા લાગી અને રત્નમંજરી તરફ જોવા લાગી. આ વ્યંગ તેની તરફ હતો, કારણ કે એ હજુ સુધી કુંવારી જ હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રસંગ વધતો જતો હતો. પતંગસિંહ મૂળ વિષય પર આવ્યો અને બોલ્યો :

'તો પછી તમે ભેગાં મળી ગજવતીને પત્ર લખી આપો. હું કદલીવન રાતે જતો રહીશ.'

મુક્તાવતી વિગેરેએ મળી પત્ર ગજવતી માટે લખી આપ્યો અને પત્ર લઈ પતંગસિંહ ઉડણ–કામળા પર બેસી પતંગની જેમ આકાશમાં ઊડી ગયો.

યથાસમય પતંસિહ કદલીવન પહોંચી ગયો. બહુ વિકટ વન હતું. અંધારું જ અંધારું. દિવસે પણ રાત હતી. કદલીવનમાં, જેવું કે તેનું નામ હતું, કેળો વધારે હતી. લીલાં–લીલાં મોટાં અને ચીકણાં લાંઢડાંવાળી કેળ કદલીવનનો વિસ્તાર પણ ચોજનો સુધી હતો. પતંગસિંહ આટલા મોટા વનમાં ગજવતીને કેવી રીતે શોધે ? સૌથી વધારે ડર તો તેને માનવભક્ષી હાથીઓનો હતો.

પતંગસિંહે એક ક્ષણ વિચાર કર્યો. પછી શિરાલજૂનની છાલમાંથી બનાવેલી પગડીનુમા ટોપી પહેરી અને અદૃશ્ય થઈ ગયો અને ઉડણકામળા પર બેઠાં–બેઠાં જ તેને આદેશ આપ્યો–આ કદલીવનમાં ગજવતી જ્યાં પણ હોય, મને તેની પાસે પહોંચાડી દે.'

કામળો પતંગસિંહને લઈ આકાશમાં ઊંચે ઊડી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust
શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર

ગયો અને એક સ્થાન પર ધીરે-ધીરે નીચે ઊતરવા લાગ્યો. પતંગસિંહે ઉપરથી જ કદલીમંડપમાં બેઠેલી ગજવતીને જોઈ લીધી. પછી તો એ તેની પાસે જ આવી ગયો.

પતંગસિંહે જોયું, એક મનોરમ કદલીમંડપ છે. લતાઓનું આચ્છાદન પણ છે. ખાવા-પીવાની સાથે જ વ્યવસ્થા છે. ગજવતી વન-પથારી પર બેઠી છે. ચાર હાથી તેની સેવામાં ઊભા હતા. બે ચમર ઢોળતા હતા. ગજવતી હાથ પર હડપચી રાખી બેઠી હતી.

અદૃશ્ય રહીને જ પતંગસિંહે મુક્તાવતી, લીલાવતી અને હીરાવતીના હાથનો લખેલો પત્ર ગજવતીની સામે નાખ્યો. ગજવતી પત્ર લઈ વાંચવા લાગી અને ચકિત-હર્ષિત થઈ બોલી :

'કયાં છે મારા પ્રાણેશ્વર ? પત્ર લાવી છુપાઈ કેમ ગયા ? હું તો તમારી જ પ્રતીક્ષા કરતી હતી.'

અદૃશ્ય રૂપમાં જ પતંગસિંહે કહ્યું :

'પહેલાં આ માનવ-ભક્ષી હાથીઓને આદેશ આપ કે એ મારા પર આક્રમણ ન કરે.'

ગજવતીએ પોતાની પાસે ઊભેલા ચાર હાથીઓને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તમે લોકો અહીંથી જાઓ. હું મારા સાજનને મળીશ. અને હા, મારા પિતા ઐરાવત હાથીને પણ શોધી લાવો.'

ગજવતીનો આદેશ મળતાં જ ચારે હાથી ત્યાંથી જતા રહ્યા. પછી પતંગસિંહ પ્રગટ થયો. તેને જોતાં જ ગજવતીએ તેના ગળામાં હાથ નાખી દીધા.

પતંગસિંહે કહ્યું :

'આ શું ? પહેલાં લગ્ન કરવાનાં છે ?'

ગજવતીએ હસીને કહ્યું :

'એ તો વરણ કર્યું છે. વરમાળાના રૂપમાં બાહુમાળા નાખી તમારું વરણ કર્યું છે, સ્વામી !'

ગજવતીના ચાતુર્ય પર પતંગસિંહ પણ હસી પડ્યો. પછી બંનેએ વિધિ પ્રમાણે ગાંધર્વ લગ્ન કર્યાં. હૃદયનું સમર્પણ અને મનની સ્વીકૃતિ જ ગાંધર્વ લગ્નની વિધિ છે, તેથી તે વિધિ થઇ. પછી ગજવતીએ એક હાથીને બૂમ પાડી. બંને તેના પર બેસી સરોવર પર ગયાં અને સ્નાન કરી પાછાં ફર્યાં.

પતંગસિંહની કેટલીક રાતો કદલીવનમાં ગજવતીની સાથે જ પસાર થઈ. ઐરાવત બહુ દૂર ગયો હતો. એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિવસ એ પણ આવી ગયો. પતંગસિંહે બધી વાત ઐરાવતને કહી અને કહ્યું :

'તમારે પણ મારી સાથે આવવાનું છે, તાત !'

ઐરાવતે સ્વીકૃતિ આપી. એક દિવસ ગજવતી સાથે ઐરાવત પર બેસી પતંગસિંહે કદલીવનથી પોતનપુર જવા પ્રસ્થાન કર્યું. સાથે બે હજાર હાથી અને ગજમુક્તા પણ પતંગસિંહને મળ્યાં.

પતંગસિંહ બે મહિના પહેલાં જ પોતનપુરમાં પહોંચી ગયો. રાજા વજ્રનાભે સાંભળ્યું કે ઐરાવત લઈ શેઠ પૂનમ-ચન્દ્ર આવી ગયા. જ્યારે મુદત પૂરી થઈ તો પતંગસિંહે ઐરાવત હાથી બે હજાર હાથીઓ સાથે રાજા વજ્રનાભને સોંપી દીધો. ઐરાવત દર્શનીય હાથી હતો. ઐરાવત હિમ-શિખર જેવો ધવલ-સફેદ હતો. ઇન્દ્રના ઐરાવતની જેમ તેને સાત સૂંઢ ન હતી, પણ દાંત સામાન્ય હાથીઓથી બે ગણા હતા, એટલે કે બે-બે દાંત બંને તરફ હતા.

ગજવતીને પ્રાપ્ત કરી મુક્તાવતી સહિત બધી પ્રસન્ન હતી. રત્નમંજરી સહિત હવે તેને પાંચ પત્નીઓ હતી. રાજા વજ્રનાભનો પણ હવે ઠાઠ થઈ ગયો હતો. ઐરાવત જેવો અસાધારણ હાથી અને બે હજાર હાથી વધારાના મળ્યા. અણવિંધ્યાં દીર્ઘાકાર મોતી, અણવિંધ્યાં જ લોક-દુર્લભ લાલ અને જ્યોતિનગ હીરા. રાજા વજ્રનાભે ઘણું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બધું પ્રાપ્ત કરી લીધું હતું, પણ હજુ પૂનમચન્દ્ર શેઠ રૂપી પતંગસિંહની પત્નીઓ ન મળી. તેમણે અધોમુખ શર્માને કહ્યું :

'હવે મારે શેઠ પૂનમચન્દ્ર પાસે કશું નથી માગવું. હવે કયાંય મોકલવાની વાત ન કરશો. હવે તો કોઈ એવી યુક્તિ બતાવો કે એ મરી જ જાય.'

અધોમુખ બોલ્યા :

'પૃથ્વીનાથ ! આ વખતની યુક્તિ છેલ્લી યુક્તિ હશે. હવે પૂનમચન્દ્ર બચી નહીં શકે. જો આ વખતે તમારી આંખોની સામે જ તેને યમલોક ન પહોંચાડું તો તમે અમે બંને ગુરુ-શિષ્યને પ્રાણદંડ આપજો.'

રાજાએ કહ્યું :

'બસ, તો હવે વાર શું કામ ? જલ્દી યુક્તિ બતાવો.'

અધોમુખ બોલ્યો :

'પૃથ્વીનાથ ! આજે મને વિચારવાનો અવસર આપો. કાલે હું સફળ યોજના લઈ તમારી પાસે આવીશ. મારી પાસે યુક્તિઓનો ભંડાર છે.'

આમ કહી અધોમુખ શર્મા અને કાલુ નાઈ પોત-પોતાને ઘરે જતા રહ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અધોમુખ શર્મા અને કાલુ નાઈ–બંને ગુરુ–શિષ્ય જ્યારે રાજા વજ્રનાભ પાસે આવ્યા, તો બહુ ખુશ દેખાતા હતા. રાજાએ કહ્યું:

'વિપ્રવર! આજે તો લાગે છે કે શત પ્રતિશત સફળ યુક્તિ વિચારીને આવ્યા છો. મારાથી હવે પ્રતીક્ષા નથી થતી. હવે તો પૂનમચન્દ્રને મારી જ નાખો.'

અધોમુખ બોલ્યો:

'આ વખતે તો એ તમારી સામે જ મરશે, તમે તેને તમારી આંખોની સામે ચિતામાં બળતો જોશો.'

રાજાએ પૂછ્યું:

'એ કેવી રીતે? એ તો મહાબલી છે.'

અધોમુખે પોતાની યોજના વિસ્તારથી સમજાવી દીધી. સાંભળી–સમજ્યા પછી રાજા બહુ પ્રસન્ન થયા. બીજા દિવસે રાજસભામાં તેમણે પતંગસિંહને કહ્યું:

'શેઠજી! તમારે કારણે મારી પાસે લોક–દુર્લભ વસ્તુઓ આવી ગઈ. બધી વસ્તુઓ અદ્વિતીય છે. હવે મારું એક બીજું કામ કરવાનું છે. એ કામ જ્યારે થઈ જશે તો આગળની પેઢીઓ કહ્યા કરશે કે પોતનપુરમાં એક એવા રાજા પણ થયા હતા, જેણે પોતાની કન્યાના લગ્નમાં અસંભવ કાર્ય કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'શેઠજી ! એક ઉદાહરણ મૂકવા માગું છું, મારી પુત્રી ફૂલકુમારીનાં લગ્ન કરવાં છે. હું ઇચ્છું છું કે તેના લગ્નમાં મારા પૂર્વજ પણ પરલોકથી અહીં આવે. સાથે જ સાક્ષાત યમરાજ પણ અહીં પધારે. તમે મારું આમંત્રણ મારા પૂર્વજો અને યમરાજ પાસે પહોંચાડી આવો. બોલો,, કયારે જશો ?'

પતંગસિંહ તો કશું ન બોલ્યો. મહામંત્રી અમિતવાહનથી ન રહેવાયું. તેમણે કહ્યું:

'પૃથ્વીનાથ ! અપરાધ ક્ષમા કરો. તમારું અને તમારાથી પહેલાં રાજ્યનું ભલું જોવું મારું કર્તવ્ય છે અને ફરજ પણ. તેથી નિવેદન કરું છું કે શેઠ પૂનમચન્દ્રના પ્રાણ ન લો, મૃત્યુ પામ્યા વિના આજ સુધી કોણ યમલોક ગયું છે ? શું તમે એમને મારવા માગો છો?'

રાજાએ મંત્રી પ્રત્યે પોતાનો રોષ છુપાવતાં કહ્યું: 'એ અસાધારણ પુરુષ છે, મારું આ કામ એમને કરવાનું જ છે.'

હવે પતંગસિંહ પોતાના આસન પરથી ઊઠયો અને બોલ્યો :

'રાજન ! હું કાલે જ યમલોક જઈશ. તમને વિશ્વાસ આવે એ માટે તમે નગરની બહાર એક વિશાળ ચિતા તૈયાર કરાવો' તેથી ચિતામાં હું મારું ભૌતિક શરીર તમારી સામે બાળી હું યમલોક જઈશ અને તમારો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંદેશો યમરાજને પહોંચાડીશ. પરંતુ એનો વાયદો કરતો નથી કે યમરાજ તમારે ત્યાં આવે અથવા ન આવે. એ એમની ઇચ્છા છે. મારું કામ તો તમારો સંદેશો તેમને કહેવાનું છે.'

રાજાએ કહ્યું:

'જરૂર-જરૂર' તમારે તો બસ મારો સંદેશો પહોંચાડવાનો છે. પરંતુ મને ભરોંસો છે કે એ જરૂર આવશે.'

આ નિર્ણયથી આખી રાજસભા સ્તબ્ધ થઈ ગઈ હતી. આ અસંભવિત કામ કેવી રીતે થશે? બધા લોકો મનમાં ને મનમાં રાજાની નિંદા કરતા હતા. બધા એ પણ જાણી ગયા કે દેવતા જેવા ભલા શેઠ પૂનમચન્દ્રને રાજા અકારણ જ મારવા ઇચ્છે છે. તે છતાં પણ પતંગસિંહ ખુશ હતો, એણે જાણે શું વિચાર્યું હતું ?

યથાદિવસે એક મોટા મેદાનમાં ચિતા તૈયાર કરી. બહુ ઊંચી ચિતા હતી. હજારો નર-નારી ભેગાં થયાં. હતાં. બધાં દુઃખી હતાં. રાજા વજ્રનાભ, કાલુ નાઈ અને અધોમુખ શર્મા એ ત્રણે ખુશ હતા. પાપી લોકો પહેલાં સુખી અને પછીથી દુઃખી થાય છે. એવા જ આ ત્રણે પણ હતા. રાજા પતંગસિંહની પત્નીઓને પ્રાપ્ત કરવાની મૂઢ આશાને કારણે પ્રસન્ન હતો. કાલુ નાઇ મંત્રી બનવાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કલ્પનાથી સુખી હતો અને અધોમુખ રાજપુરોહિત બનવાની ઈચ્છાથી ખુશ થતો હતો.

બધાની આંખો સામે પતંગસિંહ ચિતા પર બેઠો. તે બેસતાં જ બધા ત્રાહિ–ત્રાહિ કરવા લાગ્યા. જ્યારે ચિતામાં આગ લગાડવામાં આવી તો અનેક લોકો જોર જોરથી રડવા લાગ્યા. બધાના જોતાં–જોતાં જ પૂનમચન્દ્ર શેઠ રૂપી પતંગસિંહ ભસ્મ થઈ ગયો. સ્ત્રી—પુરુષો બહુ રડયાં.

કાલૂ નાઈ એ રાજાને કહ્યું :

'શ્રી મહારાજ ! હવે તો કાંટો નીકળી ગયો. આજે નહીં તો કાલે તમે શેઠની પત્નીઓને અહીં લઇ આવો. એ વિધવાઓનો તો તમે જ સહારો છો.'

અધોમુખે કહ્યું :

'હા મહારાજ ! હું પણ રાજપુરોહિત બનવા માટે બેચેન છું.'

'રાજાએ બંનેને કહ્યું :

'બેચેન તો હું પણ ઓછો નથી. પણ દેખાવ માટે તેર દિવસ તો પસાર કરવાના જ છે. ઉતાવળ કરીશ તો પ્રજા વિદ્રોહ કરશે. તેથી તેર દિવસ સુધી તમે પણ પ્રતિક્ષા કરો. હું અમિતવાહનને દૂર કરી કાલુ મંત્રી અને વિપ્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અધોમુખને રાજપુરોહિત બહુ ઉત્સાહ સાથે બનાવીશ.'

આ પ્રમાણે એ પ્રસંગ ટળી ગયો. આમ તો પતંગસિંહે યમલોકથી પાછા ફરવાની અવધિ છ મહિનાની માગી હતી. પણ રાજા વિચારતા હતા કે યમલોકથી પાછો જ કોણ આવશે ? મારી સામે બળી મરી પૂનમચન્દ્ર હવે ક્યાં પાછો આવશે ? છ મહિનાની પ્રતીક્ષા કરવી મૂર્ખતા છે. લોક-મર્યાદાને ખાતર તેર દિવસ જ પૂરતા છે. ત્રણે પાપી તેર દિવસ પસાર થવાની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

(અનુસંધાન કર્મ-કૌતુક-૪)



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્મ–કૌતુક–૪

રાજા વજ્રનાભની રાણી સુંદરીને પોતાના પતિની યોજનાની ખબર ન હતી. એ તો બસ એટલું જ જાણતી હતી કે શેઠ પૂનમચન્દ્રના વશમાં કોઈ બૈતાળ છે, તેની પાસે મારા માટે એમણે મોતી લાલ અને હીરા મંગાવ્યાં છે. રાણી સુંદરી અણવિધ્યાં લાલ અને હીરાનો હાર પહેરી દર્પણ સામે ઊભી રહી મનમાં ને મનમાં એ પોતાની સુંદરતા પર ખુશ રહેતી હતી. તેણે પોતાના પાળેલા પોપટને કહ્યું :

'રે પોપટ ! બતાવ, મારાથી પણ સુંદર કોઈ છે ?'

રાણી સુંદરીનો પોપટ જ્ઞાની અને અનેક ગુણોથી યુકત હતો. રાણીનો ગર્વ ખંડિત કરતાં પોપટે માનવ-વાણીમાં કહ્યું :

'તમારાથી વધારે સુંદર સ્ત્રીઓ આ પોતનપુરમાં છે, પછી તમે તેમની સામે કયાં રહેશો ?'

આ સાંભળતાં જ રાણી ગુસ્સે થઇ ગઈ અને બોલી :

'હવે હું તને જીવતો નહીં મૂકું. મારા મોંઢા પર જ મારી નિંદા કરે છે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ કહી રાણીએ પોપટને પકડી લીધો. પોપટ બોલ્યો :

'રાણી ! એક વાત બીજી સાંભળો. જે સ્ત્રીઓના રૂપની પ્રશંસા મેં કરી છે, તેને કારણે છ મહિના પછી તમારા પર અને તમારા પતિ પર પ્રાણનું સંકટ આવશે. ત્યારે હું જ તમારા પતિના પ્રાણ બચાવીશ. તેથી મને છોડી દેવામાં જ તમારી ભલાઈ છે.'

રાણીએ કહ્યું :

'આ સમયે તો તને છોડી દઉં છું, પણ તારી ભવિષ્ય વાણી જૂઠી નીકળશે તો છ મહિના પછી તને જરૂર મારી નાખીશ.'

અહીં પતંગસિંહે પોતાની પાંચે પત્નીઓને કહ્યું :

'પ્રિયાઓ ! છ મહિના સુધી તો હું અહીં ભોંયરામાં છુપાઈને રહીશ. કારણ કે રાજાને મેં કહ્યું છે કે છ મહિના પછી યમલોકથી પાછો આવીશ. પરંતુ પાપી રાજા નહીં માને. તેને મારા પાછા ફરવાનો વિશ્વાસ છે જ નહીં, તેથી એ તમને લેવા અથવા હેરાન કરવા અહીં જરૂર આવશે. તમારે જાતે જ તમારી રક્ષા કરવાની છે.'

આ સાંભળી મુકતાવતી બોલી :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આવવા દો રાજાને. અમે પણ વિદ્યાધર-પુત્રીઓ છીએ. તેને પાઠ ભણાવવા માટે અમારી એક બે વિદ્યાઓ જ પૂરતી હશે'

લીલાવતી બોલી :

'નાથ ! એ તો કહો કે તમે બચી કેવી રીતે ગયા ? બધાની સામે તો તમે ચિતામાં બળી યમલોક ગયા હતા !'

પતંગસિંહે કહ્યું :

'પ્રિયાઓ ! હું મારી અદૃશ્ય કરનાર ટોપી બગલમાં દબાવીને મારા ઉડણ-કામળા પર ચિતામાં બેઠો હતો. જેવી આગ લાગી કે મેં ટોપી પહેરી લીધી અને અદૃશ્ય થઇ ગયો. પછી કામળા પર ઊડીને અહીં આવી ગયો.'

પતંગસિંહની પત્નીઓ આશ્વસ્ત થઈ. એ ભોંયરામાં છુપાઈ રહ્યો. અહીં જેમ-તેમ રાજા વજ્રનાભે તેર દિવસ પસાર કર્યા અને થોડા સૈનિક તથા પોતાના બંને કુટિલ સાથીઓને લઈ પતંગસિંહને ઘરે પહોંચ્યો. જ્યારે એમણે અંદર જવા પ્રયત્ન કર્યો ત્યારે ચોકીદાર મુક્તાવતી પાસે પહોંચ્યો અને પૂછયું શું કરીએ ? મુક્તાવતીએ તેને કહ્યું કે રાજા અને તેમના બંને સાથીઓને બેઠકમાં બેસાડો, કહેજો કે અમે આવીએ છીએ.

બસ, પછી રાજા, અધોમુખ અને કાલુ ત્રણે બેઠા. કાલુએ કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આ તો સરળતાથી જ તૈયાર થઇ ગઇ.'

અધોમુખ બોલ્યો :

'હવે તેમનું છે પણ કોણ ? લતા-વનિતા સહારા વિના રહી જ શકતી નથી.'

રાજાએ કહ્યું :

'હું પણ એમને જીવની જેમ રાખીશ.'

એટલામાં પાંચે આવી ગઈ. રાજા તેમને જોતા જ રહી ગયા. મુકતાવતીએ પૂછયું :

'અમારા પતિદેવ તો તમારા કામ માટે યમપુર ગયા છે. તમે અહીં કેમ આવ્યા છો ?'

રાજા બોલ્યો :

'તો તમને સમજાવવું પડશે ? તમારા પતિ હવે પાછા આવવાના નથી. મારી સાથે રાજભવન ચાલો. હવે હું જ તમારો પતિ છું. તમે શેઠાણી થવાને લાયક નથી, રાણીઓ બનવાને લાયક છો.'

લીલાવતીએ કહ્યું :

'રાણી બનાવાથી શું અમે બદલાઇ જઈશું ? શું અમારાં શરીર અને મન બદલાઇ જશે ? અમે તો તે જ રહીશું. પછી અમે રાણી કેમ બનીએ ?'

રાજાએ કહ્યું :

'મારા માટે રાણી બનો. હું રાજા છું અને બળપૂર્વક પણ તમને લઇ જઈ શકું છું. સારું એ છે કે ચુપચાપ ચાલો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હીરાવતી બોલી :

'રાજન્ ! પરપુરુષ સાથે વાતો કરવી પણ પતિવ્રતા સ્ત્રી માટે પાપ છે. પરંતુ તમને સાચા રસ્તા પર લાવવા માટે અમે તમારી સામે આવ્યાં છીએ.

'તમે વિચાર કરો કે રાવણે સીતાને પટરાણી બનાવવા ઈચ્છા કરી તો તેની શું દશા થઇ ? કુળ સહિત મૃત્યુ પામ્યો. પરદારાના ભોગની ઈચ્છા પણ પાપ છે. ઈચ્છા માત્રથી જ રાવણનો સર્વનાશ થયો હતો. અનેક ઉદાહરણો છે. તમે ઘરે પાછા જાઓ, એમાં જ તમારું ભલું છે.'

હીરાવતીની શિખામણ સાંભળી રાજા ગુસ્સે થઈ ગયા અને બોલ્યા :

'તો તમે ચુપચાપ નહીં આવો ? આવા ઉપદેશ મેં સાંભળ્યા છે. ચુપચાપ ચાલો, નહીંતર.....'

મુક્તાવતીએ કડક થઈ કહ્યું :

'નહીંતર શું ? તમે પણ જો ચુપચાપ અહીંથી જવા ન ઈચ્છતા હોય તો થોડો પ્રસાદ લેતા જાઓ.'

આમ કહી મુક્તાવતીએ પોતાની વિદ્યાનું સ્મરણ કર્યું. તેના હાથમાં એક દોરડું અને એક દંડો આવી ગયો. તેણે દોરડાને કહ્યું :

'બંધની ! આ ત્રણે પાપીઓના હાથ-પગ બાંધી દો.'

દોરડું દેવાધિષ્ઠિત હતું, તેથી જરૂરિયાત જેટલું લાંબું થઈ ગયું અને ત્રણેને બંધ કરી દીધા. પછી દંડાને આજ્ઞા આપી-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મારક ! જ્યાં સુધી હું બસ ન કહું, ત્યાં સુધી આ લોકોને સારી રીતે મારતા રહો.'

બસ, દંડા પડવા લાગ્યા. રાજાના પગ દુઃખવા લાગ્યા. કાલુના ઘુંટણ તૂટવા લાગ્યા. અધોમુખની પીઠ પર મારક દંડો વરસવા લાગ્યો. ત્રણે હાય-હાય કરી ચીસો પાડવા લાગ્યા. ત્રણેનું શરીર સૂઝી ગયું. લોહાની ટશરો ફૂટી. શરીર નીલું પડી ગયું. રાજાએ કહ્યું–

'અમે તમારા પગ પકડીએ છીએ. અમને છોડી દો. હવે કયારેય તમારું નામ પણ નહીં લઈએ.'

ત્યારે દયા લાવી મુક્તાવતીએ ત્રણેને મુક્ત કર્યા. રાજાના સૈનિક રથોમાં નાખી તેમને લઈ ગયા. ત્રણે એવા પિટાઇ ગયા હતા કે મહિનાઓનો શેક, તેલ માલિશ અને મલમ-પટ્ટા પછી હરવા-ફરવાને લાયક થઈ શકે.

હવે તો વિવશ થઈને જ રાજા વજ્રનાભને છ મહિના સુધી પ્રતીક્ષા કરવાની હતી. કારણકે છ મહિનાથી પહેલાં હરવા-ફરવાને લાયક થઈ શકે તેમ ન હતા. એ પિટાઈને કારણે ભોગાસકિતનું સ્થાન પ્રતિશોધે લઈ લીધું હતું. રાજાએ નિશ્ચય કર્યો હતો કે શેઠ તો શું પાછા આવશે ? સામે થતાં જ હું સેનાની મદદથી એ જાદુગરણીઓને લાવીશ. જાદુ ઘરે જ ચાલે છે. અહીં કેવી રીતે જાદુ ચાલશે ?'

આશ્ચર્ય એ હતું કે રાજાને હજુ પણ સુબુદ્ધિ આવી ન હતી. એ પરિસ્થિતિ કાલુ અને અધોમુખની પણ હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ પણ વિચારી રહ્યા હતા કે એવી યુક્તિ બતાવીએ કે ડંડા વાળી જાદુગરણીનો જાદુ ચાલી શકે નહીં. અમારી યુક્તિથી અમે જ્યારે શેઠને યમલોક પહોંચાડી દીધા તો આ સ્ત્રીઓની શું વિસાત ?

અહીં મુક્તાવતી વિગેરેએ ભોંયરામાં પહોંચી પતંગસિંહને આખો વૃત્તાંત સંભળાવ્યો. પતંગસિંહે કહ્યું :

'મુદત પૂરી થતાં જ હું રાજા સાથે લડી લઈશ. તેના પાપનો ઘડો હવે ભરાઇ જ ગયો છે.'

[૧૩]

ચાર મહિનામાં રાજા વજ્રનાભ પૂર્ણ સ્વસ્થ થઈ ગયા. હરવા–ફરવા લાગ્યા. પરંતુ અસ્વસ્થતાનું બહાનું બતાવી હજુ એ રાજભવનમાં જ રહેતા હતા.

સંકોચને કારણે રાજસભામાં બેસતા ન હતા. પોતનપુરનાં સ્ત્રી પુરુષોને વજ્રનાભ રાજાની પિટાઈની ખબર પડી ગઈ હતી. હવે બધા રાજાને નફરત કરવા લાગ્યા હતા.

અહીં કાલુ નાઈ અને અધોમુખ શર્મા પણ આ ચાર મહિનાઓમાં સ્વસ્થ તો થઈ ગયા હતા. પણ ડરને કારણે એ રાજા પાસે જતા ન હતા. બંનેને બીક હતી કે અમારા બતાવેલા માર્ગ પર ચાલવાને કારણે રાજાની દુર્ગતિ થઈ છે. તેથી એ અમને પ્રાણદંડ આપી શકે છે. પરંતુ આવી રીતે કયાં સુધી છુપાઈ રહે? એક દિવસ રાજા તેમના પર ગુસ્સે ન થયા. પરંતુ ધીરજથી પૂછયું :

P.P. Ac Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'શું તમે બંનેએ હાર માની લીધી કે હજુ કંઈક આશા છે?'

અધોમુખે કહ્યું:

'આશા જ નહીં, વિશ્વાસ પણ છે. બધાથી મોટું બંધન પૂનમચન્દ્ર શેઠ તો મરી જ ગયા.'

રાજા વજ્રનાભે કહ્યું:

'હા, આ સફળ યુક્તિ માટે હું તમને ધન્યવાદ અને વધામણી બંને આપું છું. પૂનમચન્દ્ર શેઠ મરી તો ગયા, પણ તેની પત્નીઓ તો જાદુગરણી છે. એક તો તેમને પાર પડવું અસંભવ છે. બીજું, એમને વિશ્વાસ પણ છે કે તેમનો પતિ યમપુરથી પાછો આવશે.'

અધોમુખ બોલ્યા:

'યમપુરથી કોણ પાછું આવ્યું છે! કોઈ નહીં. જે વ્યકિત આપણા બધાની સાથે ચિતામાં બળીને ભસ્મ થઇ ગઇ, એ કેવી રીતે આવશે? પરંતુ શેઠની પત્નીઓને આંધળો વિશ્વાસ છે. છ મહિના પૂરા થતાં જ તેમનો આ આંધળો વિશ્વાસ દૂર થશે.

'રાજન! હવે તો બે મહિનાની જ વાત છે. બે મહિના પસાર થયા પછી જ્યારે શેઠ નહીં આવે તો શેઠાણીઓ વિચારશે કે હવે તો અમે જરૂર વિધવા થઇ જ ગઇ. એ દશામાં એ જ્યતે જ તમારી તરફ આકર્ષિત થશે.'

રાજા બોલ્યા:

P.P. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'એ ભાગી ન જાય, એ માટે મેં પૂનમચન્દ્રના ભવનની ચારે તરફ રાત-દિવસનો પહેરો ગોઠવી દીધો છે. છતાં પણ એક શંકા છે કે એ જાતે જ મારી તરફ નહીં નમે તો શું કરીશ ?'

હવે કાલુ બોલ્યો :

'શ્રી મહારાજા ! સ્ત્રીઓને નમાવવામાં દૂતીઓ બહુ હોશિયાર હોય છે. એ પત્થરને પણ પાણી બનાવી દે છે. તેથી બે મહિના પછી જ્યારે છ મહિનાની મુદત પૂરી થઈ જાય ત્યારે તમે કુશળ દૂતીઓને શેઠાણીઓ પાસે મોકલજો. નિરાધાર શેઠાણીઓ તમારી તરફ કેમ નહીં ઝૂકે ? હજુ તો તેમને પૂનમચન્દ્રના પાછા આવવાનો મોટો સહારો છે. એના તૂટવાની પ્રતીક્ષા કરવાની છે.'

રાજા વજ્રનાભ આશ્વસ્ત થઈ ગયા. કુમાર્ગીઓએ તેમને ફરી અવળા માર્ગે વાળી દીધા. હવે એ બહુ આશા-વિશ્વાસ અને ઉત્સાહ સાથે મુદત પૂરી થવાની પ્રતીક્ષા કરતા હતા. મુદત પૂરી થઈ. છ મહિના પૂરા થઈ ગયા.

પતંગસિંહે પોતાના ઘર પર યોજના રચી. પોતાના એક નોકરને યમદૂતના રૂપમાં સજાવ્યો. તેનો રંગ કોયલ જેવો કાળો કરી દીધો. ઘૂંટણ સુધી વાઘનું ચામડું લપેટયું. તેની મૂછો એવી લાગતી હતી જાણે લોઢાની ખીલીઓ વાળી દીધી હોય ! પાંપણ લાલ રંગી નાખી. હાથમાં માથાથી ઊંચો ડંડો લીધો. પતંગસિંહે સુંદર વસ્ત્ર પહેર્યાં.

P.P. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને રત્નજડિત આભૂષણ પણ ધારણ કર્યાં. બંને સવારે બહુ જલ્દી નગરવાસીઓના જાગ્યા પહેલાં જ ઉદ્યાનમાં પહોંચી ગયા.

અહીં રાજા વજ્રનાભ દૂતીઓને તેમનું કામ સમજાવી રહ્યા હતા. ત્યાં જ ઉદ્યાનના માળીએ આવી કહ્યું :

'અન્નદાતા ! શેઠ પૂનમચન્દ્ર યમપુરથી પાછા આવ્યા છે. તેમની સાથે યમદૂત પણ છે. તેમણે તમારા માટે એક સંદેશો મોકલાવ્યો છે.'

'શું બકો છો તમે ?' સાંભળતાં જ રાજાને પસીનો છૂટી ગયો. ગુસ્સે થઈ બોલ્યા :

'શેઠ પૂનમચન્દ્ર તો મરી ગયા. એ તો હવે આવી જ શકતા નથી.'

માળી બોલ્યો :

'તેમના મરવાની વાત તો બધા જાણે છે. પણ હવે તો મેં તેમને જીવતા જોયા છે. તેમનો સંદેશો આ છે કે જ્યાં ચિતા બળી હતી ત્યાં દરબાર ભરો, કારણ કે એ મેદાન બહુ મોટું છે. પોતનપુરનાં બધાં સ્ત્રી-પુરુષો ત્યાં પહોંચે, એવો ઢંઢેરો પિટાવો. જ્યાં પહેલાં ચિતા બળી હતી, ત્યાં એક બીજી ચિતા તૈયાર કરાવો. હું બધાની સામે યમલોકની ચાલ-ચલગત સંભળાવીશ.'

અધોમુખે કહ્યું :

'પણ બીજી ચિતા શા માટે ? શું એ ફરી ચિતામાં બળવા માગે છે ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ માળીને વિદાય કર્યો અને અધોમુખને કહ્યું :

'બીજી વખત કેમ ચિતા તૈયાર કરાવી રહ્યો છે, એ તો એ જાણે. એ શક્તિશાળી છે, એ તો માનવું જ પડશે. આપણે તેનું સ્વાગત મન વિના પણ કરવાનું તો છે જ. ચાલો, જઈએ.'

રાજા વજ્રનાભે ઢંઢેરો પિટાવી દીધો. બધાં સ્ત્રી-પુરુષો યમપુરથી પાછા આવેલા પતંગસિંહ અને સાથે આવેલા યમદૂતને જોવા વિશાળ મેદાનમાં ભેગાં થયાં. યથાસ્થાન બધાં બેસી ગયાં. એક પ્રહર પછી રાજા વજ્રનાભ સહિત બધા પહોંચ્યા. પતંગસિંહને જોઈ બધા લોકો ચકિત-હર્ષિત હતા અને તેની સાથે જે યમદૂત હતો, તેને જોઈ બધા ચકિત ભયભીત હતા. કેટલાક કહી રહ્યા હતા, આ યમદૂત પ્રાણ લેવા આવે છે. બીજાએ કહ્યું :

'આ કેમ, બીજા પણ આવે છે. યમરાજાની સેવામાં તો કરોડો યમદૂત રહે છે.'

અહીં સ્ત્રી-પુરુષો પોત-પોતાની કલ્પનાથી યમદૂત પર નોંધ કરી રહ્યા હતા. ત્યાં રાજાએ પતંગસિંહને પૂછયું :

'શેઠ પૂનમચન્દ્ર ! તમે યમલોકથી પાછા આવ્યા, તેનો મને બહુ જ આનંદ છે. હવે ત્યાંની વાતો સંભળાવો. કેવી રીતે પહોંચ્યા ? મારા પૂર્વજો સાથે શું વાતો થઈ ? યમરાજે મારા આમંત્રણનો સ્વીકાર કર્યો ?'

પતંગસિંહ બોલ્યો :

'બધું જ કહું છું. રાજન્ ! યમલોકનો વિસ્તાર ચોજનોમાં છે. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ એના ચાર વિશાળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દરવાજા છે. એ મણિજડિત છે. કર્મ પ્રમાણે જુદા-જુદા આત્માઓ જુદા-જુદા દરવાજાઓથી જાય છે. યમલોકનું વર્ણન શારદા પણ કરી શકે તેમ નથી. હું ટૂંકમાં કહું છું.

'હું જ્યારે યમદ્વાર પર ઊભો રહ્યો તો યમદૂત મને ઘણા આદરથી યમરાજ પાસે લઇ ગયા. મેં તેમને તમારો સંદેશો આપ્યો તો એ બોલ્યા-હમણાં શું ઉતાવળ છે, છ મહિના પછી જ હું વજ્રનાભ રાજાના સંદેશાનો જવાબ આપીશ.

'રાજન્! છ મહિના સુધી યમલોકમાં હું એવા ઠાઠથી રહ્યો કે શું કહું તમને. જેવી મારી પત્નીઓ છે, એવી તો ત્યાં મારી દાસીઓ હતી. ન તો હું અહીં આવવા માગતો હતો અને ન યમરાજ પણ મને મોકલવા ઇચ્છતા હતા, પણ તમને વાયદો કર્યો હતો, તેથી આવવાનું જ હતું.

'રાજન્! મારું ભૌતિક શરીર તો અહીં બળી ગયું હતું. ત્યાં તો હું સૂક્ષ્મ શરીરથી પહોંચ્યો હતો. જ્યારે મેં અહીં આવવાની ઇચ્છા દર્શાવી તો તેમણે મને પૂર્વવત્ ભૌતિક શરીર આપી દીધું. પછી પોતાના ચોપડામાં તમારું નામ જોઈ તમારા પૂર્વજોને બોલાવ્યા. મેં તેમને તમારી વાત કહી તો એ બોલ્યા :

'વજ્રનાભ સાથે અમારે હવે કોઈ સંબંધ નથી. તેની સાથે અમારો સંબંધ માયાકૃત હતો. એટલે કે દેખાવ જ એવો હતો કે એ મારો કંઈક છે, પણ તેની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાથે સંબંધ હતો જ નહીં. બીજું રાજા વજ્રનાભ પાપ-માર્ગ પર ચાલી રહ્યો છે, એટલે અમે તેની પુત્રી કૂલ-કુમારીના લગ્નમાં જઈ શકતા નથી. એ વાત બીજી છે કે અમે ફરી પૃથ્વી પર જન્મ લઈએ ત્યારે રાજા સાથે કોઈ માયાકૃત સંબંધ બંધાઈ જાય. પણ હમણાં તો અમારો બે લીટીનો જવાબ રાજાને કહી દેજો.'

'રાજન્! યમરાજે કહ્યું કે હું મારો પ્રતિનિધિ આ દૂત પોતનપુર મોકલી રહ્યો છું, એ રાજકન્યાના લગ્નમાં ભાગ લેશે.'

બધાએ કુતૂહલપૂર્વક આ વૃત્તાંત સાંભળ્યો. રાજાએ પૂછ્યું :

'શેઠ પૂનમચન્દ્ર! પરંતુ આ ચિતા તમે કેમ તૈયાર કરાવી છે?'

પતંગસિંહ બોલ્યો :

'રાજન્! યમરાજે કહ્યું છે કે યમદૂતના બદલામાં તમે અધોમુખ શર્મા અને કાલુ નાઈને એ વિધિથી યમલોક મોકલો, જે વિધિથી પૂનમચન્દ્ર શેઠ એટલે કે હું ગયો હતો. તેમનાથી કોઈ વાત છૂપી નથી રહેતી. એ આ જાણી ગયા છે કે તમે આ બંનેના કહેવાથી મને યમલોક મોકલ્યો હતો. જો તમે યમ-આજ્ઞાનું પાલન નહીં કરો તો એમનો આ દૂત તમારો સર્વનાશ કરી નાખશે.'

રાજા ડરી ગયા. અધોમુખ અને કાલુ તો થર-થર ધ્રૂજવા લાગ્યા. રાજાએ પોતાના સૈનિકોને કહી બળપૂર્વક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાલુ અને અધોમુખને ચિતામાં બેસાડયા અને આગ લગાવી દીધી. બંને પાપી સાચે જ યમલોક પહોંચી ગયા.

હવે પતંગસિંહે ગુસ્સે થઇ રાજા વજ્રનાભને કહ્યું :

'દુષ્ટ રાજા ! હવે તને હું યમલોક પહોંચાડીશ. તારાં કાવતરાંનો હવે અંત આવી ગયો.'

રાજાએ સૈનિકોને આજ્ઞા આપી કે પૂનચન્દ્રને પકડી કેદ કરી લો. આ સાંભળતાં જ પતંગસિંહે દેવાધિષ્ઠિત બંધની દોરડીને અને મારક લાકડીને આજ્ઞા આપી :

'બંધની ! બધા સૈનિકોને બાંધી દો. જેમ-જેમ જાય, તારો વિસ્તરા કરતી જજે અને મારક તું પણ બધાની ખબર લઈ લે.'

દોરડી અને લાકડીનો પ્રભાવ તો રાજા જોઈ ચૂકયા હતા. તેથી એ રથમાં બેસી રાજભવન તરફ ભાગ્યા. તેમને પકડવા પતંગસિંહ પણ પાછળ-પાછળ ચાલ્યો. તફાવત એટલો હતો કે રાજા રથમાં હતા પતંગસિંહ પગે ચાલતો હતો.

રાજા વજ્રનાભ રાણી સુંદરી પાસે પહોંચ્યા અને બોલ્યા :

'પ્રિયે ! મને કયાંક છુપાવી દે, આજે તારું સોહાગ મિટાવવા માગે છે. શેઠ મને છોડશે નહીં.'

રાણીને તરત પોપટ યાદ આવ્યો. તેણે તરત પાંજરું ખોલ્યું અને પોપટને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'યાદ છે ને તને? હવે મારા સ્વામીનો પ્રાણ બચાવ.'

પોપટ તરત ઉડ્યો અને પતંગસિંહ પાસે પહોંચી બોલ્યો :

'ક્ષમા દેવ ! ક્ષમા ! તમે ક્ષમા કરો. હું તમારા શરણે છું.'

પોપટને સ્પષ્ટ માનવવાણીમાં બોલતો જોઈ પતંગસિંહે તેને કહ્યું :

'ઓહ પોપટરાજ ! તમે કઈ વાતની ક્ષમા માગી રહ્યા છો ? તમે તો બહુ પ્રિય છો.'

પોપટ પતંગસિંહના હાથ પર આવી બેસી ગયો અને બોલ્યો :

'ક્ષમાવીર તો બધાને માફ કરી દે છે. તમે રાજા વજ્રનાભને ક્ષમા કરી દો. આમ તો તેમનું કામ વધ યોગ્ય છે, પણ તમે તો ક્ષમાવીર છો,'

પોપટ–વાણીથી પતંસિહનો ગુસ્સો શાંત થયો. તેણે કહ્યું :

'પોપટરાજ ! જો રાજા વજ્રનાભ પોતાણી ભૂલ માની લે અને ભવિષ્યમાં સુપથ પર ચાલે તો માફ કરવામાં મારું શું જાય છે ? પણ એ તો હજુ પણ મને કેદ કરી પત્નીઓને પોતાની બનાવવાના ચક્કરમાં છે.'

એટલામાં મંત્રી અમિતવાહન આવી ગયા. તેમણે પતંગસિહને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'એ જવાબદારી મારી છે. રાજા તમારી પાસે આવીને માફી માગશે. તમે અહીં બિરાજો અને પોપટ સાથે વાતો કરો. હું હમણાં આવું છું.'

આમ કહી મંત્રી અમિતવાહન રાજા પાસે પહોંચ્યા અને બોલ્યા :

'રાજન્! હજુ પણ તમારી સમજમાં કશું ન આવ્યું ? તમે અયોગ્ય કાર્યસિદ્ધિ માટે શેઠ સાથે વેર બાંધી રહ્યા છો. તેમની શક્તિ તમે જોઈ જ લીધી છે. મારું માનો. રાજકુમારી ફૂલકુમારીનાં લગ્ન તેમની સાથે કરી તેને તમારો કરી લો. તેના જેવો બાહુવીર-ધર્મવીર, દયાવીર, યુદ્ધવીર, દાનવીર અને ક્ષમાવીર જમાઈ તમને બીજો નહીં મળે.'

રાણી સુંદરીએ કહ્યું :

'તમારી વાત હું માનીશ. એમને પણ માનવી જ પડશે. તમે તેમને માન સહિત અહીં લઈ આવો.'

રાજાએ પણ કહ્યું :

'મંત્રી! હું તમારા માર્ગ પર જ ચાલીશ. હું બહુ પસ્તાઈ રહ્યો છું. તમે એમને અહીં લઈ આવો.'

પછી પતંગસિંહ આવ્યો તો રાજા વજ્રનાભે તેની ક્ષમા માગી અને કહ્યું :

'હું મારી દુષ્પ્રવૃત્તિઓને નષ્ટ કરી ચૂકયો છું. દુષ્ટોની ચડવણીમાં હું આવી ગયો હતો. મારી પણ મતિ મરી ગઈ હતી. મને માફ કરી દો દેવ! અને મારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દીકરીને પત્ની રૂપમાં સ્વીકાર કરો.

પતંગસિંહ બોલ્યો :

'તમારું હૃદય-પરિવર્તન થઈ ગયું એ જ બસ છે. લગ્નની વાત શું જરૂરી છે? મારું કુળ-ગોત્ર પણ તમે જાણતા નથી અને પાંચ તો છે જ.'

રાજા બોલ્યા :

'કુળ-ગોત્ર કયાં નથી જાણતો? જાણું છું. તમે મનુષ્યોમાં દેવ છો. જો તમે મારા પર ખુશ હો તો મારો પ્રસ્તાવ સ્વીકાર કરવો જ પડશે.'

રાણી સુંદરીએ પણ કહ્યું :

'આ તો અમારું અને અમારી બેટી ફૂલકુમારીનું સૌભાગ્ય છે કે ઘરે બેઠાં એક માનવ-કન્યાને દેવકુમાર મળી ગયા.'

પતંગસિંહે કહ્યું :

'તો હું હવે તમને મારો પરિચય પણ આપું છું. હું કંચનપુરના રાજા જિતશત્રુનો પુત્ર છું. પૂનમચન્દ્ર શેઠ મારું બોટું નામ છે. મારું સાચું નામ પતંગસિંહ છે.'

પછી તો રાજા આનંદથી ઉછળી જ પડયા અને પતંગસિંહને વળગી પડી બોલ્યા :

'મારી કન્યાનાં આવાં ભાગ્ય કે તેનો પતિ શેઠમાંથી રાજકુમાર થઈ ગયો.'

બધા હસવા લાગ્યા. પતંગસિંહ પણ હસ્યો. હસીને એ બોલ્યો :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજકુમારીને રાજકુમાર જ મળવો જોઈએ.'

પછી તો લગ્ન સંબંધની ચર્ચા આખા પોતનપુરમા ફેલાઈ ગઈ. યોગ્ય દિવસે પતંગસિંહનાં લગ્ન રાજકન્યા ફૂલકુમારી સાથે થઈ ગયાં. હવે પતંગસિંહ રાજજમાઈની છટાથી પોતનપુરમાં રહેવા લાગ્યો. શેઠ પૂનમચન્દ્રના રૂપમાં પણ એ સર્વપ્રિય હતો. હવે તેની લોકપ્રિયતા સાથે સન્માન પણ વધ્યું.

દિવસો આમ પસાર થતા હતા. થોડા દિવસ પછી એક જ્ઞાની મુનિ પોતનપુરમાં આવ્યા. નગરની જનતા તેમનો બોધ સાંભળવા ગઈ અને રાજા વજ્રનાભ પણ પોતાના અમાત્યો તથા રાણી સુંદરી સાથે ગયા. મુનિ–બોધ સાંભળી રાજા–રાણી બંને પ્રભાવિત થઈ ગયાં અને બંનેએ દીક્ષા લેવાનો નિશ્ચય કરી લીધો.

પતંગસિંહે પોતાના સાસુ–સસરાનો દીક્ષા મહોત્સવ ઊજવ્યો. રાજા વજ્રનાભે પતંગસિંહને પોતનપુરનો રાજા બનાવ્યો અને પોતે દીક્ષા ગ્રહણ કરી અણગાર થઈ ગયા. રાણી સુંદરીએ પણ પતિનું અનુકરણ કર્યું અને એ પણ સાધ્વી થઈ ગઈ. પછી બંનેએ શ્રમણ સંઘ સાથે બીજે વિહાર કર્યો.

પતંગસિંહ ન્યાય–નીતિથી પોતનપુરની પ્રજાનું પાલન કરવા લાગ્યો. હવે તેને છ પત્નીઓ હતી. એમાં રત્ન-મંજરી સિવાય બાકીની પાંચ વિવાહિત પત્નીઓ હતી. મુક્તાવતી, લીલાવતી, હીરાવતી, ગજવતી અને ફૂલકુમારી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લગ્ન તો માતા-પિતા કરે અથવા પછી ગાંધર્વ લગ્ન હોય. આ બંને વિધિઓમાંથી કોઈ પણ એક વિધિ દ્વારા રત્નમંજરીનાં લગ્ન પતંગસિંહ સાથે થયાં ન હતાં. છતાં પણ રત્નમંજરી હવે સંપૂર્ણ રીતે પત્ની રૂપમાં પોતાની જાતને સમર્પિત કરી ચૂકી હતી. પણ પતંગસિંહે તેને વસંતપુરના રાજા નરસિંહની અમાનતના રૂપમાં જ રાખી હતી.

શરૂઆતમાં રત્નમંજરી ઘૃણાવશ અને પછી ક્રોધાવશ બોલતી ન હતી. હવે એ માનવશ અને શરમને કારણે પતંગસિંહ સાથે બોલતી ન હતી. માનો હવે તેને બોલ્યા વિના રહેવાની આદત પડી ગઈ હતી. તેનું માન ભંગ કરવાને કારણે પતંગસિંહ પણ તેની સાથે બોલતો ન હતો. છતાં પણ પતંગસિંહની બીજી પત્નીઓ રત્નમંજરીને પૂરું માન આપતી હતી. કારણ કે રત્નમંજરીને પતંગસિંહ પોતાની વિવાહિત પત્ની માનતો ન હતો, અને તેને કોઈ દુઃખ ન થાય, તે માટે એ પોતાની બીજી પત્નીઓ સાથે પણ શય્યાસુખ લેતો ન હતો. આ પ્રમાણે એ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતો હતો. વસ્તુતઃ પતંગસિંહ ચરિત્રવીર હતો.

આ પ્રમાણે છ પત્નીઓ સાથે રહેતાં પતંગસિંહને પોતનપુરમાં એકવીસ વર્ષ પસાર થઈ ગયાં હતાં. સાત વર્ષ એ વસંતપુરમાં રહ્યો હતો. અર્થાત્ કંચનપુરથી નીકળે તેને અઠ્ઠાવીસ વર્ષ થઈ ગયાં હતાં. હવે તેને પહેલી પત્ની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કમલાવતી પણ યાદ આવતી હતી. તેથી તેણે પોતનપુરથી જવાનો નિશ્ચય કર્યો અને શાસન વ્યવસ્થા મંત્રી અમિતવાહનને સોંપી દીધી.

પતંગસિંહે અમિતવાહનને બધું સમજાવતાં કહ્યું કે મારા તરફથી તમે રાજ્ય સંભાળો. હું પણ આવતો-જતો રહીશ. ત્યાર પછી જરૂરી ચતુરંગિણી સેના લઇ પોતાની છ પત્નીઓ સાથે રાજા પતંગસિંહે વસંતપુર તરફ પ્રસ્થાન કર્યું. કંચનપુર જતા પહેલાં એ વસંતપુર જવા ઇચ્છતો હતો. કારણ કે ત્યાં રત્નમંજરીના પિતા રાજા નરસિંહ રાજ્ય કરતા હતા. તેના આશ્રયદાતા વિપ્ર અગ્નિહોત્રી પણ વસંતપુરમાં જ રહેતા હતા. પતંગસિંહ માર્તંડ અગ્નિહોત્રીના પુત્ર મદનનો પણ ઉપકાર માનતો હતો, કારણ તેના રૂપમાં જો એ રત્નમંજરી સાથે જ આવ્યો હોત તો પોતનપુરનો રાજા કેવી રીતે બનત ?

વસંતપુર ગયા પછી પતંગસિંહ કંચનપુર જવા ઇચ્છતો હતો. હવે તેની પાસે સેના હતી. હવે એ વિમાતા અનંગમાલાના બરાબ ચરિત્રનો ભંડો ફોડવામાં સમર્થ હતો કે સાચું શું છે અને ખોટું શું છે. ત્યાર પછી એ પોતાના સાસરે જનકપુર પણ જવા માગતો વતો. શિશુ અવસ્થામાં તેનાં લગ્ન શિશુરૂપ કમલાવતી સાથે થયાં હતાં. તે કારણે તો પતંગસિહ પોતાના પરમ હિતેચ્છુ આચાર્ય સોમદત્ત અને મંત્રી ગુણવર્ધનને મળવા માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ બહુ આતુર હતો.

આ પ્રમાણે અનેક અભિલાષાઓ અને ઇચ્છાઓ લઇ પતંગસિંહ લાવ-લશ્કર અને પત્નીઓ સહિત વસંતપુર તરફ આગળ વધી રહ્યો હતો. રથમાં બેઠેલી તેની છએ પત્નીઓ અંદરો અંદર વિવિધ પ્રસંગો પર વાતો કરતી જતી હતી.

[૧૪]

રાતે રહેવાના અને દિવસે ચાલવાના ક્રમમાં પતંગસિંહ વસંતપુરની નજીક પહોંચી ગયો. નગરથી દોઢ કોસ દૂર તેણે પડાવ નાખ્યો. રથ, ઘોડા અને હાથી જ્યાં ત્યાં બાંધી દીધા. જુદા-જુદા તંબૂ બાંધ્યા. એક નગર જેવું વસી ગયું. હાથીઓની ચીસો અને ઘોડાના હણહણાટનો અવાજ વસંતપુર સુધી પહોંચી ગયો. રાજસેવકોએ પોતાની આંખોથી જોયું કે કોઈ રાજા અમારા નગર પર ચઢી આવ્યો છે. તેમણે આ વાત રાજા નરસિંહને કરી કે રાજન! રાતોરાત કોઈ રાજા આપણા નગર પર ચઢી આવ્યા છે.

રાજા નરસિંહ ચિંતિત થયા. તેમણે મંત્રીઓની બેઠક બોલાવી અને ચિંતા પ્રગટ કરી. મહામંત્રીએ પોતાની સલાહ આપી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન ! જ્યારે માથા પર આવી જ પડશે તો ડરીને યુદ્ધ કરીશું કારણ કે જન-રક્ષા અને પ્રાણ-રક્ષા માટે યુદ્ધ કરવું ધર્મ છે-કર્તવ્ય છે. આમ જ્યાં સુધી થાય, યુદ્ધ ટાળવાનો જ પ્રયાસ કરવામાં આવે.'

રાજા નરસિંહે કહ્યું :

'એ તો હું જાણું છું કે યુદ્ધ ટાળવાનો પ્રયાસ કેવી રીતે કરવામાં આવે. દંડ આપી યુદ્ધ ટાળવું એ તો કાયરતા ગણાય.'

મંત્રી બોલ્યા :

'રાજન ! યુદ્ધના સંદેશા વિના આપણે કેમ માની લઈએ કે એ રાજા યુદ્ધની ઈચ્છાથી જ આપણા નગરની નજીક રહ્યા છે. તેમનો કોઈ સંદેશો આવે, તેના પહેલાં જ આપણે તેમની આગેવાની માટે જવું જોઈએ. યોગ્ય એ છે કે આપણે તેને પોતાના અતિથિ માનીએ. પછી જે થશે, જોયું જશે ?

મહામંત્રીની સલાહ બધાને ગમી. અહીં પતંગસિંહે પોતાના ચતુર દૂતને બધું સમજાવ્યું અને તેને શું કહેવાનું છે તે પણ કહીને રાજા નરસિંહ પાસે મોકલ્યો. રાજા નરસિંહ પતંગસિંહ પાસે જવાની તૈયારી જ કરતા હતા કે સુમુખ નામનો દૂત રાજા પાસે પહોંચ્યો. રાજાનું અભિવાદન કરી દૂતે કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન ! પોતનપુરના રાજા અને કંચનપુરના ઉત્તરાધિકારી, મહારાજા પતંગસિંહનો સંદેશ હું લાવ્યો છું. એ ચાર વિદ્યાધર પત્નીઓના સ્વામી છે અને તેમની એક પત્ની પોતનપુરની રાજકુમારી છે. તેમનો સંદેશો છે કે તમે તમારી કન્યાનાં લગ્ન તેમની સાથે કરી તેમને તમારા સ્વજન બનાવી લો, નહીં તો....'

રાજા નરસિંહે વચમાં જ કહ્યું :

'નહીં તો શું ? જો મારે કોઈ કન્યા હોત તો હું તેનાં લગ્ન તમારા રાજા સાથે જરૂર કરત. પણ મારે તો કોઈ સંતાન છે જ નહીં. બીજી કોઈ સેવા હોય તો કહો.'

દૂત બોલ્યો :

'રાજન ! જો તમારે કોઇ કન્યા ન હોય તો અમારા રાજા વ્યર્થ જ તમારી પાસે સંદેશો ન મોકલે. એમને ખબર છે કે રત્નમંજરી નામની તમારે એક કન્યા છે.'

રાજા નરસિંહ પહેલાં આશ્ચર્ય પામ્યા. પછી તેમની આંખો લીની થઇ ગઈ. આંખમાં આંસુ સાથે એ બોલ્યા :

'રત્નમંજરી....એ રત્નમંજરીને કેવી રીતે ઓળખે છે ? રત્નમંજરી નામની મારે કન્યા હતી. જરૂર, પણ છે નહીં જાણે કયાં ગઈ મારી લાડલી.'

દૂતને હવે વાત વધારવાનું યોગ્ય ન લાગ્યું. તેણે કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન! અમારા રાજાને તો એ વિશ્વાસ છે કે તમારે કન્યા છે. પણ તમે કહો છો કે છે નહીં, તો પછી તમે એમને આ 'છે નહીં'નો વિશ્વાસ આપી જાવ.'

'ચાલો અમે આવીએ છીએ.' કહી રાજા સિંહાસન પરથી ઉઠયા. મંત્રી વિગેરે પણ ચાલી નીકળ્યા. બધા રથમાં બેસી ત્યાં પહોંચ્યા, જ્યાં પતંગસિંહે પડાવ નાખ્યો હતો. પતંગસિંહ એક ભવ્ય આસન પર બેઠો હતો. તેની પત્નીઓ શિબિરમાં અંદર હતી. સેવકો ચામર ઢોળી રહ્યા હતા. થોડા આસન ખાલી પડયાં હતાં. જ્યારે રાજા નરસિંહ અમાત્યો સહિત પહોંચ્યા તો પતંગસિંહે તેમનું સ્વાગત કર્યું અને બેસાડયા. ત્યાર પછી પતંગસિંહે પૂછયું.

'રાજન! તમારી પુત્રીને શું થયું? એ કયાં ગઈ?'

રાજા નરસિંહે ઉદાસ થઈ કહ્યું :

'એ કયાં ગઇ, એ તો અન્તર્યામી અને સર્વજ્ઞ પ્રભુ જ જાણી શકે છે. હું તો એટલું જાણું છું કે વર્ષો પહેલા એ એક દિવસ ગાયબ થઈ ગઈ. બહુ શોધી છતાં પણ ન મળી.

પતંગસિંહે કહ્યું.

'તમારી પુત્રી મળી જશે. એ મારી સાથે આવી હતી. તમારી થાપણના રૂપમાં એ સુરક્ષિત છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ કહી પતંગસિંહે એક પ્રતિહારીને સંકેત કર્યો તો એ રત્નમંજરીને લઈ આવી. આવતાં જ રત્ન-મંજરી પિતાને વળગી પડી અને ધ્રુસકે– ધ્રુસકે રડવા લાગી. રાજા નરસિંહે પણ રડયા. બધા વિચારમાં પડયા હતા. પછી રાજા નરસિંહે પૂછયું તો પતંગસિંહે ટૂંકમાં પસાર થયેલી ઘટના સંભળાવી. સાંભળી રાજાએ કહ્યું.

'તમારાથી સારો જમાઈ મને કયાં મળશે? તમે તો દેવતા છો. હું બહુ ધામ–ધૂમથી રત્નનાં લગ્ન તમારી સાથે કરીશ?'

પતંગસિંહ બોલ્યો.

'રાજન! લગ્ન ત્યાં કરો. જ્યાં તમારી કન્યા ઇચ્છે. મારી સાથે જ જો રત્નાને લગ્ન કરવાં હોય તો થઈ ન જાત? રત્ના તો મને મૂર્ખરાજ માને છે. આટલા વર્ષો એ મારી સાથે રહી, પણ આજ સુધી બોલી નથી.'

આટલું સાંભળતા જ રત્નમંજરીએ બધી લોક–લાજ છોડી દીધી. એ પતંગસિંહના પગમાં પડી ઝર–ઝર આંસુ વહેવા લાગી. જાણે તેનું માન જ ગળી વહી રહ્યું હોય. એ બોલી.

'મારા દેવતા! તમે વજ્રનાભ જેવા કુમાર્ગી રાજાને માફ કરી દીધા, તો શું મને નહીં કરો? મેં તો મનથી તમને જ મારા માન્યા છે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલામાં મુકતાવતી વિગેરે પાંચે શિબિરમાંથી બહાર આવી. મુકતાવતીએ રત્નમંજરીને ઉભી કરતાં કહ્યું.

'ઉઠો દીદી ! પુરૂષ સ્ત્રીઓ માટે જ કઠોર બને છે. આપણે છ છીએ, એ એકલા શું કરશે ?'

પતંગસિંહે કહ્યું.

'તને એક જ રહો, એ હું ઇચ્છું છું. રત્નમંજરી મારા માટે એવું રત્ન છે કે એમાં મુકતા, લાલ, હીરા બધા સમાઈ જાય છે. આ રત્નોને કારણે તમે બધી મને મળી છો.'

રાજા નરસિંહે પ્રસન્ન થઈ કહ્યું.

'બેટીઓ ! હવે તમે તમારા પિયર ચાલો એ તો હવે ધામધૂમથી નગર પ્રવેશ કરશે.'

ત્યાર પછી બધી રથોમાં બેસી રાજભવન ગઈ. લગ્નનું મુહુર્ત નીકળ્યું. જે પાંચ દિવસનું હતું, મુકતાવતી, હીરાવતી વિગેરેએ રત્નમંજરીએ વધૂ વેશમાં સજાવી. પતંગસિંહે ધામ ધૂમથી જ વરવેશમાં નગર પ્રવેશ કર્યો. ઉલ્લાસ સાથે રત્નમંજરીનાં લગ્ન પતંગસિંહ સાથે સમ્પન્ન થઈ ગયાં. પતંગસિંહ હવે નવાં ભવનમાં પોતાની પત્નીઓ સાથે આનંદથી રહેવા લાગ્યો.

હજુ સુધી તેણે માર્તંડ અગ્નિહોત્રીને પોતાનો પરિચય આપ્યો ન હતો. સમય આમ જ પસાર થતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતો. એકવાર વસંતપુરમાં જ્ઞાનિ મુનિ આવ્યા તો તેમણે પોતાના બોધમાં એમ કહ્યું કે સમય સર-સર પસાર થઈ જાય છે વ્યતી ગયેલો સમય ફરી હાથ આવતો નથી. તેથી સમય હોય ત્યાં સુધી આત્મોદ્ધાર કરી લો. રાજા અથવા કોટીશ્વર શેઠ બનીને તો કોઈ શરીનો ઉદ્ધાર કરતું નથી. કારણ શરીર તો નશ્વર છે. આત્મા જ અજર-અમર છે. કર્મમલને દૂર કરો તો અમર-અખંડ મોક્ષનું સુખ મળશે.

રાજા નરસિંહ પ્રભાવિત થઈ ગયા. તેમણે પતંગસિંહનો રાજ્યાભિષેક કર્યો અને ભાગવતી દીક્ષા અંગીકાર કરી લીધી. રાણી વસંતસેનાએ પણ પતિ સાથે દીક્ષા લીધી. યથાસમય રાજર્ષિ નરસિંહ અને સાધ્વી વસંતસેનાએ ગુરુ સાથે બીજે વિહાર કર્યો. હવે પતંગસિંહ વસંતપુરનો પણ રાજા થઈ ગયો. પોતાના ઊંડણ-કામળા પર બેસી એ પોતનપુરની વ્યવસ્થા પણ જોઈ આવ્યો. વસંતપુરમાં ફરી આવ્યા પછી તેણે વિપ્ર અગ્નિહોત્રીને ચાર ગામની જાગીર આપી, તો એ બહુ આશ્ચર્ય પામ્યા. વિચારવા લાગ્યા કે અકારણ જ રાજા મારી પર આટલા પ્રસન્ન કેવી રીતે થઈ ગયા કે મને જાગીર આપી દીધી. પતંગસિંહે જાતે જ હસી તેમની શંકા દૂર કરતા કહ્યું.

'વિપ્રવર ! તમે મને ન ઓળખી શકયા, પણ હું કહું છું કે હું કોણ છું. વર્ષો પહેલા તમે જ મને આશ્રય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપ્યો હતો. હું તમારા પુત્ર મદન અગ્નિહોત્રીનાં પુસ્તકો વિદ્યાલય લઈ જતો હતો. તમારા પુત્રનો સેવક મૂર્ખરાજ હું જ છું.'

આશ્ચર્યથી માર્તંડ અગ્નિહોત્રી બોલ્યા :

'અરે તમે! પણ તમે તો સકલ ગુણ નિધાન અને વિદ્યા નિષ્ણાત છે. તમે મૂર્ખ કેમ બન્યા હતા.'

પતંગસિંહે કહ્યું :

'વિપ્રવર! જ્ઞાની મૂર્ખ કોઈ નથી હોતું. કર્મોધ્ય જ જ્ઞાની અને મૂર્ખ બનાવે છે. રાજા હરિશ્ચન્દ્ર પણ પણ કર્મોધ્ય ને કારણે શું બની ગયા હતા. તમારા ઉપકારને હું ભૂલી જઉંતો મૂર્ખની સાથે કૃતઘ્ન પણ હોત. તમે જે કામળો મને આપ્યો હતો. એ ઊડન કામળો છે.'

માર્તંડ અગ્નિહોત્રીએ કહ્યું :

'તમે તો તમે જ છો. જેની સાથે તમારી ઉપમા આપી શકાય, એવું કોઈ દેખાતું નથી. હું બહુ શરમિંદો છું કે મે તમને મારા સેવક રાખ્યા,'

આ નવા રહસ્યને સાંભળી બધા આશ્ચર્ય પામ્યા. પતંગસિંહની ઉદારતા અને ગુણોની ચર્ચા વસંતપુરનાં સ્ત્રી પુરુષો કરતાં હતાં પતંગસિંહ આમ તો પત્નીઓ સાથે રહી આનંદ-પ્રમોદ કરતો હતો, પણ તેને પોતાનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્વજનોની યાદ પણ આવતી હતી. એ હતા–આચાર્ય સોમદત્ત, મંત્રી ગુણવર્ધન, પિતા જિતશત્રુ અને પ્રથમ પત્ની કમલાવતી. કમલાવતીને તો તેણે જોઈ પણ ન હતી.

એક દિવસ તેણે પોતાની પત્નીઓને પોતાનું ભૂતકાળનું જીવન સંભળાવ્યું તો બધી બહુ ચકિત–હર્ષિત થઈ. રત્નમંજરીએ કહ્યું :

'સ્વામી ! જે રીતે બહેન કમલાવતી પોતાના પિયરમાં રહે છે. તે રીતે અમે પણ પોતાના પિયરમાં રહીએ છીએ. પહેલાં પોતનપુર રહી, જે બહેન ફૂલકુમારીનું પિયર છે. હવે અહીં વસંતપુરમાં પણ તમારું સાસરું છે. તેથી હવે અમને પણ અમારા સાસરે લઈ જાઓ. ત્યારે જ અમારાં લગ્નની સાર્થકતા થશે.'

પતંગસિંહે કહ્યું :

'એટલે તો મેં મારું ભૂતકાળનું જીવન સંભળાવ્યું. પણ એ નિશ્ચય કરી શકતો નથી, કે પહેલાં જનકપુર જઉં કે કંચનપુર ?'

મુક્તાવતી બોલી :

'પહેલાં કંચનપુર જ જવું જોઈએ. અમારા સસરા અર્થાત્ તમારા પિતાજી, સજ્જ જિતશત્રુ તો તમારા પર એટલો પ્રેમ રાખતા હતા, કે એ તમારા કારણે બીજાં લગ્ન કરવા માગતા ન હતા. એમને તો રાણી અતંગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માલાએ જ ભ્રમમાં નાખ્યા હતા. બધો દોષ તેમનો છે.'

પતંગસિંહે કહ્યું :

'તેમનો પણ કોઈ દોષ નથી. દોષ કાયમ પોતાનો જ હોય છે. ખોટું એ થાય છે કે સુખનું કારણ તો આપણે પોતાને માનીએ છીએ અને દુઃખનું કારણ બીજાને બતાવીએ છીએ. હું બે રાજ્યોનો રાજા બની ગયો અને તમારા જેવી પત્નીઓને પણ પ્રાપ્ત કરી. આ બધું શું મેં કર્યું ? મારાં પૂર્વ શુભકર્મોને કારણે જ આ થયું. તે પ્રમાણે જે પણ દુઃખ મેં સહન કર્યાં, એનું કારણ અપરમાતા અનંગમાલા નહીં, મારાં પૂર્વે કરેલા અશુભકર્મ જ છે. પણ એનું રહસ્ય તો કેવલી ભગવાન જ જાણતા હશે.'

લીલાવતીએ કહ્યું :

'હવે જે પણ હોય, દૂધનું દૂધ અને પાણીનું પાણી તો કરવાનું જ છે. અમારા સસરા પણ વાસ્તવિકતા જાણશે તો બહુ પસ્તાશે.'

પછી તો નિશ્ચય પાકો થઈ ગયો. પતંગસિંહ પાસે પોતનપુરની પણ પર્યાપ્ત સેના હતી. વસંતપુરની તો હતી જ. તેણે બંને દેશોની પર્યાપ્ત સેના પોતાની સાથે લઈ લીધી. અને કંચનપુર તરફ પ્રયાણ કર્યું. શાસન-વ્યવસ્થા મંત્રીને સોંપી. તેનો મંત્રી હવે માર્તંડ અગ્નિહોત્રીનો પુત્ર મદન અગ્નિહોત્રી હતો. પહેલા મંત્રી વૃદ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થઈ ગયા તેથી તેમણે કાર્યભારથી મુક્તિ લઈ લીધી હતી. ચાલતા રહેતા પતંગસિંહે એ સ્થાન પર પડાવ નાખ્યો, જ્યાં જિતશત્રુના સૈનિકો તેનો વધ કરવા આવ્યા હતા. તેણે પોતાની પત્નીઓને કહ્યું.

'પ્રિયાઓ ! હવે કંચનપુર બહુ દૂર નથી. જુઓ પેલા ઝાડ નીચે હું ઊંઘ્યો હતો. અહીં મારા આચાર્ય આવીને રાત્રે મને મળ્યા હતા. એ મારા પિતાથી પણ વધારે પ્રેમ કરે છે. અહીં મારા પિતા જિતશત્રુના ચાર સૈનિક આવ્યા હતા. એ મારો વધ કરવા માગતા હતા. પણ આચાર્યજીની વાત તેમણે માની અને મને છોડી દીધો હવે તેમને પણ ચાર-ચાર ગામ આપવાનાં છે.'

આ પ્રમાણે પતંગસિંહ કંચનપુરની નજીક જ પહોંચી ચૂકયો હતો, ચાર છ દિવસ ત્યાં જ રહેવા ઇચ્છતો હતો.

[૧૫]

કમલાવતી પોતાની સખીઓ સાથે બગીચામાંથી પાછી ફરી તો તેને જોઇને રાણી પુષ્પાવતીએ રાજા જનકસેનને કહ્યું :

'હવે તો કમલા બહુ મોટી થઈ ગઈ છે. આ દિવસો તો તેને સાસરે જવાના છે. પણ તમે તો મારું સાંભળતા જ નથી.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તો શું હું મારા તરફથી રાજા જિતશત્રુને જઈ ને કહું કે તમારી પુત્રવધૂને લઈ જાઓ ! જમાઈ પતંગસિંહને પણ અહીં આવવાની ઇચ્છા નથી.'

રાણી બોલી :

'પરંતુ તમે કુશળ સમાચાર લેવાના બહાને તો કંચનપુર જઈ શકો છો. જાઓ જમાઇને પણ જોઇ આવો કે કેવા લાગે છે. મેં તો તેમને ત્યારે જોયા હતા, જ્યારે એ ચાર મહિનાના બાળક હતા. ધાયમાતાના ખોળામાં કેવા લાગતા હતા ?

રાજા જનકસેન બોલ્યા :

'આપણી કમલા પણ તો ઢીંગલી હતી. એ પણ ધાયના ખોળામાં રોઈ હતી. હવે હું કંચનપુર જઈશ.'

રાજા જનકસેન કંચનપુર ગયા, પણ તેમને જોતાં જ રાજા જિતશત્રુનું મોં ફીકકું પડી ગયું. ફીકકું હસી તેમણે રાજા જનકસેનનું સ્વાગત કર્યું. રાજા જનકસેને ઠપકો આપ્યો.

'આપણી મિત્રતાને સ્થાયી કરવા માટે જ તો આપણે આપણા સંતાનોનાં લગ્ન શિશુવયમાં કર્યાં હતાં. પણ તમે તો અમને ભૂલ્યા અને તમારી પુત્રવધૂને પણ ભૂલી ગયા. હવે અમને જમાઈ પતંગસિંહને તો બતાવો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે કહેવું તો પડશે જ. આમ વિચારી રાજા જિતશત્રુએ કઠણ હૃદય કરી કહી દીધું :

'રાજન ! મારો પુત્ર તો પાપી નીકળ્યો. તેણે ભયંકર ગુનો કર્યો હતો તેથી ન્યાય ખાતર મેં તેને પ્રાણદંડ આપી દીધો.'

સાંભળતાં જ રાજા જનકસેન બેભાન થઈ ગયા. જ્યારે ભાન આવ્યું તો રડવા લાગ્યા. એ રાજા જિતશત્રુ પર વરસી પડયા :

'મારી પુત્રીને વિધવા બનાવવાનો તમને શું અધિકાર હતો ? એવું શું પાપ કર્યું હતું જમાઈએ ?'

જિતશત્રુ પણ ઉત્તેજિત થઈ ગયા. એ બોલ્યા 'કોઈ પિતા પોતાના એકના એક પુત્રને મરાવે ખરો ? જો તેનું પાપ સાધારણ હોત તો, શું હું તેને પ્રાણદંડ આપત ? તેનાં કરતુત મારી પાસેથી ન સાંભળો : કોઈ બીજાને પણ પૂછો, ન્યાય તો ત્યારે જ છે, જ્યારે તમને પણ માફ કરવામાં ન આવે.'

બસ, પછી મંત્રી ગુણવર્ધન રાજા જનકસેનને પોતાના ભવન પર લઈ ગયા. અને તેમને બધી રીતની ધીરજ આપી. પાછા ફરી જ્યારે રાજા જનકસેન જનકપુર ગયા, તો આખા નગરમાં પતંગસિંહના મૃત્યુના સમાચાર ફેલાઈ ગયા. રાણી પુષ્પાવતી તો કમલાવતીને વળગીને ધ્રૂસકે–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખૂસકે રડતી હતી. પણ કમલાવતી ઉદાસ પણ ન થઈ. ચાર છ દિવસ રડવા-કકળવાનું ચાલ્યું તો કમલાવતીએ એક દિવસ પોતાનાં માતા-પિતા અને સખીઓને કહ્યું :

'તમે બધા ખોટી ચિંતા કરો છો. મને વિધવા બનાવવાનું વિધાન વિધિના લેખમાં નથી, તેં તેમનું જન્મપત્ર પણ જોયું છે. અને મારું પણ. એ ચાર રાજ્યોના અધિપતિ બનશે. તેમનો વાળ પણ વાંકો નહીં થાય. હું તેમની પટરાણી બનીશ. મારો વિશ્વાસ અટલ છે. એક દિવસ એ અહીં જરૂર આવશે.'

રાણી પુષ્પાવતીએ કહ્યું :

'તારો વિશ્વાસ અમર થાય, બેટી ! સતીનો વિશ્વાસ આવો જ હોય છે. બેટી ! તારા જેવી સતીઓ તો યમરાજ પાસેથી પણ પોતાના પતિને પાછો લઈ આવે છે.'

કમલાવતીના વિશ્વાસની દૃઢતા જોઈ બધાનું દુઃખ દૂર થઈ ગયું. છતાં પણ મનમાં શંકા હતી, પરંતુ પોતાના પ્રિયતમના આવવની મીઠી-સુખદ પ્રતિક્ષા કરતી હતી. તેના દિવસો સુખદ આશામાં પસાર થતા હતા. દિવસ મહિનાઓ અને વર્ષો બદલાતાં હતાં.

એક દિવસ રાતમાં જ પતંગસિંહ ઉડણ-કામળા પર બેસી પોતાના ગુરુ આચાર્ય, સોમદત્તના સૂવાના ઓરડામાં પહોંચી ગયો. તેને જોઈ આચાર્ય તેને વળગી પડયા અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધ્રુસકે-ધ્રુસકે રડયા પણ તેમનાં આંસુ સુખનાં આંસુ હતાં. પતંગસિંહે આજ સુધીનો અહેવાલ હતો તે ટૂંકમાં સંભળાવ્યો. બધું સાંભળ્યા પછી આચાર્યએ કહ્યું :

'પુત્ર ! હવે તો તારા પિતા જિતશત્રુ પણ બહુ પસ્તાય છે. રાણી અનંગમાલા તેમની બહુ ઉપેક્ષા કરે છે. તેથી એ વધારે દુઃખી છે કે આ દુષ્ટાને કારણે મેં મારા પુત્રને મારી નંખાવ્યો અને એ જ હવે કૂતરીની જેમ ઘૂરકિયાં કરે છે.'

'વત્સ ! રાજા જિતશત્રુ તને યાદ કરી રડતા રહે છે. હવે તું આવી ગયો તો જાણે તેમના પ્રાણ જ આવી ગયા.'

પતંગસિંહ બોલ્યો :

'આચાર્ય ! પહેલાં હું વિમાતાના કરતૂતનો ભંડો ફોડીશ, ત્યારે તેમની સામે પ્રગટ થઈશ. તમે પણ એમને કશું કહેશો નહીં. હું મંત્રી ગુણવર્ધનની પાસે જ જઈ રહ્યો છું. હમણાં એ પણ કશું નહીં કહે. પરમ દિવસે હું પણ અહીંના ઉદ્યાનમાં આવી જઈશ.'

ઘણા સમય સુધી વાતો થઈ. ત્યાર પછી પતંગસિંહે પોતાની જાંઘ ચીરી આચાર્યનાં ચાર મોતી કાઢયાં અને પછી તરત જ શિરાલજૂનના પાંદડાનું ચૂર્ણ ભરી દીધું, તો ઘા તરત રુઝાઈ ગયો. પછી આચાર્યને ચારે રત્ન આપી કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આચાર્ય દેવ ! આનો અર્થ કરવાની જરૂર જ ન પડી. એને લઈ મારા પર કૃપા કરો.'

'રત્ન તો તું પોતે જ છે. તારી પત્નીઓ પણ રત્ન બનાવે છે.' આમ કહી આચાર્યએ પોતાનાં રત્ન લઈ લીધાં. હવે પતંગસિંહ મંત્રી ગુણવર્ધન પાસે પહોંચ્યો. ત્યાં પણ હર્ષ-વિસ્મયનું વાતાવરણ છવાઈ ગયું. બંનેએ આપવીતી સંભળાવી. છેલ્લે પતંગસિંહે મંત્રીને એક યોજના બતાવી અને કહ્યું કે તમારે આ નાટક ભજવવાનું છે. મંત્રીએ હસીને સ્વીકૃતિ આપી. પછી પતંગસિંહે શિરાલજૂનની છાલમાંથી બનાવેલી ટોપી પહેરી લીધી અને અદૃશ્ય થઈ ઊડાણ-કામળા પર બેઠો અને આકાશ માર્ગથી પોતાના પડાવ પર પણ આવી ગયો.

બીજા જ દિવસે મંત્રી ગુણવર્ધન સવાર-સવારમાં જ રાજા જિતશત્રુ પાસે પહોંચ્યા અને પૂર્વ આયોજિત યોજનાના આધારે નાટકીય ઢંગથી બોલ્યા :

'રાજન્ ! હું એક વિચિત્ર સપનું જોઈ આવી રહ્યો છું. એક યુવરાજ આપણા નગર પર ચઢી આવ્યો છે. એની સેના વિશાળ છે. તમે અને હું બંને ગભરાઈ ગયા છીએ. આપણે બંને એ રાજા પાસે ગયા છીએ, ત્યારે તેનો ગુસ્સો શાંત થયો છે. આ સપનું મેં બ્રાહ્મ મુહૂર્તમાં જોયું છે. લાગે છે આજ-કાલમાં સાચું ન થઇ જાય !'

સપનું સાંભળી રાજા જિતશત્રુએ કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'જો આ સપનું સાચું પણ હશે તો હું બહુ પ્રસન્નતા સાથે પોતાનું રાજ્ય એ રાજાને આપી દઈશ. કારણ કે મારા રાજ્યનો કોઈ ઉત્તરાધિકારી તો છે જ નહીં. એક ને એક દિવસે તો અહીં કોઈ વિદેશી રાજાનું જ રાજ્ય થવાનું છે.'

તેના બીજા દિવસે જ રાજા જિતશત્રુના રાજસેવકોએ તેમને સમાચાર આપ્યા કે વિશાળ સેના સહિત કોઈ રાજા આપણા નગર પાસે આવી ગયા છે. કહેતાં તો રાજા જિતશત્રુ રાજ્ય આપવાની વાત કહી ગયા, પણ જ્યારે કહેલું સપનું સાચું જ થઈ ગયું તો બહુ જ ગભરાયા અને મંત્રી ગુણવર્ધનને કહ્યું :

'મંત્રી ! તમારું સપનું સાચું પડ્યું, હવે શું કરવું જોઈએ ? તમે કોઈક ઉપાય કરો.'

મંત્રી બોલ્યા :

'હું અને તમે જઈએ. આક્રમક રાજાનું સન્માન કરી અહીં લઈ આવીએ, ત્યારે તેનો ગુસ્સો શાંત થશે !

બંને જ પતંગસિંહ પાસે ગયા. રાજા જિતશત્રુ પતંગસિંહને ઓળખી ન શકયા. ઓળખે પણ કેવી રીતે ? પતંગસિંહ અઠાવીસ-તીસ વર્ષ પિતાથી જુદો રહ્યો હતો. તેને મૂછો ફૂટી હતી અને તેથી ઓળખ બદલાઈ ગઈ હતી. તેથી તેને એક આક્રમક રાજા જ સમજી જિતશત્રુએ કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન ! મારા નગરમાં પધારી મારા પર અનુગ્રહ કરો.'

પતંગસિંહ મંત્રી ગુણવર્ધન તરફ જોઈ હસ્યો. અને પોતાના પિતા સાથે તેમની રાજસભામાં આવ્યો. નવા રાજાને જોવા રાજસભા ખીચોખીચ ભરાઈ ગઈ. હવે રાજા જિતશત્રુએ પતંગસિંહને કહ્યું :

'રાજન ! તમે મારા પુત્ર જેવા છો. ઉંમરમાં મારાથી નાના છો. છતાં પણ તમે મોટા રાજા છો, તેથી હું પ્રાર્થના કરું છું કે આ રાજ્યને પણ તમે સંભાળી લો. મને હવે દીક્ષાની અનુમતિ આપો.'

પતંગસિંહે કહ્યું :

'તમારું રાજ્ય તમે તમારા પુત્રને જ આપો. શું તમારે કોઈ પુત્ર નથી ? મને તમે રાજ્ય દાન કેમ આપી રહ્યા છો ? હું કોઈ બ્રાહ્મણ તો છું નહીં, કે જેથી દાનનું રાજ્ય લઈ લઉં.'

પુત્રની વાત પર રાજા ચૂપ થઇ ગયા અને આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. ત્યારે પતંગસિંહે કહ્યું :

'રાજન્ ! તમારું દુઃખ હું જાણું છું. પરંતુ તમે પણ વિચાર્યા વિના કામ કર્યું. તમારો પુત્ર આવો ન હતો, જેના માટે તમે તેને સજા કરી. અહીંના નાગરિકો પાસેથી મેં બધી ઘટના સાંભળી લીધી છે. તમારી રાણી જ ખરાબ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચરિત્ર વાળી છે. તમારો પુત્ર તો તેને માતા જ માનતો હતો.'

રાજા જિતશત્રુએ કહ્યું :

'બનાવ તો તમે નાગરિકો પાસેથી સાંભળ્યો, પણ તમે એ કેવી રીતે જાણો છો કે મારી રાણી ખરાબ ચરિત્ર વાળી છે. હવે ભલે મારો પુત્ર પાછો ન આવે, પણ તમે અનંગમાલાને ખરાબ ચરિત્રવાળી સિદ્ધ કરી શકો, તો એ દુષ્ટાને સજા આપી મને થોડી શાંતિ જરૂર મળશે.'

'તો પછી તમારી રાણી અને તેની દાસીને બોલાવી લો.'

પતંગસિંહના કહેવાથી રાજા જિતશત્રુએ બંનેને બોલાવી. પતંગસિંહે પહેલાં સુલખા દાસીને પૂછ-પરછ કરી :

'દાસી ! પતંગસિંહ જ્યારે આવ્યો હતો કે રાણી અનંગમાલાના કહેવાથી તું જ તેને વિદ્યાલયમાંથી લેવા ગઈ હતી ? શું તેં આચાર્યને એ કહ્યું હતું કે પતંગસિંહને રાજા જિતશત્રુ બોલાવે છે ? શું એ દિવસે રાજા જિતશત્રુ વનભ્રમણ કરવા ગયા ન હતા ?'

પતંગસિંહના પ્રશ્નો સાંભળી રાજા જિતશત્રુ વિચારવા લાગ્યા અને દાસીને ધમકાવી કહ્યું :

'જો જીવ બચાવવા માગતી હોય તો સાચે-સાચું કહી દે. નહીં તો યાદ રાખજે. રાજા પોતાના પુત્રને પ્રાણ-દંડ આપી શકે છે, એ તને પણ નહીં છોડે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દાસી સુલખાએ બધું સાચેસાચું કહી દીધું. પછી તો રાણી અનંગમાલાને પણ સાચું જ બોલવું પડયું. છેલ્લે પતંગસિંહે પણ કહ્યું કે રાજન્! જ્યારે તમારા પુત્રએ તેની કુત્સિત ઇચ્છા નકારી તો એણે કહ્યું કે હું તારા પ્રાણ લઈ લઈશ. આ અપરાધને કારણે તમે તમારા પુત્રને પ્રાણદંડ આપ્યો હતો.

હવે તો રાજા જિતશત્રુ રડવા લાગ્યા. બાળકની જેમ ધ્રૂસકે-ધ્રૂસકે રડયા. મંત્રી ગુણવર્ધને તેમને ધીરજ આપતાં કહ્યું :

'આનંદના સમયે શોક ન કરો રાજન્! તમારો ચરિત્રવીર પુત્ર પતંગસિંહ જ તમારી સમક્ષ છે.'

રાજા કશું કહે ત્યાં જ પતંગસિંહ તેમના પગમાં પડયો. વિસ્મય ભરેલો આનંદ આખી સભામાં વ્યાપી ગયો. વીજળીની ગતિએ આખા નગરમાં પતંગસિંહ આવ્યાના આનંદ સમાચાર ફેલાઈ ગયા. પછી રાજા જિતશત્રુએ અનંગમાલાને પ્રાણદંડનો આદેશ આપ્યો. પણ દયાવીર પતંગસિંહે તેને માફી આપી. છતાં પણ રાજાએ તેને પોતાના નગર અને રાજ્યમાંથી કાઢી મૂકી. ત્યાર પછી પતંગસિંહે પોતાની પ્રવાસ કથા શરૂઆતથી અંત સુધી સંભળાવી. પતંગસિંહની પ્રાણરક્ષાનું વિશેષ શ્રેય આચાર્ય સોમદત્તને જ હતું. આ જાણી રાજા જિતશત્રુએ એમને કહ્યું :

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આચાર્ય દેવ! પતંગસિંહના પિતા કહેવાને યોગ્ય તમે જ છો. હું તો બસ કહેવાનો જ પિતા છું.'

આચાર્ય બોલ્યા :

'રાજન્! તમે દુઃખ ન કરો. આપણે બધા તો કર્માધીન થઈ કર્મના નચાવ્યા નાચીએ છીએ. દોષ તમારો નથી, બીજા કોઈનો નથી. બધા પોતાના કૃતકર્મોનું ફળ જ ભોગવે છે.'

પછી તો બહુ વાતો થઈ. આ દિવસ આનંદથી પસાર થયો. જિતશત્રુ રાજાની છએ પુત્રવધૂઓ રાજભવન આવી ગઈ. તેમને જોઈ રાજા બહુ પ્રસન્ન થયા અને પતંગસિંહને કહ્યું :

'પુત્ર! હવે તું પુત્રવધૂ કમલાવતીને લઈ આવ. તેને જોવા માટે મારી આંખો તલસે છે.'

પછી પતંગસિંહ ઠાઠથી લાવ-લશ્કર સહિત જનકપુર ગયો. કમલાવતીનો વિશ્વાસ કૂણો ગયો. રાજા જનકસેને પોતાના જમાઈ પતંગસિંહનું ભવ્ય સ્વાગત કર્યું. આખા નગરમાં તેની સવારી નીકળી. સંયોગ એવો થયો કે મુનિ જ્ઞાનસાગર એ દિવસોમાં જનકપુરમાં આવ્યા તો જનકસેને પતંગસિંહનો રાજ્યાભિષેક કર્યો અને રાણી પુષ્પાવતી સહિત શ્રામણી દીક્ષા લઈ લીધી.

હવે પતંગસિંહ જનકપુરનો પણ રાજા થઈ ગયો. કમલાવતી સાથે થોડા મહિના એ જનકપુરમાં જ રહ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. શ્રી મહાવીર જૈન Jun Gun Aradhak Trust

પછી તેને લઈ કંચનપુર પહોંચ્યો. રાજા જિતશત્રુએ પોતાની પુત્રવધૂ કમલાવતીને વાત્સલ્ય ભાવથી જોઈ અને કહ્યું કે વહુ તારા જ ભાગ્યથી હું મારા પુત્રને પ્રાપ્ત કરી શક્યો. તું ધન્ય છે બેટી!'

કમલાવતી ફરી સસરાના પગમાં પડી અને ફરી આશીર્વાદ લીધા. પછી એ પોતાની બીજી શોકયોને મળી. રત્નમંજરી, મુક્તાવતી વિગેરેએ તેનું મોટી બહેનની જેમ સન્માન કર્યું. દિવસો સુખમય થઈ ગયા બધાના.

એ દિવસોમાં આચાર્ય સુમતિ સાગર કંચનપુર આવ્યા તો બધા લોકો તેમનો ઉપદેશ સાંભળવા ગયા. રાજા જિતશત્રુએ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો તો પતંગસિંહે કહ્યું :

'પિતાજી! રાજા વજ્રનાભ, રાજા નરસિંહ અને રાજા જનકસેન-મારા ત્રણે સસરા મુનિ થઈ ગયા. વર્ષો પછી તો તમે મને મળ્યા. તમે પણ મને છોડીને જઈ રહ્યા છો?'

રાજા જિતશત્રુ બોલ્યા :

'આ તો આનંદનો અવસર છે પુત્ર! તું મને તારા સસરાઓથી પાછળ રાખવા કેમ માગે છે? મનુષ્ય જન્મનો જે ઉદ્દેશ છે, તેનાથી હું પાછળ રહું, એ તું કેમ ઈચ્છે? મને રજા આપ પુત્ર! મોહ જ બધાં દુઃખોનું મૂળ છે.'

પતંગસિંહનો મોહાન્ધકાર દૂર થઈ ગયો. પછી તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેણે પોતાના પિતાનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો. રાજા જિતશત્રુ મુનિ થઇ ગયા. થોડા દિવસ પછી તેમણે ગુરુ સાથે બીજે વિહાર કર્યો.

હવે પતંગસિંહ કંચનપુર, પોતનપુર, વસંતપુર અને જનકપુર–આ ચાર રાજ્યોનો રાજા હતો. કમલાવતી, રત્નમંજરી અને ફૂલકુમારી ત્રણ રાજ પુત્રીઓ તથા મુક્તાવતી, લીલાવતી હીરાવતી અને ગજવતી ચાર વિદ્યાધર પુત્રીઓએ તેની સાત પત્નીએ હતી તેનો મંત્રી હતો પૂર્વમંત્રી ગુણવર્ધનનો પુત્ર મતિસાર. ગુણવર્ધન પણ પોતાના અનુભવનો લાભ શાસક પતંગસિંહને આપતા હતા. કંચનપુર રાજા થયા પછી પતંગસિંહે ચાર–ચાર ગામ ચારે સૈનિકોને આપ્યાં, જેમણે તેનો વધ કર્યો ન હતો અને હરણની આંખો આપી રાજા જિતશત્રુને કહ્યું હતું કે અમે પતંગસિંહનો વધ કર્યો છે. પતંગસિંહે આચાર્ય સોમદત્તને રાજ્યમાંથી કાયમ માટે જરૂરી આવક બાંધી દીધી. જ્યારે આ બધું કામ થઈ ગયું તો એક દિવસ ગુણવર્ધને પતંગસિંહને કહ્યું :

'હવે એક વ્યકિત સન્માન આપવા માટે બાકી રહી ગઈ છે. એ છે કાશીના જ્યોતિષાચાર્ય પંડિત વિષ્ણુદત્ત. તમારું જન્મપત્ર જોઈ તેમણે જ એ કહ્યું હતું કે જો તમારાં લગ્ન છ મહિનાની ઉંમર પહેલાં નહીં કરવામાં આવે તો તમારું નાની ઉંમરે મૃત્યુ થશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતંગસિંહે પોતાના દૂત કાશી મોકલ્યા અને પંડિત વિષ્ણુદત્તને સન્માન સાથે બોલાવ્યા. પછી તેમને રત્ન વિગેરેના રૂપમાં એટલું ધન આપ્યું કે એ કેટલીય પેઢીઓ માટે નિશ્ચિંત થઈ ગયા. પતંગસિંહની ઉદારતાની પ્રશંસા કરતા વિપ્ર વિષ્ણુદત્ત કાશી પાછા ગયા.

ધીરતા, વીરતા અને ન્યાય–પરાયણતા સાથે પ્રજા-વત્સલ રાજા પતંગસિંહ ચારે રાજ્યોની પ્રજાનું પાલન કરી રહ્યો હતો. તેના સુશાસનમાં ચારે રાજ્યોની પ્રજા સુખ–શાંતિનો શ્વાસ લેતી હતી. મોટે ભાગે કંચનપુરમાં જ રહેતો હતા, પણ ઊડણ–કામળા પર બેસી એ બીજા રાજ્યોમાં પણ જતો હતો. તેની સાતે પત્નીઓમાં અતિ-શય પ્રીતિ હતી અને દુઃખ ભોગવ્યા પછી પતંગસિંહના જીવનની સરિતા હવે સરખી ગતિથી વહી રહી હતી.

હવે પતંગસિંહ સાત પુત્રનો પિતા થઈ ગયો. તેની સાતે પત્નીઓ એક-એક પુત્રની માતા બની. માતા પ્રમાણે સાતે પુત્રોનાં નામ હતાં. કમલાવતીથી ઉત્પન્ન થયેલા પુત્રનું નામ કમલસેન, એ પ્રમાણે રત્નસેન, મુક્તસિંહ, લાલસેન, હીરાસિંહ, ગજસિંહ અને ફૂલસિંહ.

વર્ષો પસાર થતાં–થતાં સાતે રાજપુત્ર વિદ્વાન થઈ યુવાન થઈ ગયા. સાતેનાં લગ્ન થયાં. પતંગસિંહનું અંતઃપુર પુત્રવધૂઓથી ભરાઈ ગયું.

એ દિવસોમાં આચાર્ય કરુણાકર શ્રમણસંઘ સહિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંચનપુરના ઉદ્યાનમાં આવી રહ્યા. માળીએ રાજા પતંગસિંહને મુનિ આગમનના સમાચાર આપ્યા તો તેમણે માળીને પોતાનો રત્નહાર ઈનામમાં આપી દીધો અને સિંહાસન પરથી ઉતરી મુનિની ભાવવંદના કરી. ત્યાર પછી મુનિ પદ્મપર્ણના સમાચાર આખા નગરમાં પ્રસારિત કરાવી દીધા.

ધર્મપ્રેમી જનતા મુનિનો બોધ સાંભળવા ઉદ્યાનમાં ગઈ. શ્રાવકવતી રાજા પતંગસિંહ પણ પોતાના આખા પરિવાર સાથે મુનિ કરુણાકરનો બોધ સાંભળવા ગયા. મુનિની ધર્મસભા બહુ વિશાળ હતી. તેમણે કર્મ–કૌતુક પર અમૃતમય બોધ આપ્યો. ઉપદેશ સાંભળ્યા પછી રાજા પતંગસિંહે પૂછયું :

'મહામુનિ મેં એવાં કયાં શુભ કર્મ કર્યાં હતાં કે ચાર રાજ્યોનો સ્વામી બન્યો અને એવાં કયાં પાપ કર્યાં કે ખોટા આરોપમાં મૃત્યુદંડ મેળવ્યો.'

મુનિ બોલ્યા :

'રાજન્! તમારો પૂર્વભવ સાવધાન થઈ સાંભળો, તમે કર્મની લીલા જાતે જ જોશો. ધનવાન–નિર્ધન, નામ છે. કરેલાં કર્મ તો ભોગવવાં જ પડે છે.'

આટલું કહી મુનિ કરુણાકાર રાજા પતંગસિંહને પૂર્વભવ સંભળાવવા લાગ્યા.

બહુ જૂના સમયની વાત છે. હસ્તિનાપુર નગરમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હરિદત્ત નામનો એક ભિક્ષાજીવી નિર્ધન બ્રાહ્મણ રહેતો હતો. હરિદત્તનાં માતા-પિતા નાનપણમાં જ મૃત્યુ પામ્યા હતાં. તેનાં લગ્ન પણ થયાં ન હતાં, કારણ કે અનાથ નિર્ધનનું લગ્ન કરે જ કોણ? તેથી બ્રાહ્મણ હરિદત્ત ભિક્ષાથી પોતાના દિવસ પસાર કરતો હતો. મકાનના નામ પર તેની પાસે એક ઝૂંપડી હતી.

તેની પડોશમાં એક વૃદ્ધ સજ્જન રહેતા હતા. હરિદત્ત તેમને પિતા માનતો હતો અને તેમની સેવા કરી તેમના ઘડપણનો સહારો થઈ ગયો હતો.

એક વાર હરિદત્ત ભિક્ષા લઈ પોતાની ઝૂંપડી પર આવ્યો જ હતો કે માસિક વ્રતધારી મુનિ તેના દ્વાર પર આવ્યા. બ્રાહ્મણે મુનિને ચાર મૂઠી અનાજ આપ્યું. પડોશની સ્ત્રીઓ પણ ત્યાં આવી ગઈ. તેમણે હરિદત્ત બ્રાહ્મણના પાત્ર-દાનની બહુ પ્રશંસા કરી. આ પ્રમાણે હરિદત્તે શુભ બંધન કર્યું અને પ્રશંસા કરવાને કારણે એ સ્ત્રીઓ પણ એ શુભ બંધનની ભાગીદાર થઈ ગઈ. આ જ તો કર્મ-કૌતુક છે.

ત્યાર પછી હરિદત્ત ભોજન કરવા બેઠો તો એક જ રોટલી વધી. એક રોટલીથી તેનું પેટ શું ભરાય, પણ કામ તો ચાલતું જ હતું. રોટલી મૂકી એ કંઈક લેવા અંદર ગયો તો કાગડો તેની રોટલી લઈ ઊડી ગયો. દ્વાર પર રોજ આવી બેસનાર એક કૂતરી બેઠી હતી. તેને જોઈ હરિદત્ત સમજ્યો કે આ જ મારી રોટલી ખાઈ ગઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. ભૂખને કારણે હરિદત્ત પોતાનો વિવેક ખોઈ બેઠો અને ગુસ્સાથી બોલ્યો :

'કૂતરી ! રોજ તો હું તને ખવડાવું છું. આજે ધીરજ ન રાખી અને આખી રોટલી ખાઇ ગઈ? ઊભી રે, હું તને બતાવું છું.'

આમ કહી હરિદત્તે કૂતરીને જોરથી ડંડો માર્યો. તેનાથી કૂતરી મરણાસન્ન બેભાન થઈ ગઈ. થોડીવાર પછી એ ભાનમાં આવી.

આટલી કથા સંભળાવ્યા પછી મુનિ કરુણાકરે પતંગ-સિંહને કહ્યું :

'રાજન્ ! તમે જ પૂર્વભવમાં બ્રાહ્મણ હરિદત્ત હતા. ચાર મૂઠી પાત્રદાનના શુભ બંધનને કારણે તમે ચાર રાજ્યોના રાજા બન્યા. જે સ્ત્રીઓએ તમારા પાત્રદાનની પ્રશંસા કરી એ જ સાતે સ્ત્રીઓ આ ભવમાં તમારી પત્નીઓ થઈ છે.

'રાજન ! ગુના વિના કૂતરીને તમે ડંડો માર્યો હતો. અને થોડીવાર માટે તો એ મરી જ ગઈ હતી. એ જ કૂતરી આ ભવમાં તમારી વિમાતા રાણી અનંગમાલા બની અને ખોટો આક્ષેપ લગાવી તમને મૃત્યુદંડ અપાવ્યો. એ ભવમાં કૂતરી પણ મરી ન હતી, તમે પણ મર્યા ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા. જેટલી વાર કૂતરી બેભાન રહી, તેના અનંત ગણા સમય સુધી તમે પણ ભટકતા રહ્યા.

'રાજન ! જે ચાર સૈનિકોએ તમારો વધ ન કર્યો, એ પણ કર્મ-વિપાક જ છે. એ ચારે એકવાર વનમાં ઘેરાઈ ગયા હતા. તમે તેમની પ્રાણ રક્ષા કરી. તેનો બદલો આપી તેમણે રાજાજ્ઞાનું ઉલ્લંઘન કરી તમારા પ્રાણની રક્ષા કરી અને રાજાને હરણની આંખો બતાવી દીધી. તમે એ ચારે પાસેથી હરિદત્તના રૂપમાં ભિક્ષા લાવતા હતા. એ શુભ બંધનના પરિણામ સ્વરૂપે તેમણે પણ તમારી પાસેથી ચાર-ચાર ગામની જાગીર પ્રાપ્ત કરી.

'રાજન ! હરિદત્તના રૂપમાં તમારા જે વૃદ્ધ પાડોશી-ની તમે સેવા કરતા હતા, એ જ વૃદ્ધ આ ભવમાં આચાર્ય સોમદત્ત બન્યા છે. પૂર્વ સેવાને બદલે તેમણે પણ તમને પિતાનો પ્રેમ આપ્યો. તમારી પ્રાણ રક્ષા કરી અને મુકત હૃદયથી તમને વિદ્યાઓ આપી.'

'મહામુનિ ! મને તમારા શરણે લઈ લો. નાના પાત્રદાનથી મેં આવું ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું અને નાના પાપથી મહાકષ્ટ પ્રાપ્ત કર્યું તો હું બંને જ પ્રકારનાં કર્મોને પ્રણામ કરું છું. હવે તપ દ્વારા તેનો ક્ષય કરીશ.'

એ સમયે પતંસિંહની પત્નીઓ પણ બોલી

'શુભ બંધનમાં અમે તમારી ભાગીદાર બની તો ધર્માચરણમાં પણ સાથ આપીશું; હવે આપણે પતિ-પત્ની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહીં, સ્ત્રી–પુરુષ પણ નહીં પરંતુ આત્માઓ છીએ. અમારો દેહ પણ કર્મનું જ સાકાર રૂપ છે.'

પતંગસિંહ બોલ્યો :

'આ શુભ સંકલ્પ માટે હું તમારો સહયોગી બનીશ. પહેલાં મુનિશ્રી પાસે અનુમતિ લઈએ, પછી પુત્રો પાસેથી પણ લઈશું.'

ત્યાર પછી મુનિ કરુણાકરે બધાને દીક્ષાની અનુમતિ આપી. ત્યાર પછી પતંગસિંહે પુત્રો પાસેથી અનુમતિ પ્રાપ્ત કરી લીધી. સાતે પુત્રોમાંથી ચારને ચાર રાજ્યોના રાજા બનાવ્યા અને બાકીનાને તેમના યુવરાજ બનાવ્યા. ત્યાર પછી આ નવ રાજાઓએ પોતાનાં દીક્ષાર્થી માતા–પિતાનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો.

યથાસમય એ ઉદ્યાનમાં પહોંચ્યા. પતંગસિંહ અને તેમની સાતે પત્નીઓએ વસ્ત્રાભૂષણ ઉતારી મુનિવેશ પહેર્યા અને વાળ ખેંચી લીધા.

રાજર્ષિ પતંગસિંહે ઘોર તપશ્ચર્યા દ્વારા પોતાનાં કર્મોનો ક્ષય કર્યો. અને આયુષ્ય પૂર્ણ કરી મોક્ષ પ્રાપ્ત કર્યો. સાતે સાધ્વીઓએ મૃત્યુ પામી દેવલોક પ્રાપ્ત કર્યો.

સમાપ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust



Serving JinShasan
030134
gyanmandir@kobatirth.org



P.P. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust